श्री जिनेन्द्राय नमः

વીસમી સદીનું
જૈન-પરિવર્તન



લેખક :

વૃજલાલ રામજીભાઇ વકીલ-લાઠી



પ્રકાશક :

સ્થાનકવાસી જૈન સંઘ-પાળીયાદ

श्री वीरस्तुति

वीरः सर्व सुरासुरेन्द्र महितो, वीरं बुधा संश्रिता,
वीरेणाभिहतः स्वकर्म निचयो, वीराय नित्यं नमः ।
वीरात्तीर्थमीदं प्रवृत्तमतुलं, वीरस्य घोरं तपो,
वीरे श्री धृति कीर्ति कांति निचय, श्री वीरभद्रं दीश ॥
अर्हन्तो भगवंत इन्द्र महिता, सिद्धाश्च सिद्धि स्थिता,
आचार्या जिन शासनोन्नति करा, पूज्या उपाध्यायका ।
श्री सिद्धांत सुपाठका मुनिवरा, रत्नत्रयाराधका,
पंचैते परमेष्ठिनः प्रतिदिनं, कुर्वन्तु वो मंगलम् ॥

प्रथमावृत्ति ∴ संवत १९९४

[illegible]
[illegible] :: અમદાવાદ.

પ્રકાશકના બે બોલ

સ્થાનકવાસી જૈનધર્મ એ પૂર્વાપૂર્વથી ઉતરી આવેલો સત્ય અને સનાતન ધર્મ હોવા છતાં અનેક શિથિલ જનો પોતપોતાની પ્રતિષ્ઠા અને માન સાધવા જૈન સિદ્ધાંતોથી વિરૂદ્ધ માન્યતાઓ ઉભી કરી જૈન શાસનપર કુઠારાઘાત કરવાના પ્રયત્નો કરી રહ્યા છે અને કરે છે એ જાણી સત્ય ધર્માનુયાયીઓને અંતરમાં ઉદ્વેગ થાય એ સ્વાભાવિક છે. એટલુંજ નહિ પણ સાથે સાથે જૈનસમાજનું પતનને માર્ગે સંચરતું નાવ બચાવી લેવાનો યથાશક્ય પ્રયત્ન સાચી સેવાભાવી વ્યક્તિઓ તરફથી થાય એ પણ સ્વાભાવિક છે.

આવો એક પ્રયત્ન લાઠીવાળા ધર્મપ્રેમી વકીલ શ્રી વ્રજલાલ રામજીભાઈએ કરેલો. સનાતન જૈન ધર્મના સિદ્ધાંતો-મુખવસ્ત્રિકા-બંધન સિદ્ધિ, મૂર્તિપૂજા નિષેધ, અને શિથિલાચારીઓએ ઉભા કરેલા સ્વકલ્પનાનુસાર ધતિંગોનો સંવાદરૂપે રમુજીચર્ચા વડે આપવામાં આવેલા સચોટ જવાબથી ભરપુર આ પુસ્તકનું અસલ લખાણ વાંચતાં અમને લાગ્યું કે જો આ લખાણ પુસ્તકરૂપે બહાર પડે તો જૈન સમાજમાં આજકાલ પ્રવર્તી રહેલા અનેક અનિષ્ટ તત્ત્વોનો નાશ થાય, અથવા તો જે સમાજ સ્થા. જૈન ધર્મના સિદ્ધાંતો સત્ય અને સનાતન સમજે છે તેમની માન્યતા ભ્રમણાત્મક ન બનતાં વધારે દૃઢિભૂત થાય, આજ આશયથી અમે આ પુસ્તક અમારા સ્થા. જૈન સમાજ સમક્ષ સાદર રજુ કરીએ છીએ. આશા

છે કે સમાજ આ પુસ્તક વાંચી, મનન કરી, તેમાંથી નીકળતા નીચોડને-સત્ય તત્ત્વને ગ્રહણ કરી આત્મ સાધના તરફ વળશે તો અમારો પ્રકાશનને હેતુ સફળ થયો ગણાશે.

અનેક પ્રમાણોથી ભરપુર, સ્થા. જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતે પ્રતિપાદન કરતું આ લખાણ લખી જૈન સમાજની અપૂર્વ સેવા બજાવનાર શ્રી. વ્રજલાલ રામજીભાઈ વકીલને અમે સહૃદય આભાર માનીએ છીએ; તેમજ આ પુસ્તકની શુદ્ધ સંશોધન આદિ વ્યવસ્થા કરી આપનાર સ્થા. જૈન પત્રના ઉત્સાહી તંત્રી શ્રી જીવણલાલ સંઘવીના પણ અમે આભારી છીએ.

આ પુસ્તકનું કદ ધાર્યા કરતાં વધી જવા છતાં, સમાજમાં બહોળો પ્રચાર થાય તે હેતુએ કિંમત માત્ર દશ આના (લગભગ પડતર) રાખેલ છે, આશા છે કે ધર્મપ્રેમી સજ્જનો આનો ખૂબ લાભ લેશે અને પ્રચાર કરશે. કિંબહુના '

તા. ૭-૧-૧૯૩૮ } લી.
સ્થા. જૈન સંઘ—પાલીતાણા

લેખકનું નિવેદન.

સમાજ પરિવર્તનને ઇચ્છે છે. આધુનિક યુવાનો પરિવર્તનનો પોકાર કરે છે. પરંતુ એ પરિવર્તન અનિષ્ટ ન થવું જોઇએ. ભગવાન સુત્રકારના સિદ્ધાંતનો છડે ચોક ભંગ થાય એવું પરિવર્તન એ અનિષ્ટ પરિવર્તન છે. અને કોઈ પણ સંજોગોમાં એ ઇચ્છવા યોગ્ય નથી. પરિવર્તન એવું હોવું જોઈએ કે જે તીર્થંકર ભગવાનથી ઉપદેશાયેલા સિદ્ધાંતને જરા પણ બાધ ન પહોંચાડે. સિદ્ધાંત વિરૂદ્ધના થતાં પરિવર્તન ધાર્મિક ક્ષેત્રોમાં ભયંકર કોલાહલ મચાવે છે.

પરિવર્તન ઇચ્છનાર આધુનિક નવયુવાનો જૈન સુત્રોની બાબતમાં કેટલીક શંકા ધરાવે છે. કોઈ કોઈ સ્થળે પાઠ પાઠાંતર થયેલ છે. એ દલીલો થાય છે. આ દલીલો ઘણી વજુદવાળી છે. સત્ય પણ છે. પરંતુ ભગવાન સુત્રકારનો તેમાં જરાપણ દોષ નથી.

તીર્થંકર ભગવાન મહાવીર દેવે કેવળ જ્ઞાન, કેવળ દર્શન પ્રાપ્ત થયા પછી, જે ઉપદેશ આપ્યો હતો તે ઉપદેશ ગણધરો ઝીલી શક્યા હતા. અને જે કાંઈ સમજી શક્યા હતા. તેનો અનંતમો ભાગ ભવ્ય જીવોના ઉપકાર અર્થે સુત્ર રૂપે ગુંથી શક્યા હતા. આ સુત્રો એ સમયમાં મુનિ મહાત્માઓને કંઠસ્થ હતા. સમયના પ્રવાહ સાથે દેશકાળ, આચાર વિચાર તથા સ્મરણ શક્તિમાં ફેરફાર થતાં પરમ પુજ્ય આચાર્યોએ સુત્રો એકઠા કર્યા હતા. અને છેવટે દેવર્દ્ધિ ગણી ક્ષમા શ્રમણે કંઠસ્થ રહેલાં સુત્રોને પુસ્તકારૂઢ કર્યા હતા. અત્યારે વિદ્યમાન જે સુત્રો છે તેનો બધો યશ અને ઉપકાર શ્રી દેવર્દ્ધિ ગણી ક્ષમા શ્રમણને છે. જેઓ વિરાત્ ૯૮૦ વર્ષે થયા.

સુત્રોમાં જે કાંઈ ઉપદેશ ગુંથવામાં આવ્યો છે. તે તે ઉપ-

દેશ તીર્થંકર ભગવાનનો જ છે. અને તેથી સૂત્રોમાં કોઇપણ જાતનો દોષ હોવાનો સંભવ નથી. અનુયોગદ્વાર સૂત્રની ટીકામાં ૩૨ દોષ યથાર્થ પણે બતાવ્યા છે એટલે એ ૩૨ દોષથી રહીત હોય તેજ સૂત્ર કહી શકાય. સૂત્રમાં આત્મજ્ઞાન વધે, ગુણસ્થાનક ક્રમ ચડે, સંસારના દુઃખનું ભાન થાય અને આત્મા મોક્ષમાર્ગી થવા ઉદ્યમ કરે તેવું જ લખાણ હોય. જે સૂત્રોમાં વ્યાકરણ દોષ, અસંબંધ વાતો, વિભક્તિ દોષ, પદસ્થાન દોષ વગેરે વગેરે દોષો આવતા હોય તથા ઉપઘાત દોષ કે જેમાં જીવહિંસા હોય, તે સૂત્રો ગણધરો રચિત નથી. એમ જરૂર સમજવું જોઈએ. ગણધરોના નામે પાઠાંતર કે ગોટાળા થયા છે. એ સમજી શકાય તેવી હકીકત છે. જૈન ધર્મના અભ્યાસીઓએ આ ૩૨ દોષોનું ખાસ જ્ઞાન લેવું જરૂરી છે. એ ૩૨ દોષ રહીતના સિદ્ધાંતો જ જૈન ધર્મના અભ્યાસીઓને માન્ય હોઈ શકે. અને વળી એ ૩૨ દોષ માંહેનો દોષ સંભવતો હોય ત્યાં જૈન ધર્મના અભ્યાસીઓ જરૂર કહી શકે કે ત્યાં આગમ સૂત્રોમાં ઉત્સૂત્ર વાતો ભેળવાયેલ છે. [illegible] મોહને લીધે યા બીજા હરકોઈ કારણે પોતાનું મંતવ્ય સિદ્ધ કરવા સૂત્રોનાં પાઠમાં ફેરફાર થયેલ છે. એમ હમણા પ્રમાણ સિદ્ધ થયું છે. ઉપાસક દશાંગ સૂત્રના વિદ્વાન [illegible] વિદ્વાન A. F. Rudolf Hoernle પ્રાચીન પ્રતોની [illegible] એ હકીકત [illegible] તથા [illegible] સૂત્રોમાં [illegible] એમ [illegible] વિદ્વાન [illegible] છે. [illegible] જૈન [illegible] [illegible] છે. [illegible]

[illegible] "[illegible]" [illegible]

પતાં પોતાનો જ દાખલો આપ્યો. જેમ મને કોઈ લાકડીથી, ધનુષ્યથી, મુઠીથી, માટીના ઢેફાથી અથવા પત્થર મારે અગર ધમકી આપે, ઈજા કરે અથવા મને કોઈ મારી નાખે ત્યારે મને જેમ દુઃખ થાય છે અને વેદના થાય છે તેવી જ રીતે આ જગતમાં સર્વ જીવ (પંચેન્દ્રિય) સર્વ પ્રાણી (બેઇન્દ્રિયથી, તે ચૌરેન્દ્રિય) સર્વભુત, (વનસ્પતિ) સર્વસત્વ (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ) ને મારી પેઠે જ દુઃખ અને વેદના થાય છે માટે તેમને મારવા નહિં, દુઃખ દેવું નહિં; ઈજા કરવી નહિ, વધ કરવો નહિ. આવી રીતે અહિંસા ધર્મની વ્યાખ્યા સમજાવી. છકાય જીવની હિંસાનું સ્વરૂપ સમજાવ્યું. છતાં પણ ભગવાન મહાવીર દેવના અનુયાયીઓ મહાવીર દેવના નામ ઉપર ભક્તિના આવેશમાં હિંસા કરે એ ભગવાન મહાવીર દેવને પ્રમાણ અને તેહત્ હોઈ શકે કે ? ખ્યાલ કરો, વિચાર કરો, ભગવાન સુત્રકારના સુત્રમાં જરા પણ હિંસાને સ્થાન જ નથી. હિંસાકારી વિધાન કે હિંસાકારી ક્રિયાઓ ઉપદેશી જ નથી.

જૈન ધર્મમાં હિંસાકારી તત્ત્વો દાખલ થઈ ગયાં હતાં. એ વખતે અભયદેવ સુરિના શિષ્ય મહાકવિ જીનવલ્લભસુરિએ સંઘ પટ્ટક તૈયાર કરેલું તેમાં જૈન વેષધારીઓની સખ્ત ઝાટકણી કાઢી નાખી છે.

" એ સમયમાં જૈન ધર્મના સાધુઓ તંત્ર મંત્ર કરનારા થઈ ગયાં હતાં. વશીકરણ વિદ્યાના અજમાવનારા થઈ ગયા હતા. ૭ કાય જીવની હિંસા થાય તેવા કાર્યના કરનારા થઇ ગયા હતા. ચૈત્યવાસી થઈ ગયા હતા. જેમ પારધી મૃગલાને પકડે તેવી રીતે ભોળા શ્રાવકોને આ વેષધારીઓ પોતાની જાળમાં ફસાવતાં. દેહરા બનાવવાનો ઉપદેશ આપતાં. દ્રવ્ય ભંડારો કરાવતાં. સ્નાત્ર, પૂજાવિધિ તથા બિંબ બનાવવાનો મિથ્યા ઉપદેશ આપતાં. કુશીલ આચાર સેવી કુકર્મો કરતા. વગેરે વગેરે. વિશેષમાં ગ્રંથકાર મહાત્માએ જણાવ્યું છે કે, " આ લિંગધારીઓ નિશ્ચયે જિન માર્ગ પ્રત્યે દુષ્ટ

છે. એ લિંગધારીઓના ઉન્માર્ગ પ્રતિપાદન કરનારા વચન પોતાના કાને જે સાંભળે છે તે પુરૂષ કાનવાળો કેમ કહેવાય ? વળી હૃદય સહીત પણ કેમ કહેવાય ? જે હૃદય શુન્ય હોય તેને હૃદય સહીત પણ કેમ કહીએ ! સમસ્ત પાપના સમુહ વડે, સમસ્ત મહા ઝેરી સર્પના સમૂહ વડે, સમસ્ત મનની પીડા અને સમસ્ત રોગ તથા પાપ ગ્રહ એ સર્વ દુષ્ટ સામગ્રી વડે એ લિંગધારીઓનું સારા માર્ગને હણનારૂં મન નીપજ્યું છે, એ લિંગધારીઓના વચન પણ સાંભળવા યોગ્ય નથી. કાળકુટ ઝેરથી પણ અતિશય ક્રૂર એવું લિંગધારીઓનું મન છે."

આચાર્ય હરિભદ્રસુરિજીએ 'સંબોધ પ્રકરણ'માં ચૈત્યવાસીઓની ખૂબ ઝાટકણી કરી છે. તેઓના સમયમાં પણ સાધુઓ, જૈન વેશધારીઓ મંદિર અને મઠવાસી થઈ ગયા હતા. જિન મંદિર વગેરે ચણાવવાનો આરંભ સમારંભનો સાવધ ઉપદેશ આપતાં, શીથીલાચારી, સ્ત્રી પરીચયી થઈ ગયા હતા. મૃતકના સ્મારકો ચણાવવાનો મિથ્યા ઉપદેશ આપતા. આવા વેશધારીઓની કથની કયાં જઈને કરવી ! હૃદયના ઉંડાણમાંથી આવા કરૂણામય વાક્યો નીકળ્યાં છે. આમ હિંસાના ઉપદેશ કરનાર જૈન લિંગધારી સાધુઓનું અનિષ્ટ પરિવર્તન જોઈ એ મહાન આચાર્યએ જૈન સિદ્ધાંતાનુસાર વર્તવાનો ઉપદેશ આપ્યો હતો.

કેટલો સમય વિત્યા બાદ પાછી જૈન ધર્મમાં [illegible] આવી. જૈન ચૈત્યવાસીઓ તથા દિગંબર ભટ્ટારકોએ ખુબ કોલાહલ કરી મૂક્યો હતો. અને [illegible] મૂર્તિની [illegible] કરી રહ્યા હતા. આરંભ સમારંભ છ કાય જીવની હિંસા અત્યંત પ્રમાણમાં [illegible] થઈ રહી હતી. મૂર્તિને પુષ્પ ચડાવવા, પૂજન, મોટાં આભૂષણ કરવી. ઉપરાંત વળી [illegible] ધૂપ, ચામર, [illegible], [illegible], વિમાન [illegible] [illegible]

થઇ. જગત ઉદ્ધારક લોકનાથ ભગવાન મહાવીર દેવના શાસનના રક્ષકને બદલે જૈનાચાર્યો કેવળ ભક્ષક બની રહ્યા છે. હઠાગ્રહી જૈનાચાર્યો તથા યતિ આચાર્યોનો તિરસ્કાર સહન કરીને પણ શ્રી. લોંકાશાહે સજ્જડ ઉપદેશ દેવાની શરૂઆત કરી. શ્રીમાન લોંકાશાહ અને તેના અનુયાયીઓએ થોડા વખતમાં જ ચૈત્યવાસીઓની બરાબર ખબર લીધી. જડપૂજન એ કેવળ ધતિંગ છે એ માન્યતાનો ચોતરફ ડંકો વગાડયો. જૈન ધર્મમાં હિંસાના કાર્યમાં ધર્મ મનાતો હતો. આરંભ સમારંભ ખુબ વધી પડયાં હતાં. મોજશોખ, વૈભવ વિલાસ પુષ્પ પૂજા, નવાંગી પૂજા ઈત્યાદિનો સડો પેસી ગયો હતો અને જૈન ધર્મના સનાતન શુદ્ધ તત્ત્વો તદ્દન અદ્રસ્ય થઈ ગયાં હતાં, તે શુદ્ધ સનાતન તત્વોને પ્રકાશમાં લાવનાર જડ પૂજનનો રોગ કાઢી મૂકવાની ખાસ હાકલ કરનાર, ચૈત્ય વાસીઓના તથા યતિ આચાર્યોના મોજ શોખ પરિગ્રહ ઘટાડનાર અને સત્ય માર્ગે ચડાવનાર વીર લોંકાશાહ અત્યારે મહાન સુધારક તરીકે જૈન ઈતિહાસમાં સ્થાન લ્યે છે.

આ ત્રણે મહાત્માઓએ જૈન ધર્મના વેષધારી સાધુઓને સમજાવવા ખૂબ પ્રયાસ કર્યો છે. જેમના સત્ય ઉપદેશની અસર હજુ પ્રસરી રહી છે. આ રીતે ઇષ્ટ પરિવર્તન હંમેશાં આવકાર દાયક છે. અને અનિષ્ટ પરિવર્તન ત્યાજ્ય છે. જૈન સાધુઓ મઠવાસી બને, મુહપતીનો ત્યાગ કરે અને ભગવાન સૂત્રકારના સૂત્રને અભરાઈએ ચડાવે એવા પરિવર્તન એ અનિષ્ટ પરિવર્તન છે અને એ અનિષ્ટ પરિવર્તનના પાપના પંજામાંથી બચવાની ધર્મજીજ્ઞાસુઓની પ્રથમ ફરજ છે.

અત્યારે જૈન સમાજમાં ત્રણ ફીરકાઓ અસ્તીત્વ ધરાવે છે. (૧) શ્વેતાંમ્બર અમૂર્તિ પૂજક સંપ્રદાય. જે સ્થાનકવાસી તરીકે ઓળખાઈ રહેલ છે. (૨) શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાય (૩) દિગંબર સંપ્રદાય. આ ત્રણે પક્ષોના મંતવ્ય જુદા જુદા છે. અને આ ત્રણે પક્ષો થવાનું મૂળ કારણ એ અનિષ્ટ પરિવર્તન છે. સિદ્ધાંત

વિરૂદ્ધનું વર્તન એજ પરિવર્તનના બીજનો જન્મ આપે છે. અને પછી તો સમય પ્રમાણે એ બીજ [illegible], [illegible] મોટું વૃક્ષ થાય છે. એવી રીતે પરિવર્તનના ત્રણે [illegible] સંપ્રદાય રૂપમાં દેખી રહ્યા છીએ. આ ત્રણ સંપ્રદાયમાંહેના (૧) પહેલો સંપ્રદાય મૂર્તિવાદને બીલકુલ સ્વીકારતો નથી. વસ્ત્ર પાત્ર [illegible] વાદને સ્વીકારે છે. (૨) બીજો સંપ્રદાય વસ્ત્રપાત્ર [illegible] સ્વીકારે છે. અને એ મૂર્તિવાદ પાછળ [illegible] મંદિરો અને મૂર્તિઓનાં શણગાર [illegible] કરે છે. (૩) ત્રીજો સંપ્રદાય કેવળ [illegible] નગ્નમુનિ લિંગ ધારણ–કર્યા સિવાય [illegible] નથી તથા સ્ત્રીઓ મોક્ષાધિકારી નથી [illegible] અને મૂર્તિવાદને સ્વીકારે છે પરંતુ [illegible] સ્વીકારતો નથી.

આ ત્રણે સંપ્રદાયો ઉપરાંત [illegible] શ્રીમદ્ રાજચન્દ્ર સનાતન જૈન આશ્રમ [illegible] મતાનુયાયીઓ તાન જુદી જ રીત એક [illegible] છે. આ મતાનુયાયીઓ તથા તેના [illegible] [illegible] છે. કવિ એ મરહુમ કવિ [illegible], [illegible] રહીશ હતા, [illegible] હતા [illegible] પ્રખ્યાત છે. વળી [illegible] આ [illegible] છે. શ્રીમદ્ રાજચન્દ્રને તેમની [illegible] જ એક [illegible] [illegible] વિચાર [illegible]. આ [illegible] શ્રીમદ્ રાજચન્દ્ર [illegible] [illegible] જ [illegible] છે અને શ્રીમદ્ રાજચન્દ્રની [illegible]

[illegible]

થવાની અણી ઉપર આવેલા, કે શ્રદ્ધાથી ભ્રષ્ટ થવાની તૈયારીએ પહોંચેલા સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા શ્રદ્ધા ભ્રષ્ટ ન થાય અને જૈન દીક્ષા ગ્રહણ કરી જે ઉચ્ચ સંયમ પાળતા હોય તે ઉચ્ચ ત્યાગ-સંયમથી પતિત ન થાય તે દૃષ્ટિ ધ્યેયને સન્મુખ રાખી તથા ધર્મ ઉપર થતી ટીકા દૂર કરવાનો તથા લોક હિતાર્થે કડક ટીકા કરવાનો દરેક ધર્મજીજ્ઞાસુ મનુષ્યનો, સંપૂર્ણ હક્ક છે. એમ સમજી આ પુસ્તકમાં ધાર્મિક પ્રશ્નો ચર્ચવામાં આવ્યા છે.

શ્રીમદ્ રાજચન્દ્ર ગ્રંથના વાંચન પછી, શ્રીમદ્ રાજચન્દ્રના અસ્મીતાના ઉદ્‌ગારો, અહંપદ, વિરોધાભાસ, તીર્થંકર તરીકે પૂજાવાની તેમની લાલસા, પ્રકાશક પુરૂષ તરીકેનું શ્રીમદ્‌નું કથન તથા અગાસમાં રાજચંદ્ર આશ્રમમાં ચાલતી જૈન શાસન વિરૂદ્ધની પ્રવૃત્તિનો ટુંક ખ્યાલ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. અને તેમાં ટુંક કવિતા રૂપે શ્રીમદ્ રાજચન્દ્રના બોલેલા શબ્દો જ ગોઠવવામાં આવ્યા છે અને શ્રીમદ્ રાજચન્દ્ર ગ્રંથમાં અર્ધા-અધુરા પત્રો ગોઠવી × × × નિશાનીઓ મૂકી, જે પ્રચાર કરવામાં આવ્યો છે તે ઉપર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

મૂર્તિપૂજક સંપ્રદાયના વિદ્વાન આચાર્ય મહારાજ શ્રી રામવિજયજી અગાસના રાજચન્દ્ર આશ્રમમાં પધારેલા, તે વખતે આચાર્ય મહારાજ સાથે શ્રીમદ્ રાજચન્દ્ર ગ્રંથમાંથી કેટલાક પ્રશ્નોત્તરો થયેલા તે પ્રશ્નોતરો આ પુસ્તકમાં ગોઠવવામાં આવેલ છે. અને શ્રીમદ્ રાજચન્દ્રના વિચારોનું અવલોકન જૈન તત્વજ્ઞાની સદ્‌ગત વાડીલાલ મોતીલાલ શાહે પોતાના જૈન સમાચાર અને જૈન હિતેચ્છુ પત્રમાં કરેલ તેનું જરૂરી લખાણ પણ ધર્મજીજ્ઞાસુઓ સમક્ષ ધર્યું છે. આવા પરમ ઉપકારી મુનિ મહાત્માઓનો તથા તત્વજ્ઞાનીઓનો જન સમૂહ ઉપર અથાગ ઉપકાર છે. સ્થાનકવાસી સંપ્રદાયના વિદ્વાન મુનિશ્રી હર્ષચંદ્રજીએ 'શ્રીમદ્ રાજચન્દ્ર' સંબંધે 'શ્રીમદ્ રાજચન્દ્ર વિચાર

ચૈત્ય એટલે આંખ, કાન, નાક, હાથ, પગ, કેડ, કમર, માથું વગેરે આબેહુબ અવયવો ઉતારી ઘડેલી કાષ્ટની, પાષાણની કે ધાતુની મૂર્તિ એવો અર્થ થયોજ નથી. એમ સુત્ર તથા અન્ય ગ્રંથોથી સિદ્ધ કરી બતાવ્યું છે.

જૈન દર્શન અનુસાર સ્વલિંગ કોને કહેવાય ! એ પ્રશ્નની ચર્ચા કરવામાં આવી છે અને મુહપતી ચર્ચાસારમાં, વિદ્વાન મુનિ શ્રી આત્મારામજીએ લખેલો પત્ર, હરિબલ મચ્છી રાસ–સંશય નિવારણ ધી રીલીજન્સ ઓફ ઇન્ડીયા વગેરે વગેરે ગ્રંથોથી જૈન સાધુઓએ મુહપતી બંધન કરવુંજ જોઈએ અને રજોહરણ રાખવો જોઈએ. મુહપતીબંધન અને રજોહરણ એજ સ્વલિંગ છે. અને તેજ શાસ્ત્રોક્ત તથા પ્રમાણોક્ત છે એમ સિદ્ધ કરી બતાવ્યું છે.

જૈન ધર્મમાં અગ્રગણ્ય ગણાતાં ધુરંધર આચાર્યો તથા શ્રાવકોને કેટલાક અનિષ્ટ પરિણામ ઉત્પન્ન કરે તેવા સડાઓ દૂર કરવા તથા જૈન ધર્મની દિન પ્રતિદિન પ્રગતિ થાય તેવા જરૂરી ઈલાજો લેવા આગ્રહભરી સૂચના કરવામાં આવી છે.

જૈન ધર્મના અભ્યાસીઓને તથા ધર્મજીજ્ઞાસુઓને ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી છે અને દરેક ચર્ચાના મુદ્દાઓ શાસ્ત્રોક્ત અને પ્રમાણોક્ત રીતે ચર્ચવામાં આવ્યા છે. તો ધર્મ જીજ્ઞાસુ, સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકાએ આ પુસ્તક શાંતચિત્તે વાંચી, મનન કરી તત્ત્વ (સાર) ગ્રહણ કરવા લેખકની નમ્ર વિનંતિ છે.

અંતમાં આ પુસ્તક પ્રગટ કરવા બદલ શ્રી પાળીયાદ સ્થા. જૈન સંઘનો તથા આ પુસ્તકમાં જે જે ગ્રંથોના આધાર–અવતરણ લેવામાં આવેલ છે, તે તે ગ્રંથના લેખકોનો હું આભારી છું.

લાઠી.
તા. ૧-૧-૧૯૩૮

વૃજલાલ

શુદ્ધિપત્રક

પૃષ્ટ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૮	દોહરો	પરભવ	વણુ ભવ
૧૭	૧૫ શ્લોક	सगाशे	सगासे
૧૭	૧૫ શ્લોક	सिकरवे	सिकखे
૩૮	૨૩	શ્રીમદ્	શ્રીમદે
૪૫	૯	ગાથા ૫૪	ગાથા ૫૩
૪૬	૬	સવદા	સર્વદા
૪૭	૧-૨	આહાર નિદ્રાનો શ્લોકઃ-	આહાર નિદ્રા ભય મૈથુનં ચ, સામાન્ય મેતદ પશુભિઃનરા‑ ણામ્ ધર્મો હિતેષાં વિશેશોડધીકો, ધર્મે‑ ણુ હીના પશુભિઃ સમાનાઃ
૫૩	૨	આધિક	અધિક
૫૯	૫	બન	બની
૧૦૬	૨૪ શ્લોક	દા	દધા
૧૦૯	૮	કાવમી	કારમી
૧૧૦	૨	પરમશ્રન	પરમશ્રુત

પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૨	કારણ	કીરણ
૮–૯	મુનિશ્રી સોભાગ્ય-ચંદ્રજી પણ શતાવધાની છે.	હાલમાં રયા. જૈન ધર્મની શ્રદ્ધા અને મુનિપણાથી ભ્રષ્ટ બનેલા શ્રી સૌભાગ્યચંદ્રજી મ. પણ શતાવધાની છે.
૫	ઝેરજ	ઝેરીજ
૬	'પદ્મનંદી'	'પદ્મનંદી'
૧૯	ન રહી.	નરહીં.
૧૮	વાસ.	દાસ.
૯	દેવ	દે
૬	આગવાની	આગેવાની
૨૫ શ્લોક	લિંકૂઓયણું	લિંકૂંપઓયણું
૨૫	કાતી ભોગ	કામભોગ
૧	દ્રાપદી	દ્રૌપદી
૪	દ્રાપદી	દ્રૌપદી
સૂત્ર પાઠ ૨૦	ण	णं
૭	Lesses	Lesser
૧૦	Bhagi	Bhagti
૧૫	seets	sects
૧૬	adop	adopt
૫	in seets	insects
૭	broon	broom
૩	war	wear

અનુક્રમણિકા

વીસમી સદીનું

જૈન પરિવર્તન

પ્રકરણ ૧ લું

સુખનિવાસમાં પરિવર્તન ગોષ્ટિ

સુખલાલ શેઠ એ વસંતપુરના નગર શેઠ છે. વસંતપુર ગામની બહાર ભદ્રા નદી નિર્મળ પાણીથી ભરપુર ગામની શોભા વધારી રહી છે. સુંદર વૃક્ષોની ઝાડી, બાગ, બગીચા, યક્ષના મંદીરો, બહાર ગામથી આવતા મનુષ્યોના દિલ આકર્ષે છે. ગામમાં શ્રીમંત માણસોના આલેશાન ભવ્ય મકાન ઈંદ્રપુરી સમા શોભી રહ્યાં છે. ગામની રચના નાની બજાર, મોટી બજાર, મકાનોની સાધારણ બાંધણી, સ્વચ્છતા તથા ગામના વેપાર વાણીજ્ય કામકાજ જોતાં ગામના રહેવાસીઓ સાધારણ રીતે રિદ્ધિ સંપન્ન છે એમ દૃષ્ટિગોચર થાય છે.

યુવાન તેમજ વૃદ્ધમાં ગણાય તેવા સુખલાલ શેઠ ગામમાં નાના મોટા કોઈ પણ માણસને કાંઈ પણ દુઃખ હોય કે કનડગત હોય, તો તેમને હિંમત આપી તેમનાં દુઃખ દુર કરાવે છે. જાહેર ધર્માદાના કામમાં પણ સારી સારી રકમો ભરી ધર્માદા ખાતાઓને

છતાં મોટો ડોળ કરી, આત્મજ્ઞાની અને હુશીયાર હોય, તેવો દેખાવ કરી રહી, જેમ આવે તેમ ધાર્મિક ચર્ચા કરી રહ્યા હોય છે.

જૈન સાધુએ એકાએક વેશ પરિવર્તન કરી મુહપતી મુકયાના સમાચારે આત્મજ્ઞાની મિત્રોના મંડળમાં ખળભળાટ મચાવ્યો છે. મંડળના આત્મજ્ઞાની સભ્યો "સુખનિવાસ"માં ચતુષ્કોણુ પરિષદ ભરી મુનિના વેશ પરિવર્તનને અંગે જ ચર્ચા ચલાવી રહ્યા છે. ત્યાં હીરાલાલ ધોધાવાળા સુખલાલ શેઠના નિકટના સંબંધી અચાનક આવ્યા. તેને જોતાં જ "પધારો પધારો" "હિરાલાલ ભાઈ." એમ આશ્ચર્ય સહીત સુખલાલ શેઠે કહ્યું. "છો તો કુશળને?"

હિરાલાલ: આનંદમાં છું. આપ શી જ્ઞાનગોષ્ટિ ચલાવી રહ્યા છો?

સુખલાલ: મુનિએ મુહપતી મુકી વેશનું પરિવર્તન કર્યું, એ સંબંધમાં આત્મજ્ઞાનની ગોષ્ટિ ચાલે છે. આપને આ બાબતમાં કાંઈ સમાચાર મળ્યા કે?

હિરાલાલ: હું એ પ્રકરણમાં સંપૂર્ણ રસ લઈ રહ્યો છું અને અથથી તે ઇતિ સુધીની તમામ હકીકત જાણું છું. આપનું આ બાબતમાં શું કહેવું થાય છે?

સુખલાલ: વેશ પરિવર્તન કરી મુહપતી છોડવામાં યોગ્ય નથી જ કર્યું. આ ગામમાં પણ ચૌટે ચૌટે એજ વાતો ચર્ચાઈ રહી છે.

હિરાલાલ: આપના મિત્રોનું શું માનવું છે?

સુખલાલ: એ મિત્રો તો દષ્ટિરાગી અને રાગાંધ છે, જેથી તેમને તો મુનિનું આ પરિવર્તન યોગ્ય લાગે છે અને મને સમજાવવા તેઓ કયારના આગ્રહ કરી રહ્યા છે. હું તેમને ખાસ આગ્રહપૂર્વક વિનંતિ કરૂં છું કે વેશ પરિવર્તન કરવાનું અને મુહપતી છોડવાનું કાર્ય યોગ્ય હોય અને સિદ્ધાંતાનુસાર હોય તો તમે મને તેની સાબીતી

તીર્થંકર ભગવાનના વાક્યોમાં કયાં વિરોધાભાસ આવે છે એ આપ જણાવો તો ખરા!

હિરાલાલ : એ વિષય ઉપર અત્યારે ગરમાગરમ ચર્ચા કરવાથી મને-તમને-કે મિત્રોને કાંઈ લાભ થવાનો નથી. પ્રસંગ આવ્યે આપણે તેમની પાસે જઈ ચર્ચા કરશું. આપ મુનિશ્રીના ભાવિક ભક્ત છો, તો હવે આ સોનેરી તકનો લાભ નહિ આપો? હું આપને એક નિકટ સ્નેહી અને મિત્ર તરીકે સોગન ખાઈને જણાવું છું કે તમારા સહકારની મારે જરૂર છે. તમારે જરૂર અમને મદદ કર્યા સિવાય ચાલે તેમ નથી. દુનિયા અત્યારે અંધકારમાં ડુબી રહી છે. સંપ્રદાયવાદી ગુરૂઓ અંધ છે. તેઓ બીજાને શું માર્ગ દેખાડે! એટલે જ આ વેશ પરિવર્તન કરવાની જરૂર પડી. બોલો હવે આપ સહકાર આપો છો કે નહિ? આપના પગમાં પડી પડીને પણ આ સેવક ભિક્ષા માગે છે. અને સુત્ર સિદ્ધાંતથી પણ હું આપને ચોકકસ ખાત્રી કરી અપાવીશ.

સુખલાલ : જ્યારે આપનો તથા મિત્રોનો ખાસ આગ્રહ છે, અને આપ જ્યારે સૂત્રસિદ્ધાંતથી સાબીત કરી આપવાનું જણાવો છો, ત્યારે હું મારો સહકાર ઘણીજ ખુશીથી આપું છું.

ઉમેદચંદ : હિરાલાલ ભાઈનું કહેવું તદ્દન સત્ય છે. આત્મ જ્ઞાનીના વિશિષ્ટ લક્ષણો આવા જ હોય. સૂત્રો ઉપર આધાર રાખતાં અનેક તર્ક વિતર્કો થાય માટે સંત પુરૂષો વેશ પરિવર્તન કરે તેમાં કાંઈ અયોગ્ય નથી જ, અને આપણે પણ એ પંથે જ ચાલવું અને તેના અનુયાયીઓ બનવું. અને હવે સુખલાલ ભાઈનો સહકાર થયો એટલે આપણો દરેક જગ્યોએ વિજય જ છે.

લક્ષ્મીચંદ : ઉમેદભાઈનું કહેવું તદ્દન સત્ય છે. હું પણ એજ વિચારનો છું. આધુનિક યુગમાં આત્મજ્ઞાનનો નાશ થઈ રહ્યો છે. અને તેથી જ વેશ પરિવર્તનનું યોગ્ય પગલું, પુખ્ત વિચાર પછી

સેવાયેલું છે. અને મારી પણ એ સલાહ છે કે આપણે જ્યારે એ મુનિ મહાત્માના પંથના અનુયાયીઓ થઇએ ત્યારે આપણે પણ તેમના જેવું જ પરિવર્તન કરવું પડશે. મુહપતી મુખ ઉપર બાંધશો નહિ. મુહપતી બાઈને નવગજના નમસ્કાર છે.

હિરાલાલ : મિત્રો! હું આપને હવે સત્ય હકીકત જણાવું છું. મારૂં અત્રે જે આગમન થયું છે, તે એજ કારણે કે–આપ પરિવર્તન પંથના નાયકના અનુયાયી બનો અને આપણા આ નવા પંથમાં જેટલા જેટલા મેળવાય તેટલા તેટલા મેળવવા પુરૂષાર્થ કરો. અને એ કામ કેવી રીતે કરવું તે સંબંધમાં મેં એક યોજના ઘડી રાખી છે.

પ્રેમચંદ : આપણે આપણા પંથમાં હરીજનોને મેળવી શકીયે કે કેમ ? કારણ કે બીજાઓ ના આપણા પંથમાં ભળે તેમ લાગતું નથી.

હિરાલાલ : આપની બુદ્ધિ કાંઈ અવળી લાગે છે. અત્યારે હરીજનની વાત કાંઈ ઉચ્ચારવાની જરૂર નથી. મહેરબાની કરીને આવી વાત કોઈ દિવસ ઉચ્ચારશો નહિ. 'એ કામ મહાત્મા ગાંધીજી'ને જ સોંપ્યું છે. તમે જો આવી વાતે [illegible] [illegible] હરીજન [illegible] [illegible] નાની બની જશે '

દીપચંદ : આપે શું ધારેલ [illegible] છે ?

હિરાલાલ : [illegible]

૧. [illegible]

૨. [illegible]

૩. [illegible]

શકે. આપને જો અનુયાયીઓ વધારવા હોય તો પ્રપંચની શેતરંજ રમવી પડશે. ઉપાશ્રયે જવું અને આપણા પંથના અનુયાયીઓ બંને તેમ ખાનગી પ્રયાસો કરવા. દુધ અને દહીં બંને રાખવાં. અને તેનો સમય મુજબ ઉપયોગ કરવો.

જગજીવન: રમણભાઈનું કહેવું સત્ય છે. આપણે શા વાસ્તે તેમને ખાતા સોંપી દેવા. એ વાત તો ન બની શકે, એ તો સંપ્રદાયમાં રહીને જ પગ પસારવા. અને અંદરો અંદર કોલાહલ કાઢી નીકળે તેવા કાવાદાવા રચવા. અને પછી જોઈ લ્યો. આપણો આત્મજ્ઞાની પંથ કેટલો જોરદાર બને છે. કોઈ પણ જાતનું બાયલાપણું કે બીકણપણું આપણને ન છાજે. જોઈએ તેટલા પૈસા હું ખર્ચવા તૈયાર છું.

સુખલાલ: આવી જોરદાર વાતો કરો છો પરંતુ આપણે વાંચનમાં શું રાખશું?

હીરાલાલ: ભાઈઓ, ફીકર કરશો નહિ. હું મારી સાથે આત્મજ્ઞાનનું પુસ્તક લાવ્યો જ છું. એ 'શ્રીમદ્ રાજ્યચન્દ્ર'નું વાંચન રાત્રીના સમયે આપણી મંડળી ભેગી થયે દરરોજ વાંચવાનો નિયમ રાખવો.

નાગસી: તમારે વાંચનની અત્યારે શું પડી છે! આપણા મતના અનુયાયીઓ કેમ વધે તેનો વિચાર કરતા નથી અને આમ આડી આડી વાતો કર્યા કરો છો. મારૂં તો એમ માનવું થાય છે કે આપણા મંડળના સભાસદોની સહીયો વાળું એક લખાણ (વિનંતિપત્ર) તૈયાર કરી આપણા ગામમાં ગુરૂદેવને બોલાવી જાહેર વ્યાખ્યાનો કરાવી આત્મજ્ઞાની પંથને દીપાવીયે અને નવા નવા ભક્તોને મેળવીયે.

સુખલાલ: પરંતુ ગામના બીજા કોઈ પુખ્ત ઉમરના અને વૃદ્ધ ઉમરનાની સહીયો મળશે કે કેમ એ અચોક્કસ જેવું છે.

નાગસી: વૃદ્ધ ઉમરના જો સહીયો ન આપે તો કાંઈ નહિ, તેમના છોકરાઓની સહી મેળવશું. પરંતુ એ વિનંતિ પત્ર તો જરૂર

મોકલવું કે જેથી ગુરૂદેવને પણ મનમાં નિશ્ચય થાય કે આત્મજ્ઞાની વીરલા પુરૂષો મારા પંથને દીપાવવા પુરૂષાર્થ કરી રહ્યા છે.

હિરાલાલ : મિત્રો, આપની વાત સત્ય છે પરંતુ અત્યારે સહીયો લેવાની માથાકુટ કરવાની બીલ્કુલ જરૂર નથી. પરંતુ તમે અત્રે જે એકત્ર થયા છો, તેઓએ તો એક સોગન લઈ લેવા કે આપણને સમજાવવા ગમે તેવા ડાહ્યા ગણાતા પુરૂષો આવે પરંતુ કોઈપણ સંજોગોમાં આપણે ફસાવાની જરૂર નથી. એક નાનું છિદ્ર પણ વહાણને ભર સમુદ્રમાં ડુબાડી દે છે એમ આપ ક્યાં નથી જાણતા ! આપણી મંડળી ભલે નાની હોય, પરંતુ મોટા મોટાને ભરદરિયામાં ડુબાડશે.

સુખલાલ : 'એ બધું તો ઠીક. પરંતુ નાગસીભાઈ, વાંચન તો રાખવું જ જોઇએ. શ્રીમદ્ રાજચન્દ્રમાં શું હકીકતો આવે છે ?'

હિરાલાલ : મિત્રો, આપનું કહેવું યથાર્થ છે. આપ શ્રીમદ્‌ના રહસ્યને સમજી શકો તેમ નથી. તેમજ શ્રીમદ્‌ના રહસ્યને ઝીલનારા કોઈ સુવર્ણ પાત્ર આ પંચમ કળી કાળમાં થવાના નથી. સુવર્ણ પાત્ર હોય ત્યાંજ સિંહણનું દુધ રહી શકે, અને શ્રીમદ્‌ના રહસ્યને સમજવા તમારે સિંહણ જેવા બનવુ પડશે. અને સમાજની દરકાર કર્યા સિવાય, સંપ્રદાયના મુનિમહારાજોની પરવા કર્યા સિવાય વેશ પરિવર્તન કરવો તથા કરાવવો પડશે. શ્રીમદ્ રાજચંદ્રે ૧૯ મા વર્ષમાં પ્રવેશતાં એક અંગત કાવ્ય લખ્યું છે. તેમાં નીચે મુજબ જણાવેલ છે.

"આ ભવ પર ભવ છે નહિ, એજ તર્ક અનુકુળ;
વિચારતાં પામી ગયા, આત્મધર્મનું મૂળ."

શ્રીમદ્ રાજચન્દ્ર આવૃત્તિ ૩ પાને ૧૭૩. આ કાવ્ય ઉપરથી આપ સમજી શકશો કે શ્રીમદ્ એક મહાન પુરૂષ હતા અને આ ભવ સિવાય તેમને કોઈ બીજો ભવ કરવાનો હતો જ નહિ. અને સીધા તેઓ મોક્ષમાં ચાલ્યા જવાના હતા. આ શ્રીમદ્‌નો એક તર્ક

હતો. આ પંચમ કાળમાં એવા કોઈ વીરલાજ સિંહ કેસરી નીકળે છે કે જેઓ તર્ક કરીને પણ પોતે આ ભવમાં મોક્ષ જવાનું કહી શકે. કારણ કે તર્ક શાસ્ત્રનો અભ્યાસ કરવો એ ઘણો કઠીન વિષય છે અને મોટા મોટા મહાન પુરૂષો પણ તર્ક શાસ્ત્રના અતિ ગહન વિષયનો અભ્યાસ કરી શકતા નથી. અને આવા વિચાર કરતાં અને તર્ક કરતાં આત્મધર્મનું મૂળ શ્રીમદ રાજચન્દ્ર પામ્યાં. જૈન ધર્મમાં ઘણા આત્મજ્ઞાની પુરૂષો થઈ ગયા હશે પરંતુ કોઇ પણ મહાત્માએ તર્કશાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય એમ જણાતું નથી. જો તેઓએ તર્કશાસ્ત્રનો અભ્યાસ કર્યો હોત તો શ્રીમદ રાજચન્દ્રની માફક પોતે પણ પોતાના વાસ્તે તર્ક કરીને લખાણ કરી ગયા હોત. પરંતુ તેવા કાંઈ પણ હસ્તાક્ષરના લખાણની ખામી આપણને સ્પષ્ટ સુચવે છે કે તર્કશાસ્ત્રનો અભ્યાસ કોઈ વીરલ આત્માઓ અને સુવર્ણપાત્રો જ કરી શકે.

ઉમેદચંદ : ધન્ય છે. આવા સુવર્ણપાત્રને. આવા તર્કશાસ્ત્રનો અભ્યાસ આપણા મંડળમાં ખાસ કરવા કરાવવાની જરૂર છે. તીર્થંકરદેવો તો મતિ–શ્રુત અને પરમ અવધિજ્ઞાનના પ્રભાવથી ગૃહસ્થાવાસમાં જાણી શકતા. પરંતુ હવે મતિ–શ્રુત અવધિ જ્ઞાન ન થાય તો પણ આ પંચમકાળમાં ચાલશે. ફક્ત તર્કજ્ઞાન મેળવવા તેમણે તર્કશાસ્ત્ર શીખવાં પડશે તર્કશાસ્ત્રના કેવળી શ્રીમદ રાજચન્દ્રને મારા નમસ્કાર છે. મિત્ર, શ્રીમદે તર્કશાસ્ત્ર રચ્યું છે કે કેમ?

હિરાલાલ : તમારે બધાને અત્યારે આ વિષયોમાં બુદ્ધિનો નિરર્થક વ્યય કરવાની હમણાં જરૂર નથી. હમણાં હમણાં જે કામ કરવાનું છે તેને તમે દીપાવો તો ઘણું જ સારૂં.

ઉમેદચંદ: મને તો તર્ક જ્ઞાન ઘણું જ પ્રિય લાગ્યું. આપણે બધાએ ગુરૂદેવ પાસે જઈ તર્ક શાસ્ત્રનો અભ્યાસ કરવો જેથી આપણા ભવ આપણે જાણી શકોયે.

સુખલાલ : મેં આપને મારો સહકાર આપવાનું વચન જણાવ્યું છે. પરંતુ આ બધી હકીકત સાંભળી મારું આત્મજ્ઞાન તમારી મંડળીમાં ભળવા સ્પષ્ટ ના સુણાવે છે.

લક્ષ્મીચંદ : હવે તમે અમારા મંડળમાંથી નીકળી શકો તેમ નથી, તમે અમને વચન આપ્યું છે, અને ડાહ્યા પુરુષો જ વચન નિભાવી શકે. વચન આપીને ફરે એ તો મૂર્ખાઓ કહેવાય. અને તે નામરદનું કામ છે, માટે તમે અમારા શિરોમાન્ય પૂજ્ય છો. તમે જ અમારા નેતા અને તમારા હાથમાં જ અમારું વહાણ.

સુખલાલ : તમે મને આગ્રહ કરો છો પરંતુ સૂત્ર સિદ્ધાંત વિરૂદ્ધ પરૂપણા કે વર્તન થતું હોય તેનું કેમ ?

હિરાલાલ : મિત્રો, સૂત્ર સિદ્ધાંત વિરૂદ્ધ કાંઈ વર્તન થતું નથી. તમે એક વખત અનુભવ કરી ખાત્રી કરી લ્યો. સત્ય ધર્મ જ આ છે. સૂત્ર સિદ્ધાંતથી સાબીતી કરી આપવા અગાઉ મેં જણાવ્યું છે. આપ કેમ ભૂલી ગયા ? અને પછી આપ જ મને કહેશો કે હિરાલાલભાઇ સત્ય કહેતા હતા. મોક્ષનો સત્ય રસ્તો દેખાડતા હતા. આપને મારામાં હવે વિશ્વાસ છે કે નહિ ? આપ સુકાની છો, ભર-દરીયામાં ડુબાડો યા તો બેડો પાર કરો.

સુખલાલ : જ્યારે આપ આટલા ભારપૂર્વક વિશ્વાસ આપી જણાવો છો ત્યારે હું આગેવાની લેવા ઘણો જ ખુશી છું.

હિરાલાલ : મને હવે ખાત્રી થઇ કે આપ આગેવાની લ્યો છો એટલે હું આપને મારું હૃદય ખોલી વાત પ્રકટ કરું છું. આપણું મંડળ આત્મજ્ઞાની મંડળ જ કહી શકાય. જો કે ખાસ નામ કયું આપવું તે નક્કી હવે પછી થશે, પરંતુ આપણા સિદ્ધાંતો આત્મ-જ્ઞાનના જ છે. ક્રિયા-કરણી એ જ્ઞાનના સિદ્ધાંતો પાસે કાંઇ ગણ-ત્રીમાં નથી અને વ્યવહાર ખોટો છે અને તેથી જ છોડવા યોગ્ય છે એમ વિદ્વાન મહાત્માઓનું સ્પષ્ટ કથન છે. જપ-તપ ઉપવાસ ક્રિયા કરણી એ જ્ઞાનના સિદ્ધાંતો સમજનારાને કાંઈ ઉપયોગમાં નથી

માટે આત્મજ્ઞાનમાં જ રહેવાનો દરેક ભવ્ય-અભવ્ય આત્માઓને ઉપદેશ આપવો અને આત્મજ્ઞાનનું પુસ્તક વાંચવાનું કહેવું એટલે જપ-તપ-ઉપવાસ, સામાયીક પ્રતિક્રમણ એ બધાનો સમાવેશ થઈ જાય છે. કારણ કે જ્ઞાનના મહિમાનો પાર નથી. કોઈ પણ સુજ્ઞ પુરૂષો ક્રિયા કરણીની મહત્તાને અગ્રસ્થાન આપતાં જ નથી, માટે ચર્ચા કરનારા કોઇ આવે તો આપણી દલીલ યુક્તિપૂર્વક ગોઠવવી કે જેથી ક્રિયાકાંડ આપોઆપ ઉડી જાય.

(૧) શ્રીમદ્ રાજચન્દ્ર ગ્રંથમાં એ મહાન પુરૂષની છબીઓ આપવામાં આવેલી છે. તે મહાન પુરૂષ આપણને સત્ય રસ્તો દેખાડનાર છે. તેથી તેને હરહંમેશ પુસ્તક વાંચતી વખતે સાષ્ટાંગ નમસ્કાર કરવા.

(૨) 'સમયસાર'નું વાંચન ધીરે ધીરે કરતા જવું.

(૩) પુસ્તક વાંચતી વખતે અગરબત્તીનો અગર તો સુગંધી ધુપ કરવો. ઘીનો દીવો કરવો. ભક્તિભાવના આવેશમાં જે કાંઈ ક્રિયા કરવામાં આવે તેમાં જરા પણ દોષ નથી.

(૪) ફોટા છબી રાખવા અને જરૂર પડે મૂર્તિને પણ રાખવી.

(૫) મુહપતી મુખ ઉપર બાંધવાની પ્રથા દુર કરવી. મહાન પુરૂષે મુહપતી બેધડક ઉતારી નાખી પરિવર્તન કરેલ છે. તે મુજબ આપણે પણ વેષ પરિવર્તન કરી નાખવું.

(૬) મોરપીછાનો સાવરણો રાખવો. (પ્રમાર્જન કરવા સારૂં.)

આ મુખ્ય સિદ્ધાંતો ધ્યાનમાં રાખીને આપણા પંથની પ્રગતિ કરવી, વિશેષ સુચનાઓ મોકલતો રહીશ.

મિત્ર મંડળમાંથી હર્ષના ઉદ્ગારોઃ-' વાહ વાહ '. ' વાહ વાહ. '

સુખલાલ: આપની કરેલી સુચના મેં યથાક્રમ ધ્યાનમાં લીધી છે. અને આ મંડળમાં જેમ સભ્યો વધશે તેવું જ વાતાવરણ ફેલાવીશ. અને તમે હવે જુઓ તો ખરા, થોડા જ વખતમાં આપણા મંડળના પાયા કેટલા ઉંડા મૂળ નાખે છે.

આત્મજ્ઞાનનો ચોતરફ વિજય ડંકો વગાડીશ.

મિત્રો ! આપનું શું કહેવું છે ?

હિરાલાલ : સહધર્મી મિત્રો આવાજ હજો. ધન્ય છે તમને કહ્યું છે કેઃ—

"જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શુર.
નહિં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નુર."

તમારા જેવા શુરાઓનો જ આત્મજ્ઞાની ધર્મ છે. કળથી-બળથી-પ્રપંચથી યા હરકોઈ રીતના દાવ ખેલી સેનાપતિ રણ-સંગ્રામમાં પોતાનો વિજય કરવા પુરૂષાર્થ કરે છે. તેમ તમે હવે સેનાપતિ થયા છો. કળથી, બળથી, પ્રપંચથી યા હરકોઈ પ્રકારના કાવા દાવા ખેલીને પણ આત્મજ્ઞાની મંડળનો વિજય વાવટો ફરકાવવો. મિત્રો, મારૂં આગમન અત્રે સફળ થયું છે. હું શુભ શુકન જોઇને જ ઘેરથી નીકળ્યો હતો. અને મારે હજુ આપણો નવો પંથ ફેલાવવા ઘણા ક્ષેત્રોમાં વિચરવાનું છે. અને એક મહાન કાર્ય કરવાનું છે. તો હવે સમય આવી ગયો છે એટલે આપ સર્વેની રજા તેમજ આશીર્વાદ લઈ જાઉં છું. કારણ કે જરા પણ હવે મોડું થશે તો મને સ્ટેશન ઉપર ટ્રેન મળવી મુશ્કેલ થઈ પડશે.

સુખલાલ : આપ આપનું કામ આગળ ધપાવો. અમારા આશિર્વચન છે.

[હિરાલાલ શેઠ અત્રે સર્વેની સાથે વંદન નમસ્કાર કરી જાય છે.]

સુખલાલ : મિત્રો, હિરાલાલભાઈની સુચના અનુસાર કામ લેવાનું આપને કબુલ છે કે ?

મિત્રોનો જવાબ : કબુલ, કબુલ, કબુલ.

[સર્વે મિત્રો એક નિર્ણય કરી. છળ, બળ, કપટ, કાવા દાવાથી કામ કરવાનું નક્કી કરી, પોત પોતાના ઘેર જાય છે.]

પ્રકરણ ૨ જું

વસંતપુરમાં મચેલો ખળભળાટ અને સંત પ્રવચન

સુખલાલ શેઠ અને તેના મિત્રમંડળે છ માસમાં તો વસંતપુરમાં હાહાકાર મચાવ્યો છે. સ્થળે સ્થળે કહેવાતા આત્મજ્ઞાનીઓએ ઘણી જ ઝડપથી પ્રવૃત્તિ કરી છે. ઉપાશ્રયે જવામાં કાંઈ ફાયદો નથી. ક્રિયા કરણી ખોટી છે. સૂત્રો તીર્થંકરના લખેલા નથી. મુહપતી મુખ ઉપર બાંધવાની જરૂર નથી. 'રાજચન્દ્ર' વાંચો. 'સમયસાર' વાંચો. ઈત્યાદિ પ્રચારકાર્યથી વસંતપુરના વૃદ્ધ તેમજ યુવાન વર્ગ તરફથી આત્મજ્ઞાની મંડળ તરફ તિરસ્કાર છૂટયો છે. સુખલાલ શેઠ જે ચતુર્વિધ સંઘમાં આગેવાન-સંઘપતિ ગણાતાં-દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી આજ્ઞા માગી, મુહપતી મુખ ઉપર બાંધી સામાયીક પ્રતીક્રમણ કરનારા, આચાર્ય મહારાજ બીરાજતાં હોય ત્યારે પાટ પાસે બેસી 'તહત વચન' 'પ્રમાણ વચન'ના બોલનારા, સંઘમાં નાના મોટા માણસોને સલાહકાર, ગામમાં કોઈ જગ્યોએ કુસંપમય વાતાવરણ ફેલાતું હોય તો ત્યાં જઈ સલાહ કરી શાંતિ સ્થાપનારા, ગામનું નાક, સંઘના સ્થંભ સમાન, હમણા હમણાં પરિવર્તન કર્યો પછી ઉપાશ્રયનો ત્યાગ કર્યો છે. અને નાના મોટા તમામ જેનો જેનો પરિચય થાય તેમને મુહપતી છોડવા વિગેરેનો ઉપદેશ આપી રહ્યા છે. શેઠની બુદ્ધિના આ ફેરફારે શેઠ પ્રત્યે શહેરીઓનો સખ્ત અણગમો થયો છે. શેરીયે શેરીયે અને ચૌટે ચૌટે નાના મોટા તમામ સ્ત્રી પુરષો શેઠના આ

અઘટિત પરિવર્તન તરફ અટ્ટહાસ્ય કરી તિરસ્કાર દર્શાવી રહ્યા છે. સુખલાલ શેઠ જે અગ્રેસર તરીકે માન પામતાં તેને હવે કોઈ માન આપતું નથી. સન્માન જાળવતું નથી. શેઠ નીકળે કે બજારમાં શેઠને જે આદર આવકાર મળતો તે હવે બંધ થયો છે. શેઠની સામી દૃષ્ટિ કરવા પણ કોઈ ઈચ્છા રાખતું નથી. નાના મોટા શેઠની સલાહ લેવા જે જતાં તે પણ હવે બંધ થયા છે. બીજી તરફ શેઠના આત્મજ્ઞાની સહ મિત્રો કુસંપમય વાતાવરણ ફેલાવવા ઘણા દાવ પ્રપંચો રમવા માંડયા છે. પરંતુ તટસ્થ અને શાંતિના પ્રયોગો વચ્ચે તેમના બધા દાવ નિષ્ફળ નીવડયા છે. મોટા મોટા દાવાનળ સળગે તેવી તૈયારીઓ કરી રાખી છે. પરંતુ હજુ તણખા ઝર્યા નથી. પ્રસંગોપાત શાંત મૂર્તિ લવાદોના વચમાં પડવાથી અંગારા ઉપર રાખ દેખાઈ રહી છે.

આ અરસામાં સુખલાલ શેઠના પરમ સ્નેહી મિત્ર શીવજીભાઈ જેઓ પરદેશ દ્રવ્ય ઉપાર્જન કરવા ગયેલા તે ઘરકામ પ્રસંગે વસંતપુરમાં સવારની સાત વાગ્યાની ટ્રેનમાં આવ્યાં. અને ઘેર જઈ પોતાનો સરસામાન મુકી દંતમંજન કરી દુધ વિગેરે લઈ સાડા સાતનો સમય થયા પછી ઉપાશ્રયે ગુરૂ મહારાજનું વ્યાખ્યાન સાંભળવા ગયા. સમય થતાં એક પછી એક શ્રોતાજનો ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા આવી રહ્યા છે. ઘણો સમય થયો છતાં પણ સુખલાલ શેઠ આવ્યા દેખ્યા નહિ. બરાબર ઘડીયાળમાં આઠના ટકોરા થતાં ગુરૂ મહારાજ વ્યાખ્યાનની શરૂઆત કરે છે. શ્રોતાજનો મંગલીક સાંભળવા ઉભા થાય છે.

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરીયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વ સાહુણં

વીરઃ સર્વ સુરા સુરેન્દ્ર મહિતો વીરં બુધાઃ સંશ્રિતાઃ
વીરેણાભિહતઃ સ્વકર્મ નિચયો વીરાય નિત્યં નમઃ
વીરાત્તીર્થમિદં પ્રવૃત્ત મતુલં વીરસ્ય ઘોરં તપો
વીરે શ્રી ધૃતિ કીર્તિ કાંતિ નિચયઃ શ્રી વીર ! ભદ્રંદિશ.

અર્થઃ—વીર ભગવંત સર્વ દેવ દાનવના ઇંદ્રોવડે પુજાયેલ છે. વીર સ્વામીને પંડિતો આશ્રય કરી રહેલા છે. વીર પ્રભુએ પોતાનો કર્મ સમુહ હણ્યો છે. વીર સ્વામીને હંમેશા નમસ્કાર હો ! વીર સ્વામી થકી આ વર્તમાન તીર્થ પ્રવર્ત્યું છે. વીર પ્રભુનો તુલના ન થઈ શકે એવો આકરો તપ છે. વીર સ્વામીને વિશે લક્ષ્મી, ધૈર્ય, કીર્તિ અને કાંતિનો સમુહ છે. હે શ્રી વીર અમને કલ્યાણ આપો.

સર્વ મંગલ્ય માંગલ્યં સર્વ કલ્યાણ કારણં
પ્રધાનં સર્વ ધર્માનામ્ જૈનં જયતિ શાસનમ્

अभविसुपुरा विभिखुवो, आपस्साविभवंति सुव्वता ।
पमाइंगुणाईआहुते, कासवस्सयणु धम्म चारिणो ॥
तिविहेण विपाण माहणे, आयहिते अणियाण संवुडे ।
एवं सिद्धा अणंतसो, संपइजेअणा गया वरे ॥
एवंसे उदाहु अणुत्तर नाणी अणुत्तरदंसी अणुत्तरनाण ।
दंसणधरे अरिहा नायपुत्ते भगवं वेसालीए वियाहिये
तिवेमि ॥

સૂત્ર, સુય. શ્રુત. ૨ અ. ૩ ગાથા ૨૧, ૨૨–૨૩.

તીર્થંકર ભગવાન સાધુ મુનિને ઉદ્દેશીને કહે છે કે હે ભિક્ષુઓ ! આ જગતને વિષે પૂર્વે જે જે જીનેશ્વર ભગવાન થઈ ગયા છે વળી આગામી કાલે જે જે જીનેશ્વર ભગવાન થશે તેમજ વર્તમાન કાલે જે જીનેશ્વર ભગવાન વરતે છે એવા પૂર્વે કહ્યા તે સર્વે જીનેશ્વર ભગવાન ઉપદેશને કહેતા હુવા તે તે સર્વે સાધુઓ

દેવાણુપ્રિયા ! માયા કપટ સેવનારાઓને ભગવાન મહાવીર સખ્ત શબ્દોમાં ઉપદેશ કરે છે. પરંતુ કેટલાક અભવ્ય આત્માઓને પ્રભુનો એ ઉપદેશ રૂચતો નથી જ. મુહપત્તિ મૂકેલા સાધુની સાથે મુહપત્તિ બાંધેલા સાધુઓ રહે અને સિદ્ધાંત વિરૂદ્ધ વર્તન કરી માયા કપટ સેવે એ આપ સર્વે પ્રત્યક્ષ નીહાળો છો. આ માયા કપટ સેવનારાઓ અનંતો સંસાર વધારી મૂકે છે તેઓ પણ પ્રભુ મહાવીરના સાચા અનુયાયીઓ કહેવાય જ નહિ.

દેવાણુપ્રિયા ! ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રભુ મહાવીરે વિનય મૂળ ધર્મ છે એમ સ્પષ્ટપણે ઉપદેશ્યું છે, અને સૂત્રમાં તે અધ્યયન પ્રથમજ છે છતાં પણ વિનય મૂળ ધર્મના સિદ્ધાંતને નહિ સ્વીકારનારા કેટલાક સાધુઓ દૃષ્ટિગોચર થાય છે. આવા દ્રવ્યલીંગી નામધારી સાધુઓ માયા કપટથી ગુરૂને પણ વોસરાવે છે અને ગુરૂને વોસરાવી ચતુર્વિધ સંધની મર્યાદા તોડી સ્વચ્છંદપણે વીચરે છે.

थंभाव कोहाव मयप्पा माया ।
गुरु सगासे विणयं न सिक्खे ॥
सोचे यओ तस्स अभूइ भावो ।
फलं व कीयस्स वहाय होइ ॥

સૂત્ર દ. અ. ૯ ઉ. ૧ ગાથા ૧.

જે સાધુ અભિમાની હોય, ક્રોધી હોય, મદવંત હોય, અને પ્રમાદી હોય, તે ગુરૂની પાસેથી વિનયથી જ્ઞાન લ્યે નહિ, ને અભિમાની થઇને ગુરૂ પ્રત્યે અભાવ લાવી વર્તે, તેવાઓ વાંસના ફળની પેઠે વિનાશ પામે અર્થાત્ જ્ઞાનનો નાશ થવા સાથે પોતાનું પતિતપણું થાય છે. અભિમાની જીવો ગુરૂથી વિમુખ થતાં દુર્ગતિને પામે છે. કારણ કે વિનય જે છે તે જીન શાસનનું મૂળ છે. વિનય એજ સંયમ અને તપ છે. જે પ્રાણી વિનયને મૂકે છે તેને ચારિત્ર રૂપ ધર્મ અને તપ શું કામનો છે ? વિનય ગુણ વિના એ સર્વે નિષ્ફળ છે. માટે આત્માર્થી મુમુક્ષુ જીવે વિનયનો ત્યાગ ન કરવો જોઇએ.

ઠાણાંગ ઠાણે ૩ જે ઉદ્દેશે ૧ કહ્યું છે કે–શેઠનો વાણોતર, માતા પિતાનો પુત્ર અને ગુરૂનો શિષ્ય–પોતાનું શરીર-સંપદા તમામ અર્પણ કરે. આખી જીંદગી સુધી, તો પણ તેના ઉપકારનો બદલો વળે નહિ.

દોહરા

વિનય મૂળ છે જ્ઞાનનું, જ્ઞાનથી દર્શન થાય,
ચારિત્ર તેથી આવતાં, મોક્ષ પ્રાપ્તિ ત્યાં થાય.
નિરાબાધ સુખ મોક્ષનાં, કહે તીર્થંકર દેવ,
જો મેળવવા હોય તો, વિનય સર્વદા સેવ.

પરંતુ આ કાળમાં તો શિષ્યે ગુરૂના વિનય ક્યાં સાચવવા છે ગુરૂ પાસે ભણ્યાં–ગણ્યાં–વ્યાખ્યાન આપવાની શક્તિ આવી કે ગુરૂ સાથે જ ક્લેશ–જુદા વિહાર અને ત્રિવિધે ત્રિવિધે ગુરૂને વોસરાવવું, ગુરૂના દર્શન કરવાના જાવજીવના પચ્ચખાણ. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે-

पकाक्षर प्रदातारं, सोऽपि गुरुं न मन्यते।
श्वानं योनिशतं गत्वा, चांडालोऽपित्त जायते॥

જે એક ક્ષણપણ અક્ષરના દાતારને ગુરૂપદે ન માને તે શ્વાનની યોનિમાં સો વાર ઉત્પન્ન થાય છે, અને પછી વારંવાર ચંડાલ-પણાને પામે છે.

અભિમાનવશ વિનયને છોડી ગુરૂનો ત્યાગ કરનારા કુશિષ્યો અનંત સંસાર પરિભ્રમણ કરે. પરંતુ, દેવાનુપ્રિયા ! તેથી તમે શ્રાવકોને કાર્ય દીધી ધોની કરવાની નથી. શ્રાવકો પણ દૃઢધર્મી થઈ ગયા છે. તેમના ચરિત્રો તમોએ સાંભળ્યા હશે. અત્ર તો તમોને ઉપાસક દશાંગ સૂત્ર અધ્યયન ૨. કામદેવ શ્રાવકની થોડીક હકીકત સંભળાવું છું.

એકદા આગાના સમયમાં પ્રભુ મહાવીર દેવ જ્યારે [illegible] ધર્મનો ઉપદેશ કરી રહ્યા હતા અને એક સામર્થ્ય બીજો [illegible]

ચાલીને પૂર્વાનુપૂર્વી વિહાર કરતા હતા તે સમયે પ્રભુ મહાવીર દેવ ચંપા નગરીમાં પૂર્ણભદ્ર યક્ષનું મંદિર હતું તે વનમાં પધાર્યા. આ સમાચાર મળતાં કામદેવ શ્રાવક જે અત્યંત ધનાઢ્ય ૧૮ ક્રોડ સોનૈયાનો તથા ૭ ગોકુળનો ધણી તે પ્રભુ મહાવીરને વાંદવા માટે ગયો અને ત્યાં જઈને પ્રભુનો ઉપદેશ સાંભળી પ્રભુ પાસે શ્રાવક ધર્મ અંગીકાર કરી વ્રત ગ્રહણ કર્યાં.

એકદા સમયે કામદેવ શ્રાવક પૌષધ વ્રતમાં પૌષધશાળામાં બેઠા હતા તે રાત્રીએ મધ્ય રાત્રી વિતતાં એક કપટી મિથ્યાદષ્ટિ દેવ પ્રકટ થયો. તેણે ભયંકર પિશાચનું રૂપ બનાવેલું હતું. મોટું ટોપલા જેવડું માથું, પીળા ભુખરા જાડા વાળ, ખીસકોલીની પુંછડી જેવા ભ્રમર, માણસના માથા જેવડી આંખ, સુપડા જેવા ભયંકર બિહામણા કાન, બેઠેલું ઉંડા રાફડા જેવું નાક, ઘોડાના પુંછડા સરખી મુછો, લાંબા લટકતા હોઠ, લોહાની કોશ જેવા જાડા બહાર નીકળેલા દાંત, અનાજની કોઠી ભરવા જેવડું પેટ, જેણે મુખ ઉઘાડું રાખ્યું હતું, જીભ બહાર કાઢેલી હતી, કાકીડા તથા ઉંદરની માળા પહેરી હતી, કાનમાં નોળીયાના ઘરેણા કર્યા હતા. સર્પના ઉત્રાસણ કર્યાં હતાં, વીંછીની જનોઈ પહેરી હતી. ભયંકર વાઘ ચીત્રાના ચામડાનાં વસ્ત્ર પહેર્યાં હતાં, લોહીથી શરીર રંગેલું હતું: એવો તે દેવ બે હાથના તાલોટા વગાડતો-ધરતી સાથે પગ પછાડતો-ભયંકર અટ્ટહાસ્ય કરતો, મોટી તરવાર હાથમાં રાખી રાતી આંખો કરી, કપાળે ત્રણ લીટી ચડાવી, અતિશય કોપ કરી, રીસ કરી, કામદેવ શ્રાવકને કહેવા લાગ્યો. " અરે કામદેવ શ્રાવક ! મરણને વાંચ્છનારા, દુરંત-દુષ્ટ ભુંડા લક્ષણના ધણી, હીણ પુણ્યના જન્મેલા, લજ્જા, લક્ષ્મી, બુદ્ધિ, શોભા, ધૈર્ય કીર્તિ રહીત, શ્રુત અને ચારિત્ર ધર્મના અભિલાષી, પુન્યના, સ્વર્ગના, મોક્ષના કામી તથા ઇચ્છનારા ધર્મના તરસ્યા, મોક્ષના તરસ્યા, હે દેવને વલ્લભ જે શિયળ વ્રત-

અણુવ્રતાદિકની વિરતી, દશ વિધિ પચ્ચખાણુ, પૌષધ, ઉપવાસથી ચલાયમાન થવું, ક્ષોભાયમાન થવું, ખંડીત થવું, ભાગવું, સર્વ દેશવિરતીનું છોડાવવું, સમકીતથી ચુકવું વિશેષે કરીને છાંડવું, આ સર્વે બોલ તને કલ્પતા નથી. પરંતુ જો તું આજ શિયળ વ્રત-અણુવ્રતાદિક સર્વ વ્રત-પચ્ચખાણુ પૌષધ ઉપવાસ છાંડીશ નહી, ભાંગીશ નહી, તો હું આજે આ ભ્રમર જેવી કાળી તિક્ષણુ ધારવાળી તરવારે કરી તારા ખંડો-ટુકડા કરી નાખીશ. અને હે દેવને વલ્લભ! તું આર્ત્તરૌદ્ર ધ્યાને પરવસ્ય દુઃખે પીડો થકો નિશ્ચે અકાળે જીવતરથી રહીત થઇશ.

તે પિશાચ દેવના આમ બોલવા છતાં પણુ કામદેવ શ્રાવક તે ભયંકર રૂપ જોઇને બીલકુલ ડર્યા નહિ-ત્રાસ પામ્યા નહિ-ઉદ્દવેગ પામ્યા નહિ-ચલાયમાન થયા નહિ-આકુળવ્યાકુળ થયા નહિ. પરંતુ ભયભ્રાંત રહીત ધર્મ ધ્યાનને વિશે પ્રવૃત્ત થયા. કામદેવ શ્રાવક ધર્મધ્યાનમાં લીન થયેલ છે એમ તે દેવે પોતાના જ્ઞાનથી જોતાં એક વખત, બે વખત, ત્રણુ વખત, ઉપર કહ્યા મુજબ વ્રત ભાંગવા-છોડવાનું કહ્યું. પરંતુ કામદેવ શ્રાવક ધર્મધ્યાનથી જરાપણ ચલાયમાન થયા નહિ. એટલે તે દેવ અત્યંત ક્રોધ કરી કપાળે ભમર ચડાવી, ઉતાવળથી તરવારે કરી કામદેવ શ્રાવકના ખંડેખંડ કરવા લાગ્યો. તે વખતે કામદેવ શ્રાવકે સહન કરતાં દુષ્કર એવી વેદના સમ્યક્ પ્રકારે સહન કરી. દેવે જોયું કે કામદેવના મનોગત ભાવ જરા પણ ચલાયમાન થયા નથી એટલે પૌષધશાળામાંથી તે દેવ બહાર ગયો. અને વૈક્રીયવારમાં તો એક મોટું હાથીનું રૂપ વિકુર્વી કામદેવની સમક્ષ પૌષધશાળામાં પ્રગટ થયો અને કામદેવને વ્રત ભાંગવા-છોડવાનું જેમ અગાઉ કહ્યું હતું તેમ કહ્યું કે જો તું આ વ્રતાદિક નહિ ભાંગે તો આ સુંઢની તને ઉપાડી આકાશમાં ઉછાળી. આ મજબુત જેવા અતિ તિક્ષણ દંતુશળે ઝીલી પૃથ્વી

ઉપર પછાડી તને કચરીશ જેથી તું આર્ત્ત અને રૌદ્ર ધ્યાને કરી અકાળે જીવતરથી રહીત થઈશ. તે હાથીરૂપ દેવના આમ બોલવા છતાં પણ કામદેવ શ્રાવક ધર્મધ્યાનથી જરા પણ ચલાયમાન થયા નહિ. એટલે તે હાથીરૂપ દેવે અગાઉની જેમ એકવાર બેવાર ત્રણવાર કહેતાં કામદેવ શ્રાવકે નહિ માનતાં અત્યંત ક્રોધ કરી રીસ કરી સુંઢમાં લઈ આકાશમાં ઉછાળી નીચે પાડી પગે કરી કચરવા લાગ્યો. કામદેવે આ અસહ્ય વેદના સમ્યક્ પ્રકારે સહી. કામદેવના મનોગત ભાવ દેવે અચલાયમાન જોયા એટલે દેવ પૌષધશાળામાંથી બહાર ગયો. અને થોડી વાર થઈ ત્યાં દિવ્ય હાથીનું રૂપ મુકી એક મોટું સર્પનું રૂપ બનાવ્યું. કાળો ભમર જેવો, મોટી કાયાવાળો, લોહીના રંગ જેવી જીભ જેની લબકારા કરી રહી છે, મોટી મુછોવાળો, એવું રૂપ બનાવી ફુંફાડા મારતો તે સર્પ (દેવ) જ્યાં કામદેવ છે ત્યાં પૌષધશાળામાં આવ્યો. અને કહ્યું કે અરે કામદેવ શ્રાવક! જો તું આ વ્રત નહિ ભાંગે તો હું આજ તારી કાયા ઉપર એકદમ ચડીશ અને તારી કાયાથી ભરડો લઈ ડોક ઉપર વીંટાઈ તિક્ષણ ડાઢથી ડંસ કરીશ, જેથી તું આર્ત્ત રૌદ્ર ધ્યાને કરીને અકાળે જીવતરથી રહીત થઈશ. તે સર્પરૂપ દેવના આમ કહ્યા છતાં પણ કામદેવ શ્રાવક જરા પણ ચલાયમાન થયા નહી. એટલે તે સર્પરૂપ દેવે અત્યંત ક્રોધ કરી કામદેવ શ્રાવકની કાયા પર એકદમ ચડીને પાછલી બાજુએથી વળગી ભરડો લઈ ગરદન ઉપર વીંટળાઈ તિક્ષણ ડંસ કર્યો. કામદેવ શ્રાવકે આ અસહ્ય વેદના સમ્યક્ પ્રકારે સહન કરી. તે સર્પ રૂપ દેવે પોતાના જ્ઞાનથી જોયું તો કામદેવ શ્રાવકના ધર્મધ્યાનના ભાવમાં ચલાવવા-ક્ષોભાવવા વિપરીત પરિણામ કરાવવા તે સમર્થ થયો નથી એમ જાણી તેણે કામદેવ શ્રાવકના શરીર ઉપરથી હળવે હળવે ઉતરી પૌષધશાળા બહાર જઈ દિવ્ય સર્પનું રૂપ એક મોટું પ્રસન્નકારી-દરી દિશાઓમાં પ્રકાશ કરતું દેવ રૂપ પાંચ વર્ણના ઉત્તમ વસ્ત્ર પહેર્યા અને પૌષ[illegible]માં જઈ

વિશે રહી ધ્રુવરીના ગણુકાર કરતાં બોલ્યો કે હે કામદેવ શ્રાવક! હે દેવને વલ્લભ! ધન્ય છે તુજને. તું પુણ્ય સહીત, તું કૃતાર્થ, તું કૃતલક્ષણ, હે દેવને વલ્લભ! ભલો તારો મનુષ્ય જન્મ. તને તારા જીવતરનું ભલું ફળ લાધ્યું, કે જેથી મહાવીરના પ્રવચન ઉપર તારી ભલી શ્રદ્ધા પ્રતીત સન્મુખ પ્રાપ્ત થઈ. હે દેવને વલ્લભ! શક્રેન્દ્ર સિંહાસનને વિશે પોતાના સામાનીક દેવતાના પરિવારે બેઠા હતા તે સમયે બીજા દેવદેવીઓ પણ સભા મધ્યે બેઠા હતા. ત્યાં એમ કહેવાયેલું કે હે દેવને વલ્લભ! જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં ચંપા નગરીમાં કામદેવ નામે શ્રાવક પૌષધશાળામાં બ્રહ્મચર્ય સહીત શ્રમણ ભગવંત મહાવીર દેવની પાસે વ્રત અંગીકાર કરી વીચરે છે તેને નિશ્ચે કોઈ વૈમાનીક, દેવ, દાનવ, અસુરકુમાર, કિન્નર, કીંપુરીષ, ગંધર્વ, રાક્ષસ નિર્ગ્રંથ પ્રવચનથી ચલાવવા-ક્ષોભાવવા, ભુંડા પરીણામ કરાવવા-શ્રદ્ધા ફેરવવા સમર્થ નથી એમ શક્રેન્દ્રના મુખથી વચન સાંભળતાં શક્રેન્દ્રના વચનો ઉપર શ્રદ્ધા નહિ આવતાં તારી પરીક્ષા લેવા માટે આવ્યો હતો. અને હે દેવને વલ્લભ! તારી જ્યોતિ-યશ-બળ-વીર્ય પુરૂષાકાર પરાક્રમ રૂપ બુદ્ધિનું ફળ આશ્ચર્યકારી તને લાધ્યું, પામ્યું ને સન્મુખ પ્રાપ્ત થયું! હે દેવને વલ્લભ! ઇંદ્રે જેવી પ્રશંસા કરી હતી તેવી પ્રશંસા જ પ્રાપ્ત થયેલી મેં દેખી છે. હે દેવને વલ્લભ! તમને દુઃખ દેવા રૂપ મેં જે અપરાધ કરેલો છે તે અપગાધ માટે હું તમને વારંવાર ખમાવું છું: તમે ક્ષમાવા યોગ્ય છો. હે દેવને વલ્લભ! હવેથી બીજી વખત એવો અપરાધ નહિ કરું. એમ કહી બે હાથ જોડી વારંવાર ખમાવી જે દિશાએથી તે દેવ આવ્યો હતો તે દિશાએ પાછો ગયો. એટલે કામદેવ શ્રાવક ઉપસર્ગ રહીત થતા કાયોત્સર્ગ રૂપ પ્રતિમા પાળે. ત્યાર ભગવાન મહાવીર દેવ ચંપાનગરી બહાર પૂર્ણભદ્ર વનના મંદિરના બગીચામાં પધાર્યા. તે હકીકત સાંભળીને કામદેવ શ્રાવકે પૌષધવ્રત પાળી શુદ્ધ નિર્મળ વસ્ત્ર પહેરી, ઘણા મનુષ્યોના પરિવાર સહિત જઈ ભગવાન મહાવીર દેવની સેવા ભક્તિ કરી. ત્યાં ભગવાન

ભગવાને ધર્મકથા કહી. ધર્મકથા સંપૂર્ણ થઈ રહ્યા બાદ ભગવાન મહાવીરદેવે કામદેવ શ્રાવક પ્રત્યે કહ્યું કે હે કામદેવ શ્રાવક, મધ્ય રાત્રીના સમયને વિશે એક દેવતા તારી પાસે આવ્યો હતો ? તે દેવતા એક મોટું વૈક્રીય પિશાચ રૂપ કરીને અત્યંત કોપી, કપાળે ત્રણ લીટી ચડાવી, એક કાળી ભ્રમર તરવાર દેખાડીને તમને એમ કહેતો હતો કે હે કામદેવ, જો તું ધર્મ નહિ મુકે તો આ તરવારથી તારા શરીરના ખંડોખંડ કરી તુજને અકાળે જીવતરથી રહીત કરીશ ? એમ તે દેવતાના કહેવા છતાં પણ તમારા પરીણામ અચલાયમાન રહ્યા. એમ તે દેવે હાથી સર્પનું રૂપ વિકુર્વ્યું, ત્રણે ઉપસર્ગ કર્યા. આખરે તે દેવરૂપ વિકુર્વી ક્ષમાપના માગી ગયો. આ વાત સત્ય છે ? જવાબમાં કામદેવે કહ્યું:-હા, પ્રભુ, સત્ય છે. એ ઉપરથી શ્રમણભગવંત મહાવીરદેવે કહ્યું કે હે આર્યો ! જુઓ, આ શ્રાવક-ગૃહસ્થ ઘરમાંહી વસતા થકાં દેવતા મનુષ્ય અને તિર્યંચના કરેલા ઉપસર્ગ સમ્યક પ્રકારે સહન કરે છે. તેની ઈન્દ્ર પણ પ્રશંસા કરે છે. તેથી હે આર્યો ! તમે તો શ્રમણ નિર્ગ્રંથ છો. દ્વાદશાંગીના ભણનાર છો. માટે દેવતા મનુષ્ય કે તિર્યંચના ઉપસર્ગ સહન કરજો. વિશેષે સહન કરજો એમ ભગવાન મહાવીરદેવે કહ્યું. તે વખતે ઘણા સાધુ સાધ્વીઓએ શ્રમણ ભગવંત મહાવીરદેવનું વચન તહત પ્રમાણ કર્યું.

દેવાણુપ્રિયા ! શ્રાવક તો આવા દૃઢ ધર્મી હોય છે. ઈન્દ્ર તેના વખાણ કરે છે. અરે જેની પ્રશંસા ભગવાન મહાવીર દેવે કરેલી છે. નિગ્રંથ પ્રવચન ઉપર જેને હાડેહાડ શ્રદ્ધા બેસી ગઈ હોય છે તેને સમર્થ દેવતાઓ પણ ચલાવી શકતા નથી. એ નિર્ગ્રંથ ધર્મને ખોટો કહેતા નથી. એવા દૃઢધર્મી શ્રાવકનું એક રૂંવાડુ પણ ફરકાવવા કોઈ સમર્થ નથી. પરંતુ અત્યારે તો કોઈ સાધારણ માણસ આવીને કહે કે મુહપતી બાંધવાનું છોડી દ્યો, ધર્મ ખોટો

છે, સુત્રો ખોટાં છે, તો એવા પણ મનુષ્યો છે કે જે મુહપતીનો ત્યાગ કરે, ઉપાશ્રયે આવવાનું બંધ કરે, સૂત્ર સિદ્ધાંત સાંભળે નહિ, શ્રદ્ધાથી વિમુખ થાય. એવા મૂઢમતિઓને શું ખબર હોય કે શ્રાવક ધર્મ એટલે શું? નિર્ગ્રંથ પ્રવચન ધર્મ કેમ ખોટો કહેવાય! પરંતુ દેવાણુપ્રિયા, તમે આવા કામદેવ શ્રાવકના દૃષ્ટાંતને જ અનુસરો. ગમે તેવા ઘોરાતિઘોર ઉપસર્ગો મનુષ્ય-દેવ તિર્યંચના આવે તો પણ ધમની શ્રદ્ધાથી નહિ ડરતાં-નહી ડગતાં ચલાયમાન થતાં નહિ.

(ઘડીયાળમાં નવના ટકોરા થાય છે.)

તેમાંજ તમારૂં કલ્યાણ છે. એમ સમજી શ્રાવક ધર્મ શ્રદ્ધા સહીત અંગીકાર કરી પ્રવર્તન કરશો તે અનંતાસુખને પામશો.

વ્યાખ્યાન પુરૂં થતાં શ્રોતાજનો સામાયીક પારી પોતપોતાને ઘેર જાય છે. શીવજીભાઇએ પણ સામાયક પારી. તેણે વિચાર્યું કે સુખલાલ શેઠની તબીયત નરમ હશે એટલે ઉપાશ્રયે નહિ આવ્યા હોય, તો હું શરીર સંબંધી કાર્યથી પરવારી બપોરના તેમને ઘેર મળવા જઇશ. એમ નિર્ણય કરી, શીવજીભાઈ પણ પોતાને ઘેર ગયા

પ્રકરણ ૩ જું.

જ્ઞાન-ચર્ચા

સ્થળ : સુખનિવાસ   સમય : બપોરના-૧૨

સુખલાલ શેઠ પથરણું પાથરી બાજુમાં હાથનું પડીઆણું રાખી સામે મોરપીછાનો સાવરણો રાખી, મુહપતી પથરણા ઉપર રાખી, બે હાથમાં એક પુસ્તકને રાખી, જોર જોરથી રામ રામખી કાઢી ગ્રંથ વાંચી રહ્યા છે.

શીવજી : કેમ મિત્ર ! છો તો કુશળને ?

સુખલાલ: (આશ્ચર્ય સહીત) ઓહોહોહો ! મિત્ર ! ક્યારે આવ્યા ?

શીવજી : મિત્ર, ગઈ રાત્રેજ આવ્યો છું.

સુખલાલ : કેમ મિત્ર ! છે તો કુશળને ?

શીવજી : મિત્ર, સઘળું કુશળ વર્તે છે, પરંતુ આપ ઉપાશ્રયે કેમ નહોતા આવ્યા ? મને એમ થયું કે શેઠની તબીયત નરમ રહેતી હશે.

સુખલાલ : ના મિત્ર, એમ તો કાંઈ નથી. તબીયત તો સારી છે. પરંતુ હમણાં હું ઉપાશ્રયે નથી જતો.

શીવજી : મિત્ર, શું કોઈ સાથે બોલવું થયું છે કે ?

ખલાલ : ના મિત્ર, કોઈ સાથે બોલવું તો થયું નથી.

શીવજી : મિત્ર, ત્યારે ઉપાશ્રયે કેમ જતા નથી ?

સુખલાલ : મિત્ર, હમણાં મેં પરિવર્તન કર્યું છે.

શીવજી : મિત્ર, આપે શું પરિવર્તન કર્યું છે?

સુખલાલ : મિત્ર, સાંભળો. મુહપતીનો મેં ત્યાગ કર્યો છે, એટલે મુખ ઉપર મુહપતી બાંધી પુસ્તકને હું વાંચતો નથી. તેમજ ધાર્મિક ક્રિયા કરતી વખતે તેમજ તે સમયે બોલતી વખતે પણ મુહપતી મુખ ઉપર બાંધતો નથી.

શીવજી : મિત્ર, આપ શું સામાયીકમાં છો?

સુખલાલ : મિત્ર, આપને જેમ માનવું હોય તેમ માનો, સામાયીક બાંધી છે એવું કાંઈ ખાસ નથી. પરંતુ સ્હેજ આત્માના ભાવમાં બેઠો છું.

શીવજી : મિત્ર, આમ કેમ બોલો છો? આત્માના ભાવમાં બેઠો છું, એમ કહી ગુહાર્થમાં આપ શું કહેવા માગો છો?

સુખલાલ : મિત્ર, સાંભળો, આત્માના ભાવમાં બેસવું એટલે આત્મજ્ઞાનનું પુસ્તક વાંચવું, કૃપાળુ દેવનું નામ લેવું, મિત્ર, આત્મજ્ઞાનની તો બલીહારી છે.

શીવજી : વાહ મિત્ર! આપ, શું આત્મજ્ઞાનનું પુસ્તક વાંચો છો!

સુખલાલ : હા મિત્ર, આ આત્મજ્ઞાનનું જ પુસ્તક છે અને તે કૃપાળુ દેવનુ જ છે.

શીવજી : મિત્ર, આગમ બત્રીસી આદિનું કયું સિદ્ધાંત છે!

સુખલાલ : ના ના મિત્ર, આ કોઈ સિદ્ધાંત નથી પરંતુ સિદ્ધાંતથી પણ વધી જાય તેવું છે એ બત્રીસ સિદ્ધાંતમાં તો કાંઈ નથી. અને તેથી જ આ ગ્રંથના પઠન બાદ મેં સાંપ્રદાયિક રીતમાં પરિવર્તન કરી મારી હમણાં હમણાં વર્તન કર્યું છે.

શીવજી : મિત્ર, એ કેવો ગ્રંથ છે?

સુખલાલ : મિત્ર, એ ગ્રંથનું નામ 'શ્રીમદ્ રાજચંદ્ર' છે.

શીવજી : અરેરે રે. મિત્ર, એના કાંઈ નથી.

સુખલાલ : મિત્ર, એમાં કાંઈ નથી એમ આપ શા ઉપરથી કહો છો ? શું આપ એ ગ્રંથકર્તાને જાણો છો ?

શીવજી : હા મિત્ર, સાંભળ. એ ગ્રંથકર્તા વવાણીઆના રહીશ મરહુમ કવિ રાયચંદ છે.

સુખલાલ : મિત્ર, આપે એ ગ્રંથ વાંચેલ છે ?

શીવજી : હા મિત્ર, મેં ગ્રંથના તમામ પત્રો વાંચેલ છે અને હું અનુભવથી ભારપૂર્વક જણાવું છું કે સિદ્ધાંત છોડીને ગ્રંથ વાંચવાથી બુદ્ધિમાં ફેર થઈ જાય છે. અને સિદ્ધાંત વાંચવાથી જેટલો આનંદ આવે તેટલો આનંદ ગ્રંથથી ન જ આવે. સિદ્ધાંતમાં અનંતજ્ઞાની તીર્થંકર દેવના વચનામૃતો હોય છે, જ્યારે ગ્રંથમાં ગ્રંથકર્તાની બુદ્ધિ અનુસાર ગ્રંથકર્તાને યોગ્ય લાગતું લખાણ હોય છે, વળી ગ્રંથમાં પોતાના મતને પોષવા મનસ્વી પ્રચાર કાર્ય કરેલ હોય છે. મિત્ર, અમૃતસાગરને છોડી નાના એવા ગંદા ખાબોચીયાના પાણીનો કયો સુજ્ઞ જન આશ્રય લ્યે !

શીવજી : મિત્ર, આમ ગ્રંથ ઉપર કેમ બહુ ટીકા કરો છો ?

સુખલાલ : મિત્ર, હું કાંઈ ટીકા કરતો નથી. પરંતુ સત્ય હકીકત મને જે સમજાયેલ છે અને અનુભવ થયેલ છે, તે વાત જ જણાવી રહ્યો છું. શું આપ એ ગ્રંથ વાંચી ગયા કે?

સુખલાલ : મિત્ર, વાંચું છું પરંતુ સમજતો નથી.

શીવજી : મિત્ર, તમે જે કહો છો તે સત્ય છે. તેમાં સમજાય તેવું કાંઈ નથી અને વિરોધાભાસ ખુબ આવે છે. તેથીજ આવા પુસ્તકો વાંચવાથી આત્મજ્ઞાન થાય છે તેવી માન્યતા કરવી એ એક ભ્રમણા અને અજ્ઞાન છે.

સુખલાલ : મિત્ર, આ ગ્રંથના કેટલાક પત્રોમાં × × × × × આવી રીતે ચોકડી કરી છે તેનું શું કારણ હશે ?

શીવજી : મિત્ર, આપની શંકા વ્યાજબી છે. આ ગ્રંથમાં મરહુમ કવિ રાયચંદના અર્ધા–અધુરા પત્રો ગોઠવી તેનો પ્રચાર કરેલ છે, કેટલીક જગ્યોએ x x x x આવી નિશાનીઓ મુકી અર્ધદગ્ધ સંશયાત્મક હકીકતોનું વાતાવરણ જમાવવામાં આવ્યું છે.

સુખલાલ : મિત્ર, એમાં શું ? આત્મજ્ઞાન તેથી કાંઈ ઓછું થાય કે?

શીવજી : મિત્ર અસ્મીતાના ઉદ્‌ગારો જે પુસ્તકમાં હોય તે પુસ્તકથી આત્મજ્ઞાન થાય તેમ માનવું મૂર્ખાઈ ભરેલું છે. કારણ કે અહંપદ હોય ત્યાં જ્ઞાન હોયજ નહિ, અને તેવા પુસ્તકથી આત્મજ્ઞાન થાયજ નહિ.

સુખલાલ : મિત્ર આપે અગાસ જોયું છે ? કેવો સુંદર આશ્રમ ! મિત્ર, આત્મજ્ઞાની બનો અને આ ક્ષણભંગુર જીવનમાં સુખનો લહાવો લ્યો.

શીવજી : મિત્ર, મેં અગાસ જોયેલ છે. આશ્રમ જોયેલ છે. આપને સાંભળવાની ઈચ્છા હોય તો સત્ય હકીકત જણાવું.

સુખલાલ : મિત્ર, અગાસના આશ્રમ સંબંધમાં સત્ય હકીકત મને જણાવો.

શીવજી : મિત્ર, સાંભળો. અગાસ એ ખંભાત બંદરની નજીકમાં આવેલ છે. અગાસમાં વિ. સં. ૧૯૮૧માં સનાતન જૈન ધર્મ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ સ્થપાયું. ત્યાં આગળ દેરાસરમાં પ્રથમ [illegible]

દીવા ઉતારાય છે. અને આશ્રમમાંજ બ્રહ્મચારીઓ ઉપરાંત બ્રહ્મચારિણીઓ રખાય છે.

સુખલાલ : મિત્ર, આ આશ્રમ જોતાં આપનું શું માનવું થયું ?

શીવજી : મિત્ર, આ આશ્રમ જોઈને એક જૈન તરીકે મારે કહેવું પડે છે કે અધાર્મિક પ્રવૃત્તિઓ હંમેશાં જૈન શાસનમાં ખળભળાટ મચાવે છે. અને આશ્રમના રીતરિવાજ જૈન શાસ્ત્રની દૃષ્ટિએ જોતાં જૈન સમાજમાં કલંક સમાન છે. મરહુમ કવિ રાયચંદ જે અસ્મીતાના ઉદ્દગારો ફેંકવાવાળા જૈન સમાજમાં એક નવું પાખંડ ઉભું કરનાર એવા સંસારી ગૃહસ્થ વ્યક્તીની અહીં તીર્થંકરની માફક પૂજા થાય છે. અને તેમાં બીચારા ભોળા અજ્ઞાન આત્માઓ ફસાય છે. તે ખરેખર દીલગીર થવા જેવું છે. જૈન સમાજના ત્રણે ફીરકાવાળાઓએ એકત્ર થઈ આ સંબંધી પ્રચંડ વિરોધ ઉઠાવવાની ખાસ આવશ્યકતા છે. અગાસની આજુબાજુના ગામોના સંઘોએ એકત્ર થઇ પોતપોતાના સંપ્રદાયમાં આ ભયંકર ચેપી રોગનો સડો ફેલાતો અટકે તેવો તાત્કાળીક પ્રબંધ કરવાની ખાસ જરૂરત છે. ઉપરાંત જ્યાં જ્યાં કવિ રાયચંદના મતાનુયાયીઓ હોય તે તે સ્થળોના આગેવાન સંઘપતિઓએ ઉપાશ્રયમાં જૈન શાસનમાં વિદ્રોહ જગાડનારા પુસ્તકો દાખલ ન થાય તેવો સખ્ત પ્રબંધ કરવાની ખાસ જરૂર છે. કવિ રાયચંદના અજ્ઞાનના ભર્યાં અહંકારી લખાણનું ખંડન કરનારા પુસ્તકો સ્થળે સ્થળે મોકલી, પ્રચાર કરવાની, અગાસમાં ચાલતી તેની પૂજા જેવી અનિષ્ટ પ્રવૃત્તિની પત્રિકાઓ તૈયાર કરી સ્થળે સ્થળે પહોંચાડવાની, અને પ્રચાર કરવાની ખાસ જરૂર છે. અને જૈન સંપ્રદાયના ધુરંધર આચાર્યોએ તથા વિદ્વાન વ્યાખ્યાતાઓએ શ્રીમદ્‌ના અજ્ઞાનતા ભર્યાં લેખો ઉપર શાસ્ત્રાનુસાર વિવેચન કરી, જૈન સમાજને સત્ય રસ્તે દોરવા ખડે

સુખલાલ : મિત્ર, મેં સાંભળ્યું છે કે-અગાસમાં આશ્રમવા
મુમક્ષુઓ જ્ઞાનચર્ચા કરી શકે તેવા છે.

શિવજી : મિત્ર, આપની માન્યતા અસ્થાને છે. આશ્ર
વાસીયો એવા કોઈ પંડિત કે શાસ્ત્રવેત્તા નથી. તેઓ સામા
[illegible] બહુ ભોળા છે. અને તેમને એવું જ ઠસાવી દેવામાં આ
[illegible] કે રાજચન્દ્ર સિવાય અન્ય કોઇનો પણ ઉપદેશ સાંભળવો નહિ
[illegible] રાજચન્દ્રે કહેલાથી વિરૂદ્ધ કહેનાર ખોટા છે, એવી જડ
[illegible] જડી દેવામાં આવી છે. જ્ઞાનચર્ચા કોઈ કર
[illegible] નહિ કદી જ્ઞાનચર્ચા કરવા માગતા જ નથી

ગુંફવું, અને ગાદી-તકીયા રાખવા. આવા ગુરૂને ગુરૂ તરીકે માનવા, એથી જ સ્પષ્ટ સમજાય છે કે આશ્રમવાસીઓ યા તો દંભ સેવતા મુમુક્ષુઓ " શ્રી મહાવીર "નો ધર્મ સમજ્યા જ નથી. સૂત્ર સિદ્ધાંત આ આશ્રમમાં વંચાતા નથી. પરંતુ મુખ્યત્વે " શ્રીમદ્ રાજચંદ્ર "નો ગ્રંથ તેમના હૃદયમાં એક મહાન આગમ તરીકે મનાય છે. મહાવીરનું તત્વજ્ઞાન સમજાવે તેવો કોઈ વિદ્વાન ત્યાં આગળ નથી. અન્યથા આવું પાખંડ મહાવીરના નામે કેમ ચાલે!

સુખલાલ : મિત્ર, આપની હકીકત સાંભળી. પરંતુ " શ્રીમદ્ રાજચંદ્ર "ના ગ્રંથમાં અસમીતા અને વિરોધાભાસ આવે છે, એ આપ મને બતાવી શકશો કે ?

શિવજી : મિત્ર, ઘણી જ ખુશીથી. ' શ્રીમદ્ રાજચંદ્ર 'ના ગ્રંથ ઉપર અવલોકન કરતું એક સાધારણ કાવ્ય આપની ઈચ્છા હોય તો સંભળાવું.

સુખલાલ : મિત્ર, સંભળાવો. એ કાવ્ય સાંભળવાની મારી તીવ્ર ઉત્કંઠા છે.

શિવજી : (શિવજીભાઈ સુખલાલ શેઠને અત્રે કાવ્ય સંભળાવે છે.)

રાજચંદના પત્ર વાંચતાં, એક મુનિને મેં દેખ્યાં;
કવિ પંથનો ગ્રંથ વાંચવા, વિચાર મનમાં ત્યાં કીધા,
અસમીતાના ઉદ્ગારો જે, પુસ્તકમાં નજરે આવ્યા;
સુજ્ઞ જનોની સન્મુખ થોડાં, વાકયોને અત્રે આપ્યાં.

ભાવાર્થ:—મહુંમ કવિ રાયચંદના પત્રો વાંચતાં એક સાધુને દેખવાથી કવિ પંથનો ગ્રંથ (શ્રીમદ્ રાજચંદ્ર) વાંચવાનો વિચાર તેજ સ્થળે મનમાં કર્યો અને એ કવિ પંથનો ગ્રંથ વાંચતાં તટસ્થ અવલોકન કરતાં તે ગ્રંથમાં અસમીતાના અર્થાત અહંપદના

જે ઉદ્‌ગારો નજરે આવ્યા. તે માંહેના થોડા વાક્યો આપ સુજ્ઞ જનોની સમક્ષ મૂકયાં છે.

તીર્થંકર જે સમજ્યા પામ્યાં, પંચમ કાળે કરી શકીયે,
આવો નિર્ણય ઘણા વખતથી, કરીયો તે તમને કહીયે.
પરમશ્રુત આદિ જે ગુણો, અમ વિશે એમ ભાસે છે,
તીર્થંકરના કરવા મુજબ, કરવાની મુજ ઇચ્છા છે.

ભાવાર્થઃ—મરહુમ કવિ રાયચંદ જણાવે છે કે–આ પંચમ કાળમાં તીર્થંકર જે સમજ્યા હતા અને પામ્યા હતા તે કરી શકાય છે. અને આવો નિર્ણય મેં ઘણા વખતથી કર્યો છે. તે તમોને કહું છું. પરમશ્રુત આદિ ગુણો મારામાં છે એમ મને દષ્ટિગોચર થાય છે. અને તીર્થંકરના કરવા મુજબ કરવાની મારી ઇચ્છા છે.

સુખલાલ : મિત્ર, "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં આવું લખાણ હોય, તે હું માની શકતો નથી.

શિવજી : મિત્ર, આપને ખાસ ખાત્રી કરવી હોય તો આપ "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથનું પા. ૨૫૭ જુઓ. આપને સ્પષ્ટ ખાત્રીનો ખ્યાલ આવશે.

સુખલાલ : [illegible] શ્રીમદ્ રાજચન્દ્ર ગ્રંથમાંથી પા. ૨૫૭ [illegible] કાઢી વાંચે છે.

"તીર્થંકર જે સમજ્યા તે અને પામ્યા તે . . . આ કાળમાં ન સમજી શકે અથવા ન પામી શકે તેવું નથી. આ નિર્ણય ઘણા વખત થયાં કરી રાખ્યો છે. ....પરંતુ તીર્થંકરે કર્યું તેમ કરવા ઇચ્છા છે."   ◆   ◆   ◆   ◆   ◆

મિત્ર, આપનું કહેવું [illegible] છે.

શિવજી : મિત્ર, [illegible] તીર્થંકર [illegible] [illegible]

છે, આ પાંચમા આરામાં તીર્થંકર ભગવાન જે ચોથા આરામાં કેવળ જ્ઞાન કેવળ દર્શન પામેલા તે પામી શકાય છે. અને સર્વજ્ઞ થઈ શકાય છે. અને મારામાં પરમશ્રુત ઈત્યાદિ જ્ઞાન છે. અને તીર્થંકરના કરવા મુજબ હું કરવાની ધગશ રાખું છું. આવું અજ્ઞાનતા ભર્યું લખાણ લખનાર વ્યક્તિના ઉદ્‌ગારો અસ્મીતાના કહેવાય કે નહિ?

સુખલાલ: મિત્ર, જૈન દર્શનમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, ઈત્યાદિ દસ બોલ વિચ્છેદ ગયા છે. એમ સૂત્ર કથન છે. છતાં આમ કેમ લખાયું હશે?

શિવજી: મિત્ર, આપની વાત તદ્દન સત્ય છે. જૈન દર્શનમાં દસ બોલ વિચ્છેદ ગયાનું કથન છે. અને ભગવાન મહાવીર દેવના જ્ઞાનમાં–ઉપયોગમાં જે ભાસ્યું તે સ્પષ્ટપણે ઉપદેશેલ છે. છતાં પણ જ્ઞાની પુરૂષોના વાક્યોને નહિ માનતાં, સૂત્ર કથન નહિ સમજતાં કેવળ પોતાનું પાગલપણું બતાવ્યું છે. તીર્થંકરદેવ એટલે શું? જન્મ સાથેજ જેઓ ત્રણ જ્ઞાન સાથે લાવે છે. શું શ્રીમદ્‌ને એવું એક પણ જ્ઞાન હતું કે? તીર્થંકર દેવ તો કેવળ જ્ઞાન પામ્યા હતા. શું શ્રીમદ્‌ને કેવળ જ્ઞાન થયું હતું કે? તીર્થંકર દેવ જ્યાં બીરાજતા ત્યાં સમોવસરણ થતું. શું શ્રીમદ્ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં સમોવસરણ થતું કે? પોતાનામાં પરમશ્રુત જ્ઞાન છે. તીર્થંકરના કરવા મુજબ કરવાની ઈચ્છા છે. આવું અજ્ઞાનયુક્ત વાતોનું વાતાવરણ અજ્ઞાનીઓ સમક્ષ શ્રીમદે ખડું કરી દીધું ને એજ કારણે કે શ્રી તીર્થંકર દેવની માફક પૂજાવાની દુ:લાલસાએ.

સુખલાલ: મિત્ર, આ હકીકત સાંભળી હું ઘણોજ વિસ્મય થાઉં છું. આપ આપનું કાવ્ય આગળ ચલાવો.

શીવજી: મહાન પુરૂષે માર્ગ પ્રકાશ્યો, આત્મા તે તો જાણે છે.
જેમ બધા ઉપાધીવાળા, પ્રભુ પ્રતાપે થાયે છે

વેદોદય ચાહીને રાખે, પરમેશ્વર પંચમકાળે;
પરમારથની વર્ષાઋતુ, પ્રભુ ઇચ્છા નહિ આ કાળે.

ભાવાર્થ : મરહુમ કવિ રાયચંદ જણાવે છે કે; મહાન પુરુષો જ માર્ગ પ્રકાશી છે. એ વાત હું સારી રીતે જાણું છું. અર્થાત્ હું એક મહાન પુરુષ છું. અને માર્ગ પ્રકાશી શકું તેમ છું. પરંતુ પ્રભુના પ્રતાપથી બધા ઉપાધીવાળા જોગ થાય છે. અને પરમેશ્વર આ પંચમ કાળમાં ચાહીને વેદોદય રાખે છે. અને પરમાર્થની વર્ષાઋતુ થવા દેવાની આ કાળમાં પરમેશ્વરની ઇચ્છા નહિ હોય એમ લાગે છે.

સુખલાલ : મિત્ર, પરમેશ્વરને શ્રીમદ્ ઉપર તિરસ્કાર આવ્યો હશે કે!

શીવજી : મિત્ર, સાંભળો. જૈન દર્શનના તત્વજ્ઞાનના અભ્યાસીઓ જરૂર કહેશે કે આવું અજ્ઞાન લખાણ કોઈ જૈન દર્શની કરેજ નહિ. મરહુમ કવિ રાયચંદની પુજાવાની લાલસામાંનું પ્રમાણ અને તેના દંભની હદનું માપ નીકળી શકે તેમ નથી. વેદોદયનો નાશ ક્યારે અને કેને થાય એનું પણ ભાન હોય તેમ જણાતું નથ. વેદોદયમાં મશગૂલ રહેલ હોવા છતાં પોતામાં રહેલ વેદોદયને પોતાના ચાહીને રાખવાનો આરોપ પરમેશ્વર ઉપર ઢોળવાની મૂર્ખાઈ [illegible] કરે ' પરમેશ્વર તે પ્રાણીઓને પાપમાંથી ક્યારે [illegible] પંચમ કાળમાં પરમાર્થની વર્ષાઋતુ થવા દેવાની તેમની [illegible] છે. એમ [illegible] શ્રીમદ્ પોતાના પરમેશ્વર ઉપર [illegible]
[illegible]

પંથે વળે તે જોવા શ્રીમદ્‌ના પરમેશ્વર નારાજ હશે! અને મનુષ્યો અધર્મ-અન્યાય-ચોરી-જુગાર-પરદારાગમન ઈત્યાદી ઈત્યાદી કુકર્મો કરે તે જોવાજ શ્રીમદ્‌ના પરમેશ્વર રાજી હશે. શ્રીમદ્‌ને ગૃહવાસમાં રાખવા, સ્ત્રી પુત્ર આદિના સંસર્ગમાં રહેવા દેવા પરમેશ્વર તરફથી ફરમાન થયું હોય તેવો ડોળ અને દંભ બતાવવો એ મૂર્તિમંત અજ્ઞાનતાનો તાદસ્ય નમુનો છે.

સુખલાલ : મિત્ર, પરમેશ્વરને માથે દોષનો ટોપલો ઓઢાડવાનો એક તદ્દન જુદો પ્રયાસ કરે છે. ઘણા વરસોથી હું જૈન ધર્મનો ઉપદેશ ગુરૂ મહારાજો પાસેથી સાંભળુ છું. મનુષ્ય પ્રાણીને પોતાના શુભ કે અશુભ કર્માનુસાર ફળ-ભોગવવા પડે છે.

एगया देवलोएसु नरएसु वि एगया ।
एगया आसुरं कायं आहाकम्मेहिं गच्छई ॥ ३ ॥
एगया खत्तिओ होइ तओ चण्डाल बोक्सो ।
तओकीड पयङ्गोय तओ कुन्थु पिवीलिया ॥ ४ ॥
एवमावट्ट जोणीसु पाणिणो कम्म किब्बिसा ।
ननिविजन्ति संसारे सव्वट्ठेसु च खत्तिया ॥ ५ ॥

ઉત્ત. અ. ૩ ગાથા ૩-૪-૫

"આ જગત અનેક જીવોથી ભરપુર છે. તેમાં જીવ જુદા જુદા ગોત્ર અને જાતિને વિષે વિવિધ પ્રકારના કર્મે કરીને ઉત્પન્ન થાય છે, જીવ પોતાની કરણીએ કરીને કોઈવાર દેવલોકે જાય છે, કોઈવાર નર્કે જાય છે અને કોઈવાર અમુક યોનિમાં ઉપજે છે. અર્થાત્ જેવા કર્મ જીવે કર્યા હોય તેવી ગતિમાં તે જાય છે. કોઈવાર જીવ મરીને ક્ષત્રીય થાય છે. તેમજ ચંડાળ ને બુકસ પણ થાય છે. અથવા તો કીડા-પતંગીયા-કુંથુ-કીડી થાય છે. દુઃખમાં કર્મે કરીને મુઢ થઈ ગએલા જીવ દુઃખી થાય છે. અને ઘણી વેદના સહન કરે છે, તથા નારકી તિર્યંચ ગતિને વિશે ઘણું દુઃખ વેઠે છે.

મિત્ર, શ્રીમદ્‌ના આ કપોળ કલ્પિત વાક્યો જરૂર મૂર્ખાઈ ભરેલા છે. આપ આપનું કાવ્ય આગળ ચલાવો.

શીવજી : દર્શન મારૂં સ્થાપન કરવા, ચમત્કાર જે જોઈએ છે;
પંચમકાળે કર્યા એકઠા, ને વળી બીજા થાયે છે.
ખરો ધર્મ ચલાવા માટે, આત્માએ ઝંપલાવ્યું છે;
વિચાર સઘળા ગુપ્ત રાખવા, હમણાં ખાસ ભલામણ છે.

ભાવાર્થ—મરહુમ કવિ રાયચંદ જણાવે છે કે: આ પંચમ કાળમાં મારૂં દર્શન સ્થાપન કરવા માટે જેટલા જેટલા ચમત્કારો જોઈએ તે મેં એકઠા કર્યા છે. અને બીજા વિશેષ એકઠા થયા કરે છે. અને હવે આ આત્માએ ખરો ધર્મ ચલાવવા માટે ઝંપલાવ્યું છે. પરંતુ મારા આ વિચાર તમો બધા ગુપ્ત રાખજો એવી તમોને ખાસ ભલામણ કરૂં છું.

સુખલાલ : મિત્ર, 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રન્થમાં આ કવીતા લખાયેલી હોય એમ હું માની શકતો નથી.

શીવજી : મિત્ર, હું આપને જે જે કવીતા જણાવું છું. તે [illegible] જણાવું છું. આપ જરૂર વિશ્વાસ રાખો. [illegible] કે શ્રીમદ્ રાજચંદ્રના [illegible] હું આપને જ્યારે જ્યારે [illegible] ત્યારે ત્યારે જણાવી આપીશ. જુઓ શ્રીમદ્ રાજચંદ્ર ગ્રન્થ. પા. ૧૬૦

* * *

[illegible]

[illegible]

સુખલાલ : મિત્ર, આપનું કહેવું તદ્દન સત્ય છે. શ્રીમદ્દને કયું દર્શન સ્થાપન કરવું હશે ?

શીવજી : મિત્ર, સાંભળો. જૈન દર્શનમાં વર્તમાનમાં કેટલાક કારણોસર ત્રણ સંપ્રદાય વર્તે છે.

૧. સ્થાનકવાસી જૈન (સાધુમાર્ગી) સંપ્રદાય.
૨. શ્વેતામ્બર જૈન મૂર્તિપૂજક સંપ્રદાય
૩. દીગંબર જૈન મૂર્તિપૂજક સંપ્રદાય.

આ ત્રણે સંપ્રદાયોથી ભિન્ન એક નવો પંથ (દર્શન) સ્થાપવાનો તેમની મહાન ઈચ્છા અને તેમ પ્રવર્તન કરી, નવો માર્ગ પ્રદર્શિત કરી તીર્થંકર અને જગત ઉદ્ધારક તરીકે માન પ્રતિષ્ટા, પૂજા શ્લાઘા કરાવવાની દુર્લાલસા દષ્ટિગોચર થાય છે. કારણ કે જ્ઞાની કરતાં અજ્ઞાનીઓ આ સંસારમાં હંમેશાં વધારે હોય છે. જગત ગાડરીયો પ્રવાહ છે. અને ઝુકનારો તૈયાર હોય તો પાછળ ઝુકાવવા વાળા મળીજ રહે, એમ શ્રીમદ્દનું સમયકાળ જોઈને અનુમાન હતું અને તેથીજ શ્રીમદે પોતાના રાગાંધ અજ્ઞાની સેવકોને નવું દર્શન-પંથ કાઢવા વિચાર દર્શાવેલા છે. અત્યારે પણ કવિ-પંથના અનુયાયીઓ પોતાને વિતરાગી કહેવરાવે છે. સ્થાનકવાસી કે તપગચ્છના વાડાના નથી, વાડાનું બંધન અમોએ છોડી દીધું છે. કોઈ તેમને પુછે કે તમો દીક્ષા કોઈને આપો છો ? તો તેઓ જણાવેઃ- ' જરૂર. ચેલા તો મુંડીયે. ' ત્યારે ' તમો કેવી રીતે ઓળખાવ ? ' ' તો જણાવે કે વિતરાગી સંપ્રદાય. ' ' આ પણ એક નવો વાડો તમોએ ઉભો કર્યો ગણાય કે નહિ ? ' તો જણાવે કે તમારે જેમ માનવું હોય તેમ માનો. આમ જણાવી બીજાઓને તિરસ્કારી પોતાના સંપ્રદાયને વાડામાંથી મુક્ત કરે છે. પરંતુ મિત્ર, જો સત્ય કહીયે તો મત મતાન્તરો નાબુદ કરવાને બદલે પાખંડ પ્રવર્તાવી, પોતાના વાડામાં થતા બ્રહ્મચારીઓને " રાજ " નું લકરૂ લગાડી, એક નવો વાડો

વધાર્યો છે અને એક નવો વાડો વધારી શ્રીમદ્દના ફોટાની મૂર્તિ પૂજા કરી અજ્ઞાન સેવી રહ્યા છે અને આવી રીતે શ્રીમદ્દના પત્રોના ગ્રંથનો પ્રચાર કરી કવિ પંથ વધારવાની અજ્ઞાન પ્રવૃત્તિ કરી રહ્યા છે. મિત્ર, માલીક વગરના છુટા થયેલા આખલા સ્વચ્છંદથી વિ[illegible] કરી ખેતર-સીમમાં બીગાડ કરે છે. પરંતુ માલીકની આજ્ઞાએ રહેતું જનાવર જેમ સ્વચ્છંદથી ફરી બીગાડ કરતું નથી. તેમ વિતરાગ આજ્ઞાથી બંધાયેલા સાધુઓ અને 'આણાએ ધમ્મો આજ્ઞા એજ ધર્મ એ સૂત્રને અનુસરતા સાધુઓ એક ગામમાં રહેતાં (બંધનયુક્ત) નહી રહેતાં આજ્ઞા મુજબ વિહાર કરે છે. જ્યારે વિતરાગ આજ્ઞાથી બંધનમુક્ત કેટલાક સાધુઓ વિતરાગ આજ્ઞા છોડીને આશ્રમવાસી બની સ્થાયી રહે છે. મિત્ર, વિતરાગ આજ્ઞાનું [illegible] સાધુને કલ્યાણકારી જ છે. એક જગ્યોએ આશ્રમ બાંધી રહે[illegible] રહેઠાણ કરતાં સાધુઓ જૈન દર્શન અનુસારના સાધુઓ જ નહિ કારણ કે એક જગ્યોએ કાયમી સ્થિરવાસ થતાં સ્વેચ્છાચારી બની પતિત થવાનો ખાસ સંભવ છે. તેથી જ તેમ રહેવાની વીર પ્રભુએ શાસ્ત્રોમાં સખ્ત મનાઈ છે. સાક્ષાત તીર્થંકર ભગવાન પણ એક ગામથી બીજે ગામ દેશ-નગર પુર પાટણ વિહાર કરીને જતાં, એમ સૂત્રોમાં સ્થળે સ્થળે પ્રમાણોપાત જણાવેલ છે. પરંતુ કોઈના [illegible] જગત ઉદ્ધારક પ્રભુ તીર્થંકરો પણ આશ્રમ બાંધીને રહ્યા રહેઠાણ કર્યાનો કોઈ સૂત્ર ઉલ્લેખ નથી. જૈનદર્શનના નામે [illegible]

સૂચના : [illegible]

'શ્રીમદ્ રાજચન્દ્ર' ગ્રન્થમાંથી પણ નીકળી આવતા નથી. જો દેવ દાનવ રાક્ષસ ડીમર વિગેરે કોઈની સાધના શ્રીમદે કરેલી હોત તો તેના રાગાંધ ભક્તોને શ્રીમદ્ જરૂર જણાવત અને તેના રાગાંધ ભક્તો જરૂર તેના પડઘા પ્રસિદ્ધ કરાવત અને જે વ્યક્તિ અભિમાન અને અહંકારપૂર્વક એક નવો પંથ ચલાવવાને રણશીંગડું ફુંકે તે જો ચમત્કારો એકદા કર્યા હોય તો જરૂર બતાવ્યા સિવાય રહે જ નહિ. મિત્ર, એક સાધારણ બુદ્ધિવાળો મનુષ્ય પણ આ વાત સ્હેજે સમજી શકે તેમ છે.

સુખલાલ: મિત્ર, આપની દલીલો મને સત્ય લાગે છે, પરંતુ આ વાત ગુપ્ત રાખવાની કેમ ભલામણ કરી હશે?

શિવજી: મિત્ર, સાંભળો. આ બધી હકીકત ગુપ્ત રાખવાનું કહેવાનું કારણ એ જ છે કે જો આ હકીકત તેના રાગાંધ સેવકો પ્રકટ કરે તો લોકમાં શ્રીમદ્‌ની હાંસી અને નિંદા થાય. અને પાખંડ પોલ પ્રકટ થઈ જાય. તેથી જ શ્રીમદે પોતાના સેવકોને આ બધી હકીકત ગુપ્ત રાખવાની ભલામણ કરી છે. જ્ઞાની પુરુષ હોય તે તો હંમેશાં જ્ઞાનથી જ નીડર બન્યા હોય છે. તેઓ કોઈને કાંઈ હકીકત ગુપ્ત રાખવાની ભલામણો ન કરે. તેઓને માયા કપટ સેવવાને કોઈ કારણ હોતું જ નથી અમુક મનુષ્યોને અમુક હકીકત જણાવવી, બીજાથી છાન ગપતીયા [illegible], એ તો અજ્ઞાની લોકોના કાવા દાવા છે. જ્ઞાની પુરુષો [illegible] સાર સાર ઉપદેશ આપે છે. અને "[illegible] વિભુતયઃ" એ સૂત્ર હંમેશાં તેઓનો [illegible] હોય છે. તેઓને શ્રીમદ્‌ની જેમ પોતાનું દર્શન [illegible] ઇચ્છા હોતી જ નથી.

સુખલાલ: મિત્ર, આપની [illegible] આગળ ચલાવો.

શિવજી :

આધુનીક સાધુના મુખથી, સુત્ર શ્રવણ પણ યોગ્ય નહીં;
સુત્ર લઇ ઉપદેશ કર્યાની, હવે જરૂરત પડશે નહીં.
સુત્ર અને તેના સહુ પડખાં, બધાય જાણી લીધા છે.
પુરૂપ પ્રકાશક ગૃહસ્થાવાસે, રહ્યા થકાં ઉપદેશે છે.

ભાવાર્થ:—મરહુમ કવિ રાયચંદ જણાવે છે કે અત્યારના સાધુઓના મુખથી શ્રોતાજન સૂત્ર ઉપદેશ સાંભળે તે પણ યોગ્ય નથી અને હવે સૂત્ર લઇને ઉપદેશ કરવાની જરૂરત નહિ પડે; કારણ કે સૂત્ર અને તેના બધા પડખાં મેં જાણી લીધા છે અને હું જો કે ઘર સંસારી વગેરે રહ્યો છું અર્થાત્ ગૃહસ્થાવાસે છું, છતાં પણ તમોને જણાવું છું.

જુઓ—શ્રીમદ્ રાજચન્દ્ર ગ્રન્થ, પા. ૨૫૮

× × આધુનિક મુનિઓનો સૂત્રાર્થ શ્રવણને પણ [illegible] નથી. સૂત્ર લઇ ઉપદેશ કરવાની આગળ જરૂર પડતી નહિ. સૂત્ર અને તેના પડખા બધાય જાણ્યાં છે × × × ×

[illegible]

નહીં, આમ જણાવી પોતાના સેવકોને શ્રીમદે કહ્યું છે કે-"હું હવે શ્રુત કેવળી થયો છું. અને પ્રકાશક પુરૂષ ગૃહસ્થાવાસમાં છે પરંતુ તમે મુંઝાશો માં." આવી આવી વાતો જણાવીને સચોટ ઉપદેશ આપ્યો છે કે અત્યારના સાધુઓ પાસે સૂત્ર સાંભળવું પણ યોગ્ય નથી. આવો મિથ્યા ઉપદેશ આપવાની એજ જરૂર કે-આ રાગાંધ સેવકો પાછા કોઈ જૈન મુનિ પાસે ન જ જાય. અને તેથી જ વાણી-ચાતુર્યની જાળ બીછાવી, અને કવિ પંથના અનુયાયીઓએ "સૂત્ર લઈને ઉપદેશ કરવાની હવે જરૂરત નહી પડે." એ વાક્યને આગમ વાક્ય તરીકે વધાવી લીધું. અરે ઓ અંધકાર રૂપી અજ્ઞાનમાં ડુબેલા મનુષ્યો! જણાવો તો ખરા કે હવે ઉપદેશ કરવા વાસ્તે સૂત્રને બદલે શું લેવું પડશે?

મિત્ર, સાંભળ. શ્રી તીર્થંકર દેવ હાજરાહજુર બીરાજતા હતા અને જ્ઞાન ઉપદેશ ધારા ચલાવતા હતા, તે સમયે પણ કેટલાક અભવ્ય જીવોને તેમનો ઉપદેશ ગમતો ન હતો. વળી ગોશાળો, જમાલી ઇત્યાદિ નિન્હવની હકીકત સૂત્ર પ્રસિદ્ધ છે. તો તેમાં ભગવાનના ઉપદેશનો વાંક ન હતો પરંતુ ઉપદેશ સાંભળનારા અપાત્ર હતા. ઘુવડ સૂર્યના કીરણોના પ્રકાશને લીધે દિવસે દેખી શકે નહિ તેમાં સૂર્યનો વાંક નથી. ખેડુત વર્ષા ઋતુમાં ક્ષારયુક્ત જમીનમાં બીજ વાવે અને બીજ ન ઉગે તેમાં ખેડુતનો વાંક નથી. દરેક સ્થળે ક્ષેત્ર પાત્રની ખામી છે એવી જ રીતે આધુનિક મુનિના સૂત્ર ઉપદેશથી શ્રોતાજનો ઉપર અસર ન થતી હોય એમ લાગતું હોય તો તેમાં સૂત્ર ઉપદેશકનો (મુનિ મહારાજ આચાર્યનો) દોષ નથી પરંતુ સૂત્ર ઉપદેશને સાંભળનારા પાત્ર નથી. પરંતુ આચાર્ય મહારાજો ઉપર દોષ મૂકવા તે જ્ઞાની પુરૂષના લક્ષણ નથી. શ્રીમદ્ સાધુ મુનિરાજો ઉપર પોતાનો રોષ ઠાલવે છે તેમાં તેનો મિથ્યા દંભ આપોઆપ પ્રગટ થાય છે.

[illegible] મારૂં છું,
[illegible] આપું છું.
[illegible] દીધા;
[illegible] દીધા.

[illegible] પ્રથમ

[illegible] પ્રતિમાને નહીંના [illegible] તેમાં
[illegible] માનું છું, અને મારી [illegible] મૂર્તિને
[illegible] સ્થાપન કરવાના કોઈ કારણ પુસ્તકમાં દીધા [illegible] આવી
[illegible] નિશાનીઓ કરી પુસ્તકમાં રહેવા દીધા.

સુખલાલ : મિત્ર, પુસ્તકમાં પ્રમાણો નથી આપ્યા !

શીવજી : મિત્ર, આપ જોઇ લ્યો.

સુખલાલ શેઠ 'શ્રીમદ્ રાજચન્દ્ર' ગ્રંથ માં પ્રમાણો જોવા આમ તેમ પૃષ્ઠ ફેરવી પૃષ્ઠ નં. ૧૮૨–૧૮૩ જુએ છે.

મિત્ર, આપ કહો છો તે તદન સત્ય છે. પરંતુ આપનું શું માનવું થાય છે ?

શીવજી: મિત્ર, સાંભળો. પ્રતિમા સંબંધમાં શ્રીમદ્‌ના વિચારોનું અવલોકન કરતાં પહેલા નીચેના વાકય ઉપર ખાસ ધ્યાન રાખશો.

"જો તમો કહેતા હો તો કુતર્કથી આખા જૈન દર્શનનું ખંડન કરી બતાવું."

મહાવીરના ધર્મ પ્રવર્તકો, તીર્થંકરના અંતર [illegible] જાણુ-નારા જ્ઞાની પુરૂષો આવા અધમ [illegible] દુષ્ટ

ા તેમના અંતઃકરણમાં કદાપિ ઉદ્ભવે પણ નહિ. જે મનુષ્ય
ાર પૂર્વક એવા શબ્દો બોલે કે કુતર્કથી હું જૈન દર્શનનું
કરૂં. તે મનુષ્ય જરૂર કુતર્કથી કોઈપણ વસ્તુનું મંડન પણ
મહાવીરના સિદ્ધાંતો જે મનુષ્યના હૃદયમાં દ્રઢીભૂત થયા
તે મનુષ્યના હૃદયમાંથી નાસ્તીકતાના વચનો કદાપિ નીકળેજ
મહાવીરના સિદ્ધાંતો પાસે કુતર્કને સ્થાન મળી શકતું જ નથી.
કુતર્ક કરનારાઓએ મહાવીરને ઓળખ્યા જ નથી. પરંતુ અત્રે
ય સમાલોચના શ્રીમદ્દના મન્તવ્યની કરીશું.

૧. પ્રતિમા સિદ્ધ થાય છે એમ બતાવવા શ્રીમદે ગ્રંથ સંપૂર્ણ
ા છે છતાં તે વિષય ઉપર થયેલો ગ્રંથ અત્યાર સુધી જનતા
ક્ષ પ્રસિદ્ધ કરાયો નથી.

૨. પ્રતિમા સિદ્ધ કરવા જે પાંચ પ્રમાણો આપવામાં આવ્યાનું
માણ છે ત્યાં આગળ એક પણ પ્રમાણ તેના કારણો સાથે નહી
ાપતાં * * * આવી ત્રણ નિશાનીઓ મુકવામાં આવી છે.

આવા સ્પષ્ટ સંજોગોમાં શ્રીમદ્ રાજચન્દ્ર ગ્રન્થમાંથી મરહુમ
વિ રાયચંદના પ્રતિમાની સિદ્ધિ ગ્રન્થના લખાણ ઉપર કોઇ જાતની
ામાલોચના થઈ શકે તેમ નથી.

સુખલાલ: મિત્ર, આપ કહો છો તે તો ઠીક, પરંતુ મૂર્તિને
ા માનવી જોઈએ.

શીવજી: મિત્ર, એ મૂર્તિ જડ છે કે ચૈતન્ય?

સુખલાલ: મિત્ર, મૂર્તિ તો જડ છે.

શીવજી: મિત્ર, તમોને કાંઈ ઉપદેશ દે છે? કાંઈ વાર્તાલાપ
કરે છે?

સુખલાલ: ના મિત્ર, કાંઈ વાર્તાલાપ તો થતો નથી.

શીવજી: મિત્ર, સાંભળ, જડ જડ ભાવ મુકે નહિ. અને ચેતન

[illegible] નથી અને [illegible] પણ નહિ. [illegible]

[illegible] મિત્ર એ ઉ[illegible] પૂ.

[illegible] મિત્ર, [illegible] પ્રશ્ન કરો!

[illegible]: મિત્ર, જેમ [illegible] જોવાથી કામરાગ [illegible] પ્રતિમા જોવાથી [illegible] ઉત્પન્ન થાય.

[illegible]: મિત્ર, સાંભળો. આપના પ્રશ્નનો મારી બુદ્ધિઅનુસાર [illegible] છું. આપની માન્યતા ભૂલ ભરેલી છે. સંબંધ વાતનો [illegible] વાતનું એકમેકપણું થાય છે.

[illegible] મૈથુન સંજ્ઞા (કામવાસના) જાગે છે. તે સુંદર સ્ત્રીને જોવાથી, [illegible] ચિત્રીત આકૃતિ જોવાથી, સ્ત્રીને જોયા સિવાય તેની કથાવાર્તા સાંભળવાથી શરીર, હાડ, માંસ, રક્તથી રૂષ્ટપુષ્ટ હોય. આ કારણોએ પુરુષને મૈથુન સંજ્ઞા જાગે છે.

તેવીજ રીતે સુંદર પુરુષને જોવાથી, પુરુષની ચિત્રીત આકૃતિ જોવાથી, પુરુષ આદિને જોયા સિવાય તેની કથા વાર્તા સાંભળવાથી શરીર, હાડ, માંસ, રક્તથી રૂષ્ટ પુષ્ટ હોય. આ કારણે સ્ત્રીને મૈથુન સંજ્ઞા જાગે છે.

આ રીતે પાષાણ પ્રતિમા નર આકૃતિમાં હોય તો સ્ત્રીને મૈથુન સંજ્ઞા જાગે (કેટલાક ગ્રંથકારો સ્ત્રીમાં પુરુષ કરતાં આઠ ગણો કામ વિશેષ હોવાનું કહે છે.)

આ કારણોમાં પ્રતિમા જોવાથી વૈરાગ્ય થાય એ કારણ અસંબંધક ઠરે છે.

સ્ત્રી ઉપર તથા સીક્કાવાળા રૂપીયા ઉપર મોહ આવે છે. પરંતુ જે મોહ આવે છે તેનું કારણ ઉદયભાવ છે. ઉદયભાવમાં પ્રાણીમાત્ર સહજ વર્તે છે. અને જે ઉદયભાવ ચોવીસે દંડકે રહેલો છે. એટલે જ્યાં ઉદયભાવ છે ત્યાં મોહ પેદા થાય જ.

પ્રતિમા જોવાથી વૈરાગ્ય થવાનું દલીલને ખાતર જે કથન કરવામાં આવે છે તે સ્ત્રીના દષ્ટાંત સાથે બીલકુલ અસંબંધક છે. કારણ કે સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્ર, વૈરાગ્ય, ભક્તિભાવ જે પેદા થાય છે તે ક્ષયોપશમ ભાવથીજ અને તે ક્ષયોપશમ ભાવમાં તો કોઈક જીવ સંબંધવસાત્ આવી શકે છે. એ હકીકત ઈન્કાર કરી શકાય તેમ નથી.

जहा कुक्कुड पोयस्स निचं कुललओ भयं।
एवं खु यम्भयारिस्स इत्थी विग्गह उभयं ॥

દશવૈકાલીક સૂત્ર અધ્યયન ૮. ગાથા ૫૪.

ભાવાર્થઃ—જેમ કુકડાના બચ્ચાંને સર્વદા બીલાડી થકી ભય હોય તેમ બ્રહ્મચારીને સ્ત્રીના શરીર થકી ભય ઉપજે. (અહીંયા સ્ત્રીના શરીર થકી ભય કહ્યો તે સ્ત્રીના મૃત દેહથી કહ્યો છે.)

चित्तभित्ति न निज्जाए नारिं वा सुअलंकियं।
भक्खरं पिवदट्ठूणं दिट्ठिं पडिसमाहरे ॥

ભાવાર્થઃ—ઘરની ભીંતે સ્ત્રીનું ચિત્રામણ આલેખ્યું હોય તે જુવે નહિ. સ્ત્રીએ સુંદર ઘરેણા અલંકાર પહેર્યા હોય તેવી સ્ત્રીને દેખીને સૂર્યને દેખી દષ્ટિ પાછી વાળે. તેમ સ્ત્રીને દેખીને દષ્ટિ પાછી વાળે. (૫૫)

हत्थ पाय पडिछिन्नं कण नासवि गप्पियं।
अवि वाससई नारिं यम्भयारी विवज्जए ॥

ભાવાર્થઃ—જેના હાથ પગ છેદ્યા છે અને કાન નાક કાપ્યા છે. વળી સો વરસની વૃદ્ધા થયેલી એવી સ્ત્રી હોય તો પણ બ્રહ્મચારી સાધુ વિશેષે વર્જે, તેની સંગત ન કરે તથા તેના ઘરમાં રાત્રીવાસો ન રહે. (૫૬)

તીર્થંકર ભગવાને બ્રહ્મચારી સાધુને ઉપરની ગાથાઓમાં

આહાર નિદ્રા ભય મૈથુનંચ, સામાન્ય મેતદ પુશુભિ ર્મનો
દિનેષાં વિશેષોધીકો ધર્મેણુ નરાણામ હીના પુશુભિ સમાના.

પરંતુ વૈરાગ્ય ભાવ દરેક પ્રાણીમાં સામાન્ય છે. એમ કોઈ સ્થળે કહેવાયેલ નથી. એ રીતે પણ મૈથુન કામવાસનાના દૃષ્ટાંત સાથે વૈરાગ્ય-ભક્તિભાવનો મેળ મળતો જ નથી.

એક જૈન, એક સ્વામીનારાયણ એમ બને વ્યક્તિઓ સામસ બે પ્રતિમાઓ મુકવામાં આવે તો જૈન વ્યક્તિ જૈન પ્રતિમા તરફ આકર્ષાય છે અને સ્વામી નારાયણ પંથની વ્યક્તિ સહજાનંદની પ્રતિમા તરફ આકર્ષાય છે. જ્યારે કોઈ મુસ્લીમ વ્યક્તિ આ બને તરફ આકર્ષાતી નથી. પ્રતિમા જો વૈરાગ્યનું કારણ હોય તો જિન પ્રતિમા દેખવાથી મુસ્લીમ વ્યક્તિને પણ વૈરાગ્ય થવો જોઈએ. સ્વામીનારાયણ પંથના અનુયાયીને પણ જિન પ્રતિમા દેખવાથી વૈરાગ્ય-ભક્તિભાવ થવો જોઈએ. પરંતુ આમ નહિ થતાં પરસ્પર વિરોધી ભાવ થાય છે. તેનું કારણ એટલું જ કે પાષાણ પ્રતિમા એ વૈરાગ્યનું કારણ નથી. પાષાણ પ્રતિમા એ વૈરાગ્યનું કારણ હોય તો કોઈ પણ મૂર્તિ ગમે તે સ્થળે ગમે તે વ્યક્તિને વૈરાગ્ય ઉત્પન્ન કરે. પરંતુ તેમ નહિ બનતું પ્રત્યક્ષ દેખાય છે. અને દરેક વ્યક્તિ પોત પોતાની માનેલી પ્રતિમા તરફ જાય છે. જે જે વ્યક્તિને જે જે દર્શનનો ઉપદેશ મળ્યો હોય અને સંસ્કારો પાડવામાં આવ્યા હોય, તે ઉપદેશના સંસ્કારો મુજબ વલણ થાય છે. એટલે ઉપદેશ જ્ઞાન એજ વૈરાગ્યનું કારણ છે, પરંતુ પાષાણ પ્રતિમા એ વૈરાગ્યનું કારણ નથી.

પરમાત્માનું સ્વરૂપ નિરંજન નિરાકાર છે. તેનું રૂપ કરી શકાય નહિ. તેથી પણ નિરંજન નિરાકાર રૂપનું ધ્યાન કરવા મૂર્તિ કરવી અને મૂર્તિ પૂજા કરવી એ અજ્ઞાન છે.

સાકારમાં મન કદી પણ સ્થિર થતું નથી. સ્ત્રી, પુત્ર, ધન, મિત્ર ઈત્યાદિ સાકારમાં મનુષ્ય પ્રાણી ફસ્યો રહે છે. તેથી પણ

જ્ઞાની પુરૂષની સેવા કરતાં તથા સતશ્રવણથી જ્ઞાન વૃદ્ધિ થાય છે. જ્યારે જડ પાષાણ મૂર્તિની સેવા કરવાથી કાંઈ જ્ઞાન વૃદ્ધિ થતી નથી. ઉલટા જડ જેવા બનીયે છીએ તેથી પણ મૂર્તિપૂજા એ અજ્ઞાન છે.

બાદશાહી વખતમાં ઘણા મંદિરોની મૂર્તિઓ તોડી નાખવામાં આવી. જો મૂર્તિથી વૈરાગ્ય થતો હોત તો કોઈ પણ વ્યક્તિ મૂર્તિને તોડે નહિ. અતએવ મૂર્તિપૂજાની શરૂઆત કરનારા અધર્મી અને પાખંડીયો છે.

જ્યારે જ્યારે મંદિર માંહેની મૂર્તિઓ તોડવામાં આવી ત્યારે ત્યારે કોઈ પણ મંદિર માંહેની મૂર્તિએ શત્રુના સૈન્ય ઉપર હલ્લો કર્યો નથી. કે કોઈપણ મૂર્તિ ઉઠી, તેના ભાંગનાર-તોડનારને વાગી નથી. એથી પણ મૂર્તિની, પાષાણની સેવા કરવાથી કાંઇ પણ ફળ મળતું નથી અને મૂર્તિપૂજા એ અજ્ઞાન અને અધર્મ છે.

સમ્યકજ્ઞાન-દર્શન જે થાય છે, વૈરાગ્ય ભક્તિભાવ આવે છે. તે જ્ઞાની પુરૂષના સત્સંગથી-સદ્‌શ્રવણથી, સારા સારા પુસ્તકો વાંચવાથી અર્થાત્ સંગ તથા ઉપદેશથી જ્ઞાન થાય છે. પરંતુ જેના ગુણ દોષની ખબર ન હોય, જેના સમાગમમાં ન આવ્યા હોઈ તેની મૂર્તિ જોવાથી પણ પ્રીતિ ઉત્પન્ન થતી નથી. ગુણનું જ્ઞાન એજ પ્રીતિનું કારણ છે. એથી પણ પાષાણ મૂર્તિની પૂજા એ અજ્ઞાન છે.

જડ પ્રતિમા પૂજતાં કેવળજ્ઞાન અગર તો બીજું કોઈપણ જ્ઞાન ઉત્પન્ન થયાનો જૈન સિદ્ધાંતમાં દાખલો નથી. તેથી પણ મૂર્તિપૂજા એ અજ્ઞાન છે.

પાષાણની મૂર્તિ જોવાથી જો શાંત ભાવ થતો હોય તો એ મૂર્તિનો બનાવનાર શીલ્પી-કારીગરના બધા ભાવ શાંત થઈ જતાં તેને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. પરંતુ એ મુજબ નથી બનતું, એથી પણ મૂર્તિપૂજા એ એક અજ્ઞાન છે.

એક અંધ માણસ મૂર્તિને નહી જોઈ શકવાથી તેને તમારા કહેવા મુજબ વૈરાગ્ય ભાવ આવી શકતો નથી તેથી પણ મૂર્તિપૂજા એ એક અજ્ઞાન છે.

મિત્ર, જરા દીર્ઘદષ્ટિ વાપરી વિચાર કરો. અનંતા તીર્થંકરો થઈ ગયા પરંતુ કોઈ તીર્થંકર દેવે જડ પ્રતિમા પૂજવાથી મોક્ષ સાધી શકાશે તવો યતકિંચિત ઉપદેશ પણ કોઈ સ્થળે કરેલ નથી. તેમજ જડ પ્રતિમાપૂજન એ મોક્ષ સાધક હોત તો અનંત જ્ઞાનના ધણી તીર્થંકર ભગવાને જરૂર એ મુજબ ઉપદેશ જગતવાસી પ્રાણીઓ સમક્ષ કર્યો હોત. તેમને સત્ય ઉપદેશ જગતવાસી જીવોથી છુપાવવાની જરૂર ન હતી. કોઈ પણ સ્થળે જડ પ્રતિમાના પૂજનનો ઉપદેશ નહી કરેલ હોઈ જડ પ્રતિમા પૂજન કરવું એ મહાવીરના શાસન વિરૂદ્ધ છે. જ્ઞાનદર્શન ચારિત્ર એ રત્નત્રયની આરાધના કરતાં જીવ મોક્ષને મેળવી શકે છે. એમ તીર્થંકર દેવનો સ્પષ્ટ ઉપદેશ છે. જો પ્રતિમા પૂજનથી જીવને મોક્ષ મળતો હોત તો એ રત્નત્રયની સાથે જડ પ્રતિમા પૂજન પણ સાથે કહી ઉપદેશ કરેલ હોત. પરંતુ મિત્ર યાદ કરો. તીર્થંકર ભગવાન તે વાસ્તે ઉપદેશ કરતા નથી તેથી જડપૂજન શાસ્ત્રોક્ત પણ નથી પરંતુ સંજોગ અનુસાર અન્ય દર્શનીઓની દેખાદેખીએ જડ પ્રતિમા પૂજન ઘુસી ગયેલ છે. અને તેપણ તીર્થંકર દેવના નિર્વાણ બાદ અમુક કાળ વિત્યાબાદ તે પ્રસિદ્ધ થયેલા ઘણા ગ્રંથોથી સિદ્ધ થયું છે. અને સૂત્રોમાં પણ મૂર્તિપૂજાના પાઠ પાછળથી ઘુસાડી દેવામાં આવેલ છે. એમ અનુવાદ કરનાર આંગ્લ ભૂમિના અને હિંદના અનેક ગૃહસ્થોએ બહાર પાડયું છે. આવા ફેરફાર થઈ ગયેલા પાઠ ઉપરથી જ જડ પ્રતિમા પૂજન જૈનમાં હતું એમ સિદ્ધ થતું હોય તો તે માનવું ભુલ ભરેલું છે. કારણ ચૈતન્ય ઉપાસક જૈનદર્શને જડ ઉપાસક બનવાનો ઉપદેશ હોય જ નહિ.

મિત્ર, જુઓ, જડ પૂજનની હિમાયત કરનારાના ગ્રંથો શું કહે છે.

સમયસાર

ઈણુ મણ્ણું જીવાદો દેહં પુગ્ગલમયં થુણિતુમુણી ।
મણ્ણદિ હુ સંથુવો વંદિવો મએ ...

તંણચ્છત્યેણ જુન્જદિણ શરીરગુણાહિ હોંતિ કેવલિણો ।
કેવલિગુણો થુણદિ જો સો તચ્ચં કેવલિં થુણદિ ॥

ભાવાર્થઃ—જીવથી ન્યારા આ પુદ્ગલમય દેહની સ્તુતિ કરવાથી જો સાધુ એમજ માને કે મેં કેવળી ભગવાનની વંદણા તથા સ્તુતિ કરી તો તે નિશ્ચય યોગ્ય નથી જ; કારણ કે કેવળી ભગવાનના દેહના ગુણો નથી પરંતુ કેવળી ભગવાનના (અનંતજ્ઞાન) ગુણોની જે સ્તુતિ કરે છે તેણે જ કેવળી ભગવાનની સ્તુતિ કરી છે. આચાર્ય મહારાજોનો પણ એજ ઉપદેશ છે કે જૈન ધર્મમાં ગુણ પૂજન એજ એક પૂજન છે છતાં પણ જડ પૂજનનો ઉપદેશ જૈનાચાર્યો કરતા હોય તો મહાવીરના શાસનની સર્વોત્કૃષ્ટતા ઉપર કલંક બેસાડે છે.

દોહરા.

આચાર્ય મહારાજો વદે દેહ પૂજા નવ હોય;
તીર્થંકર ભગવાનના, ગુણની પૂજા હોય.
જડ પૂજન મિથ્યાત્વ છે, શાસ્ત્ર વિષે નિષેધ;
મહાવીરના શાસન વિષે, ગુણ પૂજન છે શ્રેષ્ટ.

(સંશય નિવારણ પા. ૪૭.)

ચરમ તીર્થંકર ભગવાન મહાવીર દેવ તે સમયમાં એક ગામથી બીજે ગામ વિચરતા હતા. અને ચાતુર્માસ કરતા હતા, તેમાં કોઇ જગ્યોએ જૈન પ્રતિમા હોય તેવા દહેરામાં કે મંદિરમાં કે બાગમાં ઉતર્યા નથી, પરંતુ યક્ષના મંદિરો હોય ત્યાં ઉતર્યાનું સૂત્ર ઉપરથી સ્પષ્ટ સમજાય છે એજ સાબીતી છે કે તીર્થંકર ભગવાનના સમયમાં જૈન પ્રતિમાની હૈયાતી બિલ્કુલ હતી જ નહી. જો જૈન પ્રતિમાની હૈયાતી તે સમયમાં હોત તો મહાવીર ભગવાન જૈન પ્રતિમાવાળા બાગ, મંદિર કે દહેરાને છોડી બીજે સ્થાને ન ઉતરત.

મેઘકુમાર આદિ ઘણા તપસ્વી નિર્ગ્રંથોએ પર્વત ઉપર સંથારા

સર્વ ગુણસંપન્ન ભગવાને, અપલક્ષણ ક્યાં ઓછાં છે;
આધક શું તમને તો કહીયે, વિચિત્ર એની લીલા છે.

ભાવાર્થઃ—મરહુમ કવિ રાયચંદ જણાવે છે કે-થોડા સમયમાં અદ્‌ભુત કામ કરવાની તૈયારી કરી રાખો છે. અને કેવળજ્ઞાન સુધીની મહેનત પણ હમણાં કરવા મંડી પડ્યો છું. પરંતુ ભગવાન જે સર્વ ગુણ સંપન્ન તેમાં અપલક્ષણ ક્યાં ઓછા છે? તમોને અધિક વાત શું કરીએ, તેની લીલા વિચિત્ર જ છે.

સુખલાલ : મિત્ર શ્રીમદ્‌ને કયું અદ્‌ભુત કામ કરવાનું હતું?

શિવજી : મિત્ર, સાંભળો. શ્રીમદ્‌ને કયું અદ્‌ભુત કામ કરવાનું હતું તે હકીકતનો નિર્ણય આપણે તેના પત્રો ઉપરથી કરી શકીયે તેમ છીએ. તેના પત્રોની સંપૂર્ણ સ્પષ્ટતાવાળી સમાલોચના કરવાનું કામ સુલભ નથી કારણ કે પત્રો છપાવવામાં એવી યુક્તિ કરવામાં આવી છે કે કેટલુંક અનુસંધાન ગોપવી રાખવામાં આવ્યું છે. અને આ અદ્‌ભુત કામ કરવાની તૈયારી તે માર્ગ ઉદ્ધારક જગતશ્રેષ્ટ પુરૂષોત્તમ પુરૂષ તરીકે બહાર પડવાની તૈયારી એવો કહેવામાં આશય હોય તેમ સમજાય છે. અને તેથીજ શ્રીમદે પોતાના દૃષ્ટિરાગી સેવકો પ્રત્યે જણાવ્યું છે કે-કેવળજ્ઞાનસુધીની મહેનત અલેખે તો નહી જાય. તેઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા શું મહેનત કરવા લાગી પડયા હતા! તપ, જપ, વ્રત, નિયમ, યોગસાધના કરવા કાંઇ પણ પરિશ્રમ ઉઠાવ્યો હતો કે નહિ તે તેના પત્રો ઉપરથી બીલકુલ નીકળતું નથી; પરંતુ ગપગોળાની ભયંકર તોપોમાંથી મોટા મોટા ગપગોળા પોતાના સેવકો તરફ ઉડાવ્યા છે

કર્યા છે તેઓએ પર્વત ઉપર જઈ યત્ના પૂર્વક સ્થાન લઈ બે હાથ જોડી ભગવાન મહાવીર દેવની સમક્ષ નમ્રથી આલોયણા કરી છે. કારણ કે તીર્થંકર ભગવાન કેવળજ્ઞાની કેવળદર્શની છે, લોકાલોકનું જ્ઞાન છે. તેમના જ્ઞાનની સમક્ષ શુદ્ધ હૃદયભાવથી પર્વત ઉપર બેસી અણગારોએ સંથારા કરેલ છે. પર્વત ઉપર તે વખતે પ્રતિમાની હૈયાતી હોત તો જરૂર પ્રતિમા સમક્ષ બેઠ્યાનું તથા વાંદ્યાનું તથા પૂજન કર્યાનું સૂત્રમાં વર્ણન કરેલ હોત. આ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે પર્વત ઉપર કે અન્ય સ્થળે પ્રતિમાની હૈયાતી હતીજ નહી. એ રીતે જડ પૂજન એ શાસ્ત્રાનુસાર નથી, તેમ સિદ્ધ થાય છે. મિત્ર ! શાસ્ત્ર મુજબ અત્યારે વર્તન કરવું નથી અને પોતાનો ખોટો આગ્રહ આગળ કરવો છે. પર્યુષણ સંવત્સરી પાંચમની કહી છે. છતાં પણ દુરાગ્રહવશાત્ ખાસ ચોથની કરવામાં આવે છે એ પણ શાસ્ત્રસંમત નથી. અત્યારે જૈન સમાજમાં જ્ઞાન રૂપી સૂર્ય અસ્ત થતો જાય છે. કદાગ્રહીઓ સ્વમત-પોષક પોતપોતાના મત જમાવવા આકાશ પાતાળ એક કરી રહ્યા છે તેમ દેખાઈ રહ્યું છે.

સુખલાલ : મિત્ર, આપની શાસ્ત્રના જ્ઞાનની યુક્તિસરની દલીલ સાંભળી મને ખાત્રી થાય છે કે જડ પ્રતિમા પૂજન એ શાસ્ત્રોક્ત નથી અને ગુણ પૂજન-ચૈતન્યપૂજન એજ જૈન ધર્મની ખાસ વિશિષ્ટતા છે અને તેથીજ જડ પ્રતિમા પૂજન સ્થાપન કરવાંના કારણોમાં આ ગ્રન્થમાં + + + મીંડા દેખાય છે. મિત્ર, આપ આપનું કાવ્ય આગળ ચલાવો.

શીવલ :

અલ્પ સમયમાં અદ્ભુત કરવા, તૈયારી મં :
કેવળજ્ઞાન ગુણીની મહેનત, હમણાં કરવા

સર્વ ગુણસંપન્ન ભગવાને, અપલક્ષણ ક્યાં ઓછાં છે:
અધિક શું તમને તો કહીયે, વિચિત્ર એની લીલા છે.

ભાવાર્થ:—મરહુમ કવિ રાયચંદ જણાવે છે કે-પોતે અમુક અદ્દભુત કામ કરવાની તૈયારી કરી રાખી છે. અને કેવળજ્ઞાન સુધીની મહેનત પણ હમણાં કરવા મંડી પડ્યો છું. પરંતુ ભગવાન જે સર્વ ગુણ સંપન્ન તેમાં અપલક્ષણ ક્યાં ઓછા છે! તમોને અધિક વાત શું કરીએ, તેની લીલા વિચિત્ર જ છે.

સુખલાલ: મિત્ર શ્રીમદ્દને કયું અદ્દભુત કામ કરવાનું હતું!

શિવજી: મિત્ર, સાંભળો. શ્રીમદ્દને કયું અદ્દભુત કામ કરવાનું હતું તે હકીકતનો નિર્ણય આપણે તેના પત્રો ઉપરથી કરી શકીયે તેમ છીએ. તેના પત્રોની સંપૂર્ણ સ્પષ્ટતાવાળી સમાલોચના કરવાનું કામ સુલભ નથી કારણ કે પત્રો છપાવવામાં એવી યુક્તિ કરવામાં આવી છે કે કેટલુંક અનુસંધાન ગોપવી રાખવામાં આવ્યું છે. અને આ અદ્દભુત કામ કરવાની તૈયારી તે માર્ગ ઉદ્ધારક જગતશ્રેષ્ઠ પુરુષોત્તમ પુરૂષ તરીકે બહાર પડવાની તૈયારી એવો કહેવામાં આશય હોય તેમ સમજાય છે. અને તેથીજ શ્રીમદે પોતાના દૃષ્ટિરાગી સેવકો પ્રત્યે જણાવ્યું છે કે-કેવળજ્ઞાન સુધીની મહેનત અલેખે તો નહી જાય. તેઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા શું મહેનત કરવા લાગી પડ્યા હતા! તપ, જપ, વ્રત, નિયમ, યોગસાધના કરવા કાંઇ પણ પરિશ્રમ ઉઠાવ્યો હતો કે નહિ તે તેના પત્રો ઉપરથી બીલકુલ નીકળતું નથી; પરંતુ ગપગોળાની ભયંકર તોપોમાંથી મોટા મોટા ગપગોળા પોતાના સેવકો તરફ ઉડાડ્યા છે.

સુખલાલ: મિત્ર, આપ જણાવો છો તે તદ્દન સત્ય છે. પરંતુ આ કવિપંથના પુસ્તકમાં ભગવાનનાં અપલક્ષણ આવે છે તે વાત હું સમજી શકતો નથી. તે હકીકત મને સમજાવો.

[illegible] મિત્ર, સાંભળો હું થોડાક ખુલાસો કરી દઉં.

મહાવીરના આ ધર્મ પ્રવર્તક-પ્રભુ અપલક્ષણ જોવે છે;
વિચિત્ર કરવું પ્રભુની લીલા, સ્પષ્ટપણે ઉપદેશે છે.
વિચિત્રતા ને અપલક્ષણની, ઘરની વાતો કાઢી છે;
જૈન સિદ્ધાંતે આવી વાતો, કહોને ક્યાં ઉપદેશી છે?

ભાવાર્થઃ—તીર્થંકર ભગવાન મહાવીર દેવનો ધર્મ ચલાવવાનું કહેનાર આ ધર્મ પ્રવર્તક પ્રભુના અપલક્ષણ પોતાના જ્ઞાનમાં જુએ છે, અને સ્પષ્ટ ઉપદેશ કરે છે કે ચિત્ર વિચિત્ર કરવું એજ પ્રભુની લીલા છે. આવી પ્રભુની વિચિત્રતાની ને અપલક્ષણની વાત મરહુમ કવિ રાયચંદે પોતાના ઘરની કાઢી છે. જૈન સિદ્ધાંતમાં પ્રભુના અપલક્ષણની ને વિચિત્રતાની વાતો કોઈ જગ્યાએ આવતી નથી. તેમજ ભગવાન મહાવીર તીર્થંકરદેવે પ્રભુના અપલક્ષણનો ઉપદેશ પણ કોઇ જગ્યાએ કર્યો નથી.

સુખલાલ : મિત્ર, આ હકીકત સાંભળી હું ઘણોજ અજાયબ થાઉં છું. હું ઘણા વખતથી સાધુનાં પડખાં સેવું છું, વ્યાખ્યાન સાંભળું છું, પરંતુ કોઈ સાધુ મુનિરાજ પ્રભુના અપલક્ષણ ને તેની વિચિત્ર લીલાની વાતો કરતા નથી. વળી આ ગ્રંથમાં પણ પ્રભુના અપલક્ષણ બતાવ્યા હોય, અને તેની ચિત્ર વિચિત્ર લીલા હોય તે દેખાડનારા કાંઈ પણ દાખલા દષ્ટાંતો વાંચવામાં નથી આવતાં. તેમજ કોઇ સૂત્રમાં આ હકીકતનો ઉલ્લેખ થયો છે તેવી હકીકત પણ જણાવવામાં આવી નથી. તીર્થંકર ભગવાનમાં અપલક્ષણ ને વિચિત્રતા હોય તો તે ભગવાન શેના કહેવાય ! પ્રભુ સર્વગુણ સંપન્ન અને તેમાં અપલક્ષણ એવી વાતો મહાન મૂર્ખાઓ સિવાય બીજા કોણ કરે ? જૈનદર્શનને અંગે જ્યારે ગપ્પાં મારવાં ત્યારે વાતો કરવામાં દરિદ્રતા શું રાખવી. "વચનેષુ કિં દરિદ્રતા" "મરઘીને પેટ મરઘી આવ્યા, માંજરો મરઘો. ચાર હાથનું ચીભડું ને તેર હાથનું બી." મિત્ર, આવી વાતો બીજાને કરી છે.

શીવજી : મિત્ર, [illegible]
ગુણ સંપન્ન સ્થાનમાં [illegible]
તત્વજ્ઞાનની દૃષ્ટિએ કાં તો અજ્ઞાની [illegible]
ઉન્મત્ત દશા સિવાય આવા ઉદ્‌ગારો [illegible]
વ્યક્તિ અજ્ઞાનતાના પ્રતાપે યથેચ્છ [illegible]
સંહાર કરનારી હતી અને અહંભાવથી [illegible]
'મારી માતા વંધ્યા છે' આવા ન્યાયને જાધ બેસતું [illegible]
યદ્વા-તદ્વા લખનાર અને બોલનાર હતી. મનુષ્ય [illegible]
ઉપાધિઓમાં હાથે કરીને પડનાર અને એથી [illegible]
વૃત્તિઓથી મૂંઝાનાર છે. છતાં પોતાની તે ઉપાધિ [illegible]
પ્રતાપે છે એમ કહેતાં પણ તે વ્યક્તિ નથી [illegible]
કારમી અજ્ઞાનતા સિવાય બીજું કહેવાય પણ [illegible]
શાસને માનેલા દોષમાત્રથી રહિત અને સર્વ [illegible]
ભગવાન શ્રી વિતરાગ પરમાત્મામાં પણ [illegible]
વાત તો ખરેખર એવા અજ્ઞાન અને [illegible]
ડૂબાવનાર આત્મા માટે દયામય ત્રાસ [illegible]
જ્ઞાનીઓ ઘોર મિથ્યાદૃષ્ટિ-મહા પાપ [illegible]
સંસારી, અદૃષ્ટવ્ય સુખ આદિ [illegible]
કે અનંત ગુણોના સાગર અને [illegible]
વીતરાગ પરમાત્મામાં પણ [illegible]
કહેનારાઓએ શું બાકી રાખ્યું! [illegible]
વિચિત્ર કરવા રૂપ પોતાની [illegible]
પરમાત્મામાં કરનાર આત્મ [illegible]
તેને બંધ બેસતા શબ્દ પણ [illegible]

સુખલાલ : મિત્ર, '[illegible]
જે પ્રકાશ પાડી રહ્યા હો [illegible]

મિત્ર, શ્રીમદ્‌ના આવા અજ્ઞાનતા ભર્યા લખાણ ઉપર જૈન પત્રકારોએ કાંઈ દષ્ટિપાત નહિ કે'ર્યો હોય !

શીવજી : મિત્ર, એ બાબતમાં જૈન છાપાઓમાં ખુબ ઉહાપોહ થયેલો છે. અને તે છાપાંઓ મારી પાસે છે.

ઘડીયાળમાં પાચના ટકોરા થાય છે.

મિત્ર, ત્યારે હવે હું રજા લઈશ.

સુખલાલ : મિત્ર, આપ કાલ કયારે આવશો ? શ્રીમદ્ સંબંધમા છાપાઓમા જે જે લખાણ આવ્યુ હોય તે મારે સાંભળવું છે.

શીવજી : મિત્ર, હું આવતી કાલે બાર વાગ્યે આવીશ અને સાથે તમામ સાહિત્ય લેતો આવીશ.

સુખલાલ : મિત્ર જરૂર આવજો. જયજિનેન્દ્ર.

શીવજી : મિત્ર, જયજિનેન્દ્ર.

પ્રકરણ ૪ થું

જ્ઞાન-ચર્ચા

સ્થળ : સુખનિવાસ   સમય : બપોરના બાર

સુખલાલ શેઠ પથરણું પાથરી; બાજુમાં કાચનું ઘડીયાળું રાખી, સામે મોરપીછાનો સાવરણો રાખી; મુહપત્તિ પથરણા ઉપર રાખી, "શ્રીમદ્ રાજચન્દ્ર ગ્રંથ" શાન્ત ચિત્તે વાંચી રહ્યા છે, ત્યાં શિવજીભાઈ આવે છે.

"કેમ, સુખલાલભાઈ, શું વંચાય છે ?"

સુખલાલ : મિત્ર, શ્રીમદ્ રાજચન્દ્ર ગ્રંથ વાંચું છું, અને વિચાર કરૂં છું તો મને જરા પણ સમજ પડતી નથી. એક સ્થળે લખાયેલું, બીજે સ્થળે ફરી ગયું હોય તેમ વિરોધાભાસ ઉભા કર્યા છે. આપ સાહિત્ય લાવ્યા કે ?

શીવજી : મિત્ર, લાવ્યો છું. હમણાં જ વંચાયું છું.

સુખલાલ : વારૂં ! આપ આપનું કાવ્ય આગળ ચલાવો.

શિવજી :

વિતરાગ દશામાં રહ્યા છતાં, વેપાર કરાતો જાયે છે,
મોક્ષ નિકટપણે વર્તે અમને, નિશંક વાત જણાયે છે.
વેપાર અને સઘળા વહીવટમાં, હરી ઈચ્છાનું કારણ છે,
હરીને ખોળે બધું સોંપીયું, હરી કરે તે થાયે છે.

હોય છે. તેઓ જણાવે છે કે—હું વેપાર કરું છું અને જે કાંઈ બધો વહીવટ કરું છું તેમાં મુખ્ય ઈચ્છા હરીનું કારણ છે. અર્થાત્ હરીની ઈચ્છા ન હોય તો હું વેપાર કરી શકું નહીં ને મેં હરીને ખોળે જ બધું સોંપ્યું છે અને જે હરી કરે તેજ થાય છે. આવી રીતે લખી હરી તરફના પોતે અવતાર છે, અને તેના એજન્ટ-પ્રતિનિધિ બન જાણે પળે પળે તેમને હરી તરફથી સૂચનાઓ મળતી હોય, અને તે સૂચના મુજબ સંસાર વ્યવહારનાં કામ થતાં હોય તેવો વિશ્વાસ પોતા પ્રત્યે શ્રીમદ્દે પોતાના રાગાંધ મંડળમાં ઉત્પન્ન કર્યો છે. કર્મ કરવાં છે પોતાને અને ઓઢાડવાં છે હરીને માથે. જૈન તત્વજ્ઞાનની દૃષ્ટિએ હરીને માથે ઓઢાડવાનો આ એક મૂર્ખ બકવાદ છે.

સુખલાલઃ આપ જે જ્ઞાન ચર્ચા કરો છો તેથી ખુબ આનંદ આવે છે. આપ કાવ્ય આગળ ચલાવો.

શિવજીઃ

વાંચનને ઈત્યાદિક ક્રિયા, બધી આપણે જે કરીયે;
તે મિથ્યા છે એમ કહીને, કારણ તેના ત્યાં દઈએ;
તમને અનુસરતાં સાધુઓને, સમય સમય કહેતાં રહીયે;
આવા પત્રો મુનિ ઉપરે, શ્રીમદ્દને લખતાં જોઈએ.

ભાવાર્થઃ—મરહુમ કવિ રાયચંદ જણાવે છે કે—વાંચન ઈત્યાદિક જે ક્રિયા આપણે કરીયે છીએ. તે મિથ્યા છે એમ કહીને કારણો આપવા અને તમોને જે સાધુઓ અનુસરતા હોય તેમને સમય સમય કહેતાં રહેવું. આવા આવા પત્રો શ્રીમદ્ રાજચંદ્રના ગ્રંથમાં મુનિ ઉપર લખાયા છે.

સુખલાલઃ મારે આ પત્રો જોવા પડશે. આપ મને બતાવશો કે?

શિવજીઃ જુઓ, (શ્રીમદ્ રાજચન્દ્ર. પૃષ્ટ ૬૫૯).

× × × × આપણે આ બધી ક્રિયા અને વાંચના ઈત્યાદિક

નાખવાની ક્રિયા કરે તો બંધન મુક્ત થઈ શકે છે. ને મુક્ત એકલા જ્ઞાનથી મોક્ષ મળી શકે નહિ પરંતુ તપ રૂપી ક્રિયાઓ કર્મને તોડી નાખે તો જ આત્મા કર્મ મુક્ત થઈ મોક્ષ મેળવી શકે. અને તેથી જ શ્રી જીનેશ્વરદેવે ૧૨ પ્રકારના તપ. (૬ અભ્યંતર અને ૬ બાહ્ય)નો ઉપદેશ કરેલ છે. તીર્થંકર ભગવાનના સમયમાં પણ મેઘકુમાર આદિ નિર્ગ્રંથ મહાત્માઓએ આકરામાં આકરી તપસ્યાઓ કરેલી છે. ત્રણ જ્ઞાનના ધણી ભગવાન તીર્થંકર-દેવે પણ ઘોર તપશ્ચર્યા કરી પોતાના કર્મ બાળી નાખ્યા.

વાંચન ઈત્યાદિક ક્રિયામાં–સૂત્ર વાંચન, સદ્દશાસ્ત્ર વાંચન, ઈત્યાદિક ક્રિયામાં જપ, તપ, ઉપવાસ, સામાયીક, પ્રતિક્રમણ, નોકારસી આવી શકે છે. આવી ક્રિયા કરતાં કષાય તથા મિથ્યાત્વની મંદતા થતી નથી. એમ કહેનારા ધર્મદ્રોહીઓને આપણે ક્યા શબ્દોથી નવાજવા? આવા શબ્દો ક્રિયા કરણીના વ્રત, નિયમ, પચ્ચખાણ કરવાના કાયર મનુષ્યોના છે. આ પ્રસંગે શ્રીમદ્ રાજચન્દ્ર ગ્રન્થમાંથી ૩૧૦ પાના ઉપર લખેલો પત્ર વાંચશો તો આપને તુરત જ ખાત્રી થશે.

" અમારી દશા હાલમાં કેવી વર્તે છે તે જાણવાની આપની ઈચ્છા રહે છે. × × × × × અત્રે ટુંકામાં લખીયે છીએ. × × × અમે બધાય પદાર્થથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીયે છીએ. વ્રત નિયમનો કાંઈ નિયમ રાખ્યો નથી. × × × જેમ હરીએ ઇચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઇએ છીએ. હૃદય પ્રાયે શૂન્ય જેવું થઈ ગયું છે. નય પ્રમાણ વગેરે શાસ્ત્રભેદ સાંભરતા નથી. કંઇ વાંચતા ચિત્ત સ્થિર રહેતું નથી ખાવાની, પીવાની, બેસવાની, સુવાની, ચાલવાની અને બોલવાની વૃત્તિઓ પોતાની ઈચ્છા પ્રમાણે વર્તે છે. મન પોતાને સ્વાધીન છે કે કેમ! એનું યથા યોગ્ય ભાન રહ્યું નથી. આમ સર્વ પ્રકા

ભાવાર્થ:—મરહુમ કવિ રાયચંદ જણાવે છે કે, આ ક્ષેત્રે અર્થાત્-આ લોકમાં આ પંચમ કાળમાં ચોથા આરાના સમયમાં તીર્થંકરદેવ ભગવાન મહાવીરનો અંતર આશય જે હતો તેવો અંતર આશય મુખ્યપણે અમારામાં વર્તે છે. એવી અંતરથી દૃઢ પ્રતીતિ થાય છે, કારણ શ્રુત જ્ઞાન અને અનુભવનું ફળ વિતરાગપણું આવે છે. માટે અનુભવથી અમને જણાય છે કે અમે તેના સાચા અનુયાયી છીએ.

સુખલાલ: શ્રીમદે તીર્થંકરનો અંતર આશય જાણ્યો હતો, તે કેમ કહી શકાય!

શિવજી: આપ સત્ય કહો છો. તીર્થંકરના અંતર આશય જાણ્યાનું શ્રીમદ્ જે કહે છે. તે સંબંધમાં પૃષ્ટ ૨૫૭ ઉપરનો લેખ તપાસવો ખાસ જરૂરી છે.

× × × × એ એકવાર જો યથા યોગ્ય આવી જાય તો પછી ગમે તેમ પ્રવર્તાય, ગમે તેમ બોલાય, ગમે તેમ આહાર વિહાર કરાય, તથાપિ તેને કોઈ પણ જાતની બાધા નથી. × પરમાત્મા પણ તેને પૂછી શકનાર નથી. × × ×

શ્રીમદ્‌નો અજ્ઞાનતાના ઉન્માદ સાથે પોતાની વિચિત્ર પ્રકારની સાંસારિક પ્રવૃત્તિઓનો બચાવ કરવાનો પ્રપંચ સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થાય છે. અન્યથા યથા યોગ્ય નિર્વિકલ્પ દશા આવ્યા બાદ ગમે તેમ પ્રવર્તન કરવાનો, ગમે તેમ બોલવાનો અને ગમે તેમ આહાર કે વિહાર કરવાનો સંભવ જ ક્યાં છે! એટલે સ્હેજે એ કલ્પના તરફ દોરવાવું પડે છે, કે નિર્વિકલ્પ દશાના નામે ગમે તેમ પ્રવર્તન કરવાનો, ગમે તેમ બોલવાનો અને ગમે તેમ આહાર વિહાર કરવાનો દરવાજો ઉઘાડવાનું કામ જો શ્રીમદ્ ન કરે તો પછી તેની પૂજા પ્રતિષ્ઠાની લાલસા ક્યાંથી સંતોષાય, અને વર્તમાનમાં આ આશ્રમના અધિષ્ઠાતા તરીકે આશ્રમ વાસીઓથી પૂજાતા વયોવૃદ્ધ

મધુરાજ પણ પોતાના સ્વીકારેલા વર્ષોના સંયમનો પરિત્યાગ કરી એક જાગીરદાર જેવી સાહ્યબીમાં પડે એ પ્રતાપ પણ આ શાસ્ત્ર વિરૂદ્ધ અને સામાન્યમાં સામાન્ય પણ સાચા એવા મુમુક્ષુના અંતરમાં ન રૂચે એવી યથેચ્છ પ્રવૃત્તિનો ઉપદેશ આપના આ રાયચંદનો જ હોવો જોઇએ. બાકી એ વાત તો તદ્દન સાચી છે કે નિર્વિકલ્પતાના નામે ગમે તેમ પ્રવર્તન કરનાર, ગમે તે બોલનાર અને ગમે તેમ આહાર વિહાર કરનારને પરમાત્મા નહિ પૂછે. એવા પાપાત્માઓને તો પરમાધામી જ પૂછે. નિર્વિકલ્પ દશાને નામે ગમે તેમ પ્રવર્તન કરવું, ગમે તેમ બોલવું અને ગમે તેમ આહાર વિહાર કરવા, એના જેવું એક પણ ભયંકર પાપ નથી વસ્તુતઃ તો એક સામાન્ય કોટીનો માર્ગાનુસારી આત્મા પણ ગમે તેમ પ્રવર્તન કરી શકતો નથી, ગમે તેમ બોલતો નથી અને ગમે તેમ આહાર વિહાર નથી કરતો. મિત્ર, તીર્થંકર જે વાત જણાવતા હોય, તીર્થંકર જે ઉપદેશ ન દેતા હોય, તીર્થંકરની જે પરૂપણા ન હોય તે વિરૂદ્ધ વાતો ઉભી કરી, જગતના ભોળા જીવોને પોતાની પાથરેલી જાળમાં આબાદ ફસાવવાના પાખંડીના પ્રયત્નો હોય છે. પોતાના અનુભવ ઉપરથી એ "કવિ" પોતાને મહાવીરના સાચા અનુયાયી તરીકે જણાવે છે. તો હવે એ અનુભવ જ્ઞાન આપણે જોઈએ એ કવિએ સર્વગુણ સંપન્ન ભગવાનમાં અપલક્ષણો જોયાં, એ કવિએ ભગવાનની ચિત્ર વિચિત્ર લીલા જોઈ અને પોતાના સર્વ કારણોમા વેપાર-વર્ગ ઢગમા કર્મોની કચિત્ર જોઈ. સાધુની પાસે સુત્ર શ્રવણ સાંભળવાનો નિષેધ કર્યો અને એ તીર્થંકરના અંતર આશય જાણનારાએ ફરમાવ્યું કે હવે સુત્ર [illegible] ને ઉકેલ કરવાની જરૂર નહિ પડે અને પોતાને નવો નય ([illegible]) જમાવનાર એ કવિએ ચમત્કારો એકઠા કર્યા આ એ 'કવિ'નું અનુભવજ્ઞાન આપણે આમ જોઈ ગયા છીએ. જૈન સુત્ર [illegible] જ્ઞાન

વાંચક પણ પોતાનું હૃદય ખોલી જરૂર કહેશે કે એ અહંકારી કવિ રાયચંદે જૈન શૈલી-સ્યાદ્વાદ, સપ્તનય તથા સૂત્ર સિદ્ધાંતથી તદ્દન પ્રતિકુળ રીતે વાતો કરેલ છે. એટલે મહાવીરના સાચા અનુયાયી તરીકે પોતાને ઓળખાવવાનો પોતાના સેવકો પ્રત્યે "કવી" એ જે ડોળ કર્યો છે, તે તેના સેવકો સરાગબુદ્ધિએ ભલે માને પરંતુ જૈન દર્શનના અભ્યાસીઓ આવી ચિત્ર વિચિત્ર કપોળ કલ્પીત વાતો માની શકે તેમ નથી.

સુખલાલ : "કવી" ને મહાવીરના સાચા અનુયાયી તરીકે માની શકાય તેમ નથી. આપ કાવ્ય આગળ ચલાવો.

શીવજી :

"સ્ત્રીથકી પૂર્વે બંધાયેલું, કર્મ ભોગવી લેવું છે,
કરજ કરેલું પૂર્વ ભવોનું, આપી છુટા થાવું છે;
ઉદય હમેશાં જેવો વર્તે, તે મુજબ વર્તાયે છે,
સંસાર વિશે મારા રહેવાના, કારણ એહી જણાયે છે."

ભાવાર્થઃ—મરહુમ કવિ રાયચંદ જણાવે છે કેઃ સ્ત્રી જે છે તેનાથી પૂર્વનું બંધાયેલું કર્મ મારે ભોગવી લેવું છે. અને કુટુંબનું પૂર્વ ભવોનું કરજ કરેલું તે આપીને છુટા થવું છે. અને જે પ્રમાણે ઉદય વર્તે તે મુજબ હું વર્તુ છું. અને હું સંસારમાં રહ્યો છું તેના આ કારણો છે એમ મને જણાય છે.

સુખલાલ : મિત્ર, કવિને આમ કેમ કહેવું પડયું ?

શિવજી : સાંભળો, કવિને કોઈ ખાસ અનુભવવાળા જૈન દર્શની મળ્યા હશે અને કહ્યું હશે કે તીર્થંકરો ચક્રવર્તીઓ વિગેરે વિગેરે તો રાજ્યપાટ, સ્ત્રી, પુત્ર સર્વ સમૃદ્ધિને છાંડી દીક્ષા ગ્રહણ કરી ચાલી નિકળ્યા હતા. તમો તો તીર્થંકરનો અંતર આશય સમજ્યાનું, તીર્થંકરમાં જે જ્ઞાન હતું તે જ્ઞાન હોવાનું, તીર્થંકરના કરવા મુજબ કરવાનું અને કેવળજ્ઞાન સુધીની મહેનત કરવા માંડયાનું જણાવો છો. પરંતુ ત્યાગ ભાવ તો તમારામાં બીલકુલ જણાતો નથી. સ્ત્રી

પાત્ર મુજબ તો જ્ઞાન આપીયે, શક્તિ એવી રાખી છે,
વિચાર એકજ થાય અમોને, પાત્રની પૂરી ખામી છે.

ભાવાર્થ:—મરહુમ કવિ રાયચંદ જણાવે છે કેઃ જીવતી જાગતી સજીવન ચૈતન્ય મૂર્તિ ને મહાવીરનો અંતર આશય સમજેલ છે એવો ઉપદેશક આ ક્ષેત્રમાં પંચમ કાળમાં તમને મળેલ છે. તેનાથી તમારો ઉદ્ધાર થશે. અર્થાત્ પાપ કર્મનો નાશ થશે અને પાત્ર મુજબ જ્ઞાન આપવાની મારામાં શક્તિ છે. પરંતુ એકજ વિચાર થાય છે કે, પાત્રની જેવી જોઈએ તેવી ખામી છે.

સુખલાલ: કવિ તો પહેલાં જડપ્રતિમા પૂજન કહેતાં હતાં ને?

શીવજી: આપની વાત સત્ય છે. અત્યારે કવિ જણાવે છે કે જો કાંઇ પણ જીવનો ઉદ્ધાર થઈ શકે તો જાગતી જીવતી સજીવન ચૈતન્ય મૂર્તિ થકીજ ઉદ્ધાર થઈ શકે. અને તે પણ મારા જેવા ઉપદેશક જેણે મહાવીરના અંતર આશય જાણ્યાં છે અને જે મહાવીરના કરવા મુજબ કરવાને તૈયાર થયેલ છે એવા પ્રત્યક્ષ હાજરાહજુર જ્ઞાનીથી જ થઈ શકે. મિત્ર, વિચાર તો કરો કે કેટલા અહંકાર પૂર્વકના આ વાક્યો છે! જડપ્રતિમા પૂજનથી તમારો કાંઇ ઉદ્ધાર થવાનો નથી. તમોને જડપ્રતિમા પૂજન કાંઇ ઉપકારક થાય તેમ નથી. તમારો જે કાંઈ ઉદ્ધાર થવાનો છે. તે અમ થકીજ થશે. અમારા પૂજન થકીજ તમારા પાપ કર્મોનો નાશ થશે અને મારામાં એવી શક્તિ છે કે હું પાત્ર મુજબ જ્ઞાન આપી શકું છું. આવી આવી વાતો અજ્ઞાન જીવો સમક્ષ કરી પોતે જ કેવળ જ્ઞાની હોય તેવો ડોળ કર્યો છે.

સુખલાલ: તેમનામાં જ્ઞાન આપવાની શક્તિ હતી કે કેમ?

શીવજી: સાંભળો.

ગુણાણા સમજવા માટે કહેલા છે, ઉપશમ અને ક્ષપક એ બે જાતની શ્રેણિ છે. ઉપશમમાં પ્રત્યક્ષ દર્શનનો સંભવ નથી. ક્ષપકમાં છે. પ્રત્યક્ષ દર્શનના સંભવને અભાવે અગીયારમેથી જીવ

પાછો પડે છે. ઉપશમ શ્રેણિ બે પ્રકારે છે, એક આહારૂપ; એક આહારૂપ પણ માર્ગમાં [illegible] વિના સ્વાભાવિક ઉપશમ થવા રૂપ. પાછળનો ઠેક ગયા પછી માર્ગના [illegible] સુધી પતિત થતો નથી. આત્માએ અનુભવેલી [illegible]ને લીધે પડે છે. આ નજરે જોયેલી, કાંઈ બાપ વાત છે. કોઈ શાસ્ત્રમાંથી નીકળી આવશે. ન નીકળે તો કાંઈ બાધ નથી. તીર્થંકરના હૃદયમાં આ વાત હતી એમ અમે જાણ્યું છે.

આ લખાણ લખી કવિએ પોતાના અજ્ઞાન અને અસત્ય પ્રકટ કરવા સાથ પોતાની ખોટી મહત્તા ફેલાવવા માટે જટીલ પ્રપંચજાળ બીછાવી છે. કવિ જણાવે છે, કે ગુણઠાણા એ સમજવા માટે કહેલા છે. પણ ગુણઠાણા એ કેવળ સમજવા માટેજ નથી પરંતુ સમજીને ઉત્તમ ગુણસ્થાનકોને પામવાની પ્રવૃત્તિ આદરવાની છે. એની પણ આ લખનારને ખબર નથી. આવા અજ્ઞાન લખનારા પાસે સત્ય તત્વના સ્વરૂપની આશા રાખનારા નિરાશ થાય એ સહજ છે. ઉપશમ અને ક્ષપક એ બે જાતની શ્રેણિ છે. આ વાત સાચી છે પણ તે પછી એક સ્વરૂપ અને એના પ્રકાર લખવામાં કવિશ્રીએ પોતાની અજ્ઞાનતાનું પ્રદર્શન ખુલ્લુ મૂક્યું છે. અન્ય મહર્ષિ માણસે આમ. [illegible] અજ્ઞાન ન કળી શકે પરંતુ લખનારને તો [illegible] અવશ્ય ડંખેજ, એ ડંખ જો સારો હોય તો આત્માને બચાવે અને ખોટો હોય તો આત્માનો વધુ અધ:પાત કરે. કવિને પણ પોતાના અજ્ઞાનનો ડંખ જરૂર હતો. પણ તે ગાઢો ન હતો ખોટો હતો, એટલે અધ:પાતને કરનારો હતો એ કારણે પોતાની અજ્ઞાનતાને માર્ગ કળી ન જાય એ હેતુર્થ [illegible] કે-આ નજરે જોયેલી-અનુભવેલી વાત છે [illegible] અગાઉ [illegible] ભગવાન [illegible] પ્રમાણતી [illegible] નિરાશ [illegible] યોગ્યતા [illegible] અને [illegible] ઘેલી [illegible]

આત્માને સમદૃષ્ટિ કહી શકાયજ નહિ. તેમ માનવું એ પણ એક મૂર્ખાઈ છે. ખરેખર પ્રપંચ કળામાં સારી કુશળતાને ધરાવનાર માણસ પ્રપંચ જાળ બીછાવવામાં ખામી નજ રાખે. એ હેતુ અને ન્યાયે પોતાની કહેલી આ વાત ખોટી નથી એમ સમજાવવા માટે જરાપણ સંકોચ વિના બેધડકપણે અસત્ય લખી નાખ્યું કે કોઈ શાસ્ત્રમાંથી નીકળી આવશે. કવિને ખબર હતી કે આ વાત મેં મનકલ્પિત ઉપજાવી કાઢેલી છે, એટલે શાસ્ત્રમાંથી નીકળવાની નથી. આથી સાથે સાથે એમને એમ લખવું પડ્યું કે 'ન નીકળે તો કાંઈ બાધ નથી' પણ શાસ્ત્રમાં ન નીકળે તો પોતાની વાતને કોઈ ન માને એ કારણે મૂર્ખાઓને ભરમાવવા, 'તીર્થંકરના હૃદયમાં આ વાત હતી એમ અમે જાણ્યું છે' આવો એક મિથ્યાત્વનો મોટો ગપગોળો ખૂબીપૂર્વક ધૃષ્ટતાથી ગોઠવી દીધો. આવા ગપગોળા ઈરાદાપૂર્વક ધૃષ્ટતાથી ગોઠવનારાને જ્ઞાની માનનારાઓ એમ નથી વિચારી શકતાં કે જે વ્યક્તિને પોતાની લખેલી અગર કહેલી વાત શાસ્ત્રમાં છે કે નહિ એ જાણવાનું જ્ઞાન નથી, તે વ્યક્તિમાં એવું કયું જ્ઞાન સંભવી શકે કે જે જ્ઞાનદ્વારાએ શ્રી તીર્થંકરના હૃદયમાં રહેલી વાતને જાણી શકે: પણ આવો વિચાર મોહમાં ફસાયેલા રાગાંધ ભક્તોને આવતોજ નથી. આવા રાગાંધ ભક્તો બીજાનું પણ અકલ્યાણ કરી બેસે છે.

સુખધાસ: આપના કહેવા ઉપરથી જણાય છે કે કવિના લખાણમાં અજ્ઞાનતા તો છેજ; પરંતુ પાત્ર મુજબ જ્ઞાન આપું છું એમ કેમ કહ્યું હશે?

જીવણ: સાંભળો. સૂત્રના અભ્યાસીઓ તેમની કલ્પિત વાતોની હાજી હા ભણે નહિ. તેઓ તેજ સ્થળે સિદ્ધાંતાનુસાર સત્ય વાત પ્રત્યક્ષ કરી દે અને તેઓ જ્યારે તેમની વાતને અંગીકાર ન કરે ત્યારે કવિશ્રીને પોતાના સેવકો પ્રત્યે જરૂર એમજ કહેવું પડે કે

માફક ઝળહળી રહેલ છે. જે શ્રીમદ્ મહાવીરના સાચા અનુયાયી તરીકે બહાર પડવા માગે છે, જે પોતાનો એક નવોજ પંથ સ્થાપવા માગે છે, જે મહાવીરના કરવા મુજબ કરવા ભેટ બાંધે છે, તેના હૃદયના ઉંડાણમાંથી " જેવું હૈયે તેવું હોઠે ' એ કહેવત મુજબ રતુ આપવામાં ના ન પાડું એવું અતિપ્રિય વાક્ય નીકળે છે અને શ્રીમદ્ના સેવકો આ સુંદર વચનામૃતને ઝીલી લ્યે છે અને પ્રેમ પૂર્વક આદર આપતા હોય તેમ અંગીકાર કરી વચનામૃત બહાર પાડે છે. વચનામૃતમાં શ્રીમદ્ કહે છે કે ' છબી પડાવું નહિ ' છતાં પણ શ્રીમદ્ રાજચન્દ્ર ગ્રંથમાં રાજચન્દ્રની છબીઓ નજરે આવે છે. એ ઉપરથીજ સ્પષ્ટ સમજાય છે કે બોલવું છે બીજું અને કરવું છે બીજું. ' પરોપદેશે પાંડિત્યમ ' ની માફક છે. તેમના અનુયાયીઓ આજે શ્રીમદ્ની છબીનેજ સર્વસ્વ માની બેઠા છે. શ્રીમદ્ જ્યારે એમ જણાવે છે કે સજીવન મૂર્તિ ને ઉપદેશકથીજ તમારો ઉદ્ધાર થશે તો પછી આ નિર્જીવ છબીથી શ્રીમદ્ના અનુયાયીઓનો શું ઉદ્ધાર થવાનો ? તેટલું પણ તેના રાગાંધ સેવકો સમજી શકતા નથી.

સુખલાલ : " દીવસમાં ઘણી વખત ખાઉં." એ પણ નીતિ-વચનમાં આવે છે.

શીવજી : આપનું કહેવું સત્ય છે. વિચારો, કે આવા નીત-વચનો કોઈ ડાહ્યો અને જ્ઞાની પુરૂષ બહાર પાડે કે ? જેમ બને તેમ આહાર ઓછો કરવા, ઉણોદરી કરવા, અને તે રીતે પણ તપ કરવા જ્ઞાની પુરૂષોનો બોધ હોય છે. પરંતુ આવા વચનો પોતાની ઇચ્છાનુસાર લખી નીતિ વચનો તરીકે લેખ્યાં અને તેમના અનુયાયીઓએ સર્વજ્ઞના વચન હોય તેમ માની વધાવી લીધા.

સુખલાલ : શ્રીમદ્ના અનુયાયીઓ પ્રકાશક પુરૂષ તરીકે કોને માને છે ?

જાળવતા આવ્યા છે. પરંતુ કોઈપણ શાસન પ્રવર્તાવનારા અરિહંત પરમાત્માએ એમ નથી કહ્યું કે અમે કહ્યું છે તેવું અગાઉ કોઈએ કહ્યું નથી અને અમે જ સ્વયં છીએ. આ પ્રણાલિકા અગાઉથી ચાલી આવી છે. અને અદ્યાપિ અવિચલ રહી છે. જ્ઞાનાચારના આઠ આચાર પૈકીમાં એક આચાર એવો પણ છે કે જ્ઞાન દાતાનો અપલાપ નહિ કરવો. એટલે જ્ઞાનીએ કહેલાં વચનને પોતાને નામે નહિ કહેવું. એવો અપલાપ કરનારા પ્રભુ શાસનની ઘોર વિરાધના કરનારા છે, અને પોતે ડુબી બીજાને ડુબાડનારા છે. આથી જ જ્ઞાનીઓએ જીન આજ્ઞાને જ ધર્મ કહ્યો. જ્યાં આ સ્થિતિ છે, જ્યાં આવું પ્રતિપાદન છે, ત્યાં પોતાની મતિ કલ્પનાને સ્થાન જ કેમ હોય ? છતાં પોતાની મતિ કલ્પના કોઈ ચલાવે તો એને જૈન શાસનમાં સહજ પણ સ્થાન નથી. જગતમાં સઘળી વસ્તુઓની પ્રાપ્તિ રહેલી છે પરંતુ ધર્મની પ્રાપ્તિ થવી કઠીન છે. એટલે આરાધના કરવા ઈચ્છનારે પોતાનું આખું જીવન શ્રી જીન-આજ્ઞાને જ સમર્પણ કરી દેવું જોઈએ. આવી રીતે આજ્ઞાધીન મહાપુરૂષોએ અનંતજ્ઞાની શ્રી અરિહંત પરમાત્માના માર્ગને અવિચ્છીન્ન ચલાવ્યો છે. એવા માર્ગને અનુસરી પોતાનું કલ્યાણ સાધવા ઈચ્છતાં આત્માઓએ તેમના કથન મુજબ જ વર્તવું જોઈએ. પણ તેમાં પોતાની બુદ્ધિની કલ્પના કરી વર્તવું એ યોગ્ય નથી. શ્રી જૈન શાસનના આરાધક કહેવડાવવું અને એ શાસનનાં સૂત્રોનો અપલાપ કરવો, તેથી વિરૂદ્ધ વિચાર કરવો, તેથી વિરૂદ્ધ ઉચ્ચાર કરવો, કે તેથી વિરૂદ્ધ વર્તન કરવું એ આરાધકપણાનો દંભ છે. તેમાં આરાધનાને બદલે વિરાધના થાય છે, અને એમ થતાં હિતને બદલે અહિત થાય છે. નિન્હવો શાસનના એક પણ અક્ષરથી વિરૂદ્ધ થતાં તો શાસનમાં રહી શક્યા નહિ, અને વિરાધના કરી દુર્ગતિગામી થયા.

એવી સ્થિતિ અજ્ઞાનતા અથવા તો મતિ દોષથી—પોતાની ન થાય તેનો આત્મહિત ઇચ્છનારા આત્માએ ખાસ ખ્યાલ કરવો જોઈએ.

અર્થાત્—મૂળ પ્રકાશક પુરૂષ તરીકે શ્રી અરિહંત પરમાત્મા જ છે અને બીજો કોઈ નથી. એવી માન્યતા દઢ થવી જોઈએ. એવી માન્યતા વિના બીજાને પણ માર્ગના મૂળ પ્રકાશક માનનાર આરાધકને બદલે વિરાધક બને છે. જ્ઞાની મહા પુરૂષો તો સ્પષ્ટ રીતે ફરમાવે છે કે શ્રી અરિહંત પરમાત્મા વિના જે કોઈ પોતાની જાતને મૂળ પ્રકાશક તરીકે ઓળખાવે તેમજ શ્રી અરિહન્ત પરમાત્માએ પરૂપેલા માર્ગનો અપલાપ કરે તે 'અદૃષ્ટવ્ય મુખ' છે. જ્યાં એવી સ્થિતિ હોય ત્યાંથી બચવું એ અનિવાર્ય છે. અને એ સ્વીકારવું જ જોઈએ. જો એ સિદ્ધાંત ન સ્વીકારાય તો અરિહંત પરમાત્મા મોટા છે એ તો કહેવા પુરતું જ કહેવાય. માટે હૈયામાં એ નિશ્ચિત થવું જોઇએ કે શ્રી અરિહન્ત પરમાત્મા સિવાય આ શાસનના સ્થાપક, પ્રરૂપક અને મૂળ પ્રકાશક અન્ય કોઈ જ નથી. પરન્તુ આ શ્રીમદ્ રાજચન્દ્રે પ્રકાશક પુરૂષ તરીકે પોતે જ હોવાનુ ઠસાવ્યુ છે અને પ્રકાશક પુરૂષ (શ્રી અરિહંત સર્વજ્ઞ) તરીકેની પૂજાવાની દુષ્ટ લાલસાવાળા શાસ્ત્ર વિરૂદ્ધ વાતો કરે તેમાં શું આશ્ચર્ય છે ! આવી હિતશિક્ષા આપનારને સીધો ઉત્તર નહિ આપતાં કેવી રીતે એ તર્ક ઉઠાવે છે અને પોતાને મહાન મનાવવા કેવા પામા કેકે છે. એ આ ઉપરથી બરાબર સમજી શકાય તેમ છે. શ્રીમદ્‌ને પત્ર લખનાર જણાવે છે કે, "દશ પૂર્વધર આદિની આજ્ઞાનું આરાધન કરવાની મહાવીરદેવની શી આજ્ઞા છે ?" ત્યારે આ કવિ મિથ્યાભિમાની અને પોતાને જ મહાન તરીકે ઓળખાવવાની ભાવનાથી ભરેલા જણાવે છે કે એનો તો પર્યુષ કર્યું હતું પણ રહ્યું છે કોણ? અને પ્રકાશક પુરૂષ તો મુહપત્તામાં છે.

આથી અધિક મિથ્યાભિમાન અને મહાન બનવાની બીજી ભાવના કેવી હોય !

સુખલાલ: આપના કહેવા ઉપરથી સ્પષ્ટ જણાય છે કે શ્રીમદે પોતાને ઉદ્દેશીને "પ્રકાશક પુરૂષ" શબ્દ વાપર્યો છે. પરંતુ...... આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન, શ્રી વર્ધમાનને વિશે હતું એમ જણાય છે." પૃ. ૩૨૭. એમ શ્રીમદે શા વાસ્તે જણાવ્યું હશે ?

શીવજી: આમાં શ્રીમદ્ એમ જણાવે છે કે પોતાને સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન એ મહાવીરમાં હતું. આવા પ્રકારની ધૂર્તતા પ્રાયઃ બીજો કયો અજ્ઞાન લેખક કરે! આવા ધર્મ ઠગો પોતાનું અને પારકાનું બન્નેનું બગાડે છે. પોતાને થયેલું જ્ઞાન મહાવીરમાં હતું એમ તર્ક કરનારા મૂર્ખાનંદોને શું કહીયે !'

સુખલાલ: આત્મજ્ઞાનથી જ મોક્ષ છે. તો પછી વ્રતનું પ્રયોજન શા વાસ્તે હોવું જોઇએ ?

શીવજી: સાંભળો. પરમાત્મા પ્રકાશમાં પા. ૧૯૩ માં જ આ પ્રશ્નનો જવાબ મળે છે.

"યહાં પર યહ કોઈ પ્રશ્ન કરે-વ્રતસે ક્યા પ્રયોજન હૈ ? આત્મભાવનાસે હી મોક્ષ હોતી હૈ. 'ભરતજી મહારાજને ક્યા વ્રત કીયા થા' વે દો ઘડીમેંહી કેવલ જ્ઞાન પાકર મોક્ષ ગયે. ઉસકા સમાધાન ઐસા હૈ કી ભરતેશ્વરને પહેલે જીન દીક્ષા ધારણ કી. શીરકે કેશ લુંચન કીયે. હીંસાદિ પાપોકી નિવૃત્તિરૂપ પંચ મહા વ્રત આદરે. ફીર એક અંતઃ મુહર્ત મેં સમસ્ત વિકલ્પ રહિત મનવચન કાય રોકને રૂપ નિજ શુદ્ધાત્મ ધ્યાન ઉસમેં ઠહર કર નિર્વિકલ્પ હુએ. ઔર ભોગે હુએ ભોગોંકી વાંછા રૂપ નિદાન-બન્ધાદિ વિકલ્પોસે રહિત હુએ. ઐસે ધ્યાનમેં તલ્લીન હોકર કેવલી

ઈસ સમયમેં શુક્લધ્યાન નહિ હૈ. કિંતુ ધર્મધ્યાન હૈ.

એટલે આ સમયમાં પણ ચારિત્ર ધારણ કરવાવાળા મુનિઓ નથીજ એમ કહી શકાય નહી. શ્રીમદ્ ગુરૂઓને અને સાધુઓને કુગુરૂ કહે છે. તે ફક્ત પોતાની આત્મશ્લાધા વધારવા; તે સિવાય કાંઈ પ્રયોજન નથી.

શ્રીમદ્ સંબંધમાં નવીનરાજ નામનું પુસ્તક મુનિશ્રી આણંદ સાગરજીએ બહાર પાડયું છે. તે આપે વાંચ્યું છે કે ?

સુખલાલ : મેં એ પુસ્તક નથી વાંચ્યું. એ પુસ્તકમાં શ્રીમદ્ બાબતમાં શું લખાણ છે ?

શીવજીઃ સાંભળો. એ નવીનરાજ પુસ્તકમાં શ્રીમદ્ બાબતમાં ટુંકમાં લખાણ થયેલ છે.

(૧) જીનરાજ કરતાં પણ પોતે (શ્રીમદ્) વધારે ઉપકારી છે. અને એટલા માટે તેમની ભક્તિમાં લક્ષ ન અપાય ત્યાં સુધી આત્મ વિચાર ન ઉગે, એવી કવિની દલીલનું ખંડન કરવામાં આવ્યું છે. (૨) ક્રિયાનું છેક જ ઉચ્છેદન કરી 'આરંભ પરિગ્રહ મૈથુન કુટુંબ આદિની પ્રવૃત્તિ કરનારને સદ્ગુરૂ ઠરાવી સાધુઓને અને શ્રાવકોને ધુંટણીએ પાડે છે એ વર્તણુકને વખોડી કાઢી છે. અને આમ કરવામાં લેખક શાસ્ત્રનું કારણ રજુ કરે છે કે-શાસ્ત્રકારો, ઇંદ્રો તથા કેવળી તો એમ કહે છે કે કેવળજ્ઞાન થયું હોય તો પણ વેષ વિનાના મનુષ્યને વંદન કરવું નહી.

દોહરો.

કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન,
કહીયે કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.

એવી કવિની વ્યાખ્યાના ખંડનમાં લેખક લખે છે કેઃ-આ શબ્દોથી પોતાનું સંસ્કૃત માગધી આદિ જરૂરી ભાષાનું અજ્ઞાનપણું

સુખલાલ : શ્રીમદ્ રાજચન્દ્ર ગ્રંથમાં સુંદર લખાણ છે કે કેમ?

શીવજી : શ્રીમદ્ રાજચન્દ્ર ગ્રંથમાં શ્રીમદ્દનું સુંદર લખાણ નથી એમ એકાંત હું કહેવા માગતો નથી. મનુષ્યમાં ગુણ અવગુણ બન્ને હોય, તેમ શ્રીમદે ઘણાં ઘણાં સારા વિચારો દર્શાવ્યા પણ છે. નાની વયમાં "મોક્ષમાળા" જે લખી છે, તેમાં ઘણા સારા વિચારો દર્શાવ્યા છે.

પુષ્પ પાંખડી જ્યાં દુભાય, મહાવીરની ત્યાં નહિ આજ્ઞાય,
સર્વ જીવનું ઇચ્છો સુખ, મહાવીરની એ શિક્ષા મુખ્ય.

એ સિવાય કેટલીક કવિતાઓ પણ ઘણી સારી ઉમદા વિચાર દર્શાવવા વાળી છે. શ્રીમદ્દનું જે લખાણ સત્ય હોય, સૂત્ર સિદ્ધાંતોની સાથે મળતું હોય તે લખાણ સંબંધે દોષ કાઢવા એ યોગ્ય કહેવાય જ નહિ. પરંતુ ભોજન ઘણુંજ ઉમદા હોય, પણ તે વિષ યુક્ત હોય તો શા કામનું? એમ શ્રીમદ્દના વિચારો ઘણાજ સુંદર હોય પણ ઉત્સૂત્ર રૂપી ઝેર ભળતું હોય તે શા કામનું?

સુખલાલ : શ્રીમદ્દનું જે લખાણ સૂત્ર અનુસાર હોય તે આપ મને બતાવશો કે?

શીવજી : જરૂર. શ્રીમદ્દનું લખાણ સૂત્ર સાથે મળતું હોય—કયા સૂત્રમાંથી એ લેવાયેલ છે, સૂત્રની વાતને કેટલે અંશે વધારી છે. ઘટાડી છે, કે ફેરફાર કર્યો છે. કયા ગ્રન્થમાંની હકીકત શ્રીમદે જણાવેલી છે. એ બધું વિવેચન સમાગમે કરશું. શ્રીમદ્ તરફ દ્વેષ કે તિરસ્કાર મને નથી પરંતુ જે કાંઈ વિરોધાભાસ આવે છે તેજ તમોને દેખાડું છું.

ઘડીયાળમાં પાંચના ડંકા થાય છે.

મિત્ર. હું જાઉં છું. આપની ઇચ્છા હોય તો હું આવતી કાલે આવું.

સુખલાલ : જરૂર આવજો.

શીવજીભાઈ પોતાને ઘેર જાય છે.

જૈન સમાચાર તા. ૧૮ મી નવેમ્બર ૧૯૦૭

" જૈન પત્રમાં અપાયેલી ચેતવણી "

મર્હુમ કવિ રાયચંદના વિચારોનું અવલોકન.

મર્હુમ કવિ રાયચંદ કે જે ' કવી ' એવા એક જ શબ્દથી વધારે સારી રીતે ઓળખાય છે, અને જહેમનું રહસ્ય ખુલ્લું કરી જૈન કોમને ચેતવણી આપવા કોઈ મૂર્તિજક શ્વેતાંબર જૈન વર્ગના મુનિરાજે ' નવીનચંદ્ર ' નામનું નાનું પેમ્ફલેટ રચવા ઉપરાંત ' જૈન ' પત્રના તા. ૩૦ મી નવેમ્બરના અંકમાં ' સુધરેલી પોલીસીથી લોકોને આડે માર્ગે દોરનારથી બાળજીવોએ ચેતતા રહેવું ' ઈત્યાદિ શબ્દો પ્રગટ થયા છે, તે ' કવિ ' લોકોના હૃદય વશ કરવામાં એક જાતનું હીપ્નોટીઝમ અજમાવતા, એમ ત્હેમનાં લખાણો પુરવાર કરે છે. મતલબ કે will power (ઈચ્છા શક્તિ) ને કેળવવાથી જે કાંઈ ચમત્કારો ઘણાએ યુરોપીઅનો અને અમેરીકનો આજે પણ બતાવે છે. તેમ તેઓ માત્ર ઈચ્છા શક્તિ ધરાવતા. પણ તે ઈચ્છા શક્તિને આત્મિક ઉત્ક્રાન્તિની અવધિ તરીકે કેવલ્યજ્ઞાન તરીકે– જીવનમુક્ત દશા તરીકે ઠરાવવા તેઓ હરેક પ્રકારે પ્રયત્નશીલ હતા.

ઈચ્છાશક્તિ અને અધ્યાત્મજ્ઞાન વચ્ચે લાખ્ખો માઈલનું છેટું છે, પણ સામાન્ય પ્રજા તેમ જાણતી નથી. હાથ ચાલાકીના ખેલને મંત્રનો પ્રતાપ સમજવાની ભૂલ કરી હિમાલયમાં કોઈ સિદ્ધપુરૂષોની શોધમાં ફરનાર ઘણાએ પામરો ખુવાર થયા છે, પરંતુ એવા પામ-

નથી આવ્યા ? મગજના બળવાળા મહાન લેખકો શું દેશદ્રોહી નીવડેલા જોવામાં નથી આવ્યા ? જ્યારે બીજા હાથ પર, મગજનું ઘણુંજ થોડું બળ ધરાવતા છતાં હૃદયનું બળ ધરાવતી ગામડીઅણ કુમારીકા (જોન ઓફ આર્ક) એ લડાઈનું કાંઈ પણ જ્ઞાન ન હોવા છતાં લશ્કરની આગેવાની લઇને ઓર્લીઅન્સનો કીલ્લો બચાવ્યો હતો. તે બોલી "મ્હને પ્રેરણા થઈ છે કે મારે મ્હારો દેશ બચાવવો." ગરીબ બીચારી ગામડીઅણ ! ત્હેણે ક્યારે લડાઈ જોઈ હતી ? ત્હેણે ક્યારે યુદ્ધકળાનાં પોથાનો અભ્યાસ કર્યો હતો ? પણ તેના હૃદયબળે ત્હેને દરેક શક્તિ આપી અને ત્હેણે નામ અમર કર્યું.

મગજનું બળ ધરાવનારા ઘણાએ માણસો એ બળનો ઉપયોગ બીજાઓને (એક યા બીજા રૂપમાં) ઠગવા–લુટવાનો કરતા અવાર નવાર જોવામાં આવે છે પણ હૃદયના બળવાળા મનુષ્યોનું કામ તો એ બળ લોકોને મદદ કરવાને રસ્તે વાપરવાનું હોય છે. એ હૃદય બળવાળા મનુષ્યો કદી એમ નથી કહેતાં કે અમે ઈશ્વર છીએ, કે અમે સર્વજ્ઞ છીએ.

ઇચ્છાશક્તિને કૈવલ્ય તરીકે ભૂલવી, એ હાથ ચાલાકીને મંત્ર–જંત્ર તરીકે ભૂલવા બરોબર છે, એમ જણાવ્યા પછી હવે આપણે જોઈશું કે કવિના લખાણોમાં ચાલાકી વિશેષ છે કે આત્મસિદ્ધિ ?

"કવિ" ના લખાણોની ચાલાકી બતાવ્યાં પહેલાં કહેવાની જરૂર છે કે, હીપ્નોટીઝમ વિદ્યાનો મોટો આધાર બોલવાની ચાલાકી ઉપરજ છે. સામાને એમ મનાવે કે ત્હારા કરતાં હું વધારે સમર્થ છું, પછી એવા ઉત્તાપવાળા મગજમાં દૃઢ અવાજથી એવા વિચારો રોપે, કે જે વિચારો ત્હેને માનનીય જ લાગવા જોઈએ. દાખલા તરીકે હીપ્નોટીઝમના વિદ્યાર્થીઓને શરૂઆતમાં જ આવો એક પ્રયોગ કરવો પડે છેઃ–હીપ્નોટીસ્ટ (હીપ્નોટીઝમ કરનાર માણસ) એક માણસને ટટાર

(૧) ૨૩ મા વર્ષે લખાયલા ૯૪ મા લેખમાં લખે છે કેઃ—

" તીર્થંકર જે સમજ્યા તે અને પામ્યા તે આ કાળમાં ન સમજી શકે અને ન પામી શકે તેવું કંઈ નથી; આ નિર્ણય ઘણા વખત થયાં કરી રાખ્યો છે. જો કે તિર્થંકર થવા ઇચ્છા નથી, પરંતુ તિર્થંકરે કર્યા પ્રમાણે કરવા ઇચ્છા છે; એટલે બધી ઉન્મત્તતા આવી ગઈ છે; તેને સમાવવાની શક્તિ પણ આવી ગઇ છે, પણ ચાહીને સમાવવાની ઇચ્છા રાખી નથી."

× × × ×

" દૃઢ નિશ્ચય કર્યો છે કે, એ દશાને પામી, પછી પ્રગટ-માર્ગ કહેવો-પરમાર્થ પ્રકાશવો; ત્યાં સુધી નહિ. અને એ દશાને હવે કાંઈ ઝાઝો વખત પણ નથી. પંદર અંશે તો પહોંચી જવાયું છે."

× × × ×

" વેદોદયનો નાશ થતાં સુધી ગૃહવાસમાં રહેવું યોગ્ય લાગે છે. પરમેશ્વર ચાહીને વેદોદય રાખે છે, કારણ પંચમકાળમાં પરમાર્થની વર્ષાઋતુ થવા દેવાની તેમને થોડી જ ઇચ્છા લાગે છે."

(૨) એજ લેખમાં લખે છે કે દશ પૂર્વધારી ઇત્યાદિકની આજ્ઞાનું આરાધન કરવાની મહાવીરદેની શિક્ષા વિશે આપે જણાવ્યું તે ખરું છે. એણે તો ઘણુંય કહ્યું હતું; પણ રહ્યું છે થોડું અને પ્રકાશક પુરૂષ ગૃહસ્થાવાસમાં છે."

પ્રકાશક પુરૂષ એકજ છે-અને તે ગૃહસ્થાવાસમાં છે. મતલબ કે, બીજી જગાએ ત્હેમણે કહ્યું છે તેમ, આ યુગમાં પણ મોક્ષ તો હેજ અને જ્હેમને મોક્ષ મળશે ત્હેમને રાયચંદ મારફત જ મળશે. મતલબકે મોક્ષ માટે ત્હેમને શરણે જવું. એ એકજ રસ્તો છે.

આટલું ટાંક્યા બાદ તેઓ ૨૪ મા વર્ષના ૧૫૧ મા પત્રમાં કહે છે કેઃ—

વધારે જોરથી હીપ્નોટીઝમ કરે છે કેઃ-

"છેવટે આજે, કાલે અને બધે-વખતે આ કહેવું છે કે, આનો (રાયચંદનો) સમાગમ થયા પછી સર્વ પ્રકારે નિર્ભય રહેતાં શીખવું. આપને આ વાક્ય કેમ લાગે છે?"

પોતાના સમાગમથી સર્વ પ્રકારે નિર્ભય થવાય એમ મજબુતપણે ઠસાવીને પછી વળી કાલા થઈ પૂછે છે. "હં, આ વાક્ય કેમ લાગે છે?" કેમ લાગે છે શું? 'અમૃતની સચોડી નાળીએરી' ને તે વળી તેહેત વચન કહ્યા સિવાય ચાલે? શું આ હીપ્નોટીઝમ નથી?

ને માટે કવિ રાયચંદ કહે છે કે તે તર્યો નથી, અસદ્‌ગુરૂ છે, રા આલંબન દે છે, પોતે આંધળા હોઈ બીજાને માર્ગ બતાવે અને જરા માર્મિક રીતે કહે છે કે તે તો અભવ્ય હતા, એમના યોં કોઇ શી રીતે તરે ?

સ્થાનકવાસી જૈન વર્ગનું શું આ જેવું તેવું અપમાન છે ?

પોતાને જગતમાંની એકની એક નાવા ઠરાવનાર કવિ ક સ્થળે-કહે છે કેઃ—

"કોઈ એક સત્ પુરૂષ શોધો અને તેના ગમે તેવાં વચનમાં દ્ધા રાખો."*

પોતે એકાવતારી હોવાનો ખુલ્લી રીતે દાવો કરનાર કૈવલ્ય ાની રાયચંદજી કેવી રીતે હીપ્નોટાઈઝ કરે છે તે જોયા પછી

* દરેક મહાત્મા એમ કહે છે કે "હું કહું છું માટે ખરૂંજ ત્રુ જોઇએ એમ ન ધારતા, પણ વિચાર કરતાં ખરૂં લાગે તોજ ખરૂં માનજો." ત્યારે 'કવિ' તો મનાવવા માગે છે કે, અમારા ામે તેવાં વચનને પણ તેહેત વચન માનો. ભક્તિપરાયણા કોઈ ીને પૂર્વ જન્મનો સંબંધ બતાવી પોતાને ભવોભવ ઇચ્છવા કહે કે. અને તેમની સોબતમાં હોય ત્યારે સર્વ પ્રકારે ત્હેમને આનંદ ાય તેમ રહેવા તથા વિનોદી સંભાષણ તેમનાથી કરવા ફરમાવે કે અને પોતે ત્હેમને બોધ આપશે તેથી બીજી સંપત્તિઓ પ્રાપ્ત ારવા સાથે તેણી રૂપસંપન્ન પણ થશે અને 'તે દશા જોઈ' 'કવિ' રાજ 'પરમ પ્રસન્ન' થશે એમ જણાવે છે. આવાં વચનોમાં સંપૂર્ણ ્રદ્ધા આંખો મીંચીને રાખવી એમ ફરમાવે છે અને હીપ્નોટીઝમના ોગ થએલાં મનુષ્યો પોતા ઉપર આવા પ્રયોગો ખુશીથી અજમાવવા દે છે. સ્મરણ શક્તિ, વિચાર શક્તિ, ઇચ્છા શક્તિ આદિ સુંદર શક્તિઓનો આ કેવો ઉપયોગ !

જૈન સમાચાર તા. ૧૬ મી ડીસેમ્બર ૧૯૦૭

'જૈન' પત્રમાં અપાયેલી ચેતવણી.

મર્હુમ કવિ રાયચંદના વિચારોનું અવલોકન.

(૫)

કવિ રાયચંદ કે જેનામાં કાવ્ય શક્તિ અને હીપ્નોટીક શક્તિ ઉપરાંત લેખક તરીકેની સારી શક્તિ હતી, તેમણે જો એ શક્તિનો ઉપયોગ પોતાને કેવલ્યજ્ઞાની અને જગતના એકલા તારનાર તરીકે મનાવવામાં ન કર્યો હોત તો, એમ કરવા માટે સાધુ માત્રને હલકા પાડવાનું પગલું તેમને ભરવું પડત નહિ, પોતાના ખરા ગુણો પણ જેથી ઢંકાઈ જાય એવી અત્યંત આત્મશ્લાઘા કરવી પડત નહિ અને શ્રી વિતરાગના વચનોને કેવળજ્ઞાનની વ્યાખ્યા વગેરે બાબતોમાં ખોટા રૂપમાં સમજાવવા પડત નહિ. પરંતુ એથી ઉલટું તેઓ એકને કાંઈક મગતા લેખક તરીકેનું માન મેળવી શકત અને જો સંસાર ત્યાગ્યો હોત તો પ્રખ્યાત આનંદઘનજીની તોલમાં પણ આવી શકત, પરંતુ કુદરતે તેમને બક્ષેલી સુંદર શક્તિઓ માત્ર માનના લોભને લીધે શણગારને બદલે તેમને બેડીરૂપ થઈ પડી એ સંતજનોને ખેદ ઉપજાવે તેવું બન્યું છે. કવિના લખાણોનું અવલોકન કરવા અગાઉ શરૂ કરાયેલા આ લેખમાં અગાઉ કહેવાઈ ગયું છે કે, એમના વિચારો આદિની ખૂબીઓ-સુંદરતાઓ પણ અત્રે બતાવવામાં આવશે, એ વચન અનુસાર પ્ર ...

તેમજ વિદ્વાનો પણ અભિમાનમાં ચ્હડી જઈ ઘણાએ અનર્થો કરી બેસે છે. સાધુવર્ગમાં કાળના પ્રભાવે હજારો દોષ હોવાનું કબુલ કરીએ તો પણ કાંઈ સર્વ સાધુ તેવા નથી. અને જે દોષિત છે તેમને સુધારવાનો અને હવેથી દોષિત પુરૂષોને સાધુ પદ ન આપવા દેવાનો પ્રયત્ન કરવો એજ વિદ્વાનોનું કર્તવ્ય છે, નહિ કે સર્વ સાધુ વર્ગ પર ' હરિની અવકૃપા છે" એમ કહી સાધુઓને છેકજ ધિક્કારો, ત્હેમને ' કુળગુરૂ' ઠરાવી, અને દરેક પંથને ' કુળધર્મ ' ઠરાવી દુર બેઠાં બેઠાં હાંસી કરવી એમાં પવિત્રતા કે ધર્મિષ્ટપણું સમાતું હોય. પ્રવૃત્તિના આ જમાનામાં કાંઈ પણ ઉપકાર થવાનો સંભવ હોય તો તે સાધુવર્ગ તરફથીજ થવાનો અને થાય છે. તે સંસ્થા ઉપરજ લોકોને કંટાળો ઉત્પન્ન કરાવવો એ જબરામાં જબરૂ પાપ અને ધર્મદ્રોહ છે. એમ ન્યાયપક્ષે કહી શકાય. સાધુ ઉપર તિરસ્કાર જનસમાજમાં ઉત્પન્ન કરાવનારે એટલો તો ખ્યાલ કરવો જોઇતો હતો કે, (૧) પોતાને જે કાંઈ જ્ઞાન થયું તે પ્રથમ તે સાધુ મારફતજ થયું હતું. (૨) દોષીત કે નિર્દોષ પણ સાધુવર્ગ ન હોત તો આજ જૈન ધર્મનો અંશ પણ આપણા સુધી રહેત નહિ. (૩) સાધુ બંધ કરીએ (દલીલ ખાતર ધારોકે) અને પોતાને 'હરિ' માનનારને જ પૂછીએ તો પણ શું દુનિયા તરવાની હતી ? શું તે 'હરિ' અમર છે ! શું ત્હેના પછીના ' હરિઓ ' ત્હેના જેવા થશે એમ તે ખાત્રી આપી શકે છે ! શું હાલના બીચારા (કારણકે ઢેર ઢેર તેઓની લઘુતા રાયચંદ કરે છે છતાં ત્હેમનો સત્યાર્થે બચાવ કરનાર પણ કોઈ નિકળી નથી આવતું તો ત્હેમને ' બિચારા ' નહીં તો બીજું શું કહેવું !) સાધુઓ જેવા અગર તેથી પણ ખરાબ તેઓ આગળ જતાં નહીં બને ! આટલા વિચારો જો કર્યો હોત તો મર્હુમ કવિ રાયચંદ કદી નીચેના શબ્દો ન લખત:—

" બીજી બધા પ્રકારની કલ્પનાઓ મુકી, પ્રત્યક્ષ સત્પુરૂષ-

સાધુઓ 'અજ્ઞાની' છે અને એમણે જંગતને ' સાવ ' ડુબાવી દીધું છે એટલું જ કહીને મૌન રહ્યા હોત તો કદાચ કોઈ હૃદયભાવ સમજવામાં ઓછા પ્રવીણ પુરૂષો એમ પણ કહેત કે એમણે તો માત્ર ચાલુ વસ્તુ સ્થિતિનો ચિતાર આપ્યો છે, ત્હેમને એમાં કશો અંગત સ્વાર્થ નહોતો; પરંતુ ' ઘડો પૂરો ભરાય તે ફુટવા માટેજ ' એમ અત્યંત માન જ્યારે ઉભરાઈ આવે છે ત્યારે તે માનભંગ થવા માટે સહેજે માણસ ન બોલ્યાનું બોલી જાય છે–જો કે બીજીજ પળે તે બોલવા માટે કદાચ ત્હેને પશ્ચાતાપ પણ થાય. તેમ કવિ સાધુઓ ઉપર ટીકા કરી મૌન રહેવાથી પોતાનો આશય પૂર્ણ કરી શકે તેમ હોવા છતાં માનની તીવ્ર ક્ષુધાએ ત્હેમને એવું બોલવા પ્રેરીને ફસાવ્યા કે–' અમારી કહેલી દરેકે દરેક વાત સંભારી સંભારીને વગેરે વગેરે તથા સત્પુરૂષના આશ્રયે તેની આજ્ઞા મુજબ વર્તો (અમારી આજ્ઞા મુજબ ચાલો) તો ઉપકાર થાય–કલ્યાણ થાય.

મ્હને માનો–મ્હને પૂજો–મ્હને કૈવલ્ય જ્ઞાન થયું છે–હું એકાવતારી છું–હું હરિ છું–હું એકલોજ આ કાળનું સફરી જહાજ છું–મારે શરણે આવેલાઓએ કશો ભય રાખવોજ નહીં–આવા વાક્યો ' શ્રીમદ્ રાજચંદ્ર'ના આખા પુસ્તકમાં સેંકડો છે. એમાંના કેટલાક પત્રો વાંચતાં જણાય છે કે અમુક પુરૂષોને કવિ પૂછે છે કે કેવળજ્ઞાન આ કાળમાં હોઈ શકે કે નહીં એ સંબંધી તમારૂં શું મત છે! એમ ઉદેરી ઉદેરીને પૂછયા બાદ પોતે ખુલાસા કરવાનો પ્રસંગ મેળવીને લખે છે કે મને તે જ્ઞાન છે, અને એ તમારે માનવુંજ જોઈએ. જે પુરૂષે આ પુસ્તકમાં સેંકડો વાર લખ્યું છે કે ' ધર્મવાર્તા કરવાની પ્રવૃત્તિ પણ ગમતી નથી ' તે માણસ વગર પૂછયે ' હું ' કેવળ જ્ઞાની છું ' એમ કહેવા તથા સમજાવવા કોશીશ કર્યાંજ કરે એ શું સૂચવે છે !

આટલા બધા અનર્થમાં મર્દુમને ઉતારી પાડનાર મોહરાજાની

પ્રકરણ ૬ ઠું

જ્ઞાન ચર્ચા

સ્થળ : સુખનિવાસ   સમય બપોરના ૧૨

સુખલાલશેઠ પથરણુ પાથરી, બાજુમાં કાચનું ઘડીયાળ રાખી, સામે મોરપીછાનો સાવરણો રાખી, મુહપત્તી પંથરણા ઉપર રાખી શ્રીમદ્ રાજચન્દ્ર ગ્રંથ શાન્ત ચિત્તે વાંચી રહ્યા છે, ત્યાં શીવજી ભાઇ આવે છે.

" કેમ સુખલાલભાઈ, શું વિચાર કરો છો ?" શીવજી ભાઇએ કહ્યું.

સુખલાલ : ગ્રંથ વાંચતાં વાંચતાં વિચાર આવે છે પરંતુ કાંઈ સમજણ પડતી નથી. સારૂં થયું આપ આવ્યાઃ આપ આપનું કાવ્ય ચલાવો.

શીવજી :

પંદર અંશે પહોંચી ગયા છી, મુહપતીનો આગ્રહ છોડો;
શિક્ષા સાચી પ્રમાણ માની, સદ્ગુરૂને ચરણે દોડો.
પંચમ કાળે મોક્ષ મળે નહિ, દિન પુરૂષાર્થી બોલે છે;
ડરશો નહિ તમે કોઇ પ્રકારે, અમ જેવા તમ સાથે છે.

ભાવાર્થ : મરહુમ કવિ રાયચંદ જણાવે છે કે પંદર અંશે તો

સુખલાલ : સાંભળો. મોરપીછા છે તે બહુજ સુંવાળી વસ્તુ છે. તે જીવદયાના કારણે જ રાખ્યો છે. સુક્ષ્મ નાના જંતુની રક્ષા અર્થે.

શિવજી : જો મોરપીછાના સાવરણાથી જીવદયા સારી રીતે પાળી શકાતી હોય, તો તીર્થંકર ભગવાન તો સર્વજ્ઞ કેવળી હતા. તેઓ શા સારૂ મોરપીછાનો સાવરણો રાખવા સાધુને ઉપદેશ ન કરે. અને રજોહરણ રાખવાનો ઉપદેશ કરે. છતાં પણ આપ જીવદયા વાસ્તે ગખવામાં આવ્યાનું જણાવો છો તો મુહપત્તી જે મુખ ઉપર બાંધવામાં આવે છે તે પણ નાના સુક્ષ્મ વાયુકાયના જંતુના રક્ષણ અર્થેજ. મુહપતી બાંધવાને વાસ્તે. તે સિવાય કોઈ કારણ સૂત્રમાં અપાયેલ નથી. મુહપતી, રજોહરણ, કપડા આદિ આત્મા નથી એ નિર્વિવાદ સત્ય છે પરંતુ એ ઉપદેશની ઝાંખી કરાવનારાઓ કપડા મુહપતી આદિ કેમ રાખે છે. તેનો વિચાર સરખો પણ કરતા નથી. આત્મવાદનું ભાન કરાવતા એ ગૃહસ્થ-સંસારી અગર તો મુનિ કપડા મુહપતી ઇત્યાદિ રાખતા હોય અને પારકાને ઉપદેશ દેવાતો હોય કે મુહપતી કપડા ઈત્યાદિ આત્મા નથી તો એ ઉપદેશકો કેવળ પાખંડ ચલાવે છે. 'પરોપદેશે પાંડિત્યમ' જેવી નીતિ અખત્યાર કરે છે. ઉપદેશકો-પંડિતો કે જ્ઞાની પુરૂષોની વાણી અને વર્તનમાં ફેર આવે જ નહિ. જો વાણી અને વર્તનમાં ફેર આવતો હોય, બાહ્ય અને અભ્યંતર વર્તન વચ્ચે આકાશ પાતાળ જેટલો ફેર દીસતો હોય તો તે ઉપદેશક કે પંડિત મુનિને જનતા જ્ઞાની કહેશે નહિ. એવા જ્ઞાની અગર ઉપદેશકો જગતવાસી જીવોનું કલ્યાણ કરી શકે એમ ભાગ્યેજ માની શકાય. આ સંસારમાં બધા જીવો એક સરખી બુદ્ધિવાળા હોતા નથી. કેટલાએક ભોળા જીવો, અજ્ઞાની જીવો મંદ બુદ્ધિવશાત્ એકાંતવાદીઓની, પાખંડીઓની ધૂર્તલીલામાં ફસાઈ જાય પરંતુ સ્યાદાદરૂપી જિનના જ્ઞાન વૃક્ષનો શીતળ છાંયો મળતાં સ્વસ્થાને પાછા આવી જાય છે. અનંત કરૂણાસાગર તીર્થંકર ભગવાન મહાવીરદેવે રજોહરણ અને મુહપતિ છ કાય જીવની રક્ષા અર્થે

મિત્ર, કેટલાક અજ્ઞાનવાદીઓ પોતેજ સમજે છે એવું મિથ્યાભિમાન રાખી એવું જણાવી રહ્યા છે કે મુહપતી ત્યાગી એમાં શું થયું! એ તો ખાલી વ્યવહાર છે અને વ્યવહાર છાંડવાજોગ છે. અને નિશ્ચય આદરવા જોગ છે. અમે વ્યવહારને છોડીયે તેમાં શું થઈ ગયું! નિશ્ચય માર્ગ તો પકડી રાખીયે છીએને! આવી આવી આત્મજ્ઞાની પોકળ વાતો કર્યા કરે છે અને આવી દાંભિક વાતો કરી કેટલાક ભોળા જીવોને અવળુ ઠસાવી દે છે. જગતવાસી જીવોને તપ, જપ, ક્રિયા, કરણીવાળો માર્ગ પસંદ નથી. વ્રત, જપ, પચ્ચખાણ, ઉપવાસ આદિ ન કરવા પડે અને મોક્ષ મળે તેવો માર્ગ જલ્દી સેવે છે. સહેલી રીત જ પસંદ કરવી છે. હથેળીમાં જ મોક્ષ છે એવી વાતો કરનારા અને માર્ગ બતાવનારા ઉપદેશકો મળે તો તરતજ તેનો આશ્રય લે છે. જમીનમાંથી નીકળતા માટી આદિ સહિત સોનાને અગ્નિમાં તપ્ત બની બની શુદ્ધ થવું પડે છે. તેમજ અનાદિ કર્મથી યુક્ત આ આત્મા તપરૂપી અગ્નિથીજ કર્મ બળતાં વિશુદ્ધ થાય છે તેમ તેવા ભોળા જીવો સમજતા નથી અને પોતાનો મત તરતજ ચલાવવા તૈયાર થયેલા ઉપદેશકો તેવી સત્ય વાત સમજાવતા નથી. તેઓ તો પોતાનો મત ચલાવી કીર્તિ વધારી પૂજા શ્લાઘા કરાવવાના લાલચુ હોય છે. જ્ઞાન છે એટલે કર્મબંધ નથી એટલે તમોને મોક્ષ છે. એમ એકજ વાક્યથી ભોળા જીવોને સમજાવે છે. જ્ઞાન છે અગર નથી એ જાણવાની પછી જરૂરજ કોને હોય છે. વ્યવહાર અને નિશ્ચય શું કહેવાય તેનું પણ ભાન હોતું નથી. તેમજ તે સમજવા આવા અજ્ઞાનીઓ પુરૂષાર્થ પણ કરતા નથી. શ્રદ્ધાના અંધાઓને આવી મત પણ ક્યાંથી સુઝે!

મિત્ર, મહાનીસીથ સૂત્ર જણાવે છે કેઃ—

हतं ज्ञानं क्रियाहिनं, हतं अज्ञाण या क्रिया ।
पासंतो पंगुलोदिठो, धायमाणो अंधलो ॥

संजोग सिद्धि सफलं वयंति, न हु एक चक्केण रहो पयाण
अंधोय पंगोय समीच लोए, तेसि पहुंता नग पइठा. ॥

વ્યવહાર અને નિશ્ચય એ મોક્ષરૂપી રથના બે પૈડાં છે. જે એક રથને બે પૈડાં સહીસલામત હોય તો રથ આગળ ચાલી શ[illegible] છે. એક પક્ષીને બે પાંખ સહીસલામત હોય તો ઉડી ધારેલે સ્થ[illegible] જઈ શકે છે એક મનુષ્યને બે પગ સહીસલામત હોય તો આગ[illegible] ચાલી ધારેલે સ્થળે જઈ શકે છે. પરંતુ રથનું એક પૈડું ભાંગ[illegible] ગયું હોય, પક્ષીની એક પાંખ તુટી ગઈ હોય, મનુષ્યનો એક પ[illegible] કપાઈ ગયેલો હોય, તો એક પૈડાવાળો રથ, એક પાંખ વાળું પ[illegible] કે એક પગ વાળો મનુષ્ય જેમ આગળ વધી શકતા નથી તેમ[illegible] [illegible]ને મોક્ષનગરીએ પહોંચવા માટે વ્યવહાર અને નિશ્ચય રૂપી [illegible] પૈડા બે પાંખ બે પગ છે. તેમાંથી એકનો જો નાશ થયો હોય તો ધારેલે સ્થળે-મોક્ષનગરીએ પહોંચી શકાય નહી. પરંતુ વ્યવહાર અને નિશ્ચય રૂપી બન્ને પૈડાં, પાંખ, પગ, સહીસલામત હોય તો ધારેલે સ્થળે-મોક્ષ નગરીએ પહોંચી શકાય છે અને આત્મહિત સાધી શકાય છે અને તથીજ અનંત જ્ઞાની ભગવાન તીર્થંકરોએ વ્યવહાર અને નિશ્ચય એ બન્ને નયો મોક્ષ માર્ગે સાધક છે એમ [illegible] [illegible]

[illegible]

શીવજી : મુહપતી મુખ ઉપર બાંધવી જોઈએ તેના પ્રમાણુ ઘણા છે. પરંતુ આપ જે ગ્રંથ વાંચી રહ્યા છો તેમાં મુહપતી છોડવાના કાંઈ પ્રમાણો આપ્યાં છે?

સુખલાલ : આ ગ્રંથમાં મુહપતી ત્યાગ કરવાના કાંઈ પણ કારણો નહિ દીધા હોવાથી હું પણ મુંઝવણમાં પડ્યો છું કે આ ગ્રંથમાં મુહપતી ત્યાગના કેમ કારણો નહિ દીધા હોય! તેમાં શું રહસ્ય હશે.

શીવજી : આપનું કહેવું તદન સત્ય છે. આ ગ્રંથમાં તેના કારણો બીલ્કુલ નથી દેવામાં આવ્યા તેનું કારણ કે જૈનસૂત્ર-સિદ્ધાંત ગ્રંથમાં કોઈ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવીકા મુહપતીનો ત્યાગ કરી જૈન ધર્મ અંગીકાર કરી શ્રમણોપાસક બન્યા એવા અધિકાર દેખાતા નથી. એટલે મુહપતી છોડવાના કારણો ક્યાંથી આપી શકાય? પરંતુ આપે કોઈને કારણ પૂછયા છે?

સુખલાલ: મેં જ્યારે એ કારણો પૂછવા ખૂબ આગ્રહ કર્યો. ત્યારે મને એવોજ જવાબ મળ્યો કે કારણો સમજી શકાય તેવા નથી. પરંતુ સમૂર્છિમ જીવો ઉત્પન્ન થાય છે. એમ અમારા મિત્રોનું કહેવું છે.

શીવજી : પરિવર્તન થયા અગાઉ સમૂર્છિમ જીવો ઉત્પન્ન થાય છે, એમ આપે સાંભળ્યું હતું?

સુખલાલ : ના. એમ તો સાંભળ્યુંજ ન હતું.

શીવજી : આટલા વરસો સુધી મુહપતી બાંધી રાખી ઉપદેશ આપ્યો તો કોઈ વખત સમૂર્છિમ ઉત્પન્ન થાય તેમ જણાયું હતું?

સુખલાલ : ના, મિત્ર.

શીવજી : શું જાણવા છતાં અસત્ય ઉપદેશ કરી અને સાધુના વેષમાં માયા કપટ સેવ્યું?

સુખલાલ : એમ તો માની શકાય તેમ નથી. જો મુહપતી બાંધવાથી સમૂર્છિમ ઉત્પન્ન થતા હોય તો પરિવર્તનના સમય સુધી

સુખલાલ : ત્યારે સુરીજીએ થુંક ઉડવાને કારણે મુહપતી ખવાનું શા વાસ્તે કહ્યું હશે ?

શીવજી : સુરીજીએ હબીબલો જે મુસ્લીમ ધર્મી હતો, તેને સમજાવવા યુક્તિસર કહ્યું છે. અને ચર્ચાવાદીઓ હંમેશાં પોતાની યુક્તિઓથી પોતાનો પ્રભાવ સામા માણસ ઉપર પાડે છે. અને જણાવ્યું છે કે-થુંક મોઢામાં હોય ત્યાં સુધી પાક પરંતુ મોઢાથી બહાર નીકળે ત્યારે નાપાક.

સુખલાલ : હબીબલાએ એવો પ્રશ્ન કર્યો હોત કે, થુંક ઉડવાથી નાપાક થયેલી મુહપતી બાંધવાથી થયેલ નાપાક અવસ્થામાં શા વાસ્તે વ્યાખ્યાન આપો છો ? તો સુરીજીએ શો જવાબ આપ્યો હોત ?

શીવજી : આપનો તર્ક યોગ્ય છે. થુંક બહાર નીકળવાથી મુહપતી પણ નાપાક થઈ જાય. અને સૂત્ર વ્યાખ્યાન કરાય નહિ, પરંતુ જો એવો પ્રશ્ન થયો હોત તો જરૂર સુરીજી જવાબ આપત કે-સૂક્ષ્મ વાયુ કાયના જીવોની હિંસા અટકાવવા સારૂ અમારા તીર્થંકર ભગવંતના ઉપદેશ અનુસાર મુહપતી બાંધીએ છીએ. મુહપતી બાંધવાથી બીજા કેટલાએક ફાયદા આપણને થતા હોય, પરંતુ તેથી કરીને તીર્થંકર ભગવંતના મૂળ સિદ્ધાંતને છુપાવાય નહિ. આ ઉપરથી આપ સમજી શકશો કે-થુંક પાક-નાપાકનો પ્રશ્ન અને જવાબ યુક્તિપૂર્વકના છે.

સુખલાલ : આપનું કહેવું સત્ય છે. આપ મુહપતી બાંધવી જોઈએ તેના પ્રમાણ જણાવો.

શીવજી : સાંભળો. તેના પ્રમાણ આપું છું. સુરીશ્વર અને સમ્રાટ એ પુસ્તક ઉપરથી પણ સિદ્ધ થાય છે કે અકબરના સમય સુધી તો મુહપતી મુખ ઉપર બાંધવાનો રિવાજ હતો. યોગશાસ્ત્ર વૃત્તિના પૃષ્ઠ ૨૬૧માં લખ્યું છે કે ઉષ્ણ શ્વાસથી વાયુકાયના જીવની હિંસા થાય છે તેની રક્ષા અર્થે મુહપતી ધારણ કરવામાં આવે છે

ઉપાસક દશાંગ સૂત્રના ઇંગ્લીશ અનુવાદમાં મી. હર્નલ (એસીયાટીક સોસાયટી કલકત્તા.) મુહપતી–મુખવસ્ત્રિકાનો અર્થ આ પ્રમાણે કરે છે.

A small piece of cloth suspended over the mouth to protect against entrance of any living thing.

કોઈ જીવતી વસ્તુ (જીવતા જીવ) મુખમાં પ્રવેશ થતી અટકાવવાને વાસ્તે મુખ ઉપર ધારણ કરવામાં આવેલ કપડાનો નાનો કકડો.

આચાર્ય શ્રી દેવસુરીજી પોતાની બનાવેલી સમાચારીમાં નીચે મુજબ જણાવે છે.

"મુહપતિં પડિલેહિત્તા પડિલેહિજ્જ ગુચ્છગં." ઉત્ત-સુત્ર અધ્ય-૨૬

મુખ વસ્ત્રિકાં પ્રતિ લેખ્ય મુખે બધ્વા ।
પ્રતિ લેખયન્તિ રજોહરણં ॥

મુખવસ્ત્રિકાને પ્રતિલેખી (પડિલેહણ કરી) મુખે બાંધી રજોહરણનું પ્રતિલેખન કરે.

[illegible]

[illegible]

હાથમાં પાત્ર ધારણ કરવાવાળો, મુખ ઉપર મુખવસ્ત્રિકા ધારણ કરવાવાળો, શરીર ઉપર મેલાં વસ્ત્ર ધારણ કરવાવાળો તથા થોડું બોલવાવાળો એવા જૈન મુનિના લક્ષણ છે. આ ઉપરથી પણ મુખવસ્ત્રિકા બંધન સિદ્ધ થાય છે.

મુહપતી ચર્ચાસાર પૃષ્ઠ-૭૯

અંતિમ પ્રાર્થના.

"આ પ્રકારે મુહપતી બંધનને લગતા પ્રસંગો વિષેના પૂર્વાચાર્યો કૃત જુદા જુદા પ્રાચીન શાસ્ત્ર ગ્રંથોના પાઠોનો મળી આવેલો સંગ્રહ સંપૂર્ણ થાય છે. તેથી મુહપતી બંધન એ જૈનશાસ્ત્ર વિહિત પ્રવૃત્તિ છે. એમ નિર્વિવાદ સિદ્ધ થાય છે. તે સ્વલિંગ છે. તે બાંધવામાં ન આવે તો પ્રાયશ્ચિત આવે છે."

સુખલાલ: મુહપતી બાંધવા સંબંધમાં આપે જે દાખલા દષ્ટાંતો આપ્યા તે ઉપરથી મારા હૃદયમાં જે કાંઇ વિચારો હતા તે પલટાઈ ગયા છે. મેં આજે પરિવર્તન કરી નાખી, મુહપતીનો ત્યાગ કરી દીધો તેમાં મેં ભયંકર ભૂલ કરી નાખી છે. કારણો જોયા તપાસ્યા સિવાય ફક્ત સરાગ બુદ્ધિએ મેં ચીલે ચાલી, એકે કર્યું એટલે મે પણ આદર્યું એવી રીતે આ અયોગ્ય પરિવર્તન કર્યું છે પરંતુ મારી દઢ પ્રતીતિ થઈ છે કે સુક્ષ્મ વાયુ કાયના જીવની રક્ષા અર્થેજ મુહપતી મુખ ઉપર બાંધીનેજ સામાયીક પ્રતિક્રમણ આદિ ક્રિયા વિશુદ્ધતાથી કરવી જોઈએ.

શીવજી: મુહપતીએ જીવ રક્ષાનું ધર્મ ઉપકરણ છે. તે વિષે શાસ્ત્રમાં ઘણા દાખલા છે. છતાં પણ કેટલાક સાધુઓ અને તેના અનુયાયીઓ સમજવા છતાં સ્વમતનો પકડ કરી બેસે છે. અને ગંદુ પ્રચાર કાર્ય કર્યા કરે છે. બીજાઓને નિંદી પોતાના મતના અનુયાયીઓ વધારવા અને જગતને દેખાડવું કે અમે ધાર્મિક છીએ, અમારા અનુયાયીઓ વધારે સંખ્યામાં થાય છે.

"વિશ્વના હિત માટે સાચી વસ્તુનું જ્ઞાન કરાવનાર અનંતજ્ઞાની શ્રમ-ર્ષિઓને અજ્ઞાની અને હિન પુરૂષાર્થી કહેનાર ભયંકર પાપાત્માને આ શબ્દથી સંબોધવો એનીજ મને તો સમજ નથી પડતી. ખરેખર આવા પાપાત્મા કરતાં તો આપણે કાલ સૌકરિક કસાઈ જેવાને પણ ઓછો પાપી કહીયે. કારણ કે તે આત્મજ્ઞાની હોવાનો ળ કરી ભોળાઓને વિશ્વાસમાં લઇ અનંત જ્ઞાનીઓના માર્ગથી પતિત કરી અનંતકાળ સુધી સંસારમાં રખડાવવા જેવી કાયમી પ્રવૃત્તિ નહોતો કરતો."

સુખલાલ: આ ગ્રંથમાં એક ઠેકાણે એમ પણ જણાવ્યું છે કે "આ કાળે મોક્ષ મળે તેવો ઘણો ઓછો સંભવ છે" છતાં આમ એક બીજાથી વિપરીત કેમ જણાવ્યું હશે?

શીવજી: એથીજ મેં આપને પ્રથમ પણ જણાવેલું છે કે આ ગ્રંથમાં વિરોધાભાસ ખૂબ આવે છે. એક વખતે કરાયેલી વાત બીજે વખતે ફેરવી નાખેલી છે. સમય પ્રમાણે સમય મુજબની પાઘડી માથા ઉપર બાંધી બતાવી છે. તેઓ પોતાના સેવકોને જણાવે છે કે:-તમે ડરશો નહિ કારણકે અમારા જેવા તમારે માથે છે. અમારા જેવા સદ્‌ગુરૂને ચરણે હવે તમે આવ્યા એટલે તમારે કોઈ જાતની બીક રહી નથી. મોક્ષનો માર્ગજ હું છું. મારી મારફત સિવાય કોઈપણ જીવનો મોક્ષ નથી. જુના જમાનામાં ખ્રીસ્તિ ધર્મ-ગુરૂઓ સ્વર્ગમાં જવાની ચીઠી વેચતા એનાથી ભાગ્યેજ આ ઉતરતું કહેવાય.

બડા બડાઈ નવ કરે બડા ન બોલે બોલ.
હીરા મુખસે ના કહે કે લાખ હમારા મોલ.

સુખલાલ: આ ગ્રંથમાં સદ્‌ગુરૂના લક્ષણ બતાવ્યા છે તે સાંભળો:-પરમશ્રુત અપૂર્વ જ્ઞાન હોય તે જ સદ્‌ગુરૂ કહેવાય.

શીવજી: પરમશ્રુત અને અપૂર્વ વાણી હોય તે સદ્‌ગુરૂ કહેવાય

"વિશ્વના હિત માટે સાચી વસ્તુનું જ્ઞાન કરાવનાર અનંતજ્ઞાની પરમ-ર્ષિઓને અજ્ઞાની અને હિન પુરૂષાર્થો કહેનાર ભયંકર પાપાત્માને કયા શબ્દથી સંબોધવો એનીજ મને તો સમજ નથી પડતી. ખરેખર આવા પાપાત્મા કરતાં તો આપણે કાલ સૌકરિક કસાઈ જેવાને પણ ઓછો પાપી કહીયે. કારણ કે તે આત્મજ્ઞાની હોવાનો ઢોંગ કરી ભોળાઓને વિશ્વાસમાં લઇ અનંત જ્ઞાનીઓના માર્ગથી પતિત કરી અનંતકાળ સુધી સંસારમાં રખડાવવા જેવી કામગી પ્રવૃત્તિ નહોતો કરતો."

સુખલાલઃ આ ગ્રંથમાં એક ઠેકાણે એમ પણ જણાવ્યું છે કે "આ કાળે મોક્ષ મળે તેવો ઘણો ઓછો સંભવ છે" છતાં આમ એક બીજાથી વિપરીત કેમ જણાવ્યું હશે?

શીવજી : એથીજ મેં આપને પ્રથમ પણ જણાવેલું છે કે આ ગ્રંથમાં વિરોધાભાસ ખૂબ આવે છે. એક વખતે કરાયેલી વાત બીજે વખતે ફેરવી નાખેલી છે. સમય પ્રમાણે સમય સુજનની પાઘડી માથા ઉપર બાંધી બતાવી છે. તેઓ પોતાના સેવકને જણાવે છે કેઃ-તમે ડરશો નહિ કારણકે અમારા જેવા તમારે મુકે છે. અમારા જેવા સદ્‌ગુરૂને ચરણે હવે તમે આવ્યા એટલે તમારે કોઈ જાતની બીક રહી નથી. મોક્ષનો માર્ગજ હું છું. મારી ગુરુતા સિવાય કોઈપણ જીવનો મોક્ષ નથી. જુના જમાનામાં કેટલાક ધર્મ-ગુરૂઓ સ્વર્ગમાં જવાની ચોઠી વેચતા એનાથી બાપ્રેડ આ કિસ્સું કહેવાય.

ભડ ભડાઈ નવ કરે ભડા ન બોલે બોલ.
હીરા મુખસે ના કહે કે લાખ હમારા મોલ.

સુખલાલ : આ ગ્રંથમાં સદ્‌ગુરૂના લક્ષણ બતાવ્યા છે તે
સાંભળો:-પરમશ્રુત અપૂર્વ જ્ઞાન હોય તેજ સદ્‌ગુરૂ કહેવાય.
શીવજી : પરમશ્રુત અને અપૂર્વ જ્ઞાની હોય તે સદ્‌ગુરૂ કહેવાય

[illegible] એમ જણાવી શ્રીમદ્ પોતાને સદ્‌ગુરુ તરીકે [illegible] શ્રીમદ્ કહી ગયેલ છે કે પરમશ્રુત ઈત્યાદિ [illegible] છે એમ ફરપણે ભાસે છે; પરંતુ શ્રીમદ્‌માં પરમશ્રુત [illegible] દોષ તેમ કોઈ પણ સુજ્ઞ વિચારવંત માની શકે [illegible] સૂત્ર અને જ્ઞાન સંબંધી જે વાત કરી [illegible] છે. જૈનસૂત્રોમાં કહ્યા મોક્ષ વિષે [illegible] કહે છે કે પંચમ કાળમાં મોક્ષ [illegible] છે. અર્થાત્ સૂત્રમાં [illegible] મહાન આચાર્યોની હીલના કરવાનું [illegible] તે જ્ઞાનને પરમશ્રુત [illegible] જ્ઞાન વિપરીત [illegible] કહેલ છે તેનું કથન [illegible] અપૂર્વ જ્ઞાની કે પરમશ્રુત [illegible] પરમાર્થ [illegible] અને [illegible]

શીવજી : તેનો અર્થ એવો હું માનું છું કે રૂપીયો થવાને હવે એક આનાની વાર છે. અથવા સોલ કળાનો થવામાં એક કળાની ખામી છે એટલે કેવળ જ્ઞાન થવાને હવે એક કળાની ખામી છે. આમ શ્રીમદે તેના સેવકો ઉપર પત્રો લખ્યા છે જેથી સેવકો જોરમાં રહે. આ મારી કલ્પના અનુસાર ખુલાસો છે.

સુખલાલ : તેમજ વાત બંધ બેસે છે. આપ આપનું કાવ્ય આગળ ચલાવો.

શીવજી :

સ્વકલ્પનાથી કોઈ પ્રકારે, સત્ વસ્તુ નવ પામી શકે,
સજીવન મૂર્તિ પ્રાપ્ત થયા પછી સત્ વસ્તુ જીવ પામી શકે.
સજીવન મૂર્તિ લક્ષ વગરની કરણી નિષ્ફળ થાયે છે,
હૃદય અમારૂં એમ કહે કે બંધન જીવને થાયે છે.

ભાવાર્થ : મરહુમ કવિ રાયચંદ જણાવે છે કે પોતાની કલ્પનાથી જીવ 'સત' વસ્તુ પામી શકતો નથી પરંતુ સજીવન મૂર્તિ પ્રાપ્ત થયા પછી જીવ વસ્તુને પામી શકે છે અને સજીવન મૂર્તિના લક્ષ વગરની કરણી-ક્રિયા નિષ્ફળ થાય છે. અને તેમ થયા સિવાય તો જીવને બંધન થાય છે એમ અમારૂં હૃદય કહે છે.

સુખલાલ : શ્રીમદ્ સત વસ્તુનું જ્ઞાન ક્યાંથી પામેલા ?

શીવજી : શ્રીમદ્‌ને સત વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત થયુંજ ન હતું, તેમજ કોઈ સજીવન મૂર્તિ પાસેથી જ્ઞાન લીધેલું તે પણ કાંઇ શ્રીમદ્ ગ્રંથમાંથી જાણવામાં નથી આવતું.

સુખલાલ : આ ગ્રંથમાં શ્રીમદે કઇ સજીવન મૂર્તિ પાસેથી 'સત' વસ્તુનું જ્ઞાન લીધું અને સત વસ્તુની પ્રાપ્તિ કરી તેનું કાંઈ પણ જણાવ્યું નથી, તેમજ કોઇ સજીવન મૂર્તિના નામનો ઉલ્લેખ પણ નથી

સુખલાલ: કેવળજ્ઞાનની મહેનત કરવા માંડી છે એમ શ્રીમદે અગાઉ જણાવેલ હતું ને?

શિવજી: શ્રીમદે અગાઉ જણાવ્યું હતું કે, કેવળજ્ઞાન સુધીની મહેનત અલેખે તો નહિ જાય.

સુખલાલ: ત્યારે આમ વિરોધાભાસવાળી વાતો શ્રીમદ્ કેમ કરતા હશે?

શિવજી: કેટલાક સેવકોને રાજી કરવા શ્રીમદે વિરોધાભાસવાળી વાતો કરી છે. કોઈ જૈન દર્શનના અભ્યાસીએ સેવકોની સમક્ષમાં ચર્ચા કરી હશે અને શ્રીમદ્‌ને પૂછ્યું હશે કે કેવળજ્ઞાન સુધીની મહેનત આપે કરવા માંડી છે તો કેવી રીતે મહેનત આદરી છે. આ અને આવી ચર્ચા ઉપરથી શ્રીમદે સેવકો ઉપર લખી જણાવ્યું છે કે મને તો જૈનની મુક્તિ કે મોક્ષ નથી જોઈતો. જૈનનું કેવળજ્ઞાન પણ નથી જોઈતું પરંતુ મારી દશા કોઈ અદ્ભુત વર્તે છે અને મને હવે પરમેશ્વર કયું પદ આપશે તેના વિચાર તમે કરજો. આવી રીતે લખી સેવકોને રાજી રાજી કરી દીધા છે. પરંતુ કોઈ સેવકે હિંમત કરી શ્રીમદ્‌ને પૂછ્યું હોય તેમ લાગતું નથી કે જૈનની મુક્તિ કે કેવળજ્ઞાન નથી જોઈતું ત્યારે તમારે જોઈએ છે શું? ઘડીકમાં કેવળજ્ઞાન સુધીની મહેનત કરવા માંડયાનું જણાવો છો. ઘડીકમાં જૈનનું કેવળજ્ઞાન નથી જોઈતું એમ પ્રતિસ્પર્ધી વાક્યો બોલ્યા કરો છો. આમ હવામાં કિલ્લા ચણો છો ને પાડી નાખો છો. કાંઈ કારણો સમજાવશો કે? શું તમને જૈન દર્શનનું કેવળજ્ઞાન નહી ગમતું હોય? જૈનદર્શન અનુસાર મુક્તિ નહી મેળવવી હોય? શું કોઈ તિરસ્કાર જૈનદર્શન ઉપર આવી ગયો હશે? અગર તો તેમને તિરસ્કારના કોઈ કારણો ઉદ્‌ભવ્યાં હશે? જૈન ધર્મના સૂત્ર સિદ્ધાંતો અપ્રિય થઈ પડ્યાં હશે. અગર તો કોઇ અન્ય દર્શનીને રાજી કરવા આવા પત્રો લખ્યા હશે એવા એવા અનેક પ્રશ્નો

સુખલાલ: કેવળજ્ઞાનની મહેનત કરવા માંડી છે એમ શ્રીમદે અગાઉ જણાવેલ હતું ને?

શિવજી: શ્રીમદે અગાઉ જણાવ્યું હતું કે, કેવળજ્ઞાન સુધીની મહેનત અલેખે તો નહિ જાય.

સુખલાલ: ત્યારે આમ વિરોધાભાસવાળી વાતો શ્રીમદ્ કેમ રતા હશે?

શિવજી: કેટલાક સેવકોને રાજી કરવા શ્રીમદે વિરોધાભાસવાળી ો કરી છે. કોઈ જૈન દર્શનના અભ્યાસીએ સેવકોની સમક્ષમાં ી કરી હશે અને શ્રીમદ્દને પૂછયું હશે કે કેવળજ્ઞાન સુધીની ત આપે કરવા માંડી છે તો કેવી રીતે મહેનત આદરી છે. અને આવી ચર્ચા ઉપરથી શ્રીમદે સેવકો ઉપર લખી જણાવ્યું મને તો જૈનની મુક્તિ કે મોક્ષ નથી જોઈતો. જૈનનું કેવળ-ાણ નથી જોઈતું પરંતુ મારી દશા કોઈ અદ્ભુત વર્તે છે ને હવે પરમેશ્વર કયું પદ આપશે તેનો વિચાર તમે કરજો. તે લખી સેવકોને રાજી રાજી કરી દીધા છે. પરંતુ કોઈ મત કરી શ્રીમદ્દને પૂછયું હોય તેમ લાગતું નથી કે જૈનની કેવળજ્ઞાન નથી જોઈતું ત્યારે તમારે જોઈએ છે શું? વળજ્ઞાન સુધીની મહેનત કરવા માંડયાનું જણાવો છો. જૈનનું કેવળજ્ઞાન નથી જોઈતું એમ પ્રતિસ્પર્ધી વાક્યો છો. આમ હવામાં કિલ્લા ચણો છો ને પાડી નાખો છો. સમજાવશો કે? શું તેમને જૈન દર્શનનું કેવળજ્ઞાન ાય? જૈનદર્શન અનુસાર મુક્તિ નહી મેળવવી હોય? ાર જૈનદર્શન ઉપર આવી ગયો હશે? અગર તો ના કોઈ કારણો ઉદ્ભવ્યાં હશે? જૈન ધર્મના સૂત્ર ધર્મ પડયાં હશે. અગર તો કોઇ અન્ય દર્શનીને ા પત્રો લખ્યા હશે એવા એવા અનેક પ્રશ્નો

શાંતજી : સજીવન મૂર્તિનું નામ શ્રીમદે છુપાવ્યું હોય એમ અનુમાન થઇ શકે છે કારણ કે તેઓ સ્પષ્ટ જણાવે છે કે [illegible] સત વસ્તુ જીવ પામી શકતો નથી. પરંતુ સજીવન મૂર્તિ પ્રાપ્ત થયા પછીજ સત વસ્તુ પામી શકે છે.

સુખલાલ : આપનો તર્ક અસ્થાને નથી. શ્રીમદે જ્યારે પોતે [illegible] ઉપકારક સજીવન મૂર્તિનું નામ છુપાવ્યું છે. પરંતુ મિત્ર! સજીવન મૂર્તિ એટલે શું?

શાંતજી : સજીવનમૂર્તિ એટલે ચૈતન્યમૂર્તિ જ્ઞાનદર્શન [illegible].

સુખલાલ : આગમ ઉપર જડ પ્રતિમા સંબંધમાં કહેવાં [illegible] આવ્યું છે તે કથન તેનાથી અલગ લાગે છે.

[illegible] આગમ જડ પ્રતિમા [illegible] [illegible] એવો ઉલ્લેખ [illegible] છે કે ચૈતન્ય મૂર્તિના [illegible] [illegible] અને જડ [illegible] અને [illegible].

[illegible]

[illegible]

શીવજી : મોક્ષના અભાવની વાત કરતાં જીવને શંકા થઈ જાય છે અને ખાલી મફતનો જીવ શંકાના વમળમાં ગુંચવાઈ ગયો છે એમ શ્રીમદ્‌નો કહેવાનો હેતુ છે.

સુખલાલ : દશ બોલ વિચ્છેદ ગયા છે એ વાતની સત્યતામાં શું કાંઈ શંકા છે ?

શીવજી : દસ બોલ વિચ્છેદ ગયાની વાતની સત્યતામાં બીલકુલ શંકા નથી. જૈન આગમોમાં તથા ગ્રન્થોમાં સ્પષ્ટ સ્પષ્ટ વાત જણાવેલ છે કે દશ બોલ વિચ્છેદ ગયા છે છતાં પણ શ્રીમદ્ સૂત્ર વચનમાં શંકા કરે છે. પરંતુ સૂત્ર વચનમાં જે કોઇ શંકા કરે તે પરમ શ્રુતજ્ઞાની–સમકીતી કેમ કહેવાય. શ્રીમદે કેવળજ્ઞાન અથવા તો દસ બોલ વિચ્છેદ ગયા છે તેમાંથી એક બોલનો પુરૂષાર્થ કરી જગતવાસી જીવોને બતાવી આપ્યું હોત કે પંચમકાળમાં કેવળજ્ઞાન ઇત્યાદિ દસ બોલ વિચ્છેદ ગયાનું જે જૈન સૂત્રોમાં કહેવામાં આવે છે તે સૂત્રો ખોટા છે અથવા સંશયવાળા છે. તો તો જગતવાસી જીવો સત્ય વાત માની શકત. પરંતુ પુરૂષાર્થ કાંઈ કરવો નથી. ઘર, સ્ત્રી પુત્ર ઈત્યાદિનો સંગ છોડવો નથી. અને સૂત્ર વચનમાં સંશય આણવો છે. આવા પુરૂષના જ્ઞાનને અને વાણીને અપૂર્વ જ્ઞાન અને અપૂર્વ વાણી તથા પરમ શ્રુત કેમ કહી શકીએ ? આંધળો માણસ આમ ભૂલે તેવો સંભવ રહે પરંતુ અત્યારે તો દેખતાં માણસો દીવો લઇને મિથ્યાત્વના કુવામાં પડવા તૈયાર થાય છે.

સુખલાલ : પંચમકાળ રૂપી હશે કે અરૂપી ? શ્રીમદે તેને જોયેલ હશે.

શીવજી : પંચમકાળનો હાથ પકડવા વાસ્તે શ્રીમદ્ ભારપૂર્વક જણાવે છે એટલે શ્રીમદે પંચમકાળના હાથને જોયેલ હશે. શ્રીમદ્‌ના કથન મુજબ કાળ રૂપી છે. અને જ્યારે પંચમકાળ કોઈ પુરૂષનો મોક્ષ માટે હાથ ઝાલવા આવે તો તેના ઉપાય હીંમતપૂર્વક કરવા શ્રીમદ્ પોતાના સેવકોને જણાવી રહ્યા છે અને જ્યારે જ્યારે શ્રીમદ્

ઉદ્ભવે છે. મહાવીરનો ધર્મ પ્રવર્તાવવાને કમર કસેલા, તીર્થંકરના અંતર આશય જાણનારા, સૂત્રના પડખાં જોઈ લીધેલા, પરમ પુરુષ અને અપૂર્વ જ્ઞાની શ્રીમદ્ જ્યારે આવા ઉન્મત્ત વાક્યો જૈનદર્શનને ન છાજે તેવા બોલે ત્યારે શ્રીમદ્‌ને જૈનદર્શનના અનુયાયી કહેવાની કોઈ સુજ્ઞ વિચારવાન મનુષ્ય હિંમત પણ કરી શકે નહિ.

સુજ્ઞવાચક [illegible] શ્રીમદ્‌ને [illegible] પદ આપ્યું હતું?

[illegible] પરમેશ્વર પાસે પદ માગ્યું છે, અને [illegible] ઉપર [illegible] જણાવ્યું છે. અને [illegible] વિચાર કરવાના છે. પરંતુ પરમેશ્વરે [illegible] પદ આપ્યું હોય તેમ જણાવ્યું નથી. જો કે પરમેશ્વર [illegible] [illegible]

સુખલાલ: આપની વાત ઉપરથી મારી દૃઢ પ્રતીતિ થાય છે કે શ્રીમદ્‌ની એ વખતની દશાએ જ્ઞાન દશા કહેવાય જ નહિ. પરંતુ એ બધા વાક્યો ઉન્મત્ત દશાના છે. તેમના સેવકો પણ જો તટસ્થ દૃષ્ટિથી ગ્રંથ વાંચે તો તેમને પણ શ્રીમદ્‌ના સંબંધમાં સત્ય ખ્યાલ આવી શકે. જો તેમના સેવકોને અર્થ બરાબર બેસતો ન હોય તો જૈન દર્શનના અભ્યાસીઓ પાસે અગર તો વિદ્વાન આચાર્ય મહારાજ પાસે બેસી તટસ્થ દૃષ્ટિથી શ્રીમદ્‌ના મંતવ્ય સંબંધમાં સત્ય ખ્યાલ આપે પરંતુ સેવકોને આવો ઉપાધિ કરવાની શી જરૂર હોય? તેમને પ્રથમથી જ અવળું દસાવેલું હોય છે.

સુખલાલ: જ્ઞાન ચર્ચા કરવામાં શ્રીમદ્‌ના સેવકોને શું હરકત આવે!

શિવજી: એવી જ્ઞાન ચર્ચા કરવાથી જૈનદર્શનના સિદ્ધાંત વિરુદ્ધના આચાર-વિચાર ક્રિયા-કરણી હોવાનું દેખાઈ આવતાં જગતમાં હાંસીને પાત્ર બને એ વાસ્તે કવિ પંથના અનુયાયીઓ જ્ઞાન ચર્ચા કરવાને તથા સત્ય વસ્તુ સમજવાને જરા પણ હિંમત કે પુરૂષાર્થ દાખવતા નથી.

સુખલાલ: શ્રીમદ્‌ના સેવકો કયા સુત્રો વાંચે છે?

શિવજી: શ્રીમદ્‌ના સેવકો શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથને એક મહાન આગમ તરીકે માને પૂજે છે તેથી તે ગ્રંથ વંચાય છે. તે ગ્રંથમાંના પત્રો વંચાય છે. અને અક્ષર પૂજા કરે છે. શ્રીમદ્ રાજચંદ્ર ગ્રન્થમાં સ્પષ્ટ જણાય છે કે શ્રીમદ્‌ને પોતાનું એક દર્શન સ્થાપન કરવાનું હતું. તેથી શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ એજ એક ગ્રંથ છે એમ માની તેઓ તેનું વાંચન કરે છે.

સુખલાલ: આપનું કહેવું તદ્દન સત્ય છે. શ્રીમદ્‌ને પોતાનું દર્શન ચલાવવાની ખાસ ઇન્તેજારી હતી. આપ આપનું કાવ્ય આગળ ચલાવો.

શિવજી :

શ્રીમદ આવી અપૂર્વ વાણી, પોતાને ઉદ્દેશી કહે.
વર્તમાનમાં જ્ઞાની હોયે, પીછાન તેની ના થાયે.
ભગવાન કદાપી અહીં આવે તો મનાય નહીં કદી આ કાળે.
સ્વધામ ગયા પછી એવું બોલે એવા જ્ઞાની ના થાયે.

ભાવાર્થ : [illegible] જણાવે છે કે અત્યારે પંચમ કાળમાં જ્ઞાની પ્રાપ્ત હોય ના પણ [illegible] વર્તમાનમાં કોઈ નથી. તેમ શ્રીમદ્ પોતાને ઉદ્દેશીને કહે છે ભગવાન કદાપિ અહીં આવે તો પણ આ કાળમાં મનાય નહિ. તેમજ જ્ઞાની સ્વધામ ગયા પછી બોલે છે કે એવા જ્ઞાની થાય નહિ.

સુમનભાઈ : આ વાક્ય [illegible] પોતાને ઉદ્દેશીને કહેલ છે ?

શિવજી : શ્રીમદે આ વાક્ય પોતાને ઉદ્દેશીને [illegible] કહેલ છે [illegible] વર્તમાન જ્ઞાની છે [illegible]

સુમનભાઈ : [illegible]

શિવજી : [illegible]

[illegible]

મહાત્મ્ય જ્ઞાન છે. ભગવાનના સ્વરૂપનું ચિંતવન કરવાથી આત્મા ભાનમાં આવે. પણ ભગવાનના દેહથી ભાન પ્રગટે નહી. જેને સંપૂર્ણ ઐશ્વર્ય પ્રગટે તેને ભગવાન કહેવાય. જેમ ભગવાન્ વર્તમાન હોત અને તમને બતાવત તો માનત નહિ. તેમ વર્તમાનમાં જ્ઞાની હોય તો મનાય નહિ. સ્વધામ પહોંચ્યા પછી કહે કે એવા જ્ઞાની થવા નથી. પછવાડે જીવો તેની પ્રતિમાને પૂજે પણ વર્તમાનમાં પ્રતિત ન કરે. જીવને જ્ઞાનીનું ઓળખાણ વર્તમાનમાં થતું નથી."

સુખલાલ: આપનું કહેવું તદ્દન સત્ય છે. પરંતુ આપ શ્રીમદ્દના આ લખાણ સંબંધમાં શું કહેવા માગો છો?

શિવજી: શ્રીમદ્ જે જણાવે છે કે-ભગવાન માણસ જેવા માણસ હતા. તેઓ ખાતા, પીતા, બેસતા, ઉઠતા એવો ફેર નથી. અર્થાત્ હું પણ ખાવછું, પીવુંછું, બેસુંછું, ઉઠુંછું, માણસ જેવો માણસ છું. એમાં કાંઈ ફેર નથી. પરંતુ ફેર બીજો જ છે. તીર્થંકર ભગવાન એ વખતે વિચરતા તેમનામાં જ્ઞાન હતું. અત્યારે મારામાં પણ જ્ઞાન છે. આવી હકીકત સેવકો પ્રત્યે જણાવી. આ ઉપરથી કોઈ સેવકે પ્રશ્ન કર્યો હશે કે-ભગવાનને તો સમોવસરણ આદિ અતિશયો હતા. ત્યારે શ્રીમદે જણાવ્યું કે એ પ્રસંગો તો લૌકિક ભાવના છે. એમ કહી તીર્થંકર ભગવાનના અતિશયોની વાત દાબી દીધી. પરંતુ વસ્તુ એ છે અને તે તદ્દન સત્ય છે કે જો તેઓ ભગવાન હોત તો જરૂર સમોવસરણ આદિ અતિશયો તેમને થતા હોત, પરંતુ તેમને અતિશયો થતા નહિ હોવાથી બાહ્ય લૌકિક દૃષ્ટિએ પણ તેઓ ભગવાન હતા. તેમ માનવાને કારણ નથી.

મહાત્મા ગાંધીજીના શ્રીમદ્ સંબંધમાં ઉદ્ગારો.

"કેટલાક એમ કહે છે કે શ્રીમદ્ પચીસમા તીર્થંકર થઈ ગયા. કેટલાક એમ માને છે કે તેમણે મોક્ષ મેળવી લીધો. આ બન્ને માન્યતા અયોગ્ય છે એમ મને લાગે છે. એ માન્યતા ધરાવનારા

શ્રીમદ્‌ને ઓળખતા નથી. અથવા તીર્થંકરની અથવા મુક્ત પુરુષની વ્યાખ્યા ભીડ કરે છે."

કાકા કાલેલકરે પણ શ્રીમદ્ જયંતી પ્રસંગે ટીકા કરતાં જણાવ્યું હતું કે—"રાજચંદ્રના ભક્તો જ્યાં ત્યાં ભલે રાજચંદ્રને પ્રમાણ પત્ર આપ્યું હોય [illegible] ઉદ્‌ગારો હોય ત્યારે એ [illegible]

શ્રીમદ્‌ને તીર્થંકર [illegible] માટે પૂજ્ય મહાત્મા [illegible] પણ [illegible] તીર્થંકર, રાજચંદ્રને [illegible]

શ્રીમદ્ કહે છે કે વર્તમાનમાં ભગવાન હોત અને તમને બતાવત તો તમે માનત નહિ. એ વાત પણ તદ્દન અસત્ય છે. અત્યારે મહાત્મા ગાંધીજી કે જેની પછવાડે હિંદની તમામ પ્રજા તેત્રીસ કરોડ તેનું વચન માનવાને તૈયાર થાય છે. તો પછી કેવળ-જ્ઞાન પ્રાપ્ત કરી સર્વ ગુણ સંપન્ન ભગવાન થયા પછી શ્રીમદે તેવો અનુભવ કરી બોધ કર્યો હોત તો એ વાત તદ્દન જુદી હતી પરંતુ તેમ કર્યા સિવાય શ્રીમદ્ જેમ આવે તેમ પોતાની વાકય પટુતા સેવકો આગળ વાપરી રહ્યા છે અને "રાગાંધો નૈવ પશ્યતિ" એ મુજબ સેવકો પણ ઉંડા ઉંડા ભણી રહ્યા છે.

શ્રીમદે જણાવેલ છે કે સ્વધામ ગયા પછી કહે કે એવા જ્ઞાની થયા નથી અને પછવાડેથી જીવો તેની પ્રતિમાને પૂજે. આ ઉપરથી અત્યારે કવિ પંથના કોઈ અનુયાયી સાથે વાત કરીયે તો શ્રીમદ્દનું એ વાકય આપણને ધરે અને કહે કે ભાઈ, એવા જ્ઞાની થવા નથી. અને શ્રીમદ્દની આડકતરી સૂચના અનુસાર શ્રીમદ્દની પ્રતિમાને પૂજવા તેમના સેવકો લાગી ગયા છે. પરંતુ એ સેવકો એટલોયે ખ્યાલ કરતા નથી કે શ્રીમદ્દમાં એવું કયું જ્ઞાન હતું. એવા કયા જ્ઞાની હતા કે તેમની પ્રતિમા સ્થાપી તેમનું વંદન પૂજન કરવાની જરૂર પડે!

શ્રીમદ્ જણાવે છે કે વર્તમાનમાં જીવને જ્ઞાનીની ઓળખાણ થતી નથી. શ્રીમદ્દનો સંગ પહેલાં ઘણા માણસોએ કરેલ હશે પરંતુ જેમ જેમ વખત જતાં અને જેમ જેમ વધારે પરિચય થતાં શ્રીમદ્દની બાજી ખુલ્લી થતી ગઈ તેમ તેમ સંગ કરનારાઓએ શ્રીમદ્દનો ત્યાગ કરેલો હશે એ ઉપરથી પોતાના સેવકોનો પણ વિશ્વાસ પોતાના ઉપરથી ઉઠી ન જાય તે સારૂ શ્રીમદે આમ વાત કરી છે. પરંતુ જ્ઞાની પુરૂષ હોય તેની ઓળખાણ ન થાય તે વાત માની શકાય તેમ નથી. હા, એક રીતે વાત સત્ય છે કે શ્રીમદ્ જેવા અહંકારી, નવો માર્ગ કાઢના વાળા પુરૂષને જ્ઞાની પુરૂષની ઓળખાણ કે તેમાં શ્રદ્ધા-વિશ્વાસ

ઉત્પન્ન ન થાય. શ્રીમદ્ આમ વાત જણાવી તેમના [illegible] સિવાય બધાને તેઓ અજ્ઞાની ઠરાવે છે. જે જે માણસો શ્રીમદ્‌ની [illegible] અંગીકાર ન કરે તે બધા શ્રીમદ્‌ની દૃષ્ટિએ અજ્ઞાની જ છે [illegible] અત્યારે શ્રીમદ્‌ના સેવકો પણ તેવું વલણ અખત્યાર કરી બેઠા છે.

સુખલાલ : આપની વાત ઉપરથી શ્રીમદ્ જ્ઞાની હતા તેમ માની શકાય તેમ નથી. શ્રીમદે જે જે વાતો કરી છે તે [illegible] પુરુષને ન છાજે તેવી અયોગ્ય અને કેવળ આત્મશ્લાઘાની [illegible] છે. શ્રીમદ્‌ના સેવકો પણ અજ્ઞાન [illegible] એમ [illegible] થોડું છે! આપ કાવ્ય આગળ ચલાવો.

[illegible]

અમ વિના [illegible] કરી શકે.
[illegible]
[illegible]
[illegible]

[illegible]

ઘણા જીવો ધર્મ સ્થાનકે કીર્તિને લોભે જતાં હોય, કેટલાક ગુરૂ મહારાજ પાસેથી કાંઇ મેળવવાની લાલચે જતા હોય, કેટલાક હું ધર્મ કરૂં છું તેવું લોકમાં દેખાય તો મને ધર્મી કહે અને વેપાર વિગેરેમાં સગવડતા મળે તેવા હેતુથી જતા હોય, કેટલાક ધર્મ કરવાથી વેપારમાં સારો પૈસો મળે એવી ભાવનાથી જતા હોય, કેટલાક બીજી ભાવનાથી જતા હોય. આવા આવા કારણો અટકાવવા ધર્મહેતુએ કર્મની નિર્જરા વાસ્તે ધર્મ ક્રિયા કરવાનું લક્ષ સમજાવવા, 'શ્રદ્ધા પરમદુલ્લહા' એ સૂત્રને યથાર્થ રીતે ઘટાવવું જોઈએ.

પરંતુ શ્રીમદ્ કહે છે કે મારામાં શ્રદ્ધા રાખો. તો તે શ્રીમદની વાતમાં શ્રદ્ધા રહે તેવું છે પણ ક્યાં? જૈન વર્ગ સ્પષ્ટ રીતે જોઈ શકે છે કે શ્રીમદે કોઇ જાતનો ત્યાગ કર્યો નથી. વ્રત, પચ્ચખાણ, નિયમ આદિ લીધાં નથી, બાર વ્રતધારી શ્રાવક બનેલ નથી કે સાધુ થયેલ નથી. સ્ત્રી પુત્રનો ત્યાગ કરેલ નથી અને સર્વ સુખની સામગ્રીમાં રચ્યાપચ્યા રહ્યા છે. હવે આવી સ્થિતિમાં શ્રીમદ્ બણગાં ફુંકે કે પોતે વર્તમાન જ્ઞાની છે. અમે સઘળું જાણીએ છીએ. સૂત્રના પડખાં જોઇ લીધાં છે. તીર્થંકરના અંતર આશય જાણ્યા છે. ત્યારે જૈન સમુદાયને તેના વાક્યો ઉપર શ્રદ્ધા પણ કેમ બેસે? શ્રીમદ્‌માં એવા કયા વિશિષ્ટ ગુણો હતા કે જૈન સમુદાય શ્રીમદ્ ઉપર શ્રદ્ધા રાખે અને તીર્થંકર તરીકે માને પૂજે! એવી કઈ ઉપદેશ ધારા શ્રીમદે ચલાવી છે કે જ્ઞાની તરીકેનું બિરૂદ શ્રીમદ્‌ને આપી શકાય! ઉલટું તેમણે જે કાંઈ કહ્યું છે તે સૂત્ર સિદ્ધાંતથી વિરૂદ્ધ કહ્યું છે અને જેમ ઠીક લાગે તેમ ફેંક્યે રાખ્યું છે.

શ્રીમદ્ જણાવે છે કે અમારા વિના તમારૂં કોઈ કલ્યાણ નહ કરી શકે. આવી અહંકારમય અપૂર્વ વાણી શ્રીમદ્ સિવાય બીજ કોણ કાઢે? તીર્થંકર ભગવાન જે કેવળજ્ઞાન કેવળદર્શન પામે તેઓ પણ અહંકારપૂર્વક એમ નથી કહેતા કે અમારા વિના તમ

કોઈ સ્વાર્થ નહીં કરે. મુકે હરકોઈ હિસાબે [illegible] વા [illegible]. આશય કે કપટથી પોતાના તરફ જનતાને આકર્ષી પોતાની જાળમાં ફસાવવા આમરે આકાશ પાતાળ એક કર્યું છે. સેવકોને જુદે જુદે વખત જુદી જુદી જાતના પત્રો લખી આપ્યાં છે, અને પોતાની વાણી ચાતુર્યની જાળમાં ગાંધી લીધા છે પરંતુ જ્ઞાની પુરુષના આશ [illegible] અને [illegible] ની આવી જાળમાં [illegible] [illegible] ગંભીર કરેલા પ્રયોગો [illegible] [illegible] જૈનશાસ્ત્રના સિદ્ધાંત [illegible] વિચાર કરી સ્વપર કલ્યાણ [illegible] એક સ્થાને [illegible] [illegible] અને જૈન ધર્મ [illegible]

ગમમાં થોડો પણ કહીશું, અને તે માર્ગ પૂરી રીતે આ જન્મમાં તમને કહીશું, એમ અમને હરીની પ્રેરણા હોય તેવું લાગે છે."

હરીના એજન્ટ, પ્રતિનિધિ, પેગંબર અથવા તીર્થંકર "મુળ માર્ગ" "પૂરી રીતે" સમજાવવા હરીથી "પ્રેરાયેલા છે," એમ કહી હીપનોટીઝમ વડે લોકોના મન નરમ ઘેંસ બનાવી પછી પોતાની દરેક વાત તેમની પાસે મનાવે છે.

સુખલાલ—આપ કહો છો તે સત્ય છે. આપનું કાવ્ય આગળ ચલાવો.

શીવજીઃ

ઉલ્ટા સુલટી આવી વાતો પુસ્તકમાં નજરે પડશે,
વિચિત્રતા ને વિરોધના ઉત્સુત્રો તમને દેખાશે,
સૂત્ર તજીને શ્રીમદ વાંચવા સાધુ જે ઉપદેશ કરે,
શ્રદ્ધાથી તે ભ્રષ્ટ કરે છે, વિવેકથી વ્રજલાલ કહે.

આવી રીતે ઉલ્ટા સુલ્ટી વાતો શ્રીમદના ગ્રંથમાં નજરે તરી આવે છે, તેમાં શ્રીમદે જે જે વાતો કરી છે તે ઘણી વિચિત્ર છે. વિરોધાભાસ વાળી છે તથા સૂત્રવચનથી ઉલ્ટી-ઉત્થાપન કરનારી છે, અને સૂત્ર વાંચવાનું છોડી દઇને સાધુ કવિ પંથનો ગ્રંથ વાંચવા ઉપદેશ કરે તે સાધુ શ્રદ્ધાથી ભ્રષ્ટ કરે છે એમ વિવેક પૂર્વક કહીયે તો જરા પણ ખોટું નથી. જૈન ધર્મના સૂત્ર વાંચન કરનારાઓ જણાવી રહ્યા છે કે તીર્થંકરના એક એક વાકયમાં અનંતા ગુઢ તત્વો રહેલા છે,તે ઉપર વાંચી વિચાર કરે તો તે સમય કરતાં પણ મનુષ્ય પ્રાણીનું આયુષ્ય અલ્પ છે. સૂત્ર ઉપર ટપકે વાંચી જવાની આ વાત થતી નથી પરંતુ તેના જ્ઞાનને હૃદયમાં ઉતારવાની આ વાત છે. ઉપર ટપકે વાંચનારા અને બોલનારા કેઃ-જૈન ધર્મના તમારા માન્ય ૩૨ બત્રીસે સિદ્ધાંત મેં વાંચ્યા છે, તોએ ૩૨ સૂત્રો ઉપર-ટપકે વાંચવાથી આત્મજ્ઞાન ન થાય, કે કલ્યાણનો માર્ગ સાધી ન શકાય. જ્ઞાનની સાથે તપ પણ હોવો જોઇએજ. [illegible]

એવો ઉપદેશ થતો હોય કે જ્ઞાનીનો ભોગ એ નિર્જરાનો હેતુ છે તો જ્ઞાની થયા એટલે કર્મરજ ચોંટતી નથી તો એ ૩૨ સિદ્ધાંતો વાંચ્યા ન વાંચ્યા જેવા છે. જેના હૃદયમાં જ્ઞાનની ધગશ હોય, અંતઃકરણ પૂર્વક લગની લાગી હોય, તેની ત્યાગવૃત્તિ શુદ્ધ કેમ ન હોય! બાહ્ય તથા અભ્યંતર બંને દૃષ્ટિએ સંયમ શુદ્ધજ હોય. તીર્થંકરોએ એવો કોઇ ઠેકાણે ઉપદેશ નથી કર્યો કે જ્ઞાનીનો ભોગ એ નિર્જરાનો હેતુ છે, અને તે હેતુથી શ્રીમદના સેવકો બોલી રહ્યા છે કે પ્રભુના નામે જે કાંઈ ક્રિયા થાય તેમાં પાપ નથી, કારણકે અમારામાં જ્ઞાન છે, એમ જણાવી શ્રીમદ્‌ના ફોટા મૂર્તિ પાસે આરતી ઉતારે છે. વારંવાર પગે લાગ્યા કરે છે, કડતાલથી ધૂન લગાવે છે, પુષ્પ તોડી પૂજા કરે છે, અને હિંસામય ધર્મને આચરી રહ્યા છે. 'જીવને મારવાથી ધર્મ થાયજ નહિ, છતાં પણ પ્રભુના નામ ઉપર હિંસા કરી, અજ્ઞાનધર્મના પોષક બની રહ્યા છે. જેમ અગ્નિમાં ઘી હોમવાથી ભડકો વધારે થાય છે તેમ હિંસા રૂપી ધર્મ આચરવાથી અજ્ઞાનનો ભડકો અને તેથી સંસાર પરિભ્રમણ વધારે થાય છે. પરમ પૂજ્ય મહાત્મા ગાંધીજી તા. ૨–૧–૧૯૨૧ રવિવારના નવજીવનમાં જણાવે છે કે:–"હિંસા કરીને મને સ્વરાજ મળતું હોય તો તે મને નથી જોઈતું. મોક્ષ મળતા હોય તો તે પણ નથી જોઈતા ઈશ્વરની ભક્તિ પણ હિંસા કરીને થતી હોય તો મારે તેવી ભક્તિ નથી જોઈતી."

ચંડકોશીયા નાગના મુખમાંથી અમૃત મેળવવાની કોઇ માણસ ઈચ્છા કરે તો જેમ તેને અમૃત મળતું નથી પરંતુ ઝેરજ મળે છે, તેવીજ રીતે મહાવીરના સૂત્ર વચન જે ગ્રંથમાં ઉત્થાપન થતા હોય તેવા ચંડકોશીયા નાગ જેવા ગ્રંથમાંથી જ્ઞાન રૂપી અમૃત નહી મળતાં અજ્ઞાન રૂપી ઝેરજ મળે છે, માટે અજ્ઞાન રૂપી ઝેરને દૂર કરવું, અને જ્ઞાન રૂપી અમૃતને ગ્રહણ કરવું, અને અન્ય ગ્રંથો વાંચવા દૂર કરી

સૂત્રસિદ્ધાંત વાંચવાના ખાસ અભ્યાસી બનવું જોઇએ જેથી આત્મ-કલ્યાણનો માર્ગ પ્રાપ્ત થાય.

સુખલાલ: મિત્ર, આજે હું ઘણો ખુશી થયો છું. આપે મને ટુંકમાં કવિપંથના પુસ્તકમાંથી કેટલાક અહંકાર ભર્યા, વિરોધાભાસવાળા, જૈનસૂત્ર સિદ્ધાંતના ન્યાયનો આશય તોડનારા વાક્યો બતાવ્યા છે, પરંતુ મિત્ર, આ ગ્રંથમાં અધૂરાં અધુરા આગળ પાછળનો સંબંધ તોડી નાખનારા ત્રુટક પત્રો તેમજ બીજા પત્રો ઘણા છે તે સંબંધી હું તમારી પાસેથી ખુલાસો સમજવા ઉત્સુક છું.

શીવજી: આપ મારી પાસેથી તેમના બીજા પત્રો સંબંધમાં ખુલાસો સમજવા માગો છો તો જરૂર કોઇ બીજા પ્રસંગે ખુલાસા વાર વિવેચન કરી સત્ય વસ્તુ જણાવીશ. હાલ તો આટલી વાતચીત તમારી ભ્રમણા દૂર કરવા વાસ્તે કરી છે.

સુખલાલ: આપે જે વિવેચન યુક્ત ખુલાસો કર્યો છે, તેથી મારા મનની શંકા અને ભ્રમણા દૂર થઈ છે. અત્યાર સુધીમાં મને જે ઉપદેશ મળ્યો હતો કે આ કવિપંથનો ગ્રંથ વાંચવાથી મને આત્મજ્ઞાન થશે અને હું જે જે માણસો મારા સમાગમમાં આવતા તેને કહ્યા કરતો કે હું આ ગ્રંથ વાંચું છું. અને મને આત્મજ્ઞાન થશે. પરંતુ મારી એ સમજણ જ્ઞાનપૂર્વકની ન હતી. આ ગ્રંથ વાંચવાથી આત્મ-જ્ઞાન થાય તેવું કાંઈ દીસતું નથી. એમ તમારી વાત ઉપરથી મને સ્પષ્ટ સમજાયું છે. મેં જે પરિવર્તન કર્યું છે તે કાંઈ ખાસ સમજણપૂર્વક કર્યું નથી. પરંતુ મારા એક મિત્રે મને ખાનગીમાં સમજાવેલું કે વરણ નામ નટવાની વાત તો તમો જાણો છો ને? માટે પરિવર્તન કરનારાઓની માફક તમે પણ પરિવર્તન કરો અને એ દ્દષ્ટાંતે મેં મુહપતી જે હું કાયમ બાંધી સામાયીક પ્રતિક્રમણ કરતો, તે મુહપતી બાંધવી છોડી દીધી અને શુદ્ધ ક્રિયા કરવાનું છોડી દીધું એટલું તો નહિ પરંતુ સામાયીક પ્રતિક્રમણ કર-

વાનું પણ છોડી દીધું. મને એવું ભારપૂર્વક ઠસાવવામાં આવેલું કે તમે આ ગ્રંથ વાંચો છો તેથી સામાયીક જ છે, પ્રતિક્રમણ જ છે. મારી અજ્ઞાન સમજ્જણમાં મારા મૂળ ધર્મ ઉપરથી શ્રદ્ધા ઉડી ગઇ છે. મુહપતીનો ત્યાગ કરી રજોહરણને બદલે મોરપીછાનો સાવરણો રાખ્યો. સૂત્ર સિદ્ધાંત સાંભળવાને બદલે આ કવિપંથનો ગ્રંથ વાંચવાનું શરૂ કરી ઉપાશ્રયે જવાનું છોડી દીધું. હે દીનદયાળ દીનાનાથ કરૂણાસાગર ! મેં ઘણું જ અઘટિત પરિવર્તન કર્યું છે. હું બીજાઓના ભરમાવ્યે ભરમાઈ ગયો. શ્રદ્ધાપૂર્વકની સત્ય ક્રિયા-કરણીનો ત્યાગ કર્યો. મારૂં અંતઃકરણ સાફ સાફ અવાજ કરે છે કે આવા ગ્રંથ વાંચી મેં અજ્ઞાનરૂપી ઝેરનો ઘુંટડો પીધો. મને ઘણો પશ્ચાત્તાપ થાય છે.

શિવજી : આપને હૃદયપૂર્વક પશ્ચાત્તાપ થાય છે. તેજ કલ્યાણકારી છે. કારણ કે શુદ્ધ હૃદયથી થતો પશ્ચાત્તાપ આત્માને સમશ્રેણીએ ચડાવે છે. પસ્તાવાનો મહિમા અદ્‌ભુત છે. સૂત્રમાં પણ દાખલાઓ આવે છે. ગોશાળો ભગવાન મહાવીરદેવના સમયમાં (સમકાલીન) હતો. તે પોતાને સર્વજ્ઞ કહેવરાવતો, જિન-અરિહંત કહેવરાવતો અને તીર્થંકર ભગવાનની નિંદા કરતો. તેણે તીર્થંકર ભગવાનના સમોવસરણમાં બે સાધુઓને તેજુલેસ્યા મુકી બાળી નાખ્યા હતા. પરંતુ મરણ કાળ સમયે તે ગોશાળાને પશ્ચાત્તાપ થયો હતો. આ શુદ્ધ હૃદયનો શુદ્ધ પશ્ચાતાપ હતો. તેથી તેણે પોતાના અનુયાયીઓને બોલાવ્યા અને કહ્યું કે હું ખોટો છું, હું સર્વજ્ઞ નથી, હું જિન અરિહંત નથી પરંતુ મહાવીર દેવ કેવળદર્શનના ધરણહાર છે. તે સર્વજ્ઞ છે. તે જિન છે, તે અરિહંત છે. મહાવીરે મારા ઉપર ઉપકાર કર્યો છે. પરંતુ મેં તેની નિંદા કુથલી કરી અપકાર કર્યો છે, બે સાધુઓને બાળી નાખ્યા છે. ઉપકારી પુરૂષ ઉપર તેજુલેસ્યા મુકી છે મારા જેવો અધમ-નીચ, પાપી બીજો કોણ હોય! તે માટે હવે તમે મારા મરણ

બાદ મારા શરીરને ઘસડજો, મારી હીલના કરજો, નિંદા કરજો, ચોટે ચોટે, શેરીયે શેરીયે પ્રભુ મહાવીર પ્રત્યેના મારા અપકારોને યાદ કરી કરી મારો તિરસ્કાર કરજો, વિગેરે અધિકાર ભગવતી-સૂત્રમાં પ્રસિદ્ધ છે. ટુંકમાં ગોશાળાને અંતિમ સમયે થયેલું સાચું જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થતાં શુદ્ધ હૃદયથી પશ્ચાતાપ કરતાં તેણે કેટલાય ભવ કાપી નાંખ્યા. મિત્ર, શુદ્ધ હૃદયથી થતો પશ્ચાતાપ ઘણોજ પ્રશંસનીય છે.

પસ્તાવો તે શુદ્ધ હૃદયનો, પાપને બાળી નાખે,
પસ્તાવો તે શુદ્ધ હૃદયનો, બંધનો તોડી નાખે.
પસ્તાવો તે શુદ્ધ હૃદયનો, માર્ગે ઉંચે ચડાવે,
પસ્તાવો તે શુદ્ધ હૃદયનો, આત્મ ઉલ્લાસ લાવે
કારણ પશ્ચાતાપનું છે, તેજમય આ લોકનું,
થયેલા દુષ્ટ કૃત્યોની રાખ તે કરી નાખતું.

સુખલાલ: સૂત્રના દૃષ્ટાંત પૂર્વક પશ્ચાત્તાપના અદ્ભુત મહીમાની આપે વાત કરી તેમને હૃદયમાં જ્ઞાનપૂર્વક ઠસી ગઈ છે, અને હું પણ પત્રિકાઓ છપાવી સકળ સંઘ એકત્ર કરી જાહેરમાં ખેદ દર્શાવી શુદ્ધ હૃદયથી પશ્ચાતાપ કરીશ. હે ભગવંત! મુહપત્તી મુખ ઉપર નહિ બાંધવાથી, અજત્નાએ વાયુ કાયના જીવની જે કાંઈ હિંસા થઈ હોય, રજોહરણનો ત્યાગ કરી ઓરપીછાનો સાવરણો રાખી, સૂત્ર સિદ્ધાંત સાંભળવા છોડી દઈ ગ્રંથ વાંચો અઘટિત પરિવર્તન કરતાં તે સંબંધમાં જે કાંઈ દોષ કીધા હોય તે બાબતના મારા દોષ માફ થાઓ. જેણે જેણે મારી માફક ગાડરીયા પ્રવાહની માફક રાગાંધ બની અઘટિત પરિવર્તન કરી મુહપતીનો ત્યાગ કર્યો છે. અને ગ્રંથ વાંચવાનો નિયમ રાખ્યો છે તેને તેને સમજાવી તેમને સત્ય રસ્તે ઉપદેશ આપીશ.

પડીવાજમાં પાંચના ટોરા થાય છે.

શીવજી : અજ્ઞાનરૂપી તિમિરનો આજે મિત્ર, તમોએ નાશ કર્યો. મુહપત્તી બાંધી શુદ્ધ ક્રિયા-કરણી કરવામાં મોર પીછાનો સાવરણો દૂર કરી સન્મુખ થયાં. આજનો દિવસ મારો સફળ થયો. મારૂં આગમન સફળ થયું. મિત્ર હું જાઉં છું.

જયજીનેન્દ્ર.

સુખલાલ : જયજીનેન્દ્ર.

પ્રકરણ ૭ મું

હિરાલાલની આત્મગોષ્ટિ અને સંતદર્શન

સુજ્ઞ બંધુઓ ! સુખલાલ શેઠ અને શીવજીભાઈને શ્રીમદ્ રાજચંદ્રના ગ્રંથ બાબતમાં ભાવાર્થ સહીત ટુંકમાં ખુબ ચર્ચા થઇ અને સુખલાલભાઇને યથાર્થ સમજાવી શીવજીભાઈ ઘેર ગયા. પરંતુ સુખલાલ શેઠનું ચિત્ત અસ્વસ્થ બની ગયું છે. તેનો મનરૂપી ઘોડો થનયનાટ કરી નાચી કુદી રહ્યો છે. અંકુશમાં લાવવા લગામનો ઉપયોગ પણ નિરર્થક નીવડે છે. સમુદ્રનાં મોજાંઓ જેમ આવે ને ચાલ્યાં જાય-અદ્રશ્ય થતાં દેખાય છે તેમ તેમ સુખલાલ શેઠના મન તરંગો પણ જન્મે છે અને નાશ પામે છે. સુખલાલ શેઠ હવામાં કીલ્લાઓનું ચણતર કરી રહ્યા છે અને પાડી રહ્યા છે. સુખલાલ શેઠને આ પરિવર્તન અઘટિત થયું છે તેની હાડે હાડે શ્રદ્ધા બેસી ગઈ છે અને તેનો જ ઉહાપોહ કર્યા કરે છે સ્ત્રી, પુત્ર, નોકર, ચાકર, શેઠ વગેરેને બોલાવે છે. પરંતુ શેઠ પાસેથી તેમને પણ કાંઈ મન માન્યો જવાબ મળતો નથી; પરંતુ તેઓ તો હમેશાં શેઠની સાથે રહેનારા-શેઠના મનોભાવ જાણનારા સમયવર્તી હોઈ જાણી ગયા છે કે આજે શેઠની સમક્ષ કોઈ અદ્ભુત વિચાર-સૃષ્ટિ ખડી થઈ હશે અને તેનો દીર્ઘવિચાર કરી ઉકેલ આણવામાં મશ-

ગુલ બની ગયા છે. સુખલાલ શેઠ આમ વિચારગ્રસ્ત બની ગયા છે તેવામાં શેઠના ખાસ સ્નેહી હીરાલાલભાઈ ધોધાવાળા કે જેણે પણ શેઠના જેવું જ પરિવર્તન કર્યું છે તે શેઠને કેટલીક સમયવર્તી ખાસ સૂચનાઓ આપવા રાતના સાડા નવની ટ્રેનમાં આવી પહોંચ્યા. હિરાલાલ ભાઈએ ઘેર આવતાં સુખલાલ શેઠને આમ વિચારગ્રસ્ત દેખ્યા અને શેઠ પાસે એક ખુરસી પડી હતી તેના ઉપર બેઠા. પરંતુ સુખલાલ શેઠે હિરાલાલ ભાઈને કાંઈ આદર આવકાર આપ્યો નહિ. તેમજ શેઠ પહેલાં જેમ હરહંમેશ બોલાવતા, વાતો કરતા, વિચારોની આપ લે કરતા. તે મુજબ કાંઈ પણ વાર્તાલાપ હિરાલાલ ભાઈની સાથે શેઠે કર્યો નહિ.

સુજ્ઞ ભાઈઓ! આપણા આ હિરાલાલભાઈ ધોધાવાળા જે કહેવાય છે તે, તે નામથીજ પ્રખ્યાત બનેલા છે. અને જ્યાં જાય ત્યાં તે નામથી જ ઓળખાય છે. પરંતુ તેમનું મૂળ નામ હિરજી છે. નાનપણમાંથી જ તેઓ હીરાભાઈ તરીકે નામના પામેલા, કારણ કે–કહેવત છે કે–હિરો ઘોધે જઇ આવ્યો ને ડેલે હાથ દઈ આવ્યો, એ કહેવત મુજબની તેમની તિક્ષ્ણ બુદ્ધિ હોઈ, ગામના નાના મોટા તમામ માણસો હિરાલાલ ધોધાવાળા તરીકે પીછાની રહ્યા છે. હીરાલાલ ભાઈના માતા પિતા તથા કુટુંબ સંસ્કારી હોઇ, હીરાભાઇને બાલ્યાવસ્થામાંથી જ જૈન દર્શનના સંસ્કારો રેડવામાં આવેલા; પરંતુ હિરાભાઇએ સામાયીક અને પ્રતિક્રમણ એ બંને મુખપાઠ કર્યો સિવાય જૈન દર્શનમાં કાંઈ પણ માથું માર્યું નથી તેમજ જૈન દર્શનના સિદ્ધાંતો જાણવાની તેમની તમન્ના પણ નથી. 'મારો લાલો લાભ મળે ત્યાં લોટે' તેમજ આપણા આ હિરાભાઈ અર્થ લાભ મળે ત્યાં લોટી જાય તેવા છે.

સુજ્ઞ ભાઇઓ, હિરાલાલ ભાઈ સંબંધમાં ઘણાજ ટુંક પરિચયથી આપને થોડા ઘણા માહિતગાર તો કર્યા, પરંતુ સુખલાલ

શેઠે તેમની સાથે મૌન આદર્યું હોઈ, હિરાલાલ ભાઈ મનમાં ખૂબ મૂઝાણા; પરંતુ મનને મનાવ્યું કેઃ—હું જ પ્રથમ વાતચીત કરવાની શરૂઆત કરૂં. ખેર ! યદ્ભાવી ન તદ્ભાવી.

હિરાલાલ : કેમ મિત્ર ! શું વિચારમાં છો ?

સુખલાલ : ઘણા જ ઉંડા વિચારમાં છું.

હિરાલાલ : સંસાર સંબંધી કાંઈ વિચારમાં હશો.

સુખલાલ : ના મિત્ર, ઘર સંસારનો કાંઈ વિચાર નથી.

હિરાલાલ : ત્યારે એવા કયા ઉંડા વિચારમાં લીન થઈ ગયા છો કે આસપાસનું વાતાવરણ–કોણ આવ્યું, કોણ ગયું, એ કાંઈ પણ ખબર પડતી નથી !

સુખલાલ : હું એજ વિચાર કરી રહ્યો છું કે–મેં આ જે પરિવર્તન કર્યું છે–મુહપત્તીનો ત્યાગ કર્યો છે. ઉપાશ્રયે જવાનું છોડી દીધું છે, સાધુ મહારાજનાં વ્યાખ્યાન સાંભળતો નથી, સૂત્રસિદ્ધાંત વાંચવાનું છોડી દીધું છે, સામાયિક–પ્રતિક્રમણ પણ કરતો નથી અને આ ગ્રંથ વાંચવાથી આત્મજ્ઞાન થશે એવું તમોએ મને કહી, મારી મૂળ શ્રદ્ધા જે ઉઠાડી મૂકાવી છે અને તમારે ચીલે ચીલે ચાલવાનું કહી આ અઘટિત પરિવર્તન, સમાજમાં હાંસીપાત્ર કરાવી મૂક્યું છે, તેનો જ મને વિચાર થાય છે. અરે ! પશ્ચાતાપ થાય છે.

હિરાલાલ : આપને કોઈ ઉંધે રસ્તે દોરવી ગયું હોય તેમ લાગે છે. એકાએક આ બધી વાતો તમારા મુખથી સાંભળી હું ઘણોજ અજાયબ થાઉં છું. કહો તો ખરા કે ખરી હકીકત શું છે !

સુખલાલ : અમારા ગામના નગરશેઠ શીવજીભાઈએ મારી પાસે આવી શ્રીમદ્ રાજચંદ્રના ગ્રંથ બાબતમાં ચર્ચા કરી ખુલાસા કર્યો છે અને તેમના એ ખુલાસા સાંભળી મારી શ્રદ્ધા ફરી છે કે–તમોએ મને જે જે વાતો કરેલી અને તમો જે કહી ગયેલા તે ... બીલકુલ શ્રદ્ધા આવતી નથી.

હિરાલાલ: આપનું ભોળું હૃદય જરૂર ભરમાઈ ગયું છે. તમો ારી સાથે ચાલો. આપણે સંત-સમાગમ કરીયે. સજીવન મૂર્તિ ાજરાહજુર બીરાજી રહેલ છે, તે મારા તમારા સંશયો, શ્રીમદ્ ાજચંદ્ર ગ્રંથ સંબંધના જરૂર દૂર કરશે. શ્રીમદ્‌નો ગ્રંથ ત્યાં આગળ છે. આપણે પણ સાથે લેતા જશું. ત્યાં આગળ બીજાઓની પણ સહાય આપણને મળશે.

હિરાલાલની આ પ્રકારે વાત થતાં, સુખલાલ શેઠ મૌન રહ્યા. સુખલાલ શેઠ કાંઈ પણ બોલ્યા નહિ કે જવાબ આપ્યો નહિ. તેથી હિરાલાલને મનમાં થયું કે અત્યારે આ વાત જવા દેવી જ ઉચિત છે. લાકડું લાકડાના ભારે ભાંગશે. અને સમય આવશે કે તુરત જ સુખલાલ શેઠના વિચારપ્રવાહને હું ફેરવી નાખીશ. ઘણા ઘણાને મેં ફેરવ્યા છે. ઘણા માણસોની મેં મૂળ કુળધર્મ શ્રદ્ધા ઉઠાડી મુકાવી છે, અને ઘણાને મેં સમજાવી પરિવર્તન કરાવી દીધું છે. અષ્ટંપષ્ટં-આડું અવળું સમજાવવામાં હું બાવન પાનાની રમત માંહેનો કાળીપુરનો એક્કો છું. પરંતુ અત્યારે જેવો ઢોલ વાગે છે તેમ નાચ્યા સિવાય મારે છુટકો નથી. એમ વિચાર કરી પથારીમાં પોતે આરામ લેવા આડા પડખે થયા કે તરત જ ઘૂંટાડા કરતાં નસકોરાં ચાલુ થયાં.

સુખલાલશેઠ પણ પથારીમાં આરામ લેવા સુતા. પરંતુ ઉંઘ આવતી નથી. આમ તેમ પથારીમાં આળોટયા કરે છે. પરંતુ મગજમાં એક જ વિચારની ધૂન આવ્યા કરે છે કે મેં આ અઘટિત પરિવર્તન કરી નાખ્યું! કેમ કરવું? શું કરવું? એ વિચારના ઉપાયની જ તમના લાગી ગઇ છે. અંતમાં અતિ પ્રયાસે વિચાર કરતાં કરતાં આત્મ શાંતિનો રસ્તો સુખલાલ શેઠને હાથ આવ્યો. અને તેજ અનુકૂળ થઈ પડશે, એમ ધારી તરત જ ઉભા થઈ કમાડ ખોલી એક કોરો કાગળ તથા એક ખાલી કવર

તેમણે કાઢયું. અને કાગળમાં પત્રિકાનું લખાણુ લખ્યું. અને કવરને બંધ કરી દીધું. તે પછી નીચેથી નોકરને બોલાવ્યો અને કહ્યું કે, જીવણા ! આ ચીઠી લઈને જ્ઞાન પ્રકાશ છાપખાનાના માલીક સુંદરલાલ પાસે જા. અને કહેજે કે સવારના નવ વાગે તેમાં લખવા મુજબ છાપકામ કરી પત્રિકાઓ લઈ એક નોકરને ઉપાશ્રય પાસે મોકલજો. અને સાધુ મહારાજનું વ્યાખ્યાન પુરૂં થયા પછી સભા વિખરાય અને શ્રોતાજનો બહાર નીકળે ત્યારે પુરૂષ અને સ્ત્રીઓમાં દરેકને એક એક પત્રિકા વહેંચે, એવો પ્રબંધ કરી દેવાનો છે. અને જીવણા, તું પણ બરાબર તે સમયે સાથે રહી કામ કરજે. એમ જણાવી સુખલાલ શેઠ વિચાર કરતાં કરતાં મોડી રાત્રે નિદ્રાવશ થયા.

સવારના દિવસ ઉગવાની શરૂઆત થતાં પહેલાં તો હિરાલાલ ભાઈ પથારીમાંથી ઉઠયા. અને પોતાની ગાંધી થેલીમાં જે પથરણું હતું તે કાઢયું અને નીચે પાથર્યું. સામે શ્રીમદ્ રાજ્યચંદ્રનું પુસ્તક મૂકયું અને તેને અડીને શ્રીમદ્‌નો ફોટો મૂકયો. ત્રણ ચાર અગરબત્તીઓ સળગાવી અને વારંવાર પુસ્તકને તથા ફોટાને પગે લાગવા મંડી પડયા, તથા " નમો ગુરૂદેવં, નમો ગુરૂદેવં, નમો ગુરૂદેવં " એમ ધુન બોલતા જાય અને પુસ્તક ફોટાને પગે લાગતા જાય. એ ધુનમાં–તેઓ એટલા મસ્ત બની ગયા કે બાજુમાં શેઠ સુતા હતા, તે પણ આ ધુનના અવાજથી જાગી ગયા.

સુખલાલ શેઠે જ્યારે ઉઠીને હિરાલાલ તરફ જોયુ તો શેઠ આ દેખાવ જોઈ આભા બની ગયા અને વિસ્મય પામ્યા

હિરાલાલભાઈની ધુન–જડપૂજન–વદન–ક્રિયા તમામ થયા પછી સુખલાલ શેઠે હાથમાં પથરણું મુહપતી ગુચ્છો લઈ પથરણામાં બાંધો, હિરાલાલભાઈને કહ્યું કેઃ ચાલો, ઉપાશ્રયે.

હિરાલાલ : આપ જાવ, મારે આવવાનો વિચાર નથી.
સુખલાલ : તમે સામાયીક કરતા નહિ.
હિરાલાલ : તમારે મારૂં ત્યાં શું કામ છે ?
સુખલાલ : પાસે બેસજોને.
હિરાલાલ : હું તો નહિ આવું.
સુખલાલ : તમને શી હરકત છે ?

હિરાલાલ : તમે ઉપાશ્રયે જવા માગો છો. ત્યાં આગળ જે સાધુ છે. તેનું સમકિત જુદું છે. અને આપણું સમકિત પણ જુદું છે.

સુખલાલ : કેવી રીતે સમકિત જુદું છે ?

હિરાલાલ : સાંભળ મિત્ર, તે સાધુ આગમ બત્રીસીમાંથી સૂત્ર સિદ્ધાંત લઈ વાંચે છે. જ્યારે આપણા સમકિત પ્રમાણે સૂત્ર સિદ્ધાંત વંચાતા નથી. પરંતુ શ્રીમદ્‌નો ગ્રંથ તથા તે ગ્રંથમાં ઉલ્લેખ કરાયેલા ગ્રંથો વંચાય છે. એટલે આપણું સમકિત ને તેમનું સમકિત જુદું છે. અને જ્યારે સમકિત જુદું છે ત્યારે વંદન આદિ ક્રિયા પણ લાભદાયી નથી. અને ત્યાં આગળ ઉપાશ્રયમાં આવતાં મિથ્યાત્વી બની જઈએ. માટે હું તો ત્યાં આગળ આવવાનો નથી. સમકિતી મટી મારે મિથ્યાત્વી બનવું નથી. માંડ માંડ મને આ સમ્યક્-દર્શન પ્રાપ્ત થયું છે. અને તે પણ ઘણા વરસે.

સુખલાલ : પરિવર્તન કર્યા પહેલાં આપ સાધુ મહારાજને વંદન આદિ કરતા, તેમનો ઉપદેશ સાંભળતા, એ વાત આપને યાદ આવે છે કે ?

હિરાલાલ : એ યાદ આવે છે. પરંતુ સમજ્યા ત્યારથી સવાર. ઉપદેશ સાંભળી સાંભળીને મારી આટલી ઉમર વહી ગઈ. સાધુને વંદના કરતાં કરતાં આ ધોળા વાળ આવી ગયા. સિદ્ધાંતો સાંભળી

સાંભળી આ કાન પણ હવે થાકી ગયા. પરંતુ કાંઈ આત્મજ્ઞાન થયું નહિ. આ મુહપતી મુખ ઉપર બાંધી બાંધી ખૂબ સામાયક પ્રતિક્રમણ વ્રત પચ્ચખાણ કર્યાં, એક ગામથી બીજે ગામ જ્યાં જ્યાં સાધુ સંત બીરાજતા હોય, ત્યાં જઈ દર્શન કર્યાં, લાણાં કર્યાં, સંઘ જમણ કર્યાં, પરંતુ કાંઈ સાર ભાળ્યો નહિ. મિત્ર! આત્મજ્ઞાન કરવાની ખાસ જરૂર છે અને આત્મજ્ઞાની સાધુ હોય તેના પડખાં સેવીયે, તો જ કલ્યાણ છે.

સુખલાલ : આપ આ બધી વાતો કરી રહ્યા છો તો આપે કયો એવો મહાન ત્યાગ કરી દીધો! કઈ એવી તપશ્ચર્યાની ક્રિયા કરી? કયે ગામ જઈ સંઘ જમણ કર્યાં કે મોટા મોટા લાણાં કર્યાં!

હિરાલાલ : મેં કાંઈ તપસ્યા ન કરી તેથી શું થયું? ઘણાઓ તપસ્યા કરી થાકી ગયા. તેને શું આત્મજ્ઞાન થઈ ગયું કે?

સુખલાલ : આત્મજ્ઞાની કોને કહીયે?

હિરાલાલ : આત્મજ્ઞાન જેને થાય તેને આત્મજ્ઞાની કહીયે.

સુખલાલ : આત્મજ્ઞાન થયું છે એમ કેમ જાણી શકીયે!

હિરાલાલ : મિત્ર, તાવ માપવા માટે જેમ થરમોમીટર યંત્ર બનાવવામાં આવ્યું છે. તેમ આત્મજ્ઞાન માપવાને માટે આધુનિક યંત્રકારોએ એવું કોઈ યાંત્રિક સાધન બતાવ્યું નથી. પરંતુ રહેણી કરેણી જોતાં આપણું મન માને તો જાણીયે કે એ પુરૂષ તો કોઈ અદ્ભુત આત્મજ્ઞાની છે, એ પુરૂષનો ક્રિયાકરણી બાહ્ય વ્યવહારમાં કાંઈ ફેર લાગતો હોય કે તફાવત આવતો હોય તો કાંઈ ચિંતા કરવા જેવું નથી. તેમ આત્મજ્ઞાનની વિશેષતા કાંઈ તેથી ઓછી થતી નથી. અને તેથી ઉલટું આત્મજ્ઞાન સિવાયના સાધુને વંદણા કરવી; નમસ્કાર કરવા; સત્કાર કરવો, એ આપણા અજ્ઞાનના

અખ્તીયાર કરેલા સંપ્રદાય (મત) વિરૂદ્ધ છે. અને આ શિખામણ મેં તમોને ખૂબ ખૂબ આપી હતી. કાનોમાં ખૂબ ફૂંકો મારી હતી. અને પોપટીયો ગુરૂમંત્ર ભણાવ્યો હતો પરંતુ મિત્ર, અફસોસ થાય છે કે, આપનું વહાણુ અત્યારે ખરાબે ચડી ગયું છે. કોઈ પ્રતિકુળ દિશાના વાવાઝોડાએ એ વહાણુને ભરદરીયે ડુબાવવા હાંકી કાઢયું છે.

સુખલાલ : એ તો ઠીક; પરંતુ પરિવર્તન કર્યા પહેલાં જે સાધુઓના તમો પડખા સેવવાના ભણુગાં ફુંકી રહ્યા છો તે સાધુના મુખથી આત્મા એ જડ છે. એવી જાતનો ઉપદેશ કદી પણ સાંભળેલો કે?

હિરાલાલ : આત્મા એ જડ છે. એવી જાતનો ઉપદેશ તો મેં કદી સાંભળેલો નથી. પરંતુ આત્મા અને દેહ એ બંને જુદા જુદા છે. આત્મા એ જ્ઞાન–ચૈતન્ય–જ્યોતિ છે. અને દેહ જડ છે. ચેતન અને જડ બન્નેના ધર્મ જુદા છે. જડ જડભાવે પરિણુમે અને ચેતન, ચેતન ભાવે પરિણુમે એવો તથા તેને અનુસરતો સચોટ ઉપદેશ મેં પરિવર્તન કર્યા પહેલાં સાંભળેલો.

સુખલાલ : ત્યારે પરિવર્તન કર્યા પછી આત્મા ને દેહ સંબંધમાં આપ જુદું સાંભળો છો?

હિરાલાલ : આત્મા અને દેહ–ચૈતન્ય અને જડ એ સંબંધમાં તો આપણા મતમાં ને તે મતમાં એક જ માન્યતા છે, ભિન્ન નથી.

સુખલાલ : ત્યારે આત્મજ્ઞાન આપ કોને કહેવા માગો છો?

હિરાલાલ : એમાં વિશેષ હું કાંઈ સમજું નહિ. તમો મને આડી અવળી વાતો કરીને પકડવા માગો છો પરંતુ હું પણ કાચો પોચો નથી કે તમારી વાતોમાં ફસાઈ જાઉં. તમોને તો હું મોપાટ ભણાવવાવાળો છું. પરંતુ તમારે જો સત્ય હકીકત સમજવી હોય તો મારી સાથે આવવા તૈયાર થાવ. આપણે એકાંતમાં અંત

ગમ કરશું, અને હવે એકાંત સંત સમાગમ કરવાનું જ ઉચિત માન્યું છે. જેથી આપણી વાત કોઈ જાણી ન જાય અને ત્યાં આગળ તમારા દરેક પ્રશ્નોનું નિરાકરણ થશે. તમે એક વખત આવો અને અનુભવ કરો.

સુખલાલ : આત્મા અને દેહ બંને જુદા છે. એમ જે જાણે છે, અને તેવી શ્રદ્ધા થાય તેજ આત્મજ્ઞાન ગણાય અને એવું જ્ઞાન થયા પછી ક્રિયા કરણીમાં, કે વર્તનમાં, કે બાહ્ય વ્યવહારમાં ફેર પડે નહિ, અને તમે જે આત્મજ્ઞાનીના લક્ષણ બાંધવા હિંમત-પૂર્વક તૈયાર થયા છો, તે આત્મજ્ઞાનીના લક્ષણ કહેવાય નહિ.

હિરાલાલ : ધારો કે તમે ઉપાશ્રયે જાવ છો તે સાધુની પરૂપણા આત્મજ્ઞાનથી વિરૂદ્ધ નથી. પરંતુ તે આપણા પંથના ન હોવાથી તેમનાથી વંદન આદિ વ્યવહાર કરવો ઇષ્ટ નથી.

સુખલાલ : આપનો આ કદાગ્રહ છે. પ્રથમ તો તમે પોતે આત્મજ્ઞાન શું છે! શું કહેવાય! તે સંબંધમાં કાંઇ જાણતા કે સમજતા નથી. થોડા વખતથી પરિવર્તન કર્યું એટલે આત્મજ્ઞાની, સમકિતી, એવા એવા જૈનદર્શનના શબ્દો ગોખી નાખી આત્મજ્ઞાની તથા સમકિતી હોવાનો ડોળ કર્યા કરો છો; પરંતુ તમે પોતેજ મિથ્યાત્વી થઈ ગયા છો. તેનું તમને કાંઈ ભાન રહેતું નથી. 'પેટી ડાહીને શિખામણ આપે' એવી તમારી વાતો હવે હું કબુલ કરી તેમ નથી. પરંતુ હવે હું તમને સત્ય હકીકત સમજાવીશ એમ ખાત્રીપૂર્વક કહું છું. આગમ બત્રીસી વાંચનારા સાધુઓને આપ મિથ્યાત્વી કહો છો એજ આપનું પ્રથમ અજ્ઞાન છે અને જ્યાં સુધી સૂત્ર સિદ્ધાંતના વચનો ઉપર આપને શ્રદ્ધા નથી. ત્યાં સુધી તમારી તથા તમારા જેવા બીજાઓનું અજ્ઞાન, મિથ્યાત્વ ટળવાનું નથી. મણિઓના વાક્યોને આપ પ્રમાણ વાક્યો કહી રહ્યા છો એ તમારી વગર વિચાર્યું માદમો પકડ્યું છે. અને આમ કટાક્ષમાં બોલી ઘર

સિદ્ધાંતના વાક્યોને આપ કિંમત વગરના ગણતા હો તેવું આપનું બોલવું સાંભળી ખરેખર હું અજાયબ થાઉં છું. સિદ્ધાંત છોડીને ગ્રંથ વાંચનારા, તેની હીમાયત કરનારા એ સઘળા અજ્ઞાનીઓ છે. મિથ્યાત્વીઓ છે. મિત્ર, સિદ્ધાંતમાં આત્મજ્ઞાન નષ્ટ થાય તેવી વાત આવે છે કે?

હિરાલાલ: તેવું કાંઈ સાંભળ્યું નથી.

સુખલાલ: ત્યારે સિદ્ધાંત છોડીને ગ્રંથો શા વાસ્તે વાંચવા, એ સંબંધમાં આપે કાંઈ માહીતિ મેળવી છે કે?

હિરાલાલ: ના, મિત્ર. એ બાબતમાં મેં કાંઈ ખાસ માહીતિ મેળવી નથી. પરંતુ મિત્ર, એમ થવાનાં શા કારણો હશે? તે આપના જાણવામાં છે કે? અને મને સમજાવશો કે?

સુખલાલ: મિત્ર સાંભળ. પરિવર્તન કર્યું એટલે કાંઇક નવું આચરવુંજ જોઇએ. પરંપરા રૂઢી અનુસાર સૂત્ર વંચાય, સૂત્રના વાક્યોના રહસ્યો સમજાવાય, તેનો ઉપદેશ અપાય, તો નવો પંથ જામે નહિ, નવા અનુયાયીઓ થાય નહિ. મારા તમારા જેવા ભોળા હૃદયના માણસો ફસાય નહિ અને સૂત્ર વાતથી જુદા પડતાં ગ્રંથ વાક્યો જો બરાબર નવા નવા ભાવિક ભક્તોને સમજાવાય, ઠસાવાય તો નવો પંથ આબાદ જામે અને નવા પંથના પ્રવર્તક તરીકે પોતાના માન પ્રતિષ્ઠા જામે. અને પોતાનો નવો વાડો જામે. દીપકની જ્યોતમાં જેમ પતંગીયા કુદી પડે તેમ આ નવા વાડામાં અજ્ઞાનીઓ કુદી પડે. મિત્ર, ઉપાશ્રયે જવાનો હવે સમય થઈ ગયો છે. આપને આવવું છે કે?

હિરાલાલ: (સ્વગત) આસ અત્યારે તો સાથે સાથે ઉપાશ્રયે જાઉં. પરંતુ સમય આવ્યે પાઘડી ફેરવી બાંધીશ અને મિત્રની બુદ્ધિમાં હમણાં તાજેતરનો નીશો ચડેલો છે. તે નીશો પાડી દઉં.

पयग्गमदो समणो पयग्गं णिच्छिदस्स अत्थेसु ।
णिच्छित्ती आगमदो आगमचेट्ठा तदो जेट्ठा ॥ (३२)

ज्ञानदर्शन चारित्रयुक्त मुनिने जीव-अजीव आदि पदार्थोनुं जे ज्ञान थाय छे ते यथार्थ ज्ञान सर्वज्ञ वितराग प्रणीत सिद्धांतथीज थाय छे. तेथीज सिद्धांतना अभ्यासनी प्रवृत्ति इष्ट छे.

देवाणुप्रिय ! विचार तो करो ! केवो विषम दुःखदायी आ पंचमकाळ छे! केवळज्ञान-केवळदर्शन प्राप्त थाय तेवा परम महर्षिओनो सर्वथा वियोग. आवा समयमां सिद्धांतना अभ्यास सिवाय मोक्षगामी मुनिओने माटे बीजो कोई श्रेष्ठ अने उत्तम मार्ग नथी.

आगमहीणो समणो णेवप्पाणं परं वियाणादि ।
अविजाणंतो अत्थे खवेदि कम्माणि किध भिक्खु ॥ (३३)

जे मुनिने वितराग प्रणीत सिद्धांतनुं जाणपणुं नथी ते मुनि द्रव्यकर्म, भावकर्म, नो कर्मथी रहीत शुद्ध चैतन्य स्वरूपने जाणी शकतो नथी तथा जीव, अजीव आदि पदार्थो तथा शरीर आदि द्रव्य-भाव कर्मोने जाणी शकतो नथी. ते मुनि पोताना कर्मनो केवी रीते क्षय करी शके!

आगम चक्खु साहू इंदिय चक्खुणि सव्वभूदाणि ।
देवाय ओहि चक्खू सिद्धा पुण सव्वदो चक्खु ॥ (३४)

मोक्षपथे जनारा मुनिओने वितराग प्रणीत आगम ए[ज] चक्षु छे. समस्त संसारी जीवोने मन सहीत स्पर्श आदि छ इंद्रियो चक्षु छे. देवताओने अवधि ज्ञानरूपी चक्षु छे, ज्यारे अष्ट कर्म रहीत सिद्ध भगवान सर्वत्र चक्षुवाळा छे.

जीव-अजीव आदि पदार्थ, तेना गुण पर्याय-भेद [वित]राग प्रणीत आगममां स्पष्ट रीते सिद्ध क[र]... [वाम]ां आव्या छे अ...

માર્ગી મુનિ તે પદાર્થ, તેના ભેદ, ગુણ પર્યાય આગમ નેત્રથીજ જાણી શકે છે. અંધકારમાં ચાલનારા વટેમાર્ગુને દીપકરૂપી પ્રકાશની જરૂર છે અને તેથી પ્રકાશમાં જેમ તે પોતાનો માર્ગ ભૂલતો નથી તેમ મોક્ષમાર્ગી મુનિને આગમ જ્ઞાન એ દીપક છે, અને એ આગમ જ્ઞાનના પ્રકાશમાં મોક્ષનો સત્ય રસ્તો તે ભુલતો નથી.

"સૂત્રોની જરૂર નથી." એવી વાતોના પ્રચારકો હળાહળ મિથ્યાત્વનું ઝેર ફેલાવી રહ્યા છે. આવા મિથ્યાત્વીઓથી ચેતવાની ખાસ જરૂર છે.

હે દેવાણુપ્રિય! ચરમ તીર્થંકર ભગવાન મહાવીર દેવના સમયમાં પણ કેટલાક એવા મતવાળા હતા કે જેઓ એકલા જ્ઞાનથીજ મોક્ષ મળે છે એમ પરૂપણા કરતા.

દોહરો.

અન્યમતી એમ બોલતાં, અમ દર્શન નહિ દોષ;
પાપ કર્મ પચખ્યા વિના, ફક્ત જ્ઞાનથી મોક્ષ.

इहमेगे उ मन्नन्ति अप्पच्चक्खाय पावगं ।
आयरियं विदित्ताणं सव्व दुक्खाण मुच्चई ॥

(ઉત્તરાધ્યયન સૂત્ર ગાથા ૯ અ. ૬)

આ સંસારમાં કેટલાક જ્ઞાનવાદીઓ એમ માને છે કે પાપનો (પ્રાણાતિપાત આદિ પાપનો) નિરોધ કર્યો સિવાય પણ પોતપોતાના મતમાં રહેલા અનુષ્ઠાનને જાણીને જ શરીર અને મન સંબંધી સર્વ દુઃખથી મુકાય છે. અર્થાત્ મોક્ષ મળે છે. આ જ્ઞાનવાદીઓ ફક્ત જ્ઞાનથી જ મોક્ષ થાય છે એમ માને છે. જ્ઞાન સિવાય અન્યથી જરૂર નથી. અર્થાત્ વ્રત પચ્ચખાણ આદિ ક્રિયાની જરૂર નથી તેમ માને છે. તો આ જ્ઞાનવાદીઓનો મત પણ સારો નથી. જેમકે કોઈ માણસ ખૂબ બિમાર હોય અને રોગી હોય તે માણસને

[પ્રત્યક્ષ] હા ચાલો. આપનો જ્યારે ખૂબ આગ્રહ છે ત્યારે હું આવું છું. ચાલો જઇએ.

સુખલાલશેઠ અને હિરાલાલભાઈ બન્ને જણા ઉપાશ્રયે જાય છે. ઉપાશ્રયમાં સુખલાલશેઠ વિધિપૂર્વક ગુરૂમહારાજને વાંદી નમસ્કાર કરી બેસે છે. અને પથરણાનું તથા મુહપતીનું પડિલેહણ કરી દ્રવ્ય-ક્ષેત્ર કાળ ભાવથી આજ્ઞા માગી મુખ ઉપર મુહપતી બાંધી સામાયીક વ્રત આદરે છે. જ્યારે હિરાલાલભાઈ ચુપચાપ મૌન સેવી સુખલાલ શેઠની બાજુમાં શાંતિપૂર્વક બેસે છે. જેમ જેમ સમય ભરાતો જાય છે તેમ તેમ શ્રોતાજનો ઉપાશ્રયે આવે છે. સુખલાલશેઠને ઉપાશ્રયમાં મુખ ઉપર મુહપતી બાંધી સામાયીક વ્રતમાં પાટથી અતિ નજીક નહિ તેમ અતિ દૂર નહિ તેમ બેઠેલાં જોતાં, આવનારા શ્રોતાજનો એકાએક વિસ્મય પામે છે. અને ઘણે લાંબે વખતે સુખલાલશેઠ ઉપાશ્રયમાં આવેલા હોવાથી અનેક પ્રકારની વિધવિધ કલ્પનાઓ શ્રોતાજનોના હૃદયમાં થાય છે; પરંતુ તેમના સંશયનું નિવારણ કાંઇ થતું નથી. કોઇ કોઇના મનમાં એવા વિચાર થાય છે કે સુખલાલ શેઠ ખાસ ચર્ચા જોવા આવ્યા હશે. અને આમ બગલા ભગતનો ડોળ કર્યો દેખાય છે. કોઇ કોઇના મનમાં એવા વિચાર થાય છે કે સુખલાલ શેઠને પોતાની ભુલ જણાઈ હશે. કોઇ વિચાર કરે છે કે-સુખલાલ શેઠને સાચી વાત સમજાવનારા કોઈ મળી ગયા હશે. ત્યાં કોઈ એવા વિચાર પણ કરે છે કે-એના મંડળમાં કાંઇ ખટરાગ કે મોટો કજીયો થયો હશે અને ફાટફુટ પડતાં બગડયું હશે. એમ અનેક પ્રકારની કલ્પનાઓ થઇ રહી છે. ત્યાં ઘડીયાળમાં બરાબર આઠના ટકોરા થતાં ગુરૂ મહારાજ વ્યાખ્યાનની શરૂઆત કરવા સૂત્ર હાથમાં લ્યે છે. શ્રાતાજનો ઉભા થતાં ગુરૂમહારાજ મંગળીક વચન-પંચ પરમેષ્ટિનો મંત્ર સંભળાવે છેઃ—

નમો અરિહંતાણં

નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવઝ્ઝાયાણં
નમો લોએ સવ્વ સાહુણં.

रोइय नायपुत्त वयणे, अप्पसमे मन्नेज्ज छप्पिकाए ।
पञ्च य फासे महव्वयाई, पञ्चासव-संवरए जे स भिक्खू ॥

(સુત્ર દશ. અ. ૧૦. ગા. ૫)

હે દેવાણુપ્રિય! સાધુ કોને કહીએ? ખરો સાધુ કોણ કહેવાય? તેનું યથાર્થ સ્વરૂપ આ ગાથામાં વર્ણવ્યું છે. ત્રિલોકના નાથ, પરમ ઉપકારી તીર્થંકર ભગવાન મહાવીર દેવના વચનને જે સત્ય કરી માને અને છકાયના જીવને પોતાના આત્મા સમાન લેખે, પાંચ મહાવ્રતને પાળે અને પાંચ આશ્રવને રૂંધે તેનેજ સાધુ કહી શકાય. આ ગુણો જેનામાં ન હોય તેનું સાધુત્વ દોષ અને ખામીવાળું છે. અત્યારે કેટલાય એવા સાધુઓ છે કે જેમને ભગવાન મહાવીર દેવના વચનો સત્યરૂપ ભાસતા નથી. અને સ્વચ્છંદ આચાર વિચાર કરી રહ્યા છે. આવા સ્વચ્છંદ પોષકોને સુત્ર અભ્યાસ કેમ રૂચે? સ્વચ્છંદતા પોષાય તેવા ગ્રંથ વાંચવા ગમે. આવા સાધુઓ આ પંચમ કાળમાં ખરેખર દયાપાત્ર છે. પ્રભુ મહાવીરના વચનોજ સત્ય છે તેમ માનવું અને તે પ્રમાણેની અંતઃકરણ પૂર્વકની શ્રદ્ધા થવી આ કાળમાં બહુ દુર્લભ છે. સમકિત રત્ન મહા મોંઘું છે. આવા વેષધારીઓ ભગવાન મહાવીરના સુત્રોને થોથાં કહે, તેથી તેની સત્યતાને જરાપણ ઝાંખપ લાગતી નથી. આવા વેષધારીના અનુયાયીઓ સુત્રથી ઉપદેશ આપવાની જરૂરત બંધ થઈ ગઈ છે એમ જણાવે એમાં કાંઇ આશ્ચર્ય નથી. તેઓ પોતાનું અજ્ઞાન જનતા સમક્ષ પ્રગટ કરે છે. 'પ્રવચનસાર'માં કુંદકુંદાચાર્યે પણ જણાવ્યું છે કે:—

ઔષધનું જ્ઞાન હોય તો તે ઔષધના જ્ઞાન માત્રથી આરોગ્યવાન તથા રોગથી મુક્ત થઈ શકતો નથી. પરંતુ ઔષધને જાણી, તેનું સેવન કરવાથી તે રોગમુક્ત બને છે. તેવી જ રીતે માત્ર જ્ઞાન (જાણવાથી જ)થી જ મોક્ષ થતો નથી, પરંતુ જ્ઞાન સહિત ક્રિયા કરવાથી તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. જેમ કોઈ માણુસ ક્ષુધા વેદનાથી પીડાતો હોય, તે માણુસને જ્ઞાન હોય કે અન્ન આદિ આહાર મળે તો ક્ષુધા વેદનાનો નાશ થાય, તો તેવા માણુસને આહારના માત્ર જ્ઞાનથી જ ક્ષુધા વેદના નાશ પામતી નથી. પરંતુ આહારનું ભોજન કરતાં ક્ષુધા-વેદના નાશ પામે છે. તેમ એકલા જ્ઞાન માત્રથી જ કાર્ય સરતું નથી, અર્થાત્ નિર્વાણ પ્રાપ્તિ થઈ શકતી નથી; પરંતુ જ્ઞાન સહિત ક્રિયા કરવાથી જ કલ્યાણ માર્ગ પ્રાપ્ત થાય છે. અર્થાત્ એકલા જ્ઞાનનો જ ઉપદેશ કરનારા-જ્ઞાનથી જ મોક્ષ મળી રહે છે તેવો ઉપદેશ કરનારા શુષ્ક જ્ઞાનીઓ છે. જેમકે એક માણુસ છે. તેને અમુક ગામે જવું છે. તે બંને આંખોએ સારી રીતે દેખે છે, પરંતુ તેના બંને પગ અપંગ છે. તેથી તે હાલી ચાલી શકતો નથી. તે અપંગ માણુસ રસ્તો જાણુવા છતાં જેમ જઈ શકતો નથી. તેમ એકલું જ્ઞાન કે જાણુપણું ક્રિયા વગરનું પાંગળું-અપંગ છે. તેવી જ રીતે એક માણુસ શરીરે હૃષ્ટપુષ્ટ છે. બંને પગો સહીસલામત છે, અને જોરાવર છે, તેને એક ગામ જવું છે, પરંતુ આંખે આંધળો છે. તો તે માણુસને તે ગામ જવાનો જેમ માર્ગ મળતો નથી. અને આડે અવળે રસ્તે ચડી ગોથા ખાવાનો સમય તેને આવે છે. તેમ એકલી ક્રિયા પણ જ્ઞાન વગરની આંધળી છે. પરંતુ તે માણુસને જો બંને આંખોએ બરાબર દેખાતું હોય અને પગે અપંગના ન હોય. અર્થાત્ સહીસલામત હોય તો જેમ તે માણુસ ધારેલ સ્થળે પહોંચે છે, તેમ જ્ઞાન અને ક્રિયા એ બન્ને વસ્તુ સહિત મનુષ્ય મોક્ષ નગરીએ પહોંચી શકે છે. પરંતુ એક પણ વસ્તુની ખામી હોય તો મોક્ષ નગરીએ પહોંચી શકાય નહિ. એટલે જ્ઞાન, અને ક્રિયા

એ બંનેની જરૂર છે. જો કોઈ એકલા જ્ઞાનને સ્થાપતા હોય અને ક્રિયા માર્ગને ઉડાડતા હોય; અગર ફક્ત ક્રિયા માર્ગને સ્થાપી, જ્ઞાન માર્ગને ઉડાડતા હોય તો તેઓ બન્ને તીર્થંકર ભગવાનના બતાવેલા સત્ય માર્ગને સમજી શકયા જ નથી; પણ પાખંડ મતને પોષી રહ્યા છે.

भणन्ता अकरेन्ता य बन्ध मोक्ख पइण्णि णो।
, वायाविरियमेत्तेणं समा सासेन्ति अप्पयं ॥

(ઉત્તરાધ્યયન સૂત્ર ગાથા ૧૦ અ. ૬)

જ્ઞાન જ મોક્ષનું કારણ છે. એમ બોલતાં પણ મોક્ષના ઉપાયનું અનુષ્ઠાન નહિ કરતાં તથા બંધ મોક્ષની પ્રતિજ્ઞા કરતાં એટલે બંધ અને મોક્ષ છે એમ માત્ર મોઢેથી બોલતાં એવા તેઓ માત્ર વાણીના પરાક્રમે કરીને જ પોતાના આત્માને આશ્વાસન આપે છે.

આ જ્ઞાનવાદીઓ વ્રત, તપ, નિયમ, પચ્ચખાણ આદિ કાંઈ કરતા નથી. ફક્ત મોઢાના તડાકા મારવામાં શૂરાપૂરા હોય છે અને ખાલી તડાકા મારવામાં જ પોતાનું જ્ઞાન ફેરવે છે. પરંતુ વર્તનમાં મૂકી ઉપવાસ, તપ, નિયમ, પચ્ચખાણ આદિ કાંઈ કરતા નથી. તેઓ ફક્ત પોતાના આત્માને ખાલી આશ્વાસન જ આપી રહ્યા છે. આવા વાણીના પરાક્રમી પુરૂષો પણ મોક્ષ મેળવી શકતા નથી. કારણ કે જે પ્રકારે બોલવામાં આવતું હોય તે પ્રમાણે વર્તનમાં મૂકવામાં ન આવતું હોય તો બોલવાનો કાંઈ અર્થ નથી. તેવા માણસો આ જગતમાં વિશ્વાસપાત્ર ગણાતા નથી. કારણકે તેઓનો એક જ સિદ્ધાંત હોય છે કે જ્યારે વાણીના મલીદા વાળવા ત્યારે મોળા શા વાસ્તે વાળવા. "વચનેષુ કિં દરિદ્રિતા" આ માણસો વિચારના શેખચલ્લી ગણાય છે.

ત્યાગ ધર્મની વાતો કરીને, સ્ત્રી સંગાથે વસવું;
બને કરણી કેમ બને જે, લોટ ફાકવો ને ભસવું.

ઘણા એવા પુરૂષો હોય છે કે જેઓ આત્મજ્ઞાનની વાતો કરે, સાક્ષાત્ તીર્થંકર ભગવાન જેવા હોવાનો ડોળ કરે અને બીજા માણસોને પોતાની વાતોમાં આંજી નાખે એવી વાક્ચાતુરી વાપરે, પરંતુ સ્ત્રી-કામિની છોડી શકતાં ન હોય, અર્થાત્ તે ઉપર આસક્તિભાવ અને પ્રેમ રહેતો હોય તો તેવા પુરૂષોમાં આત્મજ્ઞાન મનાય ખરૂં કે? કુટુંબ કબીલો, પુત્ર પરિવાર, સ્ત્રી આદિના સંગમાં રચ્યાપચ્યા રહે અને બીલ્કુલ વ્રત પચ્ચખાણ કે ત્યાગ ન હોય છતાં તેવા પુરૂષને આત્મજ્ઞાની માનતા હોય તેવા પણ ઘણા અજ્ઞાનીઓ આજે જૈન સમાજમાં નજરે પડે છે. આવા અજ્ઞાનીઓને આપણે વિશેષ શું કહીયે! મૂરખને માથે કાંઈ શીંગડાં ઉગતાં નથી, કે જેથી તે મૂરખ છે તેમ ઓળખાય. તેમજ અજ્ઞાનીઓના માથે પણ શીંગડાં ઉગતાં નથી. સાર-અસાર આવા અજ્ઞાનીઓ કાંઈ તારવી શકતા નથી. આવા અજ્ઞાનીઓ ઘાંચીના બળદની માફક છે. આખો દહાડો ઘાંચીનો બળદ ફરે પણ ત્યાંને ત્યાં જ. આવા અજ્ઞાનીઓને ગમે તેટલી શીખામણ દઇએ તો પણ પોતાનું ઉંદુ છોડે નહિ. આવા કદાગ્રહી અજ્ઞાનીઓને સમજાવવા એટલે કાળમીંઢ પત્થરને પાણીમાં નરમ કરવા. કાળમીંઢ પત્થરને જેમ પાણીમા પલાળી નરમ કરવાનું કાર્ય અશક્ય છે, તેમ આવા કદાગ્રહીઓને સમજાવવાનુ કાર્ય અશક્ય છે. આવા પુરૂષો કદાચ આત્મજ્ઞાનની વાતો કરતા હોય અને તેમાં તમને કોઇને કાંઈ પરાક્રમ દેખાતુ હોય, તેમ બનવા પણ સંભવ છે. પરંતુ જ્યારે સંનિપાતનો રોગ થાય છે ત્યારે દરદી ખૂબ જોર કરે છે અને તેજ-પરાક્રમ દેખાય છે પરંતુ એ બધા ચિહ્ન મરણનાં છે. એમ ત્યાગ વગર ફક્ત આત્મજ્ઞાનની વાતમાં તેજ દેખાતુ હોય, પરંતુ એ બધા ચિહ્નો સંસાર પરિભ્રમણ કરવાનાં છે.

એક બાદશાહના દરબારમાં એક હજુરી હતો. તે જાતનો મોચી હતો. તે મોચીને બાદશાહે કહ્યું કે આપણા શહેરમાંથી જે ગર્ભ

સારો રૂપાળો છોકરો હોય તેને તું અહીં લાવ. એટલે સીદીભાઈ મહોલ્લે મહોલ્લે-ચકલે ચકલે ફર્યો. પરંતુ તેની નજરમાં કોઈ રૂપાળો છોકરો આવ્યો નહિ. એટલે તે થાકીને ઘેર આવ્યો અને બાદશાહ પાસે જઈ પોતાના છોકરાને હાજર કર્યો અને કહ્યું કે બસ, આ છોકરાથી કોઈ છોકરો રૂપાળો નથી. અર્થાત્ પચ્ચખાણ કે ત્યાગ વગરના આત્મજ્ઞાનની વાત કરનારા આ સીદી ભાઈના દાખલા જેવા અજ્ઞાનીઓ છે.

आवन्ना दीहमद्धाणं संसारम्मि अणन्तए ।
तम्हा सव्वदिसं पस्सं अप्पमत्तो परिव्वए ॥
(ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૬ ગાથા ૧૩)

આવા જ્ઞાનવાદીઓ દુઃખના સ્થાનને પામે છે. તે જ્ઞાનવાદીઓ આ અનંત એવા સંસારને વિશે અનેકાનેક ભવમાં ભ્રમણરૂપ દુઃખને ભોગવે છે, એટલે આ જ્ઞાનવાદીઓ જે પરૂપણા કરે છે કે ફક્ત જ્ઞાનથી જ મોક્ષ મળે છે. ક્રિયાની કાંઈ જરૂર નથી. તેવી તેની પરૂપણા સત્ય નથી. અને તેઓ મોક્ષ સુખને પામી શકતા નથી.

(ઘડીયાળમાં ટન-ટન-ટન નવના ટકોરા થાય છે.)

એવું જાણી વિતરાગ વચન શ્રદ્ધાપૂર્વક અંગીકાર કરનારા ભવ્ય પ્રાણીઓ આ સંસારના દુઃખને છેદી અનંતા સુખને પામશે.

શ્રોતાજનો વ્યાખ્યાન પુરૂં થતાં ઉભા થાય છે એટલે ગુરૂ મહારાજ સૌ સૌના ધાર્યા પ્રમાણે પચ્ચખાણ આપે છે.

બાદ શ્રોતાજનો સામાયિક વ્રત પારી બહાર નીકળે છે, ત્યાં ઉપાશ્રયના બારણા પાસે એક માણસ જેમ જેમ શ્રોતાજનો બહાર નીકળતા જાય છે તેમ તેમ તે દરેકના હાથમાં એકેક પત્રિકા આપી રહ્યો છે. સુજ્ઞ ભાઈઓ! આપના મનમાં જરૂર સંશય થશે કે એ પત્રિકામાં શું લખ્યું હશે! શી બાબતની પત્રિકા હશે. તો આપનો સંશય ટાળવા તે પત્રિકાનું લખાણ આપના સમક્ષ મુકયું છે:-

જાહેર વિજ્ઞપ્તિ.

જૈન તથા જૈનેતર ભાઈઓને વિનંતી કરવાની કે:—આજરોજ મહાજનવાડીમાં બપોરના બે વાગ્યે મુહપતીનો ત્યાગ અને પરિવર્તન એ વિષય ઉપર એક અસરકારક ભાષણ થશે, તો સર્વે સદ્‌ગૃહસ્થોને પધારવા વિનંતિ છે.

લી. શેઠ સુખલાલના જયજીનેન્દ્ર.

ઉપરની પત્રિકાનું લખાણ શ્રોતાજનોના વાંચવામાં આવતાં આનંદ આનંદની લાગણીઓ ફેલાઇ રહી છે. "સુખલાલ શેઠ અંતે સમજ્યા. સુખલાલ શેઠે આ એક સાહસ ખેડયું હતું અને ભરમાઈ જઈ પરિવર્તન કર્યું હતું. અને મુહપતીનો ત્યાગ કર્યો હતો. પરંતુ હળુકર્મી ખરા, સત્ય માર્ગ અંતે પકડી લીધો," એમ અનેક તરેહની વાતો કરતાં કરતાં શ્રોતાજનો પોતાને ઘેર જાય છે. સુખલાલ શેઠ અને હિરાલાલભાઈ પણ વાતો સાંભળતા સાંભળતા ઘેર ગયા.

પ્રકરણ ૮ મું

મહાજન વાડીમાં થયેલાં ભાષણો

ગ્રીષ્મઋતુનો સમય છે. પ્રચંડ સૂર્ય તપી રહ્યો છે બે વાગવાનો સમય થવા આવ્યો છે. સુખલાલ શેઠનું આજે બે વાગ્યે ભાષણ છે, એટલે શહેરમાં ઠેકાઠેકાણે ધમાલ થઈ રહી છે ઉતાવળ—લોગ શ્વેત વસ્ત્રો પહેરી હાંફળાંથી માણસો મહાજનવાડી તરફ જઈ રહ્યા છે. કીડીયારૂ ઉભરાય તેમ માણસોના ટોળાં ઉભરાઈ રહ્યાં છે. ઓફિસોનાં ટોળાં પણ સુખલાલ શેઠનું ભાષણ સાંભળવા જૈનેતર બનતાં સુશોભિત વસ્ત્રમાં આવી રહ્યા છે. જૈન યુવક સ્વયંસેવક મંડળ પણ પોતાની સેવા બજાવવા તત્પર રહ્યું છે અને સ્વયંસેવકોનું વાતાવરણ પ્રસરી રહ્યું છે. એમ મહાજન ન

વાગ્યાનો સમય થતાં તો મહાજન વાડી માણસોથી ચીકાર ભરાઈ ગઈ છે. ત્યાં સુખલાલ શેઠ, શીવજીભાઇ તથા હીરાલાલ ભાઈ બરાબર બેને ટકોરે સમય થતાં મોટરમાં આવી પહોંચ્યા. થોડીવારે સુખલાલ શેઠ સભાજનો સમક્ષ ભાષણ કરવા ઉભા થયા. પાંદડું હાલે તો પણ ખબર પડે તેવી શાંતિ સર્વત્ર ફેલાઈ ગઈ.

સહધર્મી ભાઇઓ અને બ્હેનો !

આજે હું ઘણા લાંબા સમય પછી તમારી સમક્ષ બોલવાને ઉભો થયો છું, તમારી સાથે ધર્મ સંબંધી વાતચિત કર્યાને ઘણો લાંબો વિરહ પડી ગયો છે, પરંતુ એ બધા કારણો મારા સંબંધમાં કેમ ઉત્પન્ન થવા પામ્યા; તેનાથી આપ સર્વેને હું જરૂર વાકેફ કરીશ.

મને તમે સંસારી કામ સંબંધમાં ભલે હુંશિયાર માનતા હો, પ્રત્યેક કામમાં ભલે મારી સલાહ લેવાતી હોય, મારા વચમાં પડવાથી કાર્ય સુધરે છે એમ તમો સર્વેને ભલે લાગતુ હોય, ધર્મસંબંધી ચર્ચામાં તમે મને ભલે પંડિત લેખતા હો; પરંતુ હું ખુલ્લે હૃદયે આપ સર્વની સમક્ષ પોકાર કરીને જણાવું છું કે હું તેવો હુંશિયાર કે પંડિત નથી. અથવા એવો શાસ્ત્રવેત્તા નથી. પરંતુ હું એક મૂળ ધર્મથી તદ્દન અજ્ઞાત છું. જલ્દીથી ફસાઈ પડે, ભરમાઈ જાય તેવું મારૂં ભોળું હૃદય છે.

મેં મુહપત્તિ બાંધવાની પ્રથાનો ત્યાગ કર્યો અને સામાયિક પ્રતિક્રમણ કરવાનું છોડી દીધું, રજોહરણને બદલે મોર પીછાનો સાવરણો રાખ્યો, સૂત્ર સિદ્ધાંત વાંચવાને બદલે શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ વાંચવાનું શરૂ કર્યું. એ બધું પરિવર્તન શુદ્ધ ધર્મની ક્રિયા કરણીથી વિરૂદ્ધ, મેં જે અયોગ્ય રીતે આદર્યું તે બદલ મને ઘણો જ પશ્ચાતાપ થયો છે. અને મારા હૃદયના ઉભરા સહિત, હું મારો ખેદ આપ સર્વની સમક્ષ આજે જાહેર કરૂં છું. અને મેં જે જે કર્યું, ધર્મ વિરૂદ્ધનું આચરણ મારાથી જે જે થયું, તે સર્વ બદલ હું આપ સર્વની હાજરીમાં શુદ્ધ હૃદયથી માફી માગું છું.

આપ સર્વેની સમક્ષ હું મારી ભૂલ કબૂલ કરું છું. હું તે ભૂલ કબૂલ ન કરત, મારી સમજણ ઠેકાણે ન આવત, પરંતુ કૃપાળુ શીવજી ભાઈએ મારી સાથે શ્રીમદ્ ગ્રંથ સંબંધમાં જ્ઞાન ચર્ચા કરી મારી પાસે કબુલ કરાવ્યું કે, મેં જે પરિવર્તન કર્યું છે તે અઘટિત છે, અયોગ્ય છે. શાસ્ત્રના દાખલાઓથી તેમણે મને સચોટ સમજાવ્યું અને મારી ખાત્રી થઈ ત્યારે જ લાંબા વાદવિવાદ પછી મેં મારી ભૂલ કબૂલ કરી છે. તે બદલ હું તેમનો હંમેશને માટે ઋણી બન્યો છું.

શિવજી ભાઈનું શાસ્ત્ર જ્ઞાન, તર્કશક્તિ ઘણી સારી છે. આ સ્થળે હું તેમના વાસ્તે અતિશયોક્તિવાળા વાક્યો વાપરી પ્રશંસા નથી કરતો, પરંતુ મને મારા હૃદયમાં જે કાંઈ લાગણી થઈ છે, તે લાગણીઓ મારે જાહેર વ્યક્ત કરવી એમ મારો અંતરાત્મા મને સૂચવે છે. જેને આધિન થઈ આ શબ્દો હું આજે ઉચ્ચારી રહ્યો છું.

ભાઈ ઓ! નવું દર્શન, કે નવો પંથ સ્થાપવાવાળાનો તમને સહવાસ થાય તો તમે તેનાથી ડરતા રહેજો, ચેતતા રહેજો, તેઓનો સહવાસ પણ ઈચ્છતા નહિ, કારણ કે જૈનદર્શન એજ સર્વોપરિ દર્શન છે. અને જૈનદર્શનના નામે, જૈન દર્શનના બ્હાને નવા નવા વાડા વધારવાવાળાઓ અજ્ઞાનીઓ છે. અને તેઓ પોતાની ભૂલ છુપાવા અર્થે મરડી મચડી સૂત્રના વાક્યોને પોતાની ઈચ્છા મુજબ ફેરવી નવો વાડો ઉભો કરે છે. પોતાની રચેલી જાળમાં અજ્ઞાની જીવોને ફસાવે છે. જેમ પાણીની જાળમાં મત્સ્ય ફસાય છે તેમ પાખંડીની જાળમાં અજ્ઞાની જીવો ફસાય છે, અને તેમને મુક્તિનો સત્ય માર્ગ મળવો મુશ્કેલ થઈ પડે છે.

ભાઈઓ! હું પણ અજ્ઞાનવશ થવાથી ભ્રષ્ટ બન્યો હતો. પરંતુ સૂર્યના પ્રચંડ તાપમાં દેખાતાં મૃગજળથી જેમ પ્યાસ છીપતી નથી અને શાંતિ મળતી નથી, તેમ જિનેશ્વરદેવના સૂત્ર સિવાય [illegible] જ્ઞાનસૂર્યના પ્રકાશમાં ઉત્સૂત્ર પ્રરૂપી મૃગજળથી જ્ઞાનતૃષા છીપતી નથી. આત્માને શાંતિ મળતી નથી. મારે જ્ઞાનતૃષા છીપવવા

ઇચ્છનાર મુમુક્ષુએ સૂત્ર સિદ્ધાંતનું વાંચન કરવું જોઇએ ને ગ્રંથવાંચન સર્વદા છોડી દેવું જોઇએ. જ્ઞાન એ અમૃત છે અને અજ્ઞાન એ ઝેર છે. તો સિદ્ધાંતના વાંચનથી હંમેશા અમૃત જ મળે અને સિદ્ધાંત સિવાયના ગ્રંથો વાંચવાથી અમૃત નહિ મળતાં ઝેર મળે, તે ધ્યેયને સદા સર્વદા સન્મુખ રાખવું જોઇએ.

ભાઇઓ ! આરંભમાં આટલી હકીકત જણાવી હું મૂળ વિષય પર વાત કરૂં છું. મુહપતી (મુખવસ્ત્રિકા) એ જૈન દર્શનમાં સિદ્ધ વસ્તુ છે. સૂત્ર સિદ્ધાંતોમાં સ્થળે સ્થળે તેની હકીકત આવે છે. તે વાયુ કાયના જીવની રક્ષા અર્થે છે. એવો વીર ભગવંતનો સાફ સાફ સત્ય ઉપદેશ છે. અને તે સામાયીક, પ્રતિક્રમણ, આદિ ધર્મની ક્રિયા કરતી વખતે મોઢે બાંધવી જોઈએ. અર્થાત્ મુહપતીનું બંધન મુખ ઉપર જ હોવું જોઇએ તે પણ પ્રમાણ સિદ્ધ વાત છે. છતાં પણ હાથમાં રાખવાનો જે કાંઇ વિચિત્ર પ્રચાર કરવામાં આવે છે, તે સૂત્ર ન્યાયથી વિરૂદ્ધ છે. પગમાં રક્ષણ અર્થે જે કાંઇ પહેરવામાં આવે છે તેને પગરખાં કહેવાય છે. કાંઈ માથા-રખાં કોઈ કહેતું નથી. તેમજ અંગ ઉપર તેનું રક્ષણ કરવા જે કાંઇ પહેરવામાં આવે છે તેને અંગ-રખા કહે છે, પરંતુ હાથ-રખા કહેતા નથી. તેમજ જો મુહપતી હાથમાં જ રાખવાની હોત તો હાથ-પતી કહેવાત. મુહપતી હાથમાં રાખવાનો જો સર્વજ્ઞ-કેવળજ્ઞાની તીર્થંકર ભગવાનનો ઉપદેશ હોત, તો સૂત્ર સિદ્ધાંતમાં મુહપતી શબ્દ નહિ વપરાતાં હથ-પતી શબ્દ જરૂર વપરાયો હોત. અને તીર્થંકર ભગવાનને હથપતી શબ્દ કહેવામાં કાંઈ હરકત જેવું પણ હોય નહિ. પરંતુ તીર્થંકર ભગવાને મુહપતી કહેલ છે. મુખથી નીકળતાં વચનથી વાયુકાયના જીવની રક્ષા અર્થે છે. મુહ એટલે મુખ અને તેના ઉપર વાયુકાયના જીવની રક્ષા અર્થે જે બાંધવામાં આવે છે તેજ મુહપતી કહેવાય છે. અને આ બાબતમાં સઘળા આધાર સહિત સ્પષ્ટ સમજાવતો એક સંવાદ પણ બહાર પડયો છે. જે મેં વાંચ્યો

છે. તેમાં ઘણીજ સુંદર રીતે સમજાવવાનો સફળ પ્રયાસ થયેલો છે. અને તમને બધાને તે વાંચવા હું ભલામણ કરૂં છું. કારણ કે મુહપતી મુખેજ બાંધવી જોઈએ. અને તેમ કરીને ધર્મક્રિયા કરવા તત્પર થવું જોઈએ. મેં જે કાંઈપણ પાપદોષ મુહપતીનો ત્યાગ કરતાં, જાણતાં અજાણતાં કર્યા હોય તે સર્વે દોષોને કબુલ કરી, શુદ્ધ અંતઃકરણથી પશ્ચાતાપ કરી, માફી માગું છું અને હવેથી જો કોઈ આપણને મુહપતી મુખથી દૂર કરવાનુ જણાવે, અગર હાથમાં જ રાખવી જોઈએ એવો ઉત્સુત્ર ઉપદેશ કરે તો તેની શબ્દ જાળમાં નહિ ફસાતાં તાજેતરમાં પ્રસિદ્ધ થયેલો સંશય નિવારણનો સંવાદ વાંચવા તેને કહી દેવું એટલે તે આપોઆપ સમજી જશે.

ભાઇઓ! અત્યારે સમાજમાં આત્મજ્ઞાની કહેવડાવવાનો માણસોને મોહ લાગ્યો છે. સુંઠનો ગાંગડો હાથમાં આવ્યો કે ગાંધી થઈ જવું છે. આત્મજ્ઞાની શબ્દ જ્યાં કોઈના મોઢામાંથી નીકળે ત્યાં તો મોઢું માલપુઆ ખાય. આ આત્મજ્ઞાનીઓ શ્વેત વસ્ત્રમાં સુસજ્જિત થયેલા ઠગ ભગતો છે. ક્રિયા કરણીમાં આત્મજ્ઞાન ન ઉતરે, તો તે આત્મજ્ઞાન શેનું? એ આત્માનું જ્ઞાન કે અજ્ઞાન? એક કહેવત છે કે A man of words, not of deeds, like a garden of weeds અર્થાત્ કહેવું કાંઇ ને કરવું કાંઈ બીજું.

> વચન મુખથી નીકળ્યા, વર્તનમાં ન મુકાય,
> નિશ્ચયથી એમ જાણીયે, અજ્ઞાની કહેવાય.

The man of honour has but one word. જ્ઞાની બોલે તે કરે નહિ. અને બોલ્યાં કરે તે જ્ઞાની નહિ. માટે આવા ઢોંગપાખંડ જ્ઞાની નામ ધુતારા દેખે. કારણ કે વાઘમાં દાંત ખાવાના જેમ જુદા અને તેમ આવા ઢોંગપાખંડ જ્ઞાની કહેવાવવાનાં ચુપોના ચાવો જુદા જુદાજ છે.

ભાઈઓ! હું આપની પાસે હૃદયપટ ખોલીને એક અતિ-મહત્વની મારી ભૂલની વાત કરૂં છું. મારી આ ભૂલ ઉપર તમે કોઈ હસશો નહી. કારણ કે મેં સમજણ અને શ્રદ્ધા વગર એ ભૂલ કરી નાખી છે. તે ભૂલ ઘણી ભયંકર છે. હું જે મિત્રોના સહવાસમાં આવ્યો, તેની વારંવારની ટકોરથી તથા અંધ-શ્રદ્ધાએ મારા જેવા હૈયાફુટા અને કાનના કાચા માણસથી એ ભૂલ થવા પામી છે. તે ભૂલ એ છે કે, હું જડ પૂજનનો હિમાયતી બની ગયો. જડ વસ્તુને અંધ બની પૂજવા લાગી ગયો. અને ચૈતન્ય જ્ઞાનમૂર્તિને વીસરી ગયો. ચારણીથી જેમ કાંકરા અને કણ જુદા પડે છે. તેમ જૈન દર્શનની ચારણીથી ચૈતન્ય અને જડ જુદા પડે છે. અર્થાત્ કણને મૂકી, હું કાંકરા ખાવા મંડી પડયો. જે જે હિમાયતીઓ ચૈતન્ય પૂજન ન કરતાં, જડ પૂજનની મહત્તા ગાયા કરે છે અને તેનો આદર કરે છે, તેઓ ચૈતન્ય અર્થાત્ કણ છોડી જડ કાંકરા ખાવાનું પસંદ કરે છે. જૈન દર્શન એ ચૈતન્ય પૂજારી છે, ચૈતન્ય ઉપાસક છે. ચૈતન્ય સિવાય જડથી છૂટવા જે હિમાયત કરે છે તે દર્શનના અનુયાયીઓ જડ પૂજનની હિમાયત કરે, તો તે જૈન દર્શનની હાંસી કરી રહ્યા છે. તીર્થંકર દેવના પરૂપેલા ધર્મની અવગણના કરી રહ્યા છે. અને તેથીજ જડપૂજન એ જૈન દર્શન અનુસાર શાસ્ત્રોક્ત નથી અને જૈન દર્શનમાં જડ પૂજન છે એમ કહેનારા જૈન દર્શનને-ચૈતન્યવાદને-મહાવીરના સિદ્ધાંતને યથાર્થ સમજ્યા જ નથી.

જડ પૂજન એ જૈન દર્શન અનુસાર શાસ્ત્રોક્ત તો નથી, પરંતુ અન્ય દર્શનીઓ પણ જડ પૂજન ન્યાયસર નથી, પ્રમાણિક નથી એમ સિદ્ધ કરી રહ્યા છે. મહર્ષિ દયાનંદે તો જડપૂજનના હિમાયતીઓને ખૂબ ખૂબ પ્રહાર કર્યો છે. આપણે ઘણાએ ઇતિહાસ વાંચ્યા છે, છાપાઓ પણ વાંચીયે છીએ અને સાંભળીયે છીએ કે, અમુક મંદિરમાંથી મૂર્તિઓ ઉપડી ગઈ, પ્રભુજી ઉપડી ગયા, ચોરાઈ ગયા, અમુક બાદશાહના વખતમાં મૂર્તિના કટકા કરી નાખવામાં આવ્યા.

વગેરે વગેરે મૂર્તિના ખંડન ખૂબ સાંભળ્યા છે. જો આ જડ પત્થરમાં કાંઈ પણ દૈવત હોત તો આ પત્થરના કટકા બનતજ નહિ. પત્થરના પ્રભુજી કે મૂર્તિઓ ચોરાઈ જાત નહિ. પરંતુ વાસ્તવ્યમાં જડ એ જડજ છે, જડજ રહેશે, તે ચૈતન્ય નહિ થાય, થયેલ નથી અને ભવિષ્યે થશે પણ નહિ. ઘણાંઓ બોલે છે કે પત્થરો ફળે નહિ પરંતુ શ્રદ્ધા ફળે. એટલે પત્થર કે પત્થરની મૂર્તિ કાંઈ ફળતી નથી કે કાંઇ કરતી નથી, પરંતુ શ્રદ્ધા જ ફળે છે. એટલે આ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે પાષાણ મૂર્તિ બીન જરૂરી છે. કારણ કે જડની શ્રદ્ધા કરતાં જડ બની જઈએ એટલે જડ પૂજન એ જૈનદર્શન અનુસાર પ્રમાણ સિદ્ધ નથી. પરંતુ ચૈતન્ય જ્ઞાન ધ્યાન-પૂજન એજ એક સર્વોત્કૃષ્ટ પૂજન છે.

જૈનદર્શન એ અહિંસાના સિદ્ધાંત રજુ કરતું દુનિયામાં સર્વ દર્શનોમાં શ્રેષ્ટ દર્શન છે. જડ પૂજનની સિદ્ધિ કરવા માટે કોઈ પાષાણની મૂર્તિની સ્થાપના કરવી. તેને અંગે મોટા મોટા મંદિરો બનાવવા ઈત્યાદિ આરંભ સમારંભની પ્રવૃત્તિ કરતાં, પૃથ્વી, પાણી, આદિ છકાય જીવોની ઘાત થાય, એટલે જૈન દષ્ટિએ એ પ્રવૃત્તિ હિંસામય છે. તેથી મૂર્તિની સ્થાપના કરવાનો કે તેના વાસ્તે મોટા મંદિરો બનાવવાનો અથવા તો જે વડે છકાય જીવની હિંસા થાય તેવો ઉપદેશ જૈનદર્શને હોય શકે જ નહિ. તીર્થંકર પ્રભુના એવા વચનો હોઈ શકે જ નહિ. અને જો તેવો ઉપદેશ જૈનદર્શને હોય તો જગતના સર્વ દર્શનોમાં શ્રેષ્ટ દર્શનનું સ્થાન જૈનદર્શન મેળવી શકે નહિ. જૈન દર્શન અનુસાર અમુક કાર્યની પ્રવૃત્તિ હિંસામય મનાતી હોય, અગર તો બીજા અન્ય દર્શન અનુસારની પ્રવૃત્તિ હિંસામય મનાતી હોય તો તે બન્ને હિંસામય પ્રવૃત્તિ એ હિંસા જ છે. જૈન અને જૈનેતર દર્શનોની હિંસાની બાબતમાં તફાવત જૈન સમાજે ન માનવો જોઈએ. આમ કહેવામાં મારા કહેવાનું તાત્પર્ય એ છે કે, જૈન દર્શન અનુસાર કરી હિંસામય પ્રવૃત્તિને હિંસા કહે છે, જ્યારે જૈન દર્શન

નુસાર થતી હિંસામય પ્રવૃત્તિને હિંસામય ન કહેવી, એવો પક્ષપાત હોવો જોઈએ. એવો પક્ષપાત કરવો એ નરી બેવકુફી છે. તીર્થંકર ગવાન મહાવીરનું એવું પક્ષપાતી દર્શન નથી. એ દર્શનમાં જ્યાં ગદ્વેષનો સર્વથા અભાવ છે ત્યાં પક્ષપાત શેનો હોય !

જૈનદર્શનમાં જડપૂજન તીર્થંકર ભગવાન મહાવીરદેવના નિર્વાણ છી, કેટલોક સમય વિતે બૌદ્ધ તેમજ અન્ય-દર્શનીઓની દેખા-ખીએ, જૈનાચાર્યોએ ઘુસાડેલ છે, એમ પ્રસિદ્ધ ઇતિહાસકારો પણ ર્ણવી રહ્યા છે. અને ઘણા પુસ્તકોથી એ વસ્તુ સિદ્ધ પણ થયેલ છે. રંતુ લાંબા કાળનો રોગ જેમ તુરતમાં નાશ પામતો નથી તેમ જડ પૂજનનો સડો (રોગ) લાંબા કાળથી જૈન શીરકાના સંપ્રદાયમાં ઘુસવા પામ્યો છે. તે સડાની (રોગની) પણ તેવી જ સ્થિતિ છે. જેમ રોગ લંબાય તેમ વધુ જોર કરે, તેમ જડ પૂજનનો રોગ અત્યારે જોર કરી રહ્યો છે. રોગની શરૂઆત વખતે રોગને દાબી દેવા કાંઈ પણ ઇલાજ વૈદ ન કરે તો તે વૈદ જેમ દોષીત છે. તેમ જડપૂજન-રોગની શરૂઆત વખતે વૈદ રૂપી જૈનાચાર્યોએ તે જડપૂજનના રોગને નષ્ટ કરવા કાંઈ પણ ઇલાજો ન લીધા તેમાં જૈનાચાર્યો જ દોષીત છે. અને આ રીતે અત્યારે મહાવીર દર્શનમાં અનેક મત-મતાંતરો-ગચ્છ વાડાઓ જાગતાં ફાંટા પડયા અને મહાવીર દર્શનને છિન્નભિન્ન કરી નાખ્યું.

પરંતુ ભાઈઓ, આપણે ઘણા ભાગ્યવાન છીએ. આપણા પરમ ઉપકારક પુરૂષ-શ્રીમાન લોંકાશાહે મહાવીર દર્શનની છિન્નભિન્નતા જોઈ અને સત્ય રસ્તે ચડાવવાના પ્રયત્ન કર્યો. જેને પ્રતાપે આજે આપણે જડપૂજનથી વેગળા રહ્યા છીએ. મારા તમારા સર્વેના એ પરમ ઉપકારક પુરૂષ શ્રીમાન લોંકાશાહને આજના દિવસે વંદન હો! લાંબા સમયનો જુનું રોગ કઢાવવો હોય તો કડવી દવાનું સેવન અનુભવી વૈદ જરૂર કરાવે અને દરદી તેવા કડવા ઘુંટડા ઉતારે

તોજ રોગ મુક્ત થઈ શકે. અન્યથા નહિ. એ મુજબ શ્રીમાન [illegible] શાહે અનુભવી વૈદ બની, કડવી દવા (સત્ય શિખામણ) આપી અને રોગથી (જડપૂજનના રોગથી) મુક્ત કર્યાં.

ભાઈઓ ! જડપૂજન ઉપર જેટલું બોલવા ધારીયે, તેટલું બોલી શકીયે તેમ છીએ, કારણ કે જડપૂજન એ જૈન સિદ્ધાંત અનુસાર નથી, એ હું અનુભવથી પણ તમારા પ્રત્યે ભાર દઈને જણાવું છું.

ભાઈઓ, હવે મારા પરિવર્તનમાં એક રજોહરણના પરિવર્તનની પણ વાત છે. હું ખાસ પચ્ચખાણપૂર્વક સામાયિક નહોતો કરતો પરંતુ આત્માના ભાવમાં બેસતો અને પાસે રજોહરણને બદલે મોર[illegible] [illegible] આવરણો રાખતો. 'ચોથું' તડ કે બાવા ગંમદાસનું' એ મુજબ મોરપીંછાનો આવરણો રાખી નવું જ તડ દેખાય એવો મારો પ્રયત્ન હતો. શ્વેતામ્બરી, સાધુમાર્ગી તેમજ તેમના અનુયાયી શ્રાવકો રજોહરણ રાખે [illegible]. મોરપીંછાના આવરણો નથી રાખતાં, એ હું [illegible] રીતે જાણતો હતો, છતાં કાંઈક નવિન ચીલ પાડીયે તે [illegible] આ કાર્ય નવું તૃતીય હશે તેની ખબર પડે.

[illegible] ગાડવું પકડ્યું મૂકવું જ નહિ. એવો મમતી હવે હું [illegible] નો પોતપોતાનો કક્કો ખરો કહે, પરંતુ હું તો આપ [illegible] સમક્ષ જેમ આત્મા [illegible] તેમજ બોલી રહ્યો છું. મારા [illegible] જે જે ઉદ્‌ગારો મારા આવે છે, તે તમારા સમક્ષ [illegible] યાદ આવે છે કે, આપણે [illegible] રહેવાં, [illegible] પડતાં, [illegible] હું આપના નિર્ણયને [illegible] [illegible] 'વસ્તુની ખીચડી [illegible]' એ [illegible] [illegible] મારી પડી. પરંતુ એ મારા [illegible] [illegible] મારામાં હું ઉંધ [illegible]. પરંતુ હવે [illegible] [illegible]

હાડે થઈ ગઈ છે. જાણપણું અને તે વર્તનમાં મૂકવું ઘણું જ દોહલું છે. પત્થરને બચકું ભરવા જઈએ તો જરૂર દાંત પડે અને ચંદ્રમાનું વેર લેવા ઘર સળગાવી દઈએ તો આપણું જ ઘર બળે, પણ વેર તેવી રીતે લેવાય નહિ. એ ગૂઢ વાત દરેક ભાઈઓએ ખાસ સમજવા જેવી છે.

ભાઈઓ, મેં આપનો સમય ખૂબ લીધો છે. વ્યર્થ બાયલાં ટાયલાં કર્યાં નથી. પરંતુ જે જે કહેવું ઘટે, તે તે કીધું છે. જે જે ભૂલો થઈ છે, તે તે કબુલ કરી, શુદ્ધ હૃદયથી પશ્ચાત્તાપ કરેલ છે. તમો સર્વે ભાઈઓની શુદ્ધ અંતઃકરણપૂર્વક માફી માગું છું. કદાચ મારા કાલાઘેલા વાકયો આપને બાયલાં ટાયલાં લાગ્યા હોય, આપ કોઈ ભાઈનું અંતઃકરણ દુભાયું હોય તો મને આપ સર્વે ક્ષમા કરશો. અંતમાં આપ સર્વેએ પધારી મારૂં આત્મનિવેદન સાંભળી મારા ઉપર જે ઉપકાર કર્યો છે તે અનહદ ઉપકાર હું શબ્દોથી વર્ણવી શકું તેમ નથી અને આપ સર્વેની પુનઃ પુનઃ ક્ષમા યાચી મારૂં નિવેદન સહર્ષ હું પુરૂં કરૂં છું.

(સુખલાલ શેઠનું ભાષણ ચાલતું હતું તે વખતે હીરાલાલ ભાઈના હાથમાં 'શ્રીમદ્ રાજચંદ્ર'નું પુસ્તક જોતાં શિવજીભાઈએ વિચાર કર્યો કે સુખલાલ શેઠનું ભાષણ પુરૂં થયા પછી હું થોડું ઘણું ભાષણ કરીશ. એટલે સુખલાલ શેઠ ભાષણ કરી બેસી જતાં શીવજી ભાઈ ઉભા થાય છે. અને સભા સમક્ષ બોલે છે.)

સહધર્મી ભાઈઓ અને બ્હેનો!

આપ સર્વેની સંમતિ હોય તો મારે એક ટુંક ભાષણ કરવા વિચાર છે. મારો મૂળ વિચાર તો ભાષણ કરવાનો ન હતો, પરંતુ અમારા મિત્ર હિરાલાલ ભાઈના હાથમાં શ્રીમદ્ રાજચંદ્રનું પુસ્તક જોતાં થોડું ઘણું બોલવાનો મારો વિચાર થયો છે. તો આપ સર્વેની અનુમતિ હોય તો મને બોલવાની રજા આપશો.

સભાનો અવાજ:-ભાષણ કરો, ભાષણ કરો.
સહધર્મી ભાઈઓ અને બ્હેનો!

આપ સર્વેની સમક્ષ આજે મને બોલવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં ઘણો જ આનંદ આવે છે. આજની સભામાં શ્રીયુત સુખલાલ ભાઈએ પોતાનું આત્મનિવેદન જે પ્રકટ કર્યું છે, તે ઘણું જ સુંદર છે અને તે સુખલાલભાઈના હાર્દિક ઉભરા છે.

સુખલાલભાઈ તેમના નિવેદનમાં મારા સંબંધમાં જે કાંઈ બોલ્યા છે તે સંબંધમાં હું કાંઈ વિશેષ કહેવા માગતો નથી, પરંતુ સુખલાલભાઈ કોઈ અજબ રીતે નવા પંથની જાળમાં ફસાઈ પડ્યા હતા. પરદેશથી હું અત્રે આવતાં તેમને મળવા માટે ગયો, ત્યાં બધું મેં વિચિત્ર જોયું અને તેમની સાથ [illegible] ચર્ચા કરી. તેમને સત્ય રસ્તે ચડાવવાના મે જે કાંઈ પ્રયાસ કર્યો તે ફળીભૂત થયા છે, તે તેમના નિવેદન ઉપરથી આપ સર્વે સમજી શક્યા હશો. પરંતુ તેથી મને કાંઈ મિથ્યાભિમાન કે ગર્વ થતો નથી. પરંતુ મારી જેટલી સમજશક્તિ હતી તેટલી સમજશક્તિ અનુસાર મેં તેમને સમજાવ્યા છે અને હજુપણ ખુલ્લેખુલ્લુ [illegible] કે-કોઈપણ ભાઈને સુખલાલભાઈના નિવેદનમાં શંકા [illegible] હોય તો તેનું પણ મારી શક્તિ અનુસાર સમાધાન કરવા [illegible]

ભાઈઓ, અમારે એવો પ્રવાદ ઉપડ્યો છે કે [illegible] જૈન દર્શનની ફેરવાના ભાઈઓ, આ ભાગ હાથમાં જે [illegible] પં. મહ ગાભચંદનું પુસ્તક હાથમાં રાખી ફરે છે અને [illegible] દેરાવાસી મેરા [illegible] કરે છે! પરંતુ ભાઈઓ, [illegible] ઉપર [illegible]

કામિનીના નહિ ત્યાગી એવા સંસારીના લખેલા, પોતાનો પક્ષ રજુ કરતા ગ્રંથ એ બાવળીયા સમાનજ છે. ત્યાંથી તો હંમેશા કાંટા વાગે. માટે જ્ઞાનવંતોએ એવા બાવળના કાંટા સમાન ગ્રંથો દુઃખ-દાયક માની દૂર કરવા જોઇએ. અમૃત વસ્તુમાં ઝેર ભળે તેવી વસ્તુ પણ જ્ઞાનીજનોએ દૂર કરવી જોઇએ અને જેમ બને તેમ સિદ્ધાંત-માંથી કેવળ જ્ઞાનામૃત મેળવવા શુભ પ્રયાસો કરવા જોઇએ.

ભાઇઓ, હીરાની પરીક્ષા કેવળ અનુભવી ઝવેરી જ કરી શકે. અનુભવ વગરનો ઝવેરી ન કરી શકે. એક સાધારણ પત્થર પણ અનુભવ વગરના પુરૂષના હાથમાં આવ્યો હોય તો તે અનુભવ વગરનો પુરૂષ તે પાથરને હીરા સમાન માની રાખી મૂકે, સંતાડી મૂકે, કારણ કે સાચા ખોટાનું તેને પારખું નથી. તેના મનમાં તો જે મળે તે સરખું જ છે. પરંતુ જ્યારે એ પત્થર અનુભવી ઝવેરીના હાથમાં જાય છે ત્યારે તે અનુભવી ઝવેરી એ પત્થરને કોડીની કિંમતનો પણ નથી તેમ કહે છે ત્યારે જ તે પુરૂષને સમજણ આવે છે કે આ પત્થર ખોટો છે, સાચું રત્ન નથી; એવી જ રીતે તમે સૂત્ર સિદ્ધાંતના જાણ એવા અનુભવી આચાર્ય મહારાજને પાસે જાવ અને શ્રીમદ્ રાજચંદ્રના પત્રો ઉપર અભિપ્રાય માગો, તો જરૂર તમોને કહી દેશે કે સૂત્ર સિદ્ધાંત રૂપી સાચા રત્ન પાસે આ ગ્રંથ કોડીની કિંમતનો પણ નથી, પરંતુ આ ગ્રંથના રાખનારાઓને સાચા ખોટાની જ્યાં પરીક્ષા કરાવવી જ નથી, ત્યાં કોઈ ઉપાય નથી. તેઓ પેલા અનુભવ વગરના પુરૂષની માફક ખોટા પત્થર રૂપી ગ્રંથ રાખી રહ્યા છે, તેવા કહીયે તો તેમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

ભાઈઓ, શ્રીમદ્‌ને કેટલાક જ્ઞાની કહી રહ્યા છે. અને આ કહેનારા ફક્ત તેના અનુયાયીઓ છે. જેમ વરને તેની મા વખાણે તેમ આ અનુયાયીઓ મહા પુંછ પકડી બેઠા છે, પરંતુ તે સંબંધમાં

અત્યારે હું કાંઈ પણ અભિપ્રાય આપતો નથી; કારણ કે
સામે બેઠા હો, અગર તો શાસ્ત્રોક્ત દલીલ થતી હોય અને
જનતા અભિપ્રાય બાંધે, એવી સ્થિતિમાં હું મારો અભિ
જાહેર કરૂં તે સ્થાને ગણાય. તેમનામાં અવધાન શક્તિ સારી
એકી સાથે સો અવધાન તેઓ કરી જાણતાં, એ વાત નિર્વિવાદ
પરંતુ એ મુજબ તો અત્યારે સાધુ માર્ગી શ્વેતામ્બરી સંપ્રદાય
પંડિત મુનિવર રત્નચંદ્રજી મહારાજ પણ શતાવધાની છે. મુનિ
સૌભાગ્યચંદ્રજી પણ શતાવધાની છે, પરંતુ તેઓ કોઇ ઠેકાણે પોતે
જ્ઞાની હોવાનો ખોટો ડોળ કરતા નથી, કે તેવો ડોળ કરતાં કોઇ
સાંભળ્યા નથી. તેમ જ તેઓ શ્રીમદ્‌નો જેમ જણાવના
કે "અમારે અમારૂં દર્શન જુદું ચલાવવું છે, અમે
જોઇ લીધું, અમારામાં બધી શક્તિ છે, તીર્થંકરના
આશય અમે જાણી લીધા." ફક્ત શતાવધાનની ક્રિયા
જાણવાથી તીર્થંકર ભગવાનનો અંતર આશય જાણી લેવાતો
કે ખરા જ્ઞાની થઈ શકાતું નથી. આ તો શતાવધાનની વાત
પરંતુ સહસ્ર (એક હજાર) અવધાન કરવાવાળાના દાખલા આ
[illegible] તમને વધારે
વધારે જ્ઞાની માની [illegible] જ્ઞાનીનો એમ [illegible] ન હોય.
એ [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

સભામાંથી અવાજ:-જ્ઞાની કહેવાય નહિ. જ્ઞાની કહેવાય નહિ. સાંભળો ભાઈઓ, સાંભળો. આપણે તીર્થંકર ભગવાન જ્ઞાતપુત્રના અનુયાયીઓ છીએ. મહાવીરના ધર્મરૂપી સામ્રાજ્યમાં આવા અંધરૂપી નિશાચરો ન પેસી જાય એ જોવાની આપણી સહુની એક સરખી ફરજ છે. સ્થળે સ્થળે મહાવીરના સત્ય ધર્મને ખાતર સભાઓ ભરી સત્ય માર્ગ સમજાવવાનો પ્રયાસ થાય તેવું મંડળ એકત્ર કરવા આપ સર્વે ભાઈઓને હું વિનંતિ કરૂં છું અને આપ આવું એકાદ મંડળ સ્થાપશો તો હું પણ મારી અલ્પ સેવા આપની રાજી ખુશી હશે તો હરહંમેશ દેવા ખડે પગે તૈયાર છું.

ભાઈઓ, તમે જૈન કહેવડાવો છો. તો જૈનદર્શનના અભ્યાસી બનો. જૈન દર્શનના ઝવેરી બનો. અને ચોકસી લોકો જેમ કસોટીથી સુવર્ણ અને પિત્તળની પારખ કરી સુવર્ણ તથા પિત્તળને જુદા જુદા કરી દે છે તેમ જૈનદર્શનમાં જ્ઞાનરૂપી સુવર્ણને હાથ કરી અજ્ઞાનરૂપી ખોટા પિત્તળને દૂર કરો.

ભાઈઓ, હુંશિયાર અનુભવી વૈદ્ય જેમ રોગીને રોગથી મુક્ત કરવા સારી દવાનું સેવન કરાવે અને ખાવા પીવામાં આકરૂં પથ્ય પાળવાનું જણાવે, પરંતુ તે રોગીના હિતને જ વાસ્તે હોય છે, તેમ જ્ઞાનમાં સ્થવીર થયેલા મુનિરાજ આપણને સૂત્ર માંહેથી સારી શીખામણ આપે અને ક્રિયા-તપશ્ચર્યા, વ્રત પચખાણ આદિ કરવાનું જણાવે તે આપણા આલોક તથા પરલોકના ભલાને માટે જ હોય છે, અને રોગી જો અનુભવી વૈદની આજ્ઞા મુજબ ન વર્તે તો જેમ તે દુઃખી થાય છે તેમ આપણે પણ સુપાત્ર સાધુ મુનિરાજ-જ્ઞાન સ્થવીરની આજ્ઞા મુજબ ન વર્તીએ, તો કલ્યાણ માર્ગ સાધી શકતા નથી. પરંતુ અત્યારનો સમય જ જુદો છે. કોઈ રોગીને એવો વૈદ મળે કે તારે પથ્યાપથ્ય પાળવું પડે નહી ને તારો રોગ મટાડી દઉં, તો રોગી તરતજ તે વૈદ પાસે દોડી જાય; તેજ પ્રમાણે અત્યારે એવા કોઈ સાધુ મળે કે આવો મારી પાસે.

વ્રત પચ્ચખાણ, નિયમ, તપ, જપ કાંઇ કરવા નહી, અને મોક્ષ અપાવી દઉં, તો પેલા રોગીની માફક તરત જ તે સાધુની પાસે માણસોનો દરોડો પડે, પરંતુ પેલો રોગી જેમ પથ્ય પાળ્યા સિવાય સ્વચ્છંદથી આહાર પાણી ભોગવતાં રોગથી મુક્ત થઈ નિરોગી બની શકતો નથી; તેજ પ્રમાણે પેલા માણસો પણ તે સાધુના કથન મુજબ તપ-જપ-ઉપવાસ-પચ્ચખાણ આદિ ક્રિયા નહિ કરતાં મોક્ષ માર્ગ મેળવી શકતા નથી.

ભાઇઓ, આ ગ્રંથમાં ઠેકાણે ઠેકાણે આત્મશ્લાઘાની વાતો આવે છે. ડાહ્યા પુરૂષો આત્મશ્લાઘા કરે નહિ. પોતાની બડાઈ પોતે કરે જ નહિ, અને આત્મશ્લાઘા કરતાં પુરૂષો જ્ઞાનીની કસોટીમાં ઉભા રહેવાને પણ લાયક નથી. શ્રીમદ્ ગ્રંથના વાચનારાઓને હું ... વાતો કરી જબરજસ્તીથી મારું કહેવું કબુલ કરાવવા માગતો નથી. હું જાણું છુ કે આંખે કલ્યુઆંબ ગામ ન તમે ... તો તમોને ખુલ્લું આહ્‌વાન આપુ છુ કે તમે સત્ય અસત્યનો નિર્ણય કરો, પરંતુ નદીના આવતાં કહોળાં પૂરમાં અંધ બની કુદી ન પડો અને પ્રવાહમાં ન તણાઓ.

ભાઇઓ, કેટલાક શ્રીમદ્‌ના પુસ્તકમાંથી જ્ઞાન મેળવવાની ઇચ્છા કરે છે. તેઓને તો એટલું જ કહીએ કે કાગડાની ... હાંર્ષ રત્ન મળે કે? ઉકરડો વિંખતાંથી વખતે ભાગે ... જેવ એવી નિષ્ફળ આશાના સ્વપ્નાં શા વાસ્તે ... [illegible] સિદ્ધાંતરૂપી રત્નખાણો તમારી પાસે મોજુદ છે. તમને જ્ઞાન મેળવવાની સાચી ધગશ થતી હોય તો જ્ઞાનમાં સ્થવીર ... મહારાજ પાસે જાઓ. આગમ ... [illegible] સિદ્ધાંતની વાચના ... કરો, અર્થ ધારો; ત્યાગ, નિયમ, વ્રત આદરો તો ... [illegible] [illegible]

અજ્ઞાન ? જ્ઞાન થતાં વ્રત નિયમમાં ઓળાશ આવે એવા દાખલા આપે કોઈ જગ્યાએ સાંભળ્યા છે કે ? જ્ઞાની સાધુની સાથે ફરતાં શ્રાવકોએ વ્રત નિયમ આદિ મૂકી દીધા. એવાં દષ્ટાંતો સૂત્રમાંથી કોઈ સાધુ આપી શકશે કે ? ભાઇઓ, આ બધાં ચિન્હો જૈનદર્શન અનુસાર અધઃપતનનાં છે.

નવો મત સ્થપાવાને ક્લેશ એ પ્રથમ પગથીયું છે. જેમ વિનય એ જ્ઞાનનું મૂળ-પ્રથમ પગથીયું છે, અને એવું ક્લેશમય વાતાવરણ નવા ફાંટા કઢાવે છે. જેટલા જેટલા નવા પંથ નીકળ્યા, અને જ્યારે જ્યારે નીકળ્યા ત્યારે ક્લેશમય વાતાવરણ નહોતું થયું એમ કોઈ કહી શકે તેમ નથી. અને તેથી સંપ્રદાયમાં-સંઘમાં ઝઘડા થાય તેમાં નવાઈ નથી, પરંતુ એ ઝઘડાના મૂળ ઉત્પાદક નવો પંથ કાઢવાવાળા જ ગણાય છે, અને પછી સાધુ પ્રત્યેના અંધ શ્રદ્ધાળુઓ સંપ્રદાયમાં ઝઘડો ચલાવ્યા કરે છે; અને કુસંપ-મય વાતાવરણ બનાવી દે છે. તેઓ જુદા તડ કરે છે, જુદા પક્ષ રચે છે, મોટો કોલાહલ મચાવે છે અને દિન રાત એ કાર્યની પાછળ પોતાની શક્તિ વેડફી નાખે છે અને એ રીતે બહાદુરી બતાવે છે. તેઓ પોતાના આત્માનું કલ્યાણ અંતમાં પણ સાધી શકતા નથી. કારણ કે રાગદ્વેષ રૂપી ક્લેશ જગાવવાની તેમની પ્રવૃત્તિ બંધ થતી જ નથી. અને કોઈ સમજાવવા જાય તો સમજતા નથી. પણ મીયાં-બાઈવાળું નાડું ઝાલી બેઠા હોય છે. ભાઈઓ, આવું અજ્ઞાન આ જૈન સમાજમાંથી ક્યારે દૂર થશે ! મુહપતીની પ્રથામાં તંત કરી પરિવર્તન કર્યું. રજોહરણ સંબંધમાં તંત કરી પરિવર્તન કર્યું. અગર તો બીજી બાબતોમાં તંત કરી પરિવર્તન કર્યું. તો આવા તંત કરવા તે સાધુ પુરૂષને છાજે કે ? તંત ત્યાં સંત નહિ અને સંત ત્યાં તંત નહિ. તંત પકડે તે સંત-સાધુ જ નથી.

ભાઈઓ, હું આજે આપની સમક્ષ જે કાંઈ પણ બોલ્યો છું.

તેથી ખોટું લગાડશો મા. હું જે કાંઈપણ બોલ્યો છું, તેમાં કોઈનું મન દુભવવાનો મારો આશય નથી. તે પણ સ્પષ્ટ નિવેદન કરી દઉં છું. તેમજ તમારૂં મન દુભાય તેવું પણ બોલ્યો નથી. મને જે કાંઈ વ્યાજબી અને યોગ્ય લાગ્યું તેટલું જ સ્વાર્થરહિત નિષ્પક્ષપાતપણે બોલ્યો છું. કાંઇ પણ કટુ વચન બોલ્યો નથી. છતાં આપને મારી ભાષા કટુ લાગી હોય તો ફક્ત શુભ આશયથી જ છે. એટલું જણાવી આપ સર્વેની સમક્ષ જે કાંઈ ભૂલચુક થઈ હોય તેની માફી માગી સદર્પ મારૂં ભાષણ સમાપ્ત કરૂં છું

સુખલાલ શેઠના અને શિવજીભાઈના ભાષણો થઈ રહ્યા બાદ સભા વિસર્જન થતાં શ્રોતાજનો વિખરાવા માંડ્યા. સુખલાલ શેઠના ભાષણે સભામાં ખૂબ અસર કરી. તેમના શુદ્ધ હૃદયના પશ્ચાત્તાપે શ્રોતાજનોના હૃદય પીગળાવી મૂક્યા. આથી સુખલાલ શેઠના મોટા હૃદયની પ્રશંસા શ્રોતાજનોના મુખથી એક સરખી થઈ રહી છે. નવો પંથ અંગીકાર કરવાના અર્ધદગ્ધ મનવાળા—જેને સત્ય ખોટાની પરીક્ષા કરવાનું મન થતું જ નથી તેવા ઓછી બુદ્ધિવાળા, બીજા શ્રોતાજનો પણ આ સભામાં હતા, તેઓની શંકા દૂર થઈ [illegible] ભાગી ગઈ અને [illegible] કહેવા લાગ્યા કે, આપણે આ નવું પરિવર્તન કરવું નથી [illegible] આપણે આવું અઘટિત પરિવર્તન ન કર્યું તેવું! સુખલાલ [illegible] ને કેવો પસ્તાવો થાય છે!

સુખલાલ શેઠ તો દૃઢિયાપંથ [illegible] છે. વળી એક દિવસ [illegible]

પોતાની ચાલ પણ ભૂલી જાય. આપણે આ મૂર્ખાઇ ન કરી તે ઘણું જ સારૂં કર્યું છે. દેખાદેખીના ઝેરમાંથી આપણે બચી ગયા, નહિતર આપણી શી દશા થાત! ત્યાં કોઈ શ્રોતાજનો બોલી રહ્યા છે કે ભાઈ રાંડ્યા પછી જ ડહાપણ આવે ને! કણબીનો દીકરો કારતક મહીને ડાહ્યો થાય તેવી સ્થિતિ તો કાંઈ આપણી થઈ નથી, નહીતર આપણે તો 'ધોબીનો કુતરો નહિ ઘરનો કે ઘાટનો' એવી દશા પામત. વળી કોઈ શ્રોતાજનો એમ બોલી રહ્યા છે કે આ સંઘ દ્વારકા નહિ પહોંચે. સુખલાલ શેઠ જેવા પણ સત્ય સમજી ગયા. પહેલે કોળીયે જ માખી આવી હતી તે દૂર થઈ ગઈ. વળી કેટલાક શ્રોતાજનો બોલી રહ્યા છે કે સુખલાલ શેઠ કેમ ન સમજે? છાશ લેવા જવી ને દોણી સંતાડવી તે કેમ કામ આવે! ઝપાટાબંધ સુખલાલ શેઠે સભા સમક્ષ જણાવી દીધું કે 'મારી ભૂલ થઈ છે. હવે મને પસ્તાવો થાય છે!' ત્યાં કોઇ ઇંગ્રેજી ભણેલા યુવાન બોલે છે કે A nod for a wise a rod for a fool. સુખલાલ શેઠ તો શાણા છે. સાનમાં સમજી જાય તેવા છે. આવી આવી વાતો કરતાં શ્રોતાજનો ઘેર જાય છે. સુખલાલ શેઠ, હીરાલાલભાઈ, શીવજીભાઈ વગેરે પણ ચાલી રહ્યા છે. તેઓ સર્વે પોતપોતાને ઘેર જાય છે. શીવજીભાઈ પણ સુખલાલ શેઠની રજા લઈ જુદા પડી પોતાને ઘેર જાય છે.

હિરાલાલ: મિત્ર, ત્યારે હું આપની રજા લઉં છું.

સુખલાલ: એમ જવાય નહિ. આવ્યા છો તો અઠવાડિયું રોકાઈ જાવ. આપણે સાથે રહેશું, હળશું, મળશું, આનંદ કરશું અને જ્ઞાન ચર્ચા કરશું.

હિરાલાલ: પણ મને કાંઈ આનંદ આવતો નથી. તેમજ આજની સભામાં પણ મને આનંદ આવ્યો નથી.

સુખલાલ: કેમ મિત્ર, આપને આનંદ આવ્યો નહિ?

હિરાલાલ: આપનું નિવેદન તો મને બિલકુલ પસંદ પડયું

સનો આપતાં. અને તેમ કરીનેજ તમે મને ભરમાવ્યો. તમે પહેલી પહેલ કરો. પછી દુનિયા ઝખ મારે. અને તમારા એ વિશ્વાસેજ મેં પહેલ કરી. નહિંતર મારે આ સર્પના દરમાં હાથ નાખવાની શી જરૂર હતી? તમે કહેતા હતા કે હું મંત્ર તંત્ર બધું જાણું છું અને વખત આવ્યે ચમત્કાર પણ કરી બતાવીશ. આવી જે જે વાતો આપ કરતા હતા તે આજે ક્યાં સંતાઈ ગઇ? તમોએ તો મને ઉંડા કુવામાં ઉતારી વરતડી કાપી નાખી! મિત્ર, તમને વધારે શું કહું?

હિરાલાલ: મેં તમને કાંઈ ઉંડા કુવામાં ઉતાર્યો ન હતો. તમારે સાડી સાત વખત ગરજ હતી ત્યારે તમે ઉંડા કુવામાં ઉતર્યા. તમારે તો અમારા બધાની પરેલાઈ જોઈતી હતી. પરંતુ અમોએ ક્યાં ના પાડી હતી? અમે તમને કર્તા હર્તા સ્થાપ્યા હતા. અમે તમારૂં માન જાળવતાં, તમારી સરભરા કરતા, તમારી સાથે સારી સારી વાતો કરતાં. પરંતુ આ બધું ભેંસ આગળ ભાગવત જેવું થયું. આમ કરી તમોએ તો પાણી ફેરવી દીધું. આમ એકાએક કુહાડાનો ઘા નહોતો કરવો. તમારો અચાનકનો—અણચિંતવ્યો આ ઘા અમને કેવો ભયંકર અને આફતકારક નીવડશે તેની તમને કાંઈ ખબર છે?

સુખલાલ: મારે કાંઈ પરેલાઈ લેવાની ઇચ્છા ન હતી. પરંતુ તમે મને પરાણે એ લફરૂં લગાડવા માગતા હતા. અને તેવું લફરૂં વળગાડવાનું એજ કારણ હોવું જોઈએ કે હું પાછો ગૃહણ કરેલો વાડો તજી ન શકું. અને વિરૂદ્ધ અભિપ્રાય આપી ન શકું, પરંતુ મિત્ર, હું તો મારો અભિપ્રાય ફેરવવા માગતોજ ન હતો. તેમજ મારો અભિપ્રાય હું ફેરવીશ તેમ મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો; પરંતુ સોવણભાઇએ મને યથાતથ્ય ખુલાસો આપી, મારા મનમાં થતાં સંદેહો દૂર કર્યા અને તેથીજ મારે મારો અભિપ્રાય ફેરવવો પડ્યો. અને હવે સત્ય વાત સમજાઈ ગઈ છે, જેથી હવે અસત્ય વાતને જાણવા છતાં પકડી રાખવી, એ મારાથી કેમ બની શકે?

હિરાલાલ : મિત્ર એ શીવજીભાઈથી કોણ અજાણ્યું છે! એમણે તો ભલા-ભલાને પાણી પાઈ દીધું છે અને પોતાના મતમાં ફસાવ્યા છે. શીવજીભાઈની વાકય જાળમાં તમે પણ ફસાઈ ગયા છો અને શીવજીભાઈની જાળમાં ફસાઇ જનારાઓ પાછળથી ખૂબ પસ્તાવો કરે છે. માટે તમે પણ પાછળથી પસ્તાવો કરશો. શીવજીભાઈને શું સૂત્રજ્ઞાન છે? શો અનુભવ છે? કે તમે તેની સાથે જ્ઞાનચર્ચા કરવા બેઠા અને તેની હાએ હા ભણી ગયા?

સુખલાલ : આપ શીવજીભાઇ સાથે જ્ઞાનચર્ચા કરો અને પછી મને કહો કે શું સત્ય છે.

હિરાલાલ : એ શીવજીભાઈને હું ઘણા વરસથી જાણું છું. તેમની બોલવાની એવી ચતુરાઇ છે કે આપણે હા ભણવી જ પડે, અને તેથીજ હું તમને કહું છુ કે તમે તેની જાળમાં ફસાઈ ગયા. હું તો તેમની સાથે જ્ઞાનચર્ચા કરવા માગતોજ નથી.

સુખલાલ : શીવજીભાઈ સાથે જ્ઞાનચર્ચા કરવામાં આપને શું હરકત છે?

હિરાલાલ : એમા મારૂ સમકિત જાય. અત્યારે મારી જે કંઈ શ્રદ્ધા છે તે શ્રદ્ધા ઊડી જાય અને મારે પણ તમારા જેવો વખત આવે. [illegible] નહિ અને પસ્તાવાનું તો જરૂર મુકરર.

જ્ઞાન સ્થવીર આચાર્ય તમને સૂત્ર સિદ્ધાંતમાંથી ઉપદેશ આપતા હોય અને સત્ય શીખામણ આપતાં હોય તો તેવો સત્ય ઉપદેશ ગૃહણ કરવામાં કાંઈ તમારૂં સમકિત ચાલ્યું જાય નહિ. અને તમે પોતે ક્યાં નથી જાણતાં કે આ પરિવર્તન કર્યું તે અયોગ્ય છે, ખોટું છે, ખેંચા ખેંચી અને તંત પકડી કર્યું છે. તો પછી મૂળ ધર્મ જે હતો તેની શ્રદ્ધા, પરૂપણા, રૂચિ કરતાં તમારૂં સમકિત ક્યાં ચાલ્યું જાય તેમ છે? સત્ય કહીયે તો અત્યારે જ તમે શ્રદ્ધા (સમકિત)થી ભ્રષ્ટ થયેલ છો; માટે તમારે સમજવાની ખાસ જરૂર છે.

સુખલાલ શેઠના આવા વાક્યો સાંભળી હિરાલાલભાઇ વિચારમાં લીન થઈ જાય છે. પરંતુ હીરાલાલ ભાઈ એક ટળીને બે થતા નથી. તેઓ પોતાની વાત છોડતા નથી.

હિરાલાલ : મિત્ર, આપણે એ બાબતમાં રાત્રે ચર્ચા કરીશું.

સુખલાલ શેઠના પરિવર્તન સંબંધમાં આવું વાતાવરણ જોતાં હિરાલાલે વિચાર કર્યો કે મારાથી સુખલાલ શેઠ સમજે તેમ નથી. માટે પ્રેમજી શેઠને તરત તેડાવું એટલે પ્રેમજી શેઠ તેમને સમજાવશે. એમ વિચારી હીરાલાલ ખીસ્સામાંથી એક પોસ્ટ કાર્ડ કાઢી નીચે મુજબ કાગળમાં લખે છેઃ—

શ્રી ગુરૂદેવાય નમઃ

સહજાનંદી શેઠ પ્રેમજીભાઈના ચરણ કમળમાં,

લી. શેઠ હીરાલાલ ઘોધાવાળાના આત્મજ્ઞાન પૂર્વકના નમસ્કાર. લખવા વિનંતિ કે હું હમણા સુખલાલભાઇને કેટલીક અગત્યની સૂચનાઓ કરવા આવ્યો હતો, પરંતુ અત્રે શીવજીભાઈના પ્રયાસથી વાતાવરણ ગરમાગરમ થઈ ગયું છે. અને સુખલાલભાઇનો હૃદય-પલટો થઈ ગયો છે. આપણે જે સ્વપ્નાઓ સેવતાં હતાં—જે જે મુરાદો

બાંધી હતી, તે જમીન દોસ્ત થઈ ગયેલ છે. સો ટકા તો તેમાં હવે ફેરફાર થાય તેવું લાગતું નથી. સુખલાલભાઈને આપણે એકલવાયાં છોડયાં તેનું આ ગંભિર પરિણામ છે. તમને કોઈ ચમત્કાર પ્રાપ્ત થયો હોય અગર તો સિદ્ધિ કે મંત્ર ફળીભૂત થયો હોય તો અજમાવવાને આ સોનેરી તક છે. ડાહ્યા માણસો હંમેશાં તકને ભૂલતા નથી. તમારે ત્યાં આગળ ગમે તેવું કામ હોય, તો પણ છોડીને તરત જ અત્રે આવશો, સાથે જ્ઞાનના પુસ્તકો એક મોટા ઈસ્કોતરામાં ભરી લેતા આવજો. કારણ કે, કદાચ ચર્ચા કરવાની જરૂર પડે તો ઈસ્કોતરો ખોલી પુસ્તકોમાંથી જ્ઞાન ગોતી બતાવી શકાય. હું અત્રે બે ચાર દિવસ રોકાવાનો છું. દરમિયાન તમે આ પત્ર મળતાં, પવન વેગે ઉડીને પણ જરૂર જરૂર અત્રે આવશો.

હું સુખલાલભાઈને ત્યાં ઉતર્યો છું.

લી. અવિનાશી આત્મ સ્વરૂપી હીરાલાલ.

ઉપર મુજબનો કાગળ લખી હીરાલાલભાઈએ કોઈને ખબર ન પડે તેમ ચુપચાપ એકાએક ટપાલમાં રવાના કરી દીધો. અને રાત્રે સુખલાલ શેઠ સાથે ખૂબ ચર્ચા કરવા વિચાર કર્યો.

રાત્રીના સુખલાલ શેઠ અને હીરાલાલભાઈ સાથે બેઠા. હીરાલાલભાઈ સુખલાલ શેઠ સાથે જ્ઞાન ચર્ચા કરવાનો વિચાર કરી રહ્યા છે. ત્યાં શેઠના નોકર જીવણાએ આવી ખબર આપ્યા કે આવતી કાલે સવારના ગુરૂ મહારાજ વિહાર કરવાના છે.

સુખલાલ શેઠ આજે બરાબર થાકેલા પાકેલા હતા. અને ગુરૂ મહારાજના વિહારના સમાચાર સાંભળી તે સંબંધી વિચાર કરતાં કરતાં સુખલાલ શેઠ પથારીમાં નિંદ્રાવશ થઈ ગયા. પરંતુ હીરાલાલભાઈને પથારીમાં ઉંઘ આવતી નથી. સુખલાલ શેઠે

નિદ્રાધિન થયેલા જાણીને તેમણે વિચાર કર્યો કે હવે આવતી કાલે જ્ઞાન ચર્ચા થશે. પરંતુ સુખલાલ શેઠ પોતાના પક્ષમાં કેમ આવે. સામાવાળાનો પક્ષ કેમ છાંડે, હું તેમને કેવી રીતે સમજાવીશ, એ સંબંધમાં અવનવા વિચારો હિરાલાલભાઈ પોતાના મનમાં કરી રહ્યા છે. પરંતુ કોઈ પણ રસ્તો કે માર્ગ તેમને પ્રાપ્ત થતો નથી. છેવટે આ બધું કાર્ય પ્રેમજી શેઠના માથે નાખીશ, પ્રેમજી શેઠને સમજાવીશ, તેઓ સુખલાલ શેઠને સમજાવશે, એવા એવા વિચારો કરી પોતાના મનનું સમાધાન કર્યું, છતાં નિદ્રાદેવીએ તો હિરાલાલભાઈ ઉપર મહેરબાની કરી નહિ. છેવટે આમતેમ આળોટતાં આળોટતાં સાવ મળસ્કે હિરાલાલભાઈને અર્ધ જાગૃત અવસ્થા જેવી નિદ્રા આવી.

પ્રકરણ ૯ મું

આત્મજ્ઞાનીઓની ધૂન

સુખલાલ શેઠને તે રાત્રીએ ધસધસાટ ઉંઘ આવી ગઈ. તેમને એવી તો શાંતિથી નિદ્રા આવી હતી કે એકજ ઉંઘે સવાર. જ્યારે સવારમાં શેઠ જાગ્યા તે વખતે ઘડીયાળમાં ૬ ના ટકોરા થઈ રહ્યા હતા. આ સમયે શેઠે હિરાલાલની પથારી તરફ જોયું તો હિરાલાલભાઇ ભર ઉંઘમાં હતા અને જોર જોરથી નાકના ધુંધાડા મારી રહ્યા હતા, એટલે તેમને ભર નિદ્રામાંથી જાગૃત કરવાનું સુખલાલ શેઠને યોગ્ય લાગ્યું નહિ.

પથારીમાં જ બેઠા બેઠા સુખલાલ શેઠે પંચ પરમેષ્ટિ નમસ્કાર મંત્રનું સ્મરણ કર્યું. તથા ચોવીસ તીર્થંકરનું સ્તવન કર્યું. સ્તવન

પ્રાર્થના પૂર્ણ થતાં તેમણે ઉપાશ્રયે જવાની તૈયારી કરી. રાત્રીએ પહેરેલાં કપડાં બદલી, શુદ્ધ સફેત ધોયેલાં વસ્ત્રો પહેર્યાં.

ગુરૂ મહારાજ આજ પ્રભાતમાં જ વિહાર કરવાના હતા, એટલે સુખલાલ શેઠે હિરાલાલ ભાઇને સાથે લેવાનો વિચાર કર્યો; પરંતુ લગભગ અડધા કલાકના સમય દરમિયાન પણ હિરાલાલ ભાઈ જાગૃત ન થયા એટલે લગભગ સાડા છ પછી સુખલાલ શેઠ એકલા જ ઉપાશ્રયે ગયા.

ઉપાશ્રયે જઈ વિધિપૂર્વક વંદન નમસ્કાર કરી તેઓ બેઠા. ત્યાં ગુરૂ મહારાજને વંદન કરવા, એક પછી એક ભાવિક શ્રાવક શ્રાવિકાઓ આવતા ગયા અને થોડા સમયમાં તો ઉપાશ્રય શ્રાવક શ્રાવિકાઓથી ચિક્કાર ભરાઈ ગયો.

બરાબર સાડા સાતના ટકોરે ગુરૂ મહારાજ તથા શિષ્યો ઉપાશ્રયમાંથી બહાર નીકળ્યા. ગામ બહાર નિર્દોષ સ્થાનકે સૌએ ગુરૂ મહારાજના મુખથી મંગળીક વચન સાંભળ્યાં. ગુરૂ મહારાજે શિવપુરીના રસ્તા તરફ વિહાર કર્યો અને શ્રાવક શ્રાવિકાઓ જે જે આવ્યા હતા તે દરેક પોત પોતાને ઘેર જવા સારૂ પાછા ફર્યાં. આ પ્રસંગે સુખલાલ શેઠે શીવજીભાઇને પોતાને મકાને દુધ વગેરે લેવા સારી રીતે આમંત્રણ કરતા, શીવજીભાઇએ આગ્રહનો સ્વીકાર કર્યો અને તેઓ સુખલાલ શેઠની સાથે તેમના મકાને આવવા સારૂ સાથે ચાલ્યા

સુજ્ઞ વાચકો! સુખલાલ શેઠ લગભગ સાડા છ ના સુમારે ઉપાશ્રયે જવા પોતાને મકાનેથી રવાના થયેલા, તે વખતે હિરાલાલ ભાઈ જાગૃત થયા ન હતા; પરંતુ અર્ધો કલાક વિત્યા બાદ હિરાલાલભાઈ જાગૃત થયા. તેમણે બેઠા થઈ જોયું તો સુખલાલ શેઠ પથારીમાં જણાયા નહિ. એટલે અગાશીમાં આવી નીચે દૃષ્ટિ કરી તો ત્યાં પણ સુખલાલ શેઠ જોવામાં આવ્યા નહિ. વિચાર કરતાં વ

યાદ આવી ગઈ કે બરાબર, એ તો ઉપાશ્રયે ગયા છે. ઠીક થયું કે હું મોડો જાગ્યો અને મને ઉંઘમાંથી ઉઠાડયો નહિ. નહિંતર મારે પણ સાથે સાથે ન છૂટકે આજે ઉપાશ્રયે જવું પડત. એમ વિચાર કરી તેમણે પોતાની ગાંધી થેલીમાંથી પથરણું કાઢયું. પથરણું પાથરી તેના ઉપર બેસી, સામે એક ગ્રંથ રાખ્યો અને અગરબત્તીઓ સળગાવી, ધૂપ કર્યો. ધૂપ કર્યા પછી હિરાલાલભાઇ ઉઠયા અને બે હાથમાં બે મંજીરા રાખી, પથરણા ઉપર નાચતાં કુદતાં " કષ્ટ હરે ! મમ કાજ કરે ! ગુરૂદેવાય નમઃ " એ મંત્રની ધૂન લગાવી અને તે ધૂનમાં ખૂબ મસ્ત બની ગયા.

સુખલાલ શેઠ તથા શીવજીભાઈ હિરાલાલ ભાઇની ધૂન ચાલે છે તેવામાં ઘેર આવી પહોંચ્યા, તેમણે મેડી ઉપર જતાં જોયું તો હિરાલાલભાઇ ધૂનમાં મસ્ત બની ગયા હતા. એક પગ ઉંચો થાય ત્યાં બીજો પગ નીચો જાય. એમ તાલબંધ ધૂન પથરણા ઉપર લાગી રહી હતી. એ ધૂન જોઈ સુખલાલ શેઠે તથા શીવજી ભાઈ એ આરામ ખુરસીઓ ઉપર દિવાનખાનામાં બેઠક લીધી; પરંતુ ધૂનમસ્ત હિરાલાલ ભાઇને સુખલાલ શેઠ તથા શીવજીભાઇ આવ્યા એ સંબંધમાં કાંઇ પણ ખબર પડી નહી.

સુખલાલ શેઠ તથા શીવજીભાઈ થોડો સમય બેઠા. હિરાલાલની આવી ધૂન જોતાં સુખલાલ શેઠ હસી પડયા. બંને મિત્રો પેટ પકડી ને ખૂબ હસ્યા અને આવી રીતે તેમનું હાસ્ય તરતમાં બંધ ન થયું. આ હાસ્યનો અવાજ હિરાલાલ ભાઇના કર્ણ પર અથડાયો. તેઓ ચમકયા અને જોયું તો સુખલાલ શેઠ તથા શીવજીભાઇ હસી રહ્યા છે. આ દૃશ્યે હિરાલાલભાઈમાં ક્રોધ ઉત્પન્ન કર્યો અને તરત જ ક્રોધાવેશમાં આવી હિરાલાલભાઈ બોલ્યા કે–" શું મારી મશ્કરી કરો છો ?" પરંતુ સુખલાલ શેઠે તથા શીવજીભાઈએ આનો કાંઈ પ્રત્યુત્તર આપ્યો નહિ. એટલે તરતજ હિરાલાલભાઈએ પોતાની ધૂન બંધ

કરી અને સર્વે સામગ્રી પથરણામાં બાંધી, પથરણું ગાંધી થેલીમાં મૂક્યું અને મોઢા ઉપર તોબરો ચડાવ્યો હોય તેમ મુખ બગાડી શ્યામ વદને ખુરસી ઉપર સુખલાલ શેઠની સામે મૌન ધારણ કરી બેઠા.

સુખલાલ શેઠની સાથે હિરાલાલભાઈએ બોલચાલ શરૂ ન કરતાં, તથા હિરાલાલની મુખાકૃતિ જોતાં સુખલાલ શેઠને પણ વિચાર થયો કે–' આ તો ખોટું થયું. ' હિરાલાલ સ્નેહી તરીકે અહીં આવ્યા છે અને મેં આગ્રહ કરી તેમને રોક્યા છે એટલે મારાથી આ અવિચારી કાર્ય થઈ ગયું છે. મારા હસવાથી તેમના મનમાં એમ જ ઠસી ગયું છે કે મેં મશ્કરી કરી; તો આ બાબતમાં મારે હિરાલાલભાઈની માફી માગી લેવી જોઈએ, એમ વિચારી તેમણે હિરાલાલભાઈ સાથે બોલવાનો વિચાર કર્યો.

સુખલાલ : કેમ ! આમ વિચારમાં ગમગીન થઈ બેઠા છો !

હિરાલાલ : આપે મારી મશ્કરી કરી છે તે બીલકુલ વ્યાજબી કહેવાય નહિ. હું તમારે ત્યાં એક સ્નેહિ–મિત્ર તરીકે રહ્યો છું અને મારી આત્મમસ્ત ધૂન ચાલતી હતી તે વખતે તમે મારું ભયંકર અપમાન કર્યું !

સુખલાલ : આપનું કહેવું સત્ય છે. આપની અજ્ઞાન ધૂન જોઈ મને ખૂબ હસવું આવી ગયું. તે હું કબુલ કરું છું; પરંતુ આપની ઠઠ્ઠા મશ્કરી કરવી તેવો ઈરાદો મારા હૃદયમાં હતો જ નહી. આપને મારા તરફથી તે બાબતમાં કાંઈ ખોટું લાગ્યું હોય તો હું માફી માગું છું.

ગીરજા : હિરાલાલભાઈ, આપને મારા પ્રત્યે કાંઈ પણ મન દુઃખ થયું હોય તો હું પણ આપની માફી માગું છું.

હિરાલાલ : મારે કાંઈ આપની પાસે માફી મગાવવી નથી પરંતુ મારી આત્મમગ્ન ધૂનને આપ અજ્ઞાન ધૂન કેમ કહો છો

સુખલાલ: આપ કઈ ધૂન ચલાવી રહ્યા હતા ?

હિરાલાલ: મારી ધૂન મંત્ર સિદ્ધ કરવાની હતી; કારણ કે તમારી સાથે જ્ઞાનચર્ચા થવાની હતી તે વખતે હું જ્ઞાનચર્ચામાં પરાજય ન પામું, તે સારૂ હું ધૂન લગાવી રહ્યો હતો; પરંતુ મારી ધૂનમાં તમે ભંગાણ પાડયું અને તમે જે વખતે હસી પડ્યા તે વખતે હું ઘણો ક્રોધાતુર બની ગયો, જેથી મંત્ર સિદ્ધ કરવાની મારી મહેનત નિષ્ફળ ગઈ.

સુખલાલ: આપ કહો છો કે હું મંત્ર સિદ્ધ કરવા ધૂન લગાવી રહ્યો હતો, પરંતુ હરકોઈ પ્રકારની નિદાનયુક્ત ક્રિયા એ આત્મજ્ઞાન પૂર્વકની ક્રિયા કહેવાય જ નહિ તેમજ તે ક્રિયા કાંઇ મોક્ષનું લક્ષ રાખી કરવામાં આવતી નથી; તેથી તે ક્રિયા અજ્ઞાન ક્રિયાજ કહેવાય.

શીવજી: ચમત્કાર બતાવવા કે મંત્રો સિદ્ધ કરવા અને તેમ કરી લોકોને વશ કરવા કાંઇ પણ ક્રિયા કે સાધના કરવામાં આવે તે અજ્ઞાન તપ ગણી શકાય, કે જે ક્રિયા કે તપ મોક્ષના હેતુભુત હોતા નથી.

હિરાલાલ: આપની વાત મને બીલકુલ માન્ય નથી. કારણ કે ચમત્કાર વગર નમસ્કાર નથી. માટે મંત્ર સિદ્ધ કરવાની તેમજ ચમત્કારો એકઠા કરવાની ખાસ જરૂર છે. જૈન સાહિત્યના ગ્રંથોથી આપ અજાણ્યા છો. આપે શ્રીમદ્ ગ્રંથ નથી વાંચ્યો લાગતો, શ્રીમદે પોતે ચમત્કાર એકઠા કરેલા.

સુખલાલ: શ્રીમદે એકઠા કરેલા ચમત્કારો કોઇને બતાવેલા કે અજમાવેલા ખરા કે ?

હિરાલાલ: એ વાત તો હું જાણુતો નથી તેમજ તેવી કાંઈ પણ વાત મારા જાણવામાં આવી પણ નથી. પરંતુ શ્રીમદ્ ગ્રંથ સાફ સાફ જણાવે છે કે શ્રીમદે ચમત્કાર એકઠા કરેલા.

શીવજી : એ ચમત્કાર એકઠા કરવાની વાત તદ્દન પોલંપોલ જેવી છે. વાંસ જાળ પાણી ત્યાં કાંકરા જેવી વાત છે.

હિરાલાલ : (ક્રોધાવેશમાં) બસ, તમે એમ કેમ બોલો ?

સુખલાલ શેઠે હિરાલાલ ભાઈને ક્રોધિત થયેલા જોતાં, વચમાં પડી શાંત પાડ્યા અને વધુ વાદવિવાદ કોઈ પણ રીતે હાલ તરત નહિ કરવા શીવજીભાઈને તથા હીરાલાલભાઈને સમજાવ્યા અને જીવણા નોકરને અવાજ કરી બોલાવી, દંતમંજન તથા પાણી મંગાવ્યું. શીવજી ભાઈ, હીરાલાલભાઈ તથા સુખલાલ શેઠે દંતમંજન કરી મુખ પ્રક્ષાલન કર્યું, કે તરત જ ગરમાગરમ કેસરી દૂધ આવ્યું. જે દરેકે પોતપોતાની રૂચિ અનુસાર લીધું. પછી મુખવાસ લઈ મુખ સાફ કર્યું.

હિરાલાલ : નાગજીભાઈ અહીં નથી કે ?

સુખલાલ : તેઓ અહીંજ છે.

હિરાલાલ : સભામાં કેમ દેખાયા નહિ !

[illegible] તેઓ સભામાં આવ્યા હતા, પરંતુ જરા મોડા [illegible] પાછળ બેઠેલા.

[illegible] ત્યારે મને કેમ મળવા નહિ આવ્યા હોય ! [illegible]

[illegible] તેમને નહીં હોય ?

[illegible] એમ [illegible] તમને તમારા આવ્યાના ખબર નહિ હેય

[illegible] પાસે જવું છે. આપ શ્રી [illegible]

આપ જાણવા જરૂર ઈન્તેજાર હશો, તેથી તેમની ટુંક ઓળખાણ કરાવું છું.

આ નાગસીભાઈ એ સુખલાલ શેઠના કાકાના દીકરા ભાઈ થાય છે, તેઓ પૈસે ટકે જેવા કહીયે તેવા સુખી નથી. ઘર, જમીન તથા ખેડુતોની ધીરધારમાં તેમની મોટી મોટી રકમો રોકાઈ ગઈ છે, અને નવા નવા રક્ષણ આપનારા કાયદા પસાર થતા, હાલમાં કાંઇ પણ રકમ હાથ આવતી નથી. પુત્ર પરિવારનું જોઈએ તેવું સુખ નથી, પરંતુ નિર્વાહ સુખે સુખે ચાલે તેવી તેમની સાધન સંપત્તિ છે.

જૈન ધર્મ સંબંધી તેમને કાંઈ ખાસ જાણપણું નથી. સામાયિક પ્રતિક્રમણ રૂઢી મુજબ બાલ્યાવસ્થામાં તેઓ શીખેલા, આચાર્ય ગુરૂ મહારાજ વગેરે ગામમાં બીરાજતા હોય છતાં પણ ઉપાશ્રયે આવવું જવું અનિયમિતજ, સ્વભાવે હઠાગ્રહી, લીધી વાત છોડે નહિ તેવા. સુખલાલ શેઠે મુહપતી ત્યાગી પરિવર્તન કર્યું, એટલે આપણા નાગસીભાઇએ પણ દેખાદેખી અને સમજાવટથી એકડો ઘુંટી પરિવર્તન કર્યું છે અને ત્યારથી ઉપાશ્રયે જવાનું, વ્યાખ્યાન સાંભળવાનું સામાયિક પ્રતિક્રમણ કરવાનું તેમણે છોડી દીધું છે અને શ્રીમદ્ ગ્રંથવાંચન, મોર પીછાનો સાવરણો, ધૂપ આદિ ક્રિયા કેમ કરવી તે સંબંધીનું જ્ઞાન સહપંથી મિત્રો પાસેથી મેળવી રાગાંધ બની પરિવર્તનની ક્રિયા કરવામાં હમણાં તો તેઓ નિયમિત બની ગયા છે. સવારમાં બરાબર સાડા સાતના સમયથી લગભગ બે કલાક સુધી આત્મજ્ઞાનની ક્રિયા નિયમિત કરે છે. આવું વ્યવહાર વર્તન અત્યારે નાગસી શેઠ કરી રહ્યા છે.

સુખલાલ શેઠ તથા હીરાલાલ ભાઈ નાગસીભાઇને ઘેર જવા જે રવાના થયેલા તે નાગસીભાઈને ઘેર આવ્યા. ત્યાં નાગસી શેઠ પથરણું પાથરી તે ઉપર બેઠેલા હતા. સામે શ્રીમદ્–ગ્રંથ પડેલો હતો. અગરબત્તીઓ સળગી રહી હતી. ઘીનો દીવો પ્રકાશી રહ્યો

હતો. શ્રીમદ્‌ની છબીઓ ત્યાં આગળ રાખી હતી અને ધૂન લગાવી નીચે પ્રમાણે બોલી રહ્યા હતાઃ—

ધૂન

"સહજાનંદી આતમજ્ઞાની અવિનાશી આત્મ સ્વરૂપ"
"સહજાનંદી આતમજ્ઞાની અવિનાશી આત્મ સ્વરૂપ"

ઉપરની ધૂન બરાબર ચાલી રહી છે. ત્યાં હીરાલાલ ભાઈને જોતાંજ નાગઓભાઈ બોલી ઉઠયા કે પધારો, પધારો, હિરાલાલ ભાઈ બેસો. એમ કહી પોતાની ધૂન સમાપ્ત કરી પથરણું, ગ્રંથ, છબી વગેરે બાંધી, ગાંઠડી થેલીમાં મૂકી ખીલી ઉપર તે થેલી લટકાવી દીધી.

નાગજી : અહો હો હો! હિરાભાઇ ભૂલા પડી ગયા કે!

હિરાલાલ : હું આહીંનેજ તમોને મળવા આવ્યો છું; કારણ કે તમે ક્યાંય દેખાતા નથી!

નાગજી : મે તો સભામાં પણ તમને દેખ્યા હતા. પરંતુ મને એમ લાગ્યુ કે સુખલાલ શેઠની માફક તમે પણ ફસાઈ ગય... [illegible] તમને બોલાવ્યા નહિ.

[illegible] આપણે એમ ક્યાં ફસાઈએ તેવ... [illegible] ક્યાં તેમાં પાછી પાની કરવીજ નહિ

સુખલાલ : બે કલાક કેવળજ્ઞાન મોડું મળે એમ કેમ કહો છો ?

નાગસી : કેમ ભાઈ ! એ તો હું કેવળજ્ઞાન મેળવવાની મહેનત કરી રહ્યો હતો. મારી ધૂન તો કેવળજ્ઞાન મેળવવાની, આત્માની સ્વરૂપ સ્થિતિની ધૂન છે. "યાદૃશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદૃશી" મને કેમ કેવળજ્ઞાન ન મળે !

સુખલાલ : કેવળજ્ઞાન આજકાલમાં મળે કે ?

નાગસી : ભાઈ, શ્રીમદ્‌નું પુસ્તક આપે નથી વાંચ્યું ? શ્રીમદ્ કેવળજ્ઞાન મેળવવાની મહેનત કરતા હતા તેમ હું પણ ધૂન લગાવી મહેનત કરૂં છું. તો શું મને કેવળજ્ઞાન નહિ મળે એમ તમે કહેવા માગો છો ?

સુખલાલ : ભાઇ, મહેનત કરતાં શ્રીમદ્‌ને કેવળજ્ઞાન થયેલું કે ?

નાગસી : મેં ગ્રંથ સંપૂર્ણ વાંચેલ નથી. પરંતુ વાંચ્યા પછી કહીશ.

સુખલાલ : કેવળજ્ઞાન એટલે શું ? એ આપ જાણો છો ?

નાગસી : ભાઈ, તમારી સાથે હું વાદ વિવાદ કરવા માગતો નથી. પરંતુ તમારો વાદ વિવાદ કરવાનો વિચાર હોય તો હું અમારા મંડળમાં તાજેતરમાં ભળેલા વિદ્વાન આત્મજ્ઞાનીને બોલાવું.

સુખલાલ : ભાઈ, ખુશીથી બોલાવો. પણ કહો તો ખરા કે આપ કોને બોલાવવા માગો છો ?

નાગસી : ભાઈ, વિલાસપુર નિવાસી શ્રીમાન શાસ્ત્ર રત્ન લાલજી ભાઈને, કે જેઓ ખાસ હવા ફેર અર્થે અત્રેથી એકજ માઈલ દૂરની વાડીમાં તંબુ નાખી થોડા વખતથી રહે છે.

સુખલાલ : હું તેમને ઓળખું છું. ખુશીથી બોલાવો.

સુખલાલભાઈએ શાસ્ત્રરત્ન લાલજીભાઇ સાથે વાદવિવાદ કરવા વાસ્તે સંમતિ બતાવી, એટલે નાગસીભાઇએ લાલજીભાઈ ઉપર નીચે પ્રમાણે પત્ર લખ્યો:—

શ્રીમાન, શાસ્ત્રરત્ન આત્માર્થી સ્વરૂપસ્થિત લાલજીભાઈ,

લી. શેઠ નાગસીના આત્મજ્ઞાન પૂર્વકના–આત્માના ભાવ સહિતના દંડવત્ પ્રણામ.

આપ ત્યાં આગળ ખાસ હવા ફેર કરવા આવ્યા છો તે સમાચાર મને અઠવાડીયાથી મળેલા, પરંતુ હમણાં કેટલાક અનિવાર્ય સંજોગોને લઈને હું આપની પાસે રૂબરૂ આવી શકયો નથી.

આપણા મંડળના શ્રીમાન ઉત્સાહી આત્માર્થી મુમુક્ષુ હિરાલાલ ભાઈ ઘોઘાવાળા અત્રે આવ્યા છે. તેઓ આપણા મંડળને જોરદાર બનાવવા ખૂબ પ્રયાસ કરે છે. પરંતુ આપણે જાણીયે છીએ કે તેમની વાણીમાં કડવાશને અંગે આપણું સઘળું કામ માર્યું જાય છે.

આપણા મંડળમાં સુખલાલભાઈ તદ્દન નિર્જીવ બની ગયા છે, એમ ખાસ ભારપૂર્વક જણાવું છું. તેઓએ થોડા દિવસો પહેલાં એક સભા ભરી ભાષણ આપ્યું હતું. તેમાં આપણા મંડળ બાબતની ઝીણી મોટી બાબતો ઉપર ખૂબ જોરદાર ભાષણ આપ્યું હતું અને શીવજીભાઈ રૂપી ભાંગરો તેમાં ભળી ગયો છે.

આપણે આપણા મંડળ સંબંધમાં કાંઈ પણ હીલચાલ નહિ કરીયે, તો જે જે પ્રયાસો વેઠી, અપમાનો સહન કરી, ટાઢ તડકો સહન કરી, ચોતરફ દોડાદોડ કરી મુકી મંડળ જમાવ્યું છે, સેવા સમિતિઓ તૈયાર કરી છે અને જે કાંઈ થોડું ઘણું જોર જામ્યું છે તે ભાંગી પડશે અને આકાશમાં તારાઓ જેમ એક પછી એક ઘણી વખત ખરતા જોઈએ છીએ તેમ આપણા મંડળના તારાઓ પણ તે મુજબ ખરી પડશે. આપણા મંડળમાં સુધારા વધારા કરવા પણ ઘણા જરૂરી છે. તે સમાગમે ચર્ચશું.

આપની હાજરીની ખાસ જરૂર છે. તમે અત્રે ક્યારે હો, પરંતુ આપ ખાસ હવા ફેર અર્થે અત્ર આવ્યા છો, ત્યાં જા

બોલાવવા પત્ર્યા છે; કારણ કે આપ શાસ્ત્રરત્ન છો અને જ્ઞા
પૂરા છો. તેથી તમારા સિવાય કોઈ પણ ચર્ચા કરી વિજય મે
શકે તેમ નથી, અને જો તમે નહિ આવો તો આ મંડળના
ભ્રમતા તારાઓ અસ્ત પામશે તેની અચુક નોંધ લેશો.

આપની પાસે જ્ઞાનના પુસ્તકો હશે, ન હોય તો આ
લાવનાર ભાઈ સાથે ખબર આપજો કે જેથી જ્ઞાનના પુસ્તકો ગ
સેવાય અને બીજા કોઈ આત્મજ્ઞાની ભાઇઓને બોલાવવા હો
તે બાબત પણ લખજો. ટુંકમાં આપણે કામ કમાલ કરવું છે.
આપણા મંડળનું નામ આત્મજ્ઞાની મંડળ રાખવું છે.

જવાબ તુરત આપજો.

વસંતપુર | લી. વાદવિવાદમાં વિજયના સ્વપ્ન સેવ
નાગ-નિવાસ | સહજાનંદી વિતરાગી—નાગસી.

ઉપરનો પત્ર લખી એક કવરમાં બંધ કરી, પોતાના
રતનીયાને બોલાવી, તેના હાથમાં કવર આપ્યું અને
ચંપાવાડીમાં લાલજી શેઠ રહે છે ત્યાં જઇને તેને આપજે. એ
કવર પહોંચાડવા રતનીયાને તુરત મોકલી દીધો.

સુખલાલ શેઠ અને હિરાલાલભાઈ પણ રજા માગી
ઘેર જવા ઉભા થયા, અને બારણામાંથી બહાર નીકળ્યા
ઘોડે દૂરથી માણસોનું એક ટોળું ચાલ્યું આવતું હોય તેમ
તે ટોળાની તદ્દન નજીક આવતાં જોયું તો મોખરે ત્રણ
ચાલ્યા આવતા હતા. જેમાંના એક સાધુએ મુહપતી બં
ન હતું. ઉઘાડે મુખ હતા તથા બે સાધુઓએ મુહપતી બાંધ
હતું. તેમની પછવાડે પાંચ સાત માણસો તથા તેની
સાત આઠ સ્ત્રીઓ ચાલતી હતી. સુખલાલભાઈ
હીવણભાઇ આ ટોળાની સાથે સાથે ચાલવા લાગ્યા.

કે, આવો વિચિત્ર દેખાવ કોઇ દિવસ જૈન સંપ્રદાયમાં જોયેલો નથી કે-મુહપતી ત્યાગી સાધુ સાથે મુહપતી બાંધેલા સાધુ રહે. આમ ચાલતાં ચાલતાં છેવટ સાધુઓ મંદિર પાસેના સ્થાનકમાં ઉતર્યા અને શીવજીભાઈ ત્યાંથી પોતાને ઘેર ગયા. સુખલાલ શેઠ તથા હિરાલાલભાઈ સુખ નિવાસ તરફ જવા રવાના થયા.

બપોરના લગભગ બે વાગ્યાનો સમય થઈ ગયો, છતાં રતનીયો આવ્યો નહિ. એ વિચારમાં નાગસી શેઠ લીન થઇ ગયા હતા. અને કાંઈ કાંઈ વિચારો ગોઠવી રહ્યા હતા. ત્યાં તો રતનીયો આવી ગયો અને લાલજીશેઠની લખી આપેલી ચીઠ્ઠી નાગસી ભાઈના હાથમાં આપી. ચીઠ્ઠીમાં નીચે પ્રમાણે લખેલું હતું:—

આત્માર્થી બન્ધુ,

તમારી ચીઠ્ઠી પહોંચી. આપે મને યાદ કર્યો અને તેડાવ્યો તે સમાચાર જાણ્યા છે.

આપણા મંડળમાંથી સુખલાલ શેઠ છુટા પડી ગયા, તે સમાચાર સાંભળી હું ઘણો જ નાખુશ થયો છું. ખેર ! આપણા મંડળનું જેવું ભાવિ' હરિ ઇચ્છા બળવાન છે. હરિ કરશે તે થશે. આપણું કંઈ કાંઇ થવાનું નથી. અહિં મારી પાસે કાંઈ પણ જ્ઞાનના પુસ્તકો નથી. જે પુસ્તકો હતા તે મારા આશ્રમ સ્થાને છે, માટે તમે પ્રેમનગરના પ્રેમજીભાઈને ખાસ બોલાવશો અને જ્ઞાનના પુસ્તકો મંગાવજો. તથા બીજા જે જે ભાઈઓને બોલાવવાની જરૂર હોય તેઓને તુરતજ બોલાવી લેજો અને આ વાત પવનથી પણ ગુપ્ત રાખજો.

હું આવતા શનીવારે મથુરામાં આવીશ. બધુ તૈયાર કરી રાખજો. અમારા વિચારો બાબતમાં બહુ વાતો કરશો નહિ વિશેષ શું લખવું ।

લી. સ્વરૂપચિંતનના નમસ્કાર

(લાલજી

ઉપરના સમાચાર શ્રીમાન લાલજી શેઠ તરફથી મળતાં નાગરી શેઠ ખૂબ હર્ષિત થયા. તેમણે રતનીયાને બોલાવ્યો, અને દુકાનેથી ઉમેદચંદભાઈને બોલાવવા મોકલ્યો. ઉમેદચંદ આવતાં તેની સાથે મંત્રણા ચલાવી. તે પછી સઘળા આત્મજ્ઞાની મિત્રોને બોલાવવાનું અને હાજર રહેવાનું આમંત્રણ આપવા તરત જ મોટર દ્વારા તેઓ રવાના થયા.

પ્રકરણ ૧૦ મું

વ્યાખ્યાનમાં થયેલો કોલાહલ

રાત્રીના સાડા આઠનો બરાબર સમય છે. ગરમીથી કંટાળેલા મનુષ્યો હવા ખાવા બહાર નીકળી પડ્યા છે. નવ યુવાનો લાંબો Walk (પર્યટન) લઈ, ઘર તરફ પાછા ફરી રહ્યા છે. કેટલાક વૃદ્ધો આજરોજ રાત્રીના નવ વાગ્યાના સુમારે 'ભાષણ' છે એવી વાતો કરી રહ્યા છે. સુખલાલ શેઠ તથા હિરાલાલભાઈ જેઓ બહારની હવા લેવા ફરવા નીકળેલા, તેઓના કર્ણપટ ઉપર ભાષણના શબ્દોના ભણકારા આવતાં તેમણે એક વૃદ્ધને પૂછ્યું કે, આજે કોનું ભાષણ છે ? જે ઉપરથી જવાબ મળ્યો કે અહિંયા બે મુહપતી બાંધેલા અને એક મુહપતીના ત્યાગી એમ ત્રણ સાધુઓ આવેલા છે. તેઓ મંદિર પાસે આજ રાત્રીના નવ વાગ્યાના સમયે એક વ્યાખ્યાન આપવાના છે. આ વાત સાંભળી સુખલાલ શેઠે તથા હિરાલાલે વ્યાખ્યાન સાંભળવા જવાનો વિચાર કર્યો અને તે રસ્તે ચાલવા લાગ્યા. ત્યાં તો ઘણા મનુષ્યો એ તરફ જતાં તેઓએ જોયા. મંદિર પાસે આવતાં તેની નજીક એક વંડાના બારણે પીટસન લાઈટ બત્તીનો પ્રકાશ પડી રહ્યો છે. અને ત્યાં આગળ જ વ્યાખ્યાન થવાનું છે. તેવા ખબર મળતાં સુખલાલ શેઠ તથા

હિરાલાલભાઈ એ વંડામાં દાખલ થયા. અંદર માણસોની ભીડ જામી રહી હતી. શીવજીભાઈ, નાગસીભાઈ વગેરે ત્યાં જોવામાં આવ્યા, એટલે મહા મુશીબતે શીવજીભાઈની બાજુમાં બંને જણાએ જગ્યા મેળવી.

બરાબર નવના ટકોરા થતાં શ્રોતાજનો સમક્ષ એક મુહપતી બાંધેલા સાધુ આવ્યા. તેમણે પાટ ઉપર પોતાનું આસન લીધું. અને પંચ પરમેષ્ટિ મંત્રની માંગલિક પ્રાર્થના કર્યા પછી વ્યાખ્યાનની શરૂઆત કરતાં તેમણે કહ્યું કેઃ—

દેવાણુપ્રિયા ! જૈન ધર્મ શું છે, એ સંબંધમાં કેટલાક જૈનો પણ આ કાળમાં અજ્ઞાન છે. પરંતુ જૈન ધર્મ એ ઘણો પ્રાચીન ધર્મ છે. તે ધર્મમાં ચોવીસ તીર્થંકરો થઈ ગયા, એ તેની પ્રાચીનતા સિદ્ધ કરી બતાવે છે. આ ધર્મમાં છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર દેવ થઈ ગયા. જેમને નિર્વાણ પામ્યા આજે ૨૪૬૩ વર્ષો થયાં. તેમનું આ શાસન ચાલે છે.

જૈન ધર્મમાં ઘણાં સુત્રો છે. ઉત્તરાધ્યયન આદિ સુત્રો જ્ઞાનથી ભરપુર છે. પરંતુ સુત્રો વાંચતાં પહેલાં ગ્રંથો વાંચવાની ખાસ જરૂર છે. કારણ કે ગ્રંથો વાંચવાથી કેટલાક તર્ક વિતર્ક કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય અને તેવી બુદ્ધિ ઉત્પન્ન થાય, તો જ સુત્ર સિદ્ધાંતનું રહસ્ય સમજાય, માટે જ જ્ઞાની આચાર્યો કેવળ સુત્ર ઉપર જ અવલંબન નહિ રાખતા, ગ્રંથોને વાંચી, ગ્રન્થો વાંચવાની હિમાયત કરી રહ્યા છે.

આપ ગ્રન્થો વાંચવાનો જરૂર વિચાર કરજો. અને હું માનું છું ત્યાં સુધી તો મારી દલીલ આપને વ્યાજબી લાગી જ.

આપ ગ્રન્થોનું વાચન કરો ન કરો તો માટે સ્પષ્ટ સ્પષ્ટ કહું છું કે, જૈન મહર્ષિઓના પણ ગ્રન્થો પ્રસિદ્ધ થયા છે તેના

બધા ગ્રન્થો વાંચવાનું સાહસ કોઈ પણ મનુષ્ય આ જીંદગીમાં કરી શકે નહિ તેથી તેમના વાસ્તે એક જ ભલામણ કરવાની છે કે શ્રીમદ્ રાજચન્દ્રનો ગ્રંથ તેઓએ વાંચવો. તે ગ્રન્થ, તેમાંના પત્રો ખૂબ ખૂબ વાંચવા, વિચારવા; કારણ કે આ ગ્રન્થ આત્મજ્ઞાનથી ભરપુર છે, અને આ ગ્રન્થમાં જેટલું આત્મજ્ઞાન ભર્યું છે તેટલું આત્મજ્ઞાન બીજા કોઈ ગ્રન્થમાંથી મળી શકે તેમ નથી.

શ્રીમદ્‌ના ખાસ પરિચયમાં હું આવેલો કે નહિ, એ કહેવા હું નથી માગતો; પરંતુ તેઓ એક જ્ઞાની પુરૂષ હતા. અને જ્ઞાની પુરૂષ હંમેશાં પૂજાય છે; તેથી તેમની પૂજા થતી હોય, તો કાંઈ ખોટું નથી, તેમ કરવું જ જોઈએ. વળી કેટલાક મુમુક્ષુઓએ અગાસમાં રાજચંદ્ર આશ્રમ પણ બંધાવેલો છે.

આત્મજ્ઞાનના પુસ્તક તમે વાંચશો તો હું તમને ભારપૂર્વક કહી શકું છું કે મુહપતીનું બંધન કે તેનો ત્યાગ, રજોહરણ રાખવો કે ન રાખવો, અથવા મોર પીછાનો સાવરણો રાખવો કે ન રાખવો, અથવા એવી જાતનું કાંઈક પરિવર્તન કરવાથી સંપ્રદાયનો મોહ અને તેની વળગણા રહેતી જ નથી. અને જ્યારે આવું પરિવર્તન થાય ત્યારે જ સમજી શકાય કે આત્મજ્ઞાન થયું છે. અને આ આત્મજ્ઞાન થવાના મુખ્ય લક્ષણો છે. જો સાધુ અવસ્થામાં પરિવર્તનના વિચારોના જન્મ ન થાય, તો સમજવું કે તે સાધુમાં આત્મજ્ઞાનની સંપૂર્ણ ખામી છે.

દેવાણુપ્રિયા ! હું કોઈનો પક્ષ લઈને આ પ્રમાણે બોલતો નથી. એક મુનિના વેષ પરિવર્તનને અંગે મારે આટલું બોલવું પડ્યું છે એવો ખ્યાલ પણ આપ ન રાખશો. પરંતુ જે પરિવર્તન થયું છે તે યોગ્ય જ થયું છે.

શીવજી: (ચાલતા વ્યાખ્યાને ઉભા થઈને) મહારાજ

સાહેબ ! આપ આ શું બોલો છો ? પરિવર્તનમાં મુહપતીનો ત્યાગ ! મોરપીછાનો આદર ! આ બધું આપને શું યોગ્ય લાગે છે !

મહારાજ : મોરપીછાના સાવરણાની વાત એક બાજુએ મૂકો, પરંતુ મુહપતી સંબંધમાં તમે ચર્ચા કરવા માગતા હો તેવી ઝમક તમારા બોલવામાં દેખાઈ આવે છે.

શીવજી : જીહા. હું મુહપતીના વિષય ઉપર ચર્ચા કરવા માગું છું.

મહારાજ : દેવાણુપ્રિયા, કરો શરૂઆત.

શીવજી : આપ મુહપતીનું બંધન કરવું જોઈએ, એ બાબતમાં શું કહેવા માગો છો ?

મહારાજ : હું એ જ કહેવા માગું છું કે મુહપતી મુખ ઉપર બાંધવાની બિલ્કુલ જરૂર નથી.

શીવજી : જો મુહપતી મુખ ઉપર ન બાંધવી જોઈએ એમ આપ કહેતા હો તો આપે મુખ ઉપર શા વાસ્તે મુહપતી બાંધી રાખી છે ?

મહારાજ : હું તેના કારણો અત્યારે આપવા માગતો નથી, પરંતુ હું જણાવું છું કે મુહપતી મુખ ઉપર ન રાખવી જોઈએ

શીવજી : મુહપતી મુખ ઉપર બાંધવામાં આપને આટલો તિરસ્કાર છે, તો પછી તમે તેનો ત્યાગ કેમ કરતા નથી !

મહારાજ : હું ઘડીના છઠ્ઠા ભાગમાં સમય આવ્યે ત્યાગ કરી દઉં તેમ છું. મારામાં તેવું પરાક્રમ છે, સમજ્યા !

શીવજી : ત્યારે શું મુહપતી ત્યાગ કરવાનું આપને મુહૂર્ત નથી આવતું કે ?

મહારાજ : એ બાબત આપને પૂછવાની કાંઈ જરૂર નથી.

શીવજી : તો પછી આમાં ચર્ચા કરવા જેવું રહ્યું જ શું ! તમો કોન્ફરન્સને એવો જવાબ ન આપે કે તેના કારણો હું [illegible]

ાગતો નથી. જ્યારે કારણો આપવામાં ન આવે, ત્યારે એમ જ સમજાય કે તમારી પાસે કાંઈ કારણો નથી, તેમજ વ્યાજબી દલીલો નથી.

મહારાજ : જો તમે એમ જ માનતા હો કે મારી પાસે મુહપતી મુખ ઉપર ન બાંધવી જોઈએ તે વાસ્તે કાંઈ દલીલ તેમજ વ્યાજબી કારણો નથી, તો પછી હું તમને પૂછું છું કે અગાઉ સાધુઓ મુહપતી બાંધતા એનું પ્રમાણ તમે જણાવી શકો છો ?

શીવજી : આપનો પ્રશ્ન વ્યાજબી છે. આપના પ્રશ્નનો એ જ જવાબ કે આપે મુહપતી બાંધી છે, તો આપના ગુરૂ મુહપતી બાંધતા હશે અને તે મુજબ મુહપતી બાંધવાની પરંપરા સાબીત થાય છે. જો મુહપતી બાંધવાની પરંપરા ન હોત તો આપના ગુરૂ મુહપતી મુખે શા વાસ્તે બાંધત અને આપ પણ મુહપતી શા વાસ્તે બાંધત !

મહારાજ : એ પ્રમાણ હું સ્વીકારવા તૈયાર નથી.

શીવજી : જો આપ એ પ્રમાણ સ્વીકારવા તૈયાર ન હો, તો તેના કારણો આપવા જોઇએ, એટલું જ નહિ પણ આપ જણાવી શકો છો કે મુહપતી મુખ ઉપર ન બાંધવી તેના સબળ પ્રમાણો સૂત્રકારોએ આપ્યા છે.

મહારાજ : પહેલાં તમારે મારા પ્રશ્નનો જવાબ દેવો જોઈએ. તમે શું મને દબાવવા માગો છો ?

આમ જ્યાં પ્રશ્નોત્તરો થઈ રહ્યા છે, ત્યાં તો સભામાં મોટો કોલાહલ મચ્યો. માણસો ઉભા થઈ ગયા અને સઘળા ગડબડ કરવા મંડી પડયા, ખેંચા ખેંચી અને તાણા તાણી થવા લાગી. સંપ્રદાય વાદ ઉભો થયો જાણી મામલો વિશેષ ગંભિર ન બને તે સાર નાગસીભાઇ તથા હિરાલાલભાઇએ ઉભા થઈ સભાજનોને શાંતિથી સમજાવી બેસાડી દીધા અને સભા વિસર્જન કરી. સભા વિસર્જન થઈ રહ્યા બાદ સુખલાલ શેઠે મહારાજ પાસે જઈ નિવેદન કર્યું કે

ગયા તો કપુરચંદભાઈ, પાનાચંદભાઈ, પુનમચંદભાઈ, દીપચંદભાઈ, હરીચંદભાઈ, અમથાભાઇ, કસ્તુરભાઈ, ધરમચંદભાઈ, રતનચંદભાઈ સર્વે ને લઈ ઉમેદચંદભાઈ આવી પહોંચેલા જોયા. એક બીજા સપ્રેમ ભેટયા અને આત્મજ્ઞાનપૂર્વકના કુશળ વર્તમાન પૂછયા. સર્વે મિત્રોને ઉમેદચંદભાઈ દિવાનખાનામાં લઈ ગયા. લાલજીભાઈ તથા પ્રેમજીભાઈએ પણ કુશળ વર્તમાન પૂછયા અને દેશપરદેશની પરિસ્થિતિની વાત કરવા લાગી પડ્યા.

નાગસી શેઠ રસોઇની તપાસ કરવા ગયા, તો રસોઈ તૈયાર હતી. એટલે રસોડામાં પાટલા નંખાવી દીધા અને દિવાનખાનામાં આવી સર્વે મિત્રોને જમવા તેડી ગયા. સર્વે મિત્રોએ ખૂબ હોંશ-પૂર્વક ગપાટા સપાટા મારતાં મારતાં લાડુ-મિષ્ટાન્ન ઉડાવ્યાં. ભોજન લઈ મુખવાસ લીધા પછી સર્વે મિત્રો દિવાનખાનામાં આરામ લેવા આડા પડખે થયા.

મિત્રોને આમ આરામ લેતાં જોઇને લાલજીભાઈએ જણાવ્યું કે આપણે જે કામ સારૂ એકઠા થયા છીએ, તે કામ જ્યાં સુધી પાર ઉતર્યું નથી ત્યાં સુધી આપણે આરામ કેમ લઇ શકીયે ! માટે વિચાર કરવાની અને મંત્રણા કરવાની ખાસ જરૂર છે. આ ઉપરથી બધા મિત્રોએ તરત જ શું કરવું તે સંબંધી નક્કી કરવા ઠરાવ કર્યો અને અંદરો અંદર બધા બોલી ઉઠયા કે લાલજીભાઇ, આપ જણાવો તેમ કરીએ. આમ મિત્રોના કહેવા ઉપરથી લાલજીભાઈ ઉભા થયા અને બોલ્યાઃ—

આત્મજ્ઞાની મિત્રો !

આપણે અત્રે બધા ભેગા થયા છીએ તે એકજ કારણ વાસ્તે, કે આજરોજ સુખલાલ શેઠ તથા શીવજીભાઇ સાથે આપણે જ્ઞાન ચર્ચા કરવાની છે. અને આપણા પક્ષના સુખલાલ શેઠે હમણાં આપણા મતમાંથી પરિવર્તન કર્યું છે, તેને પાછા આપણા મતમાં

આવતી કાલ ઉપર આ ચર્ચા મુલતવી રાખીયે અને ધાંધલ ન થાય તથા શાંતિ જળવાય તેવી શરતો રાખી આપને અનુકુળ પડે તે જગ્યાએ ચર્ચા કરીયે. જો આપ ઇચ્છતા હો તો અમે ફરીથી શરતો રજુ કરીએ.

મહારાજ : સુખલાલભાઇ, અમારે આવતી કાલે વહેલી સવારમાં અત્રેથી વિહાર કરવાનો છે. અને અમે અહિં વધારે વખત રોકાઈ શકીયે તેમ નથી.

સુખલાલ : જેવી આપની ઇચ્છા.

આ પછી તરતજ મહારાજ સાહેબ ઉભા થયા અને પોતાને સ્થાનકે ચાલ્યા ગયા. સુખલાલ શેઠ, નાગસીભાઈ, શીવજીભાઇ તથા હીરાલાલ ભાઈ વગેરે પોત પોતાને ઘેર જવા ઉપડયા.

પ્રકરણ ૧૧ મું

આત્મજ્ઞાની મિત્રો નાગસી શેઠની મુલાકાતે

સવારના લગભગ સાડા સાતનો સમય છે. સૂર્યના [illegible] કીરણો પૃથ્વી પર સોનેરી પ્રકાશ પાડી રહ્યા છે. એ વખતે [illegible] નગરના નગરશેઠ રમણભાઇ દુકાનના ગાદી તકીયા ઉપર [illegible] પડખે આરામથી પડયા છે ત્યાં ટપાલીએ આવીને એક પોસ્ટકાર્ડ આપ્યું. સુજ્ઞ ભાઈ એ ' આ પોસ્ટકાર્ડ તે આપણા [illegible] પોપાવાળાએ લખેલુ તેમ. રમણ શેઠે પોસ્ટકાર્ડ એક વખત, બે વખત, એમ ત્રણ વખત ધારી ધારીને વાંચ્યું અને એક ઊંડો નિસાસો મુકયો. જાણે ચિંતા પડી હોય તેમ તેઓ ઉદાસ [illegible]

લેવા છે અને શિવજીભાઇને જ્ઞાનચર્ચામાં પરાજય આપી આપ
પથનો વિજય ધ્વજ ફરકાવવો છે; પરંતુ હું કેટલું અદ્ભુત
કરી ગયો છું, તેની તમને હજુ સુધી માહીતિ નથી એ
મારા અદ્ભુત કામની કદર તમે કરી શકો તે સારૂ એક પત્ર તમ
વાંચી સંભળાવું છું.—

શ્રીમાન સદ્જનનંદી વૈરાગી શાસ્ત્રરત્ન લાલજીભાઈ!

થઈ ગયેલી છે અને એવા શ્રાવકો પણ ભેટયા છે કે એક વખત જો આ ગ્રંથની વાત ઉચ્ચારીયે તો શ્રાવકો પાછા ઉપાશ્રયમાં પગ પણ મુકતા નથી. એક વખત વ્યાખ્યાનમાં "સ્ત્રી સંબંધમાં મારા વિચાર" એવા મથાળાવાળો જ્ઞાનગ્રંથમાં એક પત્ર છે તે પત્ર મેં ઘણી જ અદ્દભુતતાથી વાંચ્યો.

(શ્રીમદ્ રાજચંદ્ર પૃ. ૨૦૭)

× × × સ્ત્રી એ સંસારનું સર્વોત્તમ સુખ માત્ર આવર્ણિક દષ્ટિથી કલ્પાયું છે, પણ તે તેમ નથી જ. સ્ત્રીથી જે સંયોગ સુખ ભોગવવાનું ચિન્હ તે વિવેકથી દષ્ટિગોચર કરતાં વમન કરવાને યોગ્ય ભૂમિકાને પણ યોગ્ય રહેતું નથી. જે જે પદાર્થો પર જુગુપ્સા રહી છે, તે તે પદાર્થો તેના શરીરમાં રહ્યા છે, અને તેની તે જન્મભૂમિકા છે. વળી એ સુખ ક્ષણિક, ખેદ અને ખસના દરદ રૂપ જ છે. તે વેળાનો દેખાવ હૃદયમાં ચિત્રાઈ રહી હસાવે છે કે, શી આ ભૂલવણી! ટુંકામાં કહેવાનું કે તેમાં કાંઈ પણ સુખ નથી. અને સુખ હોય તો તેને અપરિચ્છેદ રૂપે વર્ણવી જુઓ, એટલે માત્ર મોહ દશાને લીધે માન્યતા થઈ છે એમ જ જણાશે. અહીં હું સ્ત્રીના અપવાદ આદિ ભાગનો વિવેક કરવા બેઠો નથી. પણ ત્યાં ફરી આત્મા ન ખેંચાય એ વિવેક થયો છે તેનું સહજ સૂચન કર્યું છે. સ્ત્રીમાં દોષ નથી. × × × પણ પૂર્વોપાર્જીત હજુ સુધી મને પ્રવર્તે છે, ત્યાં સુધી મારી શી દશાથી શાંતિ થાય, એ વિચારમાં મને નીચે પ્રમાણે સમાધાન થયું:—

* * * *

"સ્ત્રીના સંબંધમાં કંઈ પણ રાગદ્વેષ રાખવાની મારી અંશ માત્ર ઇચ્છા નથી, પણ પૂર્વોપાર્જનથી ઇચ્છાના પ્રવર્તનમાં અટકયો છું..."

આ ઉપરથી ખૂબ કોલાહલ થયો. કેટલીક શ્રાવિકાઓએ મને

લેવા છે અને શિવજીભાઈને જ્ઞાનચર્ચામાં પરાજય આપી આપણા પથનો વિજય ધ્વજ ફરકાવવો છે, પરંતુ હું કેટલું અદ્‌ભુત કામ કરી ગયો છું, તેના તમને હજુ સુધી માહીતિ નથી એટલે મારા અદ્‌ભુત કામની કદર તમે કરી શકો તે સારૂ એક પત્ર તમને વાંચી સંભળાવું છું —

શ્રીમાન સદ્‌જ્જન દી વેરાગી શાસ્ત્રરત્ન લાલજીભાઈ!

થઈ ગયેલી છે અને એવા શ્રાવકો પણ ભેટયા છે કે એક વખત જો આ ગ્રંથની વાત ઉચ્ચારીયે તો શ્રાવકો પાછા ઉપાશ્રયમાં પગ પણ મુકતા નથી. એક વખત વ્યાખ્યાનમાં "સ્ત્રી સંબંધમાં મારા વિચાર" એવા મથાળાવાળો જ્ઞાનગ્રંથમાં એક પત્ર છે તે પત્ર મેં ઘણી જ અદ્ભુતતાથી વાંચ્યો.

(શ્રીમદ્ રાજચંદ્ર પૃ. ૨૦૭)

× × × સ્ત્રી એ સંસારનું સર્વોત્તમ સુખ માત્ર આવર્ણિક દૃષ્ટિથી કલ્પાયું છે, પણ તે તેમ નથી જ. સ્ત્રીથી જે સંયોગ સુખ ભોગવવાનું ચિન્હ તે વિવેકથી દૃષ્ટિગોચર કરતાં વમન કરવાને યોગ્ય ભૂમિકાને પણ યોગ્ય રહેતું નથી. જે જે પદાર્થો પર જુગુપ્સા રહી છે, તે તે પદાર્થો તેના શરીરમાં રહ્યા છે, અને તેની તે જન્મભૂમિકા છે. વળી એ સુખ ક્ષણિક, ખેદ અને ખસના દરદ રૂપ જ છે. તે વેળાનો દેખાવ હૃદયમાં ચિત્રાઈ રહી હસાવે છે કે, શી આ ભૂલવણી! ટુંકામાં કહેવાનું કે તેમાં કાંઈ પણ સુખ નથી. અને સુખ હોય તો તેને અપરિચ્છેદ રૂપે વર્ણવી જુઓ, એટલે માત્ર મોહ દશાને લીધે માન્યતા થઈ છે એમ જ જણાશે. અહીં હું સ્ત્રીના અપવાદ આદિ ભાગનો વિવેક કરવા બેઠો નથી. પણ ત્યાં ફરી આત્મા ન ખેંચાય એ વિવેક થયો છે તેનું સહજ સુચન કર્યું છે. સ્ત્રીમાં દોષ નથી. × × × પણ પૂર્વોપાર્જીત હજુ સુધી મને પ્રવર્તે છે, ત્યાં સુધી મારી શી દશાથી શાંતિ થાય, એ વિચારમાં મને નીચે પ્રમાણે સમાધાન થયું:—

* * * *

"એના સંબંધમાં કંઈ પણ રાગદ્વેષ રાખવાની મારી અંશ માત્ર ઈચ્છા નથી, પણ પૂર્વોપાર્જનથી ઇચ્છાના પ્રવર્તનમાં અટક્યો છું..."

આ ઉપરથી ખૂબ કોલાહલ થયો. કેટલીક શ્રાવિકાઓએ મને

કહ્યું કે સ્ત્રીઓ તો 'રત્નકુખ ધારિણી' છે. જેઓ તીર્થંકર, બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી જેવાને જન્મ આપે છે. શું પુરુષોના શરીરમાં મળ, મૂત્ર, લોહી, હાડ, માંસ નથી કે? શા વાસ્તે એકલા સ્ત્રી વર્ગ ઉપર કટાક્ષ ફેંક્યા કરો છો, અને મને જણાવ્યું કે-મહારાજ! તમે આ કયા સૂત્રમાંથી વાંચો છો? એ ઉપરથી મેં જણાવ્યું કે બ્હેનો, હું તો શ્રીમદ્ રાજચન્દ્રના ગ્રન્થમાંથી વાંચું છું અને વાત કરું છું. ત્યારે એ બ્હેનોએ મને પૂછ્યું કે જ્યારે શ્રીમદ્ રાજચન્દ્ર આવું જાણતા હતા કે સ્ત્રીનુ શરીર, તેના અવયવો વમન કરવા યોગ્ય છે, તો શુ તેઓ સ્ત્રી ત્યાગી થયેલા કે? જે ઉપરથી મેં જણાવ્યું કે બ્હેનો! શ્રીમદ્‌ને પૂર્વ કર્મના ઉદયથી સ્ત્રીત્યાગ થયો ન હતો પણ સ્ત્રી સાથે બંધાયેલા ભોગાવલી કર્મ ભોગવી તેઓ નિર્જરા કરતા હતા. આ માટે મેં ગ્રંથમાંથી પ્રમાણ બતાવ્યું કે "સ્ત્રીનું કોઈ અંગ લેશ માત્ર સુખદાયક નથી, છતાં મારો દેહ ભોગવે છે." આ ઉપરથી તેઓએ વ્યાખ્યાનમાં જ ખૂબ કોલાહલ મચાવ્યો અને તેઓ ઉપાશ્રય છોડી ચાલ્યા ગયા. ત્યાર બાદ મારા જાણવામાં આવ્યું કે 'હું જ્યાં સુધી ઉપાશ્રયમાં રહું ત્યાં સુધી માને પાસે કોઈએ ઉપાશ્રયે ન આવવું' એવો ગામમાં ઢંઢેરો થયો. આવી રીતે મારો તિરસ્કાર થયો એટલે હું તરત જ દિવસ ૧ ગામમાંથી વિહાર કરી ગયો. દુનિઆના માણસોને આત્મજ્ઞાન થવું બહુ જ મુશ્કેલ છે! આટલું તો નહીં પરંતુ આ માણસોએ ઢંઢેરો [illegible] મને આહાર પાણી પણ ન મળે, [illegible] દીધો. જો કે મેં મુહપત્તી [illegible] [illegible]

રહેશો નહિ રાખવાનું જણાવ્યું. હિરાલાલ ઘોઘાવાળાએ તો મને પરિવર્તન કરવા ખૂબ ખૂબ સમજાવ્યો હતો, પરંતુ તમારા આત્મ જ્ઞાનમાં આ અદ્દભુત વાત યાદ આવી ગઈ તે ખૂબ પ્રશંસનીય છે.

હવે તો કોઈ આશ્રમ બંધાવાય, તો ત્યાં આગળ સ્થિર થઈ જઈએ અને આત્મજ્ઞાનનું રટણ કર્યા કરીયે. સમય-સારનું એક દિવસ વાંચન કર્યું ત્યાં તો તે રાત્રે અદ્દભુત સ્વપ્ન આવ્યું કે-હું કુંદકુંદાચાર્યનો ચેલો હતો. વગેરે વગેરે લખ્યું જાય તેમ નથી. એક રાત્રે એવું સ્વપ્ન આવ્યું કે-તમે ગુફાનિવાસી થયા છો. લીલા બ્હેન, રાધા બ્હેન, અનસુયા બ્હેન વ્યાખ્યાન સાંભળવા આવ્યાં છે અને આપ આત્મજ્ઞાનની વાતો કર્યા કરો છો, અને તમોને સારી સારી રકમો અને વસ્તુઓ ભેટ મળે છે. તેવામાં આંખ ઉઘડી ગઈ. તો હવે તમે પોતે ન જઇ શકો તો બીજા બે આત્માર્થી ભાઈઓને જાહેર ઉઘરાણું કરવા જરૂર મોકલશો. જેને જેને ફાળો ભરવો હશે તે ફાળો ભરશે. થોડા વખતમાં મોટી રકમ એકઠી થઈ જશે અને તમે પણ સારામાં સારૂં-મોટી રકમનું ઉઘરાણું કરી શકશો. તો આ પ્રશ્ન ઉપર આપે વિચાર કરવાનો છે. હાલમાં બીજી કાંઈ પણ પ્રવૃત્તિ હાથ ન ધરતાં આ કામ પહેલી તકે કરશો, અને મારૂં લિંગદેહજન્ય જ્ઞાન અનુભવથી કહે છે કે તમે આ કામમાં પુરુષાર્થ કરો, અને ફળની આશા રાખો નહિ. મારે હવે આત્મજ્ઞાની દીક્ષા લેવાની છે અને તેમ કર્યે જ છુટકો છે. બીજો ઉપાય નથી. તો હવે તે સંબંધમાં મને ખબર આપશો કે જેથી આત્મજ્ઞાની દીક્ષા સ્વીકારી વેશ પરિવર્તન કરી નાખું ! કિં બહુના !

લી. આત્માર્થી મુનિ ક્ષેત્રપાલજી.

પત્ર વાંચી લાલજીભાઈએ કહ્યું: મિત્રો, આ બાબતમાં તમારો શો અભિપ્રાય છે ? આત્માર્થી મુનિ તરફથી મળેલ પત્ર મેં તમને વાંચી સંભળાવેલ છે.

પ્રેમજી : જ્ઞાનચર્ચા તો કરવી જ જોઈએ. હું તો હરિભાં
ભરીને મોટા મોટા પુસ્તકો લાવ્યો છું.

લાલજી : આત્માર્થી મુનિ જે કાંઈ પત્રમાં લખે છે તે ખા
વિચારવા જેવું છે. ફાળો કરવાનો આ ખાસ યોગ્ય સમય છે. તે
જાણો છો કે લક્ષ્મી વિના આપણો નવો પંથ આગળ ચાલી શકે
નહિ, આપણે આશ્રમો બંધાવવાં પડશે ને વળી રસોડાં પણ ખુલ્લાં
મૂકવાં પડશે.

નાગસી : લાલજીભાઈનું કહેવું તદ્દન સત્ય છે.

કપુરચંદ : ચર્ચા કરવાનું મુલતવી રાખીયે. લક્ષ્મી મેળવવાનું
પહેલું ધ્યેય રાખીયે; લક્ષ્મી હશે તો ઘણા લક્ષ્મીનંદનો એ
સાધારણ જનતાને આપણે આપણા પંથના અનુયાયી બનાવી શકીશું.

એક પછી એક બધાનો એ જ અભિપ્રાય થયો કે જ્ઞાન-
ચર્ચાની વાત મુલતવી રાખવી અને સાંજના ચાર વાગ્યે રતનભાઈની
ધર્મશાળામાં બધા મિત્રોએ ભેગા મળી આત્મજ્ઞાન પંથ સંબંધી
વિચારોની આપલે તથા કેટલાક સુધારા વધારા કરવા માટે એમ
નક્કી. એ મુજબ ઠરાવ થતાં લાલજીભાઈ, પ્રેમજીભાઈ વગેરે
મિત્રો આરામ લેવા દિવાનખાનામાં આડા પડખે થયા. નાગશીભાઈ
રતનીયાને ધર્મશાળામાં ખુરશી, ટેબલ, પેન્સીલ, કાગળ, કલમ
વગેરે લઈ જવા, અને ઓરડો સાફસુફ કરવા જણાવ્યું. અને તે
પણ આડાપડખે થયા.

પ્રકરણ ૧૨ મું

ત્રિકોણ પરિષદ અને હિરાલાલનો વોકઆઉટ.

રતનબાઈની ધર્મશાળાનો વચલો ઓરડો રતનીયાએ આજે સાફ સુફ કર્યો છે. ઓરડાના ભોંયતળીયે એક રંગેલી ચિત્રામણવાળી શેતરંજી પાથરી દીધી છે. એક ત્રણ ખુણીયું ટેબલ ઓરડાની વચ્ચો વચ્ચ મૂકયું છે. અને આજુબાજુમાં લગભગ દોઢ ડઝન ખુરસીયો ગોઠવી દીધી છે. ટેબલ ઉપર એક રેશમી ટેબલ ક્લોથ ગોઠવ્યું છે. નાનો ઘડીયાળનો ડબો તથા પેનસીલ, કાગળ, હોલ્ડર, શાહીના ખડીયાઓ, પેપરવેટ, ટેબલ ઉપર ગોઠવી દીધા છે. ઓરડો ઘણી સુંદર રીતે રતનીયાએ શણગાર્યો છે.

બરાબર ત્રણને પચાસ મીનીટે ચાર ઘોડાગાડીઓ ધર્મશાળાના ફાટક પાસે આવી પહોંચી. લાલજીભાઈ, કપુરચંદભાઈ, પ્રેમજીભાઈ, નાગસીભાઈ, ખીમચંદભાઇ, ઉમેદચંદભાઈ વગેરેને મીટીંગના ઓરડા તરફ રતનીયો લઈ ગયો. બધા મિત્રોએ પોતપોતાની બેઠક લઈ લીધી. એટલે લાલજીભાઈ ઉભા થયા અને બોલ્યા કે જે જે ભાઇઓને જે જે વિષય ઉપર ચર્ચા કરવી હશે તે તે ચર્ચા કરવાની છુટ છે. સુધારા–વધારા તથા આપણા પંથને વિશેષ ઉત્તેજન મળે તેવા ઠરાવ કરવાની, મંડળના ધારાધોરણ બનાવવાની, જે કાંઈ ઈચ્છા હશે તો તેવા સવાલો પણ બહુમતીથી આ મંડળમાં પસાર કરવામાં આવશે.

હિરાલાલ : આ મંડળના પ્રમુખ તરીકે લાલજીભાઈ પ્રમુખસ્થાન લે, એવી હું વિનંતિ ગુજારું છું.

પ્રેમજી : હિરાલાલભાઇની દરખાસ્તને હું ટેકો આપું છું.

દરેક મિત્રોનો મત લેવાતાં પ્રમુખસ્થાન લાલજીભાઈએ સ્વીકારવાનું મંજુર થયું.

લાલજી : મિત્રો, આપે મને પ્રમુખ તરીકે આ સભામાં ચુંટયો છે. તો હું નિષ્પક્ષપાતપણે જ કામ કરીશ. આપ મિત્રોને જે જે સવાલો ચર્ચવા હોય તે તે ચર્ચવાની અને બહુમતીએ ઠરાવ કરાવવાની છૂટ છે. દરેક મિત્રોએ ઉભા થઈને પોતાનો પક્ષ રજુ કરવો તથા સભ્યતા જાળવવી.

કપુરચંદ : મિત્રો, હું આ તાજેતરમાં નીકળેલા નવા પંથમાં હમણાં જ ભળ્યો છું. પરંતુ મને કાંઈ માહીતિ નથી તેમજ કોઈ પણ રીતે ખાસ જાણવામાં આવ્યું નથી કે આપણા પંથમાં મોરપીછાનો સાવરણો શું કામ રાખવો જોઈએ, માટે આ વિષય ઉપર ખાસ ચર્ચા થવાની જરૂર છે.

લાલજી : એ મોરપીછાનો સાવરણો રાખવામાં આવે છે તે આપણા પંથનું મુખ્ય ચિન્હ છે. આપણે દિગંબર જૈન સંપ્રદાયના કહેવાઈએ.

નાગરસી : દિગંબર અર્થાત્ દિશારૂપી વસ્ત્ર જેના છે એવો તેનો અર્થ થાય છે. તે સંપ્રદાયના અનુયાયીઓ પણ દિગંબર રહેવા જોઈએ, અને આ સંપ્રદાયના મુનિઓ દિગંબર રહે છે. તે મારા જાણવામાં આવ્યું છે. આવા દિગંબર સાધુઓને રાજમાર્ગે રસ્તેથી નીકળવા અટકાવવાના મનાઈ હુકમો સરકારી ઓફીસો તરફથી કાયદેસર મળ્યા હોવાનું હું જાણું છું. આપણે પણ દિગંબર થવું પડશે, કારણ કે 'नग्गाए मोक्ख मग्गो होताए उम्मग्गा सव्वे' નગ્નને જ મોક્ષ મળે એમ તેમનું સૂત્ર છે, એવું મેં સાંભળ્યું છે એટલે દિગંબર થયા સિવાય આપણને પણ મોક્ષ નહિ મળે.

[illegible]

[illegible]

લાલજી : મિત્રો, સાંભળો. મોરપીછાનો સાવરણો કેટલાક કારણસર રાખવો જરૂરી છે. એ વાતો એવી છે કે તમે કોઈ ન સમજી શકો. ડાહ્યા માણસો ખાસ સમજી શકે છે.

નાગસી : તો પછી આપણે દિગંબર સંપ્રદાયના છીએ એમ શા માટે કહેવરાવવું જોઇએ ?

કપુરચંદ : ત્યારે આપણો સંપ્રદાય કયો ?

પ્રેમજી : શ્રીમદ્ પંથ.

નાગસી : એ નામ બરાબર બંધ બેસતું આવતું નથી. આપણે કોઈ સારૂં નામ શોધી કાઢવું જોઇએ.

લાલજી : સાંભળો મિત્રો ! કબીરના અનુયાયીઓ કબીરપંથી કહેવાય છે. નાનકના અનુયાયીઓ નાનકપંથી કહેવાય છે. શિવના અનુયાયીઓ શિવપંથી કહેવાય છે. એમ આપણે રાજચન્દ્રના અનુયાયીઓ રાજપંથી કહેવાઇએ. મિત્રો, આપને આ નામ અનુકુળ આવે છે ?

નાગસી : મિત્રો ! રાજપંથી તરીકે ઓળખાવવામાં મારો અભિપ્રાય વિરૂદ્ધ છે. મારો તો વિચાર છે કે શ્રીમદ્ એક કવિ હતા અને તેમની કવિત્વ શક્તિ ઘણી જ અદ્ભુત હતી, માટે જે મનુષ્યમાં જે કાંઈ વિશિષ્ટ ગુણ હોય તે નામથી આપણે ઓળખાઇએ, તો ઘણું જ સારૂં, મતલબ કે આપણે કવિપંથી તરીકે ઓળખાઇએ એ વધારે ઇચ્છવા જોગ છે.

કપુરચંદ : મિત્રો, હું તો આપના મંડળમાં હમણાં જ દાખલ થયો છું. પરંતુ આપના મંડળમાં નામ પાડવામાં પણ ઘણા જ વાંધા દેખાઈ રહ્યા છે. આ મંડળને નામ શું આપવું તેનો પણ તોડ થઈ શકતો નથી. તો પછી આ મંડળ આગળ ચાલશે કેવી રીતે !

હિરાલાલ : મિત્રો, નામ રાખવામાં જ ખરી ખુબી છે. નામ રાખવું એ કાંઈ જેવી તેવી વાત નથી. પ્રમુખ સાહેબ, હું આપને વિનતિ કરું છું કે, આપણા મંડળના સિદ્ધાંતો જૈન સંપ્રદાયના કોઈ પણ સંપ્રદાય સાથે મળશે નહિ, માટે બહુ વિચાર કરવા જેવું છે; અને ઘણી ડહાપણપૂર્વકની વિચારણા પછી આપણા મંડળને "આત્મજ્ઞાની મંડળ" તરીકે ઓળખાવવું, એમાં જ આપની તથા સર્વે મિત્રોની મહત્તા છે. આવું નામ રાખવાથી આપણા મંડળનો રંગ દરેક સ્થળે સર્વ વ્યાપી બની શકશે, પછી [illegible] તેની જરા મરજી.

[illegible] મિત્રો, હિરાલાલભાઈનું કહેવું પ્રમાણ યુક્ત છે. [illegible] છે. આપણા મંડળનું નામ આત્મજ્ઞાની મંડળ [illegible] માન્ય થાય છે. આપ સર્વે આ બાબતમાં [illegible] મત આપશો.

[illegible] એક બધા મિત્રોના મત લેવાતાં "આત્મજ્ઞાની [illegible] સર્વે મિત્રો એકમત થયા.

ઠરાવ.

[illegible] મત એવો ઠરાવ પસાર કરે છે કે—

[illegible] જ્ઞાની મંડળ" તરીકે ઓળખવામાં આવે.

[illegible] નો બાવરજો દા વારને ગણવે.

[illegible] જરૂરી છે.

[illegible] બંધ કરો. એ પ્રમાણે

[illegible]

[illegible]

લાલજી : સાંભળો, નાગસીભાઈનો આ પ્રશ્ન ઘણો જ અગત્યનો છે. અત્યારે જૈન દર્શન એટલે આત્મજ્ઞાની દર્શનમાં ઘણા સંપ્રદાયો છે. તેમાં મુખ્યત્વે શ્વેતાંબરી સંપ્રદાય તેમાં (૧) મૂર્તિપૂજક શ્વેતામ્બરી, (૨) અમૂર્તિપૂજક શ્વેતાંબરી અથવા સાધુમાર્ગી (૩) દિગંબર સંપ્રદાય. આપણા ધર્મગુરૂ તો એવા હોવા જોઈએ કે શ્વેતામ્બર તેમજ દિગંબર બંને સંપ્રદાયમાં ભળી શકે; એટલે તે મુજબ વર્તન કરી શકે તેવા પુન્યવાન આત્માઓ આપણા ધર્મગુરૂ તરીકે રહી શકે.

કપુરચંદ : તેમણે વેષ કેવો રાખવો !

લાલજી : મિત્રો, એવા આપણા ધર્મગુરૂએ મોરપીછાનો સાવરણો, સફેત કપડાંમાં ચોલપટો અને પછેડી, દંડો, કમંડળ એ મુજબનો વેષ રાખવો. આ યુક્તિ મેં ઘણા ડહાપણપૂર્વક શોધી કાઢી છે.

નાગસી : આવો વિચિત્ર વેષ રાખવાનું શું કારણ !

લાલજી : આપણે જે નવો પંથ કાઢીયે છીએ તેમાં તેવો વેષ રાખવાની ખાસ જરૂર છે. વેષ વિચિત્ર હોય તો જનતા સાધારણ્ રીતે પૂછ પરછ કરે અને કાંઇક નવિન જાણવા પ્રયત્ન કરે અને નવી નવી વાતો જાણવા માટે માણસો પૂછ પરછ કરવા આવે કે તરતજ તેમને આપણા આત્મજ્ઞાની મંડળના ચમત્કારો બતાવી આપણા મંડળમાં સામેલ કરી શકાય. નવ યુવાનો આપણા મંડળમાં તરતજ ભળશે. અને જો આપણે વિચિત્રતા નહિ રાખીયે તો આપણું મંડળ આગળ પ્રવૃત્તિ કરી શકશે નહિ.

નાગસી : મિત્રો, વેષ એ તો વ્યવહાર છે. અને વ્યવહાર ખોટો છે. વ્યવહાર મૂકી દેવાય તેમાં કાંઇ ખોટું નથી અને નિશ્ચય એજ સત્ય છે. શું તમોએ આત્મજ્ઞાનનો આવો ઉપદેશ નથી

સાંભળ્યો કે : મારૂં તો કહેવું છે કે આપણા ધર્મગુરૂ પણ આપણી માફક ફેંટા, કોટ, અંગરખુ, ધોતીયું વગેરે પહેરી શકે.

કપુરચંદ : નાગજીભાઈનુ કહેવું સત્ય છે.

પ્રેમજી : નાગજીભાઈનુ કહેવું સત્ય છે. અને તે વાતને મળતા થાઉં છું વ્યવહાર ખોટો છે અને નિશ્ચય એજ સત્ય છે. વેષ એ તો વ્યવહાર છે અને તેથી વેષ પરિવર્તન કરી શકાય.

[illegible] નાગજીભાઈની હકીકત સાથે મળતો આવું [illegible] વ્યવહાર ખોટો છે અને નિશ્ચય સત્ય છે. [illegible] ધોતીયું વગેરે પહેરવા સંબંધમાં ઠરાવ થાય તે [illegible] થઈ જાય.

[illegible] વાતને ખાસ ટેકો આપું છું. [illegible] નકામ જ નહિ. એક પછી એક [illegible] અને નાગજીભાઈનો ઠરાવ

કે ગૃહસ્થીના વેષમાં પણ કેવળજ્ઞાન થાય છે. શ્રીમદ્ રાજચંદ્ર પણ સંસારી–ગૃહસ્થી હતા અને તેઓ પણ ગૃહસ્થીનો વેષ રાખતા.

લાલજી : મિત્રો, આપણે પુનમચંદ ભાઇના સુધારાવાળા ઠરાવને ટેકો આપવો જ જોઇએ, કારણ કે આપણું મંડળ તદ્દન અપરિચિત જેવું છે અને આપણે ઘણું ઘણું કામ કરવાનું છે. પુનમચંદભાઈ ડાહ્યા અને વિદ્વાન છે. તેમના સુધારાના ઉંડાણમાં ગુપ્ત રહસ્ય છુપાયેલું છે. સંસારી અને સાધુમાં થોડોક ફેર રાખવો જોઈએ.

નાગસી : આત્મજ્ઞાનીઓને તેવું કાંઈ જોવાની જરૂર નથી. આપણે આત્મજ્ઞાની મંડળના સભાસદો છીએ.

હિરાલાલ : મિત્રો, નાગસીભાઈનું કહેવું મને યોગ્ય લાગે છે.

લાલજી : નાગસીભાઈની દલીલને હિરાલાલભાઈ ટેકો આપે છે, પરંતુ સાધુ અને સંસારીમાં ફેર હોવો જોઈએ; એમ ઠરાવવું વધારે વ્યાજબી છે. માટે આપ સર્વે વિચાર કરશો અને આપને જે મત આપવો હોય તે પૂર્ણ વિચાર કરીને આપશો.

સર્વ મિત્રોના એક પછી એક મત લેવાતાં બહુમતીથી આ ઠરાવ પસાર થયો.

(૩) આ મંડળ બહુમતીથી ઠરાવે છે કે આત્મજ્ઞાની મંડળના ધર્મગુરૂ શ્વેતામ્બરી સાધુના જેવો વેષ રાખવા ધારે તો રાખી શકે.

પ્રેમજી : મિત્રો, આપણા ધર્મગુરૂ ક્યાં રહે? અને તેના વાસ્તે કેમ કરવું?

લાલજી : મિત્રો ! આપણા ધર્મગુરૂને વાસ્તે આશ્રમ બંધાવવા અને ત્યાં આગળ તેઓ રહે. આ ધર્મગુરૂઓને બ્રહ્મચારી કહેવા.

કપુરચંદ : આશ્રમ બંધાવવામાં હું સંમત છું.

હિરાલાલ : હું પણ સંમત છું.

સર્વે મિત્રોના એક પછી એક મત લેવાતાં સર્વાનુમતે ઠરાવ પસાર થયો.

(૪) આ મંડળ સર્વાનુમતે ઠરાવે છે કેઃ આત્મજ્ઞાની મંડળના ધર્મગુરૂ આશ્રમમાં રહે. અને તેમને બ્રહ્મચારી તરીકે ઓળખવા અને સંબોધવા.

હિરાલાલ : મિત્રો, સ્ત્રીઓ આપણા મંડળના સિદ્ધાંતાનુસાર બ્રહ્મચારિણી થઈ શકે કે? અને તેઓ ક્યાં રહે?

પ્રેમજી : જરૂર. સ્ત્રીઓ બ્રહ્મચારિણી થઈ શકે અને આશ્રમમાં જ તેઓ રહે. પરંતુ તેઓનો નિવાસ બ્રહ્મચારીથી અલગ રાખવામાં આવે.

કપુરચંદ : મિત્રો, આપણું મંડળ તો નહિ ત્રણમાં, નહિ તેરમાં, કે નહિ છપનના મેળમાં, એના જેવા ઠરાવ પસાર કરે છે! આમ તે હોય?

લાલજી : કપુરચંદભાઈ' તમે આ મંડળ ઉપર ખોટો આક્ષેપ કરો છો. આપણું મંડળ આત્મજ્ઞાની મંડળ છે. તમારા જેવા વિદ્વાન આવા શબ્દો ઉચ્ચારે એ દિલગીર થવા જેવું છે. સ્ત્રીઓ બ્રહ્મચારિણી થઈ શકે. અને તેઓને વાસ્તે આશ્રમમાં જ જુદો નિવાસ કરી આપવાનો પ્રબંધ કરવો એમાં શું ખોટું છે!

પ્રેમજી : કપુરચંદભાઈએ તેમના બોલેલા શબ્દો પાછા ખેંચી લેવા જોઈએ.

કપુરચંદ : મિત્રો, મારા શબ્દોથી આપને કાંઈ ખોટું લાગ્યું હોય તો હું તે શબ્દો પાછા ખેંચી લઉં છું.

[illegible] : આશ્રમમાં જ બ્રહ્મચારિણીઓ રહે. [illegible] [illegible] નહિ.

[illegible]

[illegible]

બ્રહ્મચારિણીઓ રહી શકે. તેને વાસ્તે આશ્રમમાં જ બંદોબસ્ત કરાશે. અને તેઓનો નિવાસ પુરુષ બ્રહ્મચારીઓથી જુદો રાખવામાં આવશે.

પ્રેમજી : આપણા મંડળના બ્રહ્મચારીઓ તથા બ્રહ્મચારિણીઓએ લોચ કરવાની જરૂર નથી એવો મારો અભિપ્રાય છે. પરંતુ આ બાબતમાં ખાસ ઠરાવ થવાની આવશ્યકતા છે.

લાલજી : આપણા મંડળના બ્રહ્મચારી હજામત કરાવી શકશે, તથા કાતરથી વાળ કતરાવી શકશે, પરંતુ બ્રહ્મચારિણીઓ હજામત કરાવી શકશે નહિ પણ માત્ર કાતરથી વાળ કાપી નાખે, એવો પ્રબંધ થાય એ મને ઈષ્ટ લાગે છે.

હિરાલાલ : મિત્રો, આપ જે વાત કહો છો તે મને કબુલ નથી. બ્રહ્મચારી વાળ કતરાવે, હજામત કરાવે, અથવા વાળ મોટા અતિત બાવા જેવા રાખે, તેમાં કાંઈ ફરક નથી. એ તો બધી વ્યવહારની વાત છે. અને વ્યવહાર છોડવા જોગ છે, માટે આવી નકામી ચર્ચા ન કરવી જોઈએ.

પ્રેમજી : ત્યારે શું વાળ વધાર્યે જવા?

કપુરચંદ : એમ જ મિત્ર! તેથી શી હરકત છે!

ખીમચંદ : આત્મજ્ઞાનીની તો બલીહારી છે! તેઓ તો મરજીમાં આવે તેમ વર્તન કરી શકે એવો મારો અંગત અભિપ્રાય છે.

સર્વે મિત્રોના એક પછી એક મત લેવાતાં બહુમતીથી હિરાલાલભાઈનો ઠરાવ પસાર થયો.

(૬) આ મંડળ બહુમતીથી ઠરાવે છે કે બ્રહ્મચારી તથા બ્રહ્મચારિણીઓ પોતાના કેશ (વાળ) રાખવા, વધારવા કે કાઢવા સંબંધમાં જેમ યોગ્ય લાગે તેમ વર્તવા મુખ્તીયાર છે. તેમને લોચ કરાવવાની જરૂરત નથી.

પ્રેમજી : મિત્રો! બ્રહ્મચારી-બ્રહ્મચારિણીને દીક્ષા કેવી રીતે આપવી?

લાલજી : મિત્રો ! મોટા વરઘોડા કાઢી, ખોટા ખરચા કરી, પૈસાની ખુવારી કરી, દીક્ષા આપવાની જે પ્રણાલિકા શ્વેતામ્બર જૈન સંપ્રદાયમાં પ્રવર્તે છે તેવી પ્રણાલિકા આપણે રાખવાની જરૂર નથી. કારણ કે હિંદુસ્તાનમાં અત્યારે બેકારી વધી ગઈ છે. મારો અભિપ્રાય એમ થાય છે કે, પરમાત્માની સ્તુતિ કરી, આપણા મંડળના પાંચ આત્મજ્ઞાની તેમજ બ્રહ્મચારી-બ્રહ્મચારિણીઓની સમક્ષ સોગન લઈ લેવા એટલે આત્મજ્ઞાની મંડળની દીક્ષા અંગીકાર કરી ગણાશે.

હિરાલાલ : દીક્ષા લેવામાં વરઘોડા, ધામધૂમ જે થાય છે તે યોગ્ય જ છે; કારણ કે તેમ થવાથી દુનિયામાં આત્મજ્ઞાની-દીક્ષાનું જાણ થાય. વળી તેમ થવાથી બીજા કેટલાક ભાઈઓ પણ દીક્ષા લેવા લલચાય. પરંતુ આપણે જો બેકારી આદિ અસંબંધ વાતોના પ્રશ્નો ચર્ચીશું તો પછી આપણું નાવ આગળ ચાલી શકશે નહિ. આત્મજ્ઞાનીને પૈસા દેવાવાળા ક્યાં ઓછા છે કે જેથી હિંદુસ્તાનની બેકારીની વાતો આપણે કરવી !

[illegible] : મોટા વરઘોડા ને ખોટા ખરચા ન જ થવા જોઈએ. [illegible] દીક્ષા ન હોય.

[illegible] : એ બધા [illegible] આડંબરો છે. આત્મજ્ઞાનીને [illegible]

[illegible]

[illegible]

હિરાલાલ : આત્મજ્ઞાની બ્રહ્મચારીઓને બીજા કોઈ આશ્રમમાં જરૂરી કામસર જવાનું થાય તો કેવી રીતે જવું ! શું તેઓ રેલમાં મુસાફરી કરી શકે કે ?

પ્રેમજી : બ્રહ્મચારીઓ ખુશીથી રેલમાં મુસાફરી કરી શકે. ઘણા ધર્મના બ્રહ્મચારીઓ રેલમાં મુસાફરી કરે છે.

કપુરચંદ : મુસાફરી કરવામાં કાંઈ હરકત નથી. મહાવીરદેવના સમયમાં રેલ્વે ન હતી. જો રેલ્વે હોત તો જરૂર રેલમાં બેસી ઉપદેશાર્થે સ્થળે સ્થળે વિચરવાની પ્રભુએ છૂટ આપી હોત.

લાલજી : મિત્રો ! મારૂં પણ એમજ માનવું છે કે તેઓ રેલમાં મુસાફરી કરી શકે.

સર્વે મિત્રોના એક પછી એક મત લેવાતાં સર્વાનુમતે રેલમાં મુસાફરી કરવાનો ઠરાવ પસાર થયો.

(૮) આ મંડળ સર્વાનુમતે ઠરાવે છે કે આ મંડળના બ્રહ્મચારીઓ રેલ્વે ગાડીમાં મુસાફરી કરી શકશે.

કપુરચંદ : મિત્રો ! આપણા સંત બ્રહ્મચારીની આપણે ઘેર પધરામણી કરાવી શકાય કે કેમ ? અને કાંઈ દ્રવ્ય ધરી શકાય કે કેમ ?

લાલજી : આપણે જરૂર આપણા સંત બ્રહ્મચારીની આપણે ઘેર પધરામણી કરાવી શકીયે અને તેમને જે કાંઈ દ્રવ્ય ધરીયે તે બ્રહ્મચારીએ નહિ રાખતાં આશ્રમફંડમાં આપી દેવું. મિત્રો ! આ બાબતમાં આપ સર્વે પૂર્ણ વિચાર કરશો અને પછી મત આપજો.

હિરાલાલ : લાલજીભાઈનું કહેવું યથાર્થ છે.

પ્રેમજી : હું લાલજીભાઈના વિચારને મળતો જ છું.

નાગસી : હું પણ લાલજીભાઈને ટેકો આપું છું.

એક પછી એક સર્વે મિત્રોએ લાલજીભાઈના ઠરાવને ટેકો આપતાં ઠરાવ પસાર થયો.

(૯) આ મંડળ સર્વાનુમતે ઠરાવે છે કે કોઈ પણ આત્માર્થી મુમુક્ષુ, આત્મજ્ઞાની બ્રહ્મચારીની પધરામણી પોતાને ઘેર કરાવી શકે, પરંતુ આ પ્રસંગે જે કાંઈ દ્રવ્ય પધરામણી નિમિત્તે અપાય તે આશ્રમફંડમાં જમા થશે.

પ્રેમજી : મિત્રો, આપણે પૂજામાં કોની મૂર્તિ રાખવી?

કપુરચંદ : આપણે પૂજામાં મૂર્તિ રાખવાની જરૂર નથી. કારણ કે આત્મજ્ઞાનીઓને મૂર્તિ રાખવાની જરૂર હોતી જ નથી.

[illegible] મિત્રો, મૂર્તિની તો ખાસ જરૂર છે.

[illegible] : આપણા ધર્મગુરુ, સત્ય રસ્તો દેખાડનાર [illegible]

[illegible]

[illegible] તીર્થંકરદેવ ભગવાન મહાવીરની મૂર્તિ રાખવી [illegible] ભગવાનની મૂર્તિ રાખવી હોય તેની રાખવી.

[illegible] મિત્રો આપણા પરમ ઉપકારક અને પરમ [illegible] [illegible] છે. માટે તેમની જ મૂર્તિ રાખવી [illegible] આપણે કાંઈ પણ સમજતા [illegible] અને તેમની ઉપાસના [illegible] [illegible].

આ ઉઘરાણા વાસ્તે બહાર ગામ વાચાળ મુમુક્ષુઓને મોકલવા જોઇએ. આપ જાણો છો કે આટલા આટલા વખતથી અને વર્ષોથી હું કામ કરતો આવ્યો છું, પરંતુ જાહેર ફાળામાં કે ઉઘરાણામાં મેં અદ્યાપિ પર્યંત કાંઈ પણ ભરેલ નથી અને જો આત્મજ્ઞાની સભાસદોએ ફાળામાં રકમ ભરવી એવું ઠરાવશો તો પછી મારે ન છુટકે નીકળી જવું પડશે, અને પછી આ મંડળનું અસ્તિત્વ પણ રહેવા પામશે નહિ.

કપુરચંદ : મિત્ર હિરાલાલ, તમારી ધમકી અસ્થાને છે. અમારૂં મંડળ ઘણું જ જોરદાર કામ કરી રહ્યું છે. તમારા જેવા નીકળી જાય તો અમને શી ખોટ જવાની છે?

ખીમચંદ : ધમકી બતાવનાર એ આત્મજ્ઞાની કહેવાય નહિ, અને એવા ડોળઘાલુ આત્મજ્ઞાનીને આપણા મંડળમાં દાખલ ન થવા દેવા જોઇએ.

પુનમચંદ : હું હિરાલાલ ભાઇને સવિનય જણાવું છું કે તેઓ તેમના બોલેલા ધમકીના શબ્દો પાછા ખેંચી લે.

પ્રેમજી : હું હીરાલાલ ભાઇને સવિનય જણાવું છું કે જો તેઓ તેમના મનમાં કાંઈ બી મગરૂબી રાખતા હોય તો તે કાઢી નાખે. અને તેઓ પોતાના બોલેલા શબ્દો પાછા ખેંચી લે.

લાલજી : મિત્ર હિરાલાલ! આપ ધમકી બતાવો છો તે અસ્થાને છે. આવા શબ્દો વ્યાજબી કહેવાય નહિ.

નાગસી : હિરાલાલભાઇનો સ્વભાવ ઘણો કડક છે; પરંતુ તેઓ નિખાલસ હૃદયના છે. તેઓ આ મંડળ ઉભું કરનાર ઉત્સાહી કાર્યકર્તા છે. માટે આપણે તેમના શબ્દોની ઉપેક્ષા કરવી જોઇએ.

ખીમચંદ : બીલ્કુલ નહિ.

લાલજી : મિત્રો, મંડળની સભ્યતા તો હિરાલાલે ખાસ જાળવવી જ જોઇએ. હિરાલાલ તમે તમારા શબ્દો પાછા ખેંચો લ્યો.

લાલજી : આત્મજ્ઞાનમાં મસ્ત થવા માટે પ્રભુના નામ [illegible] સંગીત કરવામાં દોષ નથી.

ખીમચંદ : સત્ય છે, તદ્દન સત્ય છે.

સર્વે મિત્રોનો એક પછી એક મત લેવાતાં પૂજા વિધિનો ઠરાવ સર્વાનુમતે પસાર થયો.

(૧૧) આ મંડળ સર્વાનુમતે ઠરાવે છે કે મૂર્તિની પૂજા કરવામાં અગરબત્તી, ધૂપ, પુષ્પ, ચંદન આદિ સુગંધી પદાર્થો વાપરી શકાશે, તથા ઝાંઝ, તબલા, મંજીરા વગેરે પ્રકારનું સંગીત આત્મજ્ઞાનમાં મસ્ત થવા વગાડી શકાશે.

હિંમતલાલ : મિત્રો ! બ્રહ્મચારીના દર્શનાર્થે બહાર [illegible] ભક્ત આવે તો તેનો પ્રબંધ કેમ કરશું ?

લાલજી : મિત્રો, તે પ્રબંધને વાસ્તે રસોડું ચાલુ [illegible] આવે તો યોગ્ય ગણાય અને આ રસોડામાં ભોજન લેનાર વ્યક્તિ પોતાની શક્તિ મુજબ ધર્માદા ફંડની પેટીમાં પૈસા નાખી શકે [illegible] પ્રબંધ થાય તો જ રસોડું નભી શકે અને આ વાસ્તે ઠરાવ [illegible] ઉપરાંત દરેક આત્મજ્ઞાની મંડળના [illegible]

ખીમચંદ : મિત્રો, આપણે ઠરાવ [illegible] નથી [illegible] હું ખરો આત્મવાદી છું. [illegible] ખરો આત્મવાદી [illegible] નહિ. [illegible] મૂર્તિ [illegible]

[illegible]

હિરાલાલભાઈ ધોધાવાળા ચમકેલી વીજળી અદશ્ય થાય તેમ અદશ્ય થઈ ગયા. નાગસીભાઇને અનહદ દુઃખ થયેલું હોય તેમ તેમની મુખાકૃતિ ઉપરથી જણાતું હતું. વિશેષમાં તેમની આંખો અશ્રુભીની હતી. તે જોઈ લાલજીભાઈ તથા સઘળા મિત્રો વિચારમાં લીન થઈ ગયા.

લાલજી : કેમ નાગસીભાઈ! હિરાલાલભાઈના જવાથી આપને દુઃખ લાગ્યું કે?

નાગસી : મિત્ર, હમણા એ વાત જવા દો. આપણે આપણું કામ આગળ ચલાવીયે.

ખીમચંદ : ઉઘરાણાના ફાળા બાબતમાં જે કાંઈ ઠરાવ કરવો હોય તે કરો.

સર્વે મિત્રો એક પછી એક બોલી ઉઠયા કે લાલજીભાઈ જે ઠરાવ કરે તે અમારે કબુલ છે.

(૧૨) આ મંડળ સર્વાનુમતે ઠરાવે છે કે ભોજનાર્થે રસોડુ ચાલુ કરવામાં યથાશક્તિ ફાળો આપવા ઈચ્છતા હોય તેઓ ખુશીથી આપી શકે છે. કોઇને ફરજીયાત આગ્રહ કરવામાં નહિ આવે.

કપુરચંદ : મિત્રો, શ્વેતામ્બર જૈન સંપ્રદાયમાં સાધુઓ એક જગ્યાએ સ્થિર રહેતા નથી. પરંતુ આપણા બ્રહ્મચારી આત્મજ્ઞાનીઓ આશ્રમમાં સ્થાયી રહી શકશે કે પછી તેઓને વિહાર કરવો પડશે?

ખીમચંદ : આપણા બ્રહ્મચારીઓ આત્મજ્ઞાની હોઇને, તેઓને વિહાર કરવાની જરૂરત રહેશે નહિ. તેઓ આશ્રમમાં સ્થાયી રહી શકશે.

પુનમચંદ : આશ્રમમાં જ શાંતિ મળે અને શાંતિ હોય તો જ્ઞાન વધે. માટે બ્રહ્મચારીઓએ આશ્રમવાસી જ બનવું જોઇએ.

દિનશાસ : બીલકુલ નહિ. હું મારા શબ્દો પાછા ખેંચ[illegible] માગતો જ નથી. હું હજુ પણ કહું છું કે આ મંડળ [illegible] [illegible] જ નથી. હું આ મંડળમાં રહેવા પણ ઇચ્છતો નથી. હું હવે મારા પોત પ્રકટ કરીશ.

નેમચંદ : મિત્રો, હું આપને વિનંતિ કરું છું કે આ દિ[illegible] [illegible] મંડળમાં રાખવાથી ઘણો અનર્થ થશે. આપણે [illegible] પડશે. તેમની બોલવા ચાલવાની રીતભાત [illegible] ગયા હશો કે તેઓ આપણને—આપણ[illegible] [illegible] કરવા માગે છે. તો આપ સર્વે સંમત થતા હો [illegible] હું [illegible] વિનંતિ કરીએ કે દિનશાસને આપણ[illegible] [illegible]

ખીમચંદ : મોરપીછાનો સાવરણો રાખવો. કારણ કે તે રાખવાથી આપણું મંડળ જુદું છે તેમ દેખાઇ આવે, તેમજ આપણા મંડળના બ્રહ્મચારીઓ પણ ઓળખાઈ શકાય. આપણે શા વાસ્તે શ્વેતામ્બરી જૈન સાધુઓના રીત રિવાજ મુજબ ચાલવું જોઈએ ? આપણું મંડળ તો આત્મજ્ઞાની મંડળ છે, તેને કોઈ સંપ્રદાય સાથે લાગતું વળગતું નથી.

કપુરચંદ : મોરપીછાનો સાવરણો રાખવો જોઇએ. દિગંબર સંપ્રદાય વાળા તે રાખે છે. તેઓ રજોહરણ રાખતા નથી.

નાગસી : મિત્રો, કપુરચંદ ભાઈની વાત સત્ય છે. આપણે રજોહરણ રાખવાની જરૂર નથી. આપણે મોરપીછાની સાવરણી રાખવી.

લાલજી : રજોહરણ અને મોરપીછાની સાવરણી બંને રાખવા.

સર્વે મિત્રોનો એક પછી એક મત લેતાં લાલજીભાઇ જે ઠરાવ કરે તે કબુલ છે એમ દરેક મિત્રે જણાવ્યું, જે ઉપરથી ઠરાવ કરવામાં આવ્યો કે-

(૧૫) આ મંડળ સર્વાનુમતે ઠરાવે છે કે આત્મજ્ઞાની બ્રહ્મચારીએ મોરપીછાની સાવરણી રાખવી, ઉપરાંત રજોહરણ રાખવાની ઈચ્છા હોય તો તેનો પ્રતિબંધ નથી.

ઘડીયાળમાં ઝના ટકોરા થાય છે.

કોઈપણ સભ્ય કાંઈ પણ ચર્ચા કરતા નથી. બધા શાંત થઈ બેઠા છે. એટલે લાધજીભાઈ ઉભા થયા. તેમણે જણાવ્યું કે મિત્રો ! આપણું આ મંડળ ચલાવવામાં પૈસાની ખાસ જરૂર છે. અત્યારે આપણી પાસે કાંઈ મિલ્કત નથી કે આપણે આશ્રમો બંધાવી શકીએ કે રસોડા ખોલી શકીએ. આપણા પંથમાં આશ્રમ કે રસોડા ખોલાય નહિ ત્યાં સુધી આપણા મંડળની કારકીર્દી વધે તેમ નથી. તથી

નામન : બ્રહ્મચારીઓએ આશ્રમમાં સ્થિર થઈ રહેવું એ મને યોગ્ય લાગતું નથી.

પ્રેમજી : એવા નાહકની વિહાર કરવાની આત્મજ્ઞાનીને જરૂર નથી.

સર્વે મિત્રોના એક પછી એક મત લેવાતાં બહુમતીથી બ્રહ્મચારીઓએ આશ્રમમાં સ્થિર રહેવાનો ઠરાવ પસાર થયો.

(૧૩) આ મંડળ બહુમતીએ ઠરાવ કરે છે કે—આત્મજ્ઞાની બ્રહ્મચારીઓએ શ્વેતામ્બરી જૈન સાધુઓની માફક વિહાર કરવાની જરૂર નથી, તેઓ આશ્રમમાં સ્થિરતા રહેશે.

ખીમચંદ : શ્વેતામ્બર જૈન સંપ્રદાયમાં કેટલાક સાધુમાર્ગ સંપ્રદાયના મુનિઓ મુખ ઉપર મુહપતિ બાંધે છે અને કેટલાક તપગચ્છ સંપ્રદાયના મુનિઓ કેવળ હાથમાં જ શોભા સારૂ મુહપતી રાખે છે, અને વળી કેટલાક બોલતાં વખતે મુખ આગળ રાખવાની પ્રથા સ્વીકારે છે, તો આપણે આ બાબતમાં કેમ કરવું!

લાલજી : મિત્રો, આપણે એ મુહપતીનો આગ્રહ જ છોડી દેવો.

નાગસી : મુહપતી હોય અગર ન હોય તો આત્મજ્ઞાનીને તેમાં શું નુકશાન?

કપુરચંદ : આત્મજ્ઞાનીને મુહપતી રાખવાની જરૂર જ નથી.

સર્વે મિત્રોનો આ બાબતમાં મત લેવાતાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો કે:—

(૧૪) આ મંડળ સર્વાનુમતે ઠરાવે છે કે આત્મજ્ઞાની બ્રહ્મચારીઓએ મુહપતી રાખવી યા ન રાખવી એ બ્રહ્મચારીના રુચિની વાત છે. આત્મજ્ઞાની મંડળ તેમાં દરમિયાનગીરી કરશે નહિ.

લાલજી : મિત્રો, શ્વેતાંબરી જૈન સાધુઓ હાથમાં રજોહરણ રાખે છે. આપણા બ્રહ્મચારીઓએ રજોહરણ રાખવો કે કેમ?

કપુરચંદ: હું પણ મારો દેહ આત્મજ્ઞાની મંડળને અર્પણ કરવા તૈયાર છું. ઉધરાણાનું કામ ફતેહમંદ રીતે અમે પાર ઉતારશું.

લાલજી: મિત્રો, આજની બેઠકનું કામકાજ ખતમ થાય છે.

તાળીયોના ગડગડાટ.

મિત્રો, આજની બેઠકના કામકાજમાં આપણે શાંતિપૂર્વક ઘણા અગત્યના ઠરાવો પસાર કર્યા છે. અને આપણું આ પહેલવહેલું જ સંમેલન થયું છે. હવે જગતમાં આત્મજ્ઞાની મંડળ કેવું અદ્દભુત કામ કરશે તેની જાણ થશે. મિત્રો, આપ જેવા ડાહ્યા છો તેવાજ શાંત પ્રકૃતિવાળા છો, તેમજ બહાદુર પણ છો. વળી આપનું બુદ્ધિબળ પણ ઘણું જ તારીફ કરવા લાયક છે. આત્મજ્ઞાનીઓને કાંઈ ખાસ ધર્મ હોઈ શકેજ નહિ. આત્મજ્ઞાનીઓ ગમે તે ધર્મમાંથી સારતત્ત્વ શોધી કાઢે, એવી રીતે આપણા મંડળે પણ સાર તત્ત્વ શોધી કાઢી, આત્મજ્ઞાની મંડળના સિદ્ધાંતો ખડા કર્યા છે.

આપ જાણો છો કે બોલી બતાવવા કરતાં કરી બતાવવું તે ઘણું જ સારૂં છે, તે મુજબ આજના શુભ દિવસે આપણે આપણો ડંકો વગાડ્યો છે. આપણાથી આજે એક કામ એવું થઈ ગયું છે કે કદાચ કોઈ ભાઈનું તેથી દિલ દુઃખાયું હશે; અને તે કાર્ય એ જ કે, મો. હિરાલાલ ઘોઘાવાળાને આપણે દૂર કર્યા. તેઓ જતાં જતાં પણ કેટલાક ગેરવ્યાજબી શબ્દો બોલતા ગયા. અને ધમકી પણ આપતા ગયા. પરંતુ મિત્રો, Barking dogs never bite ભસતાં કુતરાં કરડે નહિ, એટલે હિરાલાલના કાંઈ પણ શબ્દો ઉપર આપણે વિચાર કરવાની જરૂર નથી. વળી આપણું પીઠબળ એટલું બધું વધી પડ્યું છે કે હિરાલાલથી ભુંજ્યો પાપડ ભાંગે તેમ નથી. આપણે આપણા મંડળની એક અઠવાડીયા પછી બીજી મીટીંગ ભરવાની ખાસ જરૂર છે અને તે મીટીંગ પ્રેમનગરમાં ભરવાની છે. તો   શનિવારે સર્વે આત્માર્થી

કપુરચંદ: હું પણ મારો દેહ આત્મજ્ઞાની મંડળને અર્પણ કરવા તૈયાર છું. ઉઘરાણાનું કામ ફતેહમંદ રીતે અમે પાર ઉતારશું.

લાલજી: મિત્રો, આજની બેઠકનું કામકાજ ખતમ થાય છે.

તાળીયોના ગડગડાટ.

મિત્રો, આજની બેઠકના કામકાજમાં આપણે શાંતિપૂર્વક ઘણા અગત્યના ઠરાવો પસાર કર્યા છે. અને આપણું આ પહેલવહેલું જ સંમેલન થયું છે. હવે જગતમાં આત્મજ્ઞાની મંડળ કેવું અદ્દભુત કામ કરશે તેની જાણ થશે. મિત્રો, આપ જેવા ડાહ્યા છો તેવાજ શાંત પ્રકૃતિવાળા છો, તેમજ બહાદુર પણ છો. વળી આપનું બુદ્ધિ-બળ પણ ઘણું જ તારીફ કરવા લાયક છે. આત્મજ્ઞાનીઓને કાંઈ ખાસ ધર્મ હોઈ શકેજ નહિ. આત્મજ્ઞાનીઓ ગમે તે ધર્મમાંથી સાર-તત્ત્વ શોધી કાઢે, એવી રીતે આપણા મંડળે પણ સાર તત્ત્વ શોધી કાઢી, આત્મજ્ઞાની મંડળના સિદ્ધાંતો ખડા કર્યા છે.

આપ જાણો છો કે બોલી બતાવવા કરતાં કરી બતાવવું તે ઘણું જ સારૂં છે, તે મુજબ આજના શુભ દિવસે આપણે આપણો ડંકો વગાડ્યો છે. આપણાથી આજે એક કામ એવું થઈ ગયું છે કે કદાચ કોઈ ભાઈનું તેથી દિલ દુઃખાયું હશે; અને તે કાર્ય એ જ કે, મો. હિરાલાલ પેથાવાળાને આપણે દૂર કર્યા. તેઓ જતાં જતાં પણ કેટલાક ગેરવ્યાજબી શબ્દો બોલતા ગયા. અને ધમકી પણ આપતા ગયા. પરંતુ મિત્રો, Barking dogs never bite ભસતાં કુતરાં કરડે નહિ, એટલે હિરાલાલના કાંઈ પણ શબ્દો ઉપર આપણે વિચાર કરવાની જરૂર નથી. વળી આપણું પીઠબળ એટલું બધુ વધી પડયું છે કે હિરાલાલથી શુંન્યો પાપડ ભાંગે તેમ નથી. આપણે આપણા મંડળની એક અઠવાડીયા પછી બીજી મીટીંગ ભરવાની ખાસ જરૂર છે અને તે મીટીંગ પ્રેમનગરમાં ભરવાની છે. તો આવતા શનિવારે સર્વે આત્માર્થી

બંધુઓએ ત્યાં આવવાનું છે. ત્યાં આગળ મુનિશ્રી ક્ષેત્રપાલજી આત્મજ્ઞાની દીક્ષા આપવાની છે, અને આવું કામ પહેલ વહેલુંજ થતું હોઈ, આપ સર્વે ત્યાં આગળ કોઈ પણ જાતનું બહાનું કાઢયા વગર જરૂર હાજર થજો.

આજની મીટીંગના ખબર તથા થયેલા ઠરાવોના ખબર જ્યાં જ્યાં મોકલવા જરૂરી છે, ત્યાં ત્યાં મોકલી આપીશ અને મુનિશ્રીને પણ ખબર મોકલીશ.

અંતમાં પરમ કૃપાળુ પરમાત્મા પાસે આપણા મંડળની પ્રગતિ વાસ્તે પ્રાર્થના ગુજારૂં છું.

તાળીઓના ગડગડાટ.

મીટીંગ વિસર્જન થતાં સર્વે મિત્રો નાગસીભાઇને ઘેર ગયા. સર્વત્ર આનંદની ઉર્મિઓ ઉભરાઈ રહી હતી. પ્રેમજીભાઇએ પોતાનો ખટારો તૈયાર કરાવ્યો. રામાએ તથા શીવપ્રસાદે ભેગા મળી ઈસ્કોતરો ખટારામાં ચડાવી દીધો, અને પ્રેમજી શેઠ પ્રેમનગરને માર્ગે ઉપડયા. લાલજીભાઈ સર્વે મિત્રોને નમસ્તે કરી ચંપાવાડી તરફ ઉપડી ગયા. અને કપુરચંદભાઈ, અમથાભાઈ, પાનાચંદ ભાઈ, ખીમચંદભાઈ, વગેરે પોતાને ઘેર જવા સ્ટેશન તરફ વિદાય થયા.



પ્રકરણ ૧૩ મું.

હિરાલાલનો હૃદય પલટો

હિરાલાલ ઘોઘાવાળાએ આત્મજ્ઞાની મંડળની મીટીંગમાંથી walkout (વોક આઉટ) કરી, મીટીંગ છોડી ચાલી નીકળ્યા, અને ધર્મશાળા બહાર આવ્યા. આ સમયે સુખલાલ શેઠને ઘેર જવાનું તેમને યોગ્ય લાગ્યું નહિ એટલે તેઓ સામેનીજ ધર્મશાળામાં ગયા અને ત્યાં આગળ રાત્રી કાઢવા નિશ્ચય કર્યો.

તેઓએ ધર્મશાળામાં જઈ પોતાની પથારી કરી. પરંતુ તેમનો ક્રોધાગ્નિ હજુ શાંત પડ્યો ન હતો. " આત્મજ્ઞાની મંડળના સભ્યોની હું પૂરેપૂરી ખબર લઈશ, તેમનું ધતીંગ જરૂર બહાર પાડીશ, તેઓની દરેક દિલચાલને તોડી પાડીશ; તેમના દરેક સભ્યોને કળથી યા બળથી સમજાવીને મારા પક્ષમાં લઈશ, આ બધાનો ઉત્પાદક હું જ છું, છતાં શું તેઓ મારૂં અપમાન કરે ? આ અપમાનનો બદલો વાળ્યા સિવાય મને શાંતિ થાય તેમ નથી. કયો રસ્તો લેવો ! કેમ કરવું!" વગેરે વિચારોની પરંપરામાં હીરાલાલે આખી રાત્રી પસાર કરી.

સવાર થતાં સૂર્યનારાયણે દેખાવ દીધો. તેનાં બાલ કીરણોનો સોનેરી પ્રકાશ પૃથ્વીપટ ઉપર પડી રહ્યો હતો. આ સમયે હીરાલાલ ભાઇએ વિચાર કર્યો કે બસ, અત્યારે શિવજીભાઈ પાસે જાઉં, તેઓ મને કાંઈક રસ્તો બતાવશે. એ વિચારથી તેઓ શિવજીભાઈ પાસે આવવા રવાના થયા અને શિવજીભાઇને ઘેર ગયા. ત્યાં શિવજીભાઈ ઉપાશ્રયે જવાની તૈયારી કરી રહ્યા હતા. પથરણું હાથમાં રહી ગયું હતું. હિરાલાલ ભાઇને જોતાંજ તેઓ બોલી ઉઠયા કે, અહોહો ! અત્યારમાં ક્યાંથી ! ઉપાશ્રયે આવવું છે કે !

હિરાલાલ : આપ મને ઘણોજ ઉપદેશ આપો છો, પરંતુ મારા હૃદયમાં તે ઉપદેશ કેમ અસર નહિ કરતો હોય !

શીવજી : સાંભળો. તમારા હૃદયના મલિન ભાવ જ્યાં સુધી નષ્ટ ન થાય ત્યાં સુધી સાચો ઉપદેશ તમારા હૃદયમાં વાસ કરી શકે તેમ નથી.

હિરાલાલ : મારા હૃદયના ભાવ મલિન છે, એમ આપ શા ઉપરથી કહો છો ?

શીવજી : આપ ક્યાં નથી જાણતાં! બગભગતના મંડળ સાથે જી હા જી હા કરવા આપ લાગી પડયા હતા ! આપના હૃદયની આરસીનું પ્રતિબિંબ ક્યાં છુપું રહે તેમ છે? સંત પુરૂષોને ઉંધુ અવળું સમજાવી, તેમની સાથે અજ્ઞાન શેતરંજ રમી, તેમની મુહપતી છોડાવવી અને વેષ પરિવર્તન કરાવી તેમને સ્થિરવાસ કરાવી દેવા, આથી વિશેષ કયું અજ્ઞાન?

હિરાલાલ : આપ કહો છો તે વાત સત્ય છે.

શીવજી : આપ જ્યારે સમજો છો કે હું જે કહું છું તે સત્ય છે, તો આપ સત્ય રસ્તો શા વાસ્તે અંગીકાર કરતા નથી?

હિરાલાલ : સત્ય રસ્તો જરૂર અંગીકાર કરૂં છું. મારા વિચારો હવે પલટાયા છે. અને હું સોગનપૂર્વક જણાવું છું કે, જૈન સંપ્રદાયના કોઈ પણ મુનિ મહારાજને હું અવળે રસ્તે ચડાવવા પ્રયત્ન કરીશ નહિ.

શીવજી : આપના હૃદયનું આમ એકાએક પરિવર્તન થાય છે તે દેખી મને ઘણુંજ આશ્ચર્ય થાય છે! આપને સમજાવવા ઘણા ઘણા પ્રયત્ન અગાઉ થયા હતા, પરંતુ આજે તો આપનો હઠાગ્રહ કોઈ પણ જાતની ખેંચાખેંચ અને તાણાતાણ સિવાય દૂર થયો.

હિરાલાલ : હવે હું આપને સત્ય વાત પ્રકટ કરૂં છું. ગઈ કાલે રતનબાઈની ધર્મશાળામાં આત્મજ્ઞાની મંડળની મીટીંગ હતી. ને મીટીંગમાં અમારા બધા મેમ્બરો એકત્ર થયા હતા. અને એ મીટીંગમાં વિચિત્ર ઠરાવો થતાં, તેમજ પૈસા મેળવવાની ધમાલો

જોતાં મારે કંઈક બોલવું થયું. જેને પરિણામે મારે ફરજીયાત વોક-આઉટ કરવો પડયો. હવે હું આપને ખાત્રી પૂર્વક જણાવું છું કે, હું એ આત્મજ્ઞાની મંડળના મેમ્બરોની બધી પોલ ઉઘાડી પાડીશ.

શીવજી : આત્મજ્ઞાની મંડળને આપ ખોટી રીતે વગોવવા ઈચ્છા રાખતા હો તો તે આપને માટે યોગ્ય નથી. આપ ક્રોધના માર્યા યદા તદા બોલી, ખોટી ફજેતી કરો, તેમાં મૂર્ખાઈ કહેવાય. પરંતુ સત્ય વાત નીડરપણે કહેવામાં હરકત નથી.

હિરાલાલ : હું ખાત્રીપૂર્વક જણાવું છું કે આત્મજ્ઞાની મંડળની ખોટી ફજેતી કરવા હું માગતો નથી. પરંતુ તેની ખામીઓ જાહેરમાં બોલીને દૂર કરાવીશ.

શીવજી : ઉપાશ્રયે આવવું છે કે કેમ ? સમય થઈ ગયો છે.

હિરાલાલ : ચાલો, આવું છું.

આમ કહેતાં બાજુમાં પથરણું, મુહપતી, ગુચ્છો, ઇત્યાદિ ઉપકરણ પડયાં હતાં, તે લઈ બંને મિત્રો ઉપાશ્રયે ગયા. ગુરૂ મહારાજને વિધિપૂર્વક વંદન નમસ્કાર કરી, પથરણું પાથરી, દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવથી સામાયિકની આજ્ઞા માગી બંને મિત્રો મુહપતી બાંધીને બેઠા. જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ શ્રાવક-શ્રાવિકાઓ આવતા ગયા. સુખલાલ શેઠ આવ્યા. તેઓ શિવજીભાઈની બાજુમાં બેઠા. સુખલાલ શેઠે જોયું તો હિરાલાલ ભાઈને સામાયિક વ્રતમાં દેખ્યા. તેમણે વિચાર કર્યો કે જરૂર શીવજીભાઈએ હીરાલાલને સમજાવ્યા હશે એમ વિચારી તેમણે સામાયિક વ્રત આદર્યું. થોડાજ સમયમાં શ્રાવક શ્રાવિકાઓથી ઉપાશ્રય સંપૂર્ણ ભરાઈ ગયો. અને ઘડીયાળમાં બરાબર આઠના ટકોરા થતાં, ગુરૂ મહારાજે વ્યાખ્યાન આપવાની શરૂઆત કરી.

" નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં."

ચરમ તીર્થંકર ભગવાન મહાવીર દેવે જગતવાસી જીવોના કલ્યાણ માટે અહિંસાના મહામંત્રનો સંદેશો સંભળાવ્યો અને એજ મંત્રની ઉદ્‌ઘોષણા આપણે પણ કરીયે છીએ. પરંતુ અત્યારે જૈન સમાજમાં અહિંસાના મંત્રની વ્યાખ્યા મનઃ કલ્પિત કરવામાં આવે [illegible] દયા-દયા ના શબ્દ ઉચ્ચારો માત્ર આડંબરને વારતેજ થતા હોય તેમ દેખાય છે. પરંતુ ભગવાન મહાવીર દેવ ફરમાવે છે કે:—

અંગુલમસંખ પમાણે, પુઢવિં કાયે હવંતિ જે જીવા।
તે પારે વય મિત્તા, જંબુ દીવે ન માયંતી॥

અંગુલ આમળા પ્રમાણ પૃથ્વીકાયને વિષે જેટલા જીવો છે તે દરેકનું શરીર જો પારેવા જેવડું કરીયે તો તેઓ આ જંબુ [illegible] સમાય નહી.

મહાન તીર્થંકર દેવની આ હિત શિક્ષા આજના કેટલાક મંદિર માર્ગી સાધુઓને રુચતી નથી. કેટલાક સાધુઓ મંદિરો ચણાવવામાં, તથા પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવવામાં મહાન આરંભ સમારંભનો ઉપદેશ આપી હિંસા ધર્મને પોષી રહ્યા છે. મંદિર માંહેની મૂર્તિઓ વાસ્તે પ્રભુના નામ ઉપર [illegible] તોડાય છે. વનસ્પતિકાયમાં જીવ છે, એમ જૈન આગમમાં [illegible] પોકારી રહેલ છે અર્વાચીન વિજ્ઞાન [illegible] એ મતને [illegible] ટેકો આપે છે. આમ પ્રભુના નામ ઉપર [illegible] વનસ્પતિ વિગેરે છકાય જીવની ઘોરાતિઘોર હિંસા થઈ [illegible] મહાન [illegible] કોઈ પણ તીર્થંકર [illegible] નામ ઉપર [illegible] જીવની હિંસા કરવાની આજ્ઞા આપીજ [illegible] થવાનું [illegible] આપે સાંભળ્યું છે [illegible] નમી શકે કે? પરંતુ [illegible] અનુમોદના કરનારાઓ [illegible] એ મતનો વિશ્વ [illegible]

એગં મિ ઉદગ બિંદુ મિ, જે જીવા જિણવરે હિં પન્નતા ।
તે જઈ સરિસવ મિત્તા, જંબુ દીવે ન માયંતી ॥

એક પાણીના ટીપામાં શ્રી જિનવર દેવે જેટલા જીવ કહેલા છે તે દરેકનું શરીર જો સરસવ જેવડું કરીયે તો તે આ જંબુ દ્વીપમાં સમાય નહી.

ભગવાન મહાવીર દેવની વાણી થોડા વરસો પહેલાં કેટલાક માણસોને સમજાવવી તથા સમજવી ઘણીજ કઠિન અને સંશય વાળી લાગતી હતી, પરંતુ અત્યારના વિજ્ઞાનના જમાનામાં એક પાણીના ટીપામાં સંખ્યાતા ત્રસ જીવો છે, એમ શોધખોળ થતાં જણાયું, એટલે સાધારણ મનુષ્ય પણ એક પાણીના ટીપામાં કેટલા જીવો છે, તે જાણી શકે છે. પરંતુ કેટલાક જૈનાચાર્યોના સાવદ્ય ઉપદેશથી, કેટલાક જૈનો તીર્થંકરની પાષાણુ પ્રતિમાને સ્નાન કરાવે છે અને આવી રીતે તીર્થંકરને નવરાવતાં પુન્ય ઉપાર્જન થાય તેવું સમજાવી ઘોર હિંસામય પ્રવૃત્તિ આદરી રહ્યા છે. પાણીના જીવોની હિંસા કરવાથી પુન્ય થાય એમ માનનારા અજ્ઞાનીઓ આજે બીલકુલ દીર્ઘ-દૃષ્ટિ વાપરતા નથી. તીર્થંકર દેવે દીક્ષા લીધા પછી અસ્નાન વ્રત આદરેલું, એ તીર્થંકર દેવને સ્નાન ઘટે કે?"

શાંતિલાલ : ગુરૂદેવ! જૈનશાસ્ત્ર સિવાય બીજા ધર્મના શાસ્ત્રો પાણીના ટીપામાં જીવ છે, એમ માને છે કે?

ગુરૂ મહારાજ : સાંભળો. ઉત્તર મિમાંસામાં જણાવ્યું છે કે—

લુતાસ્ય તંતુ ગલિતે, યે બિંદૌસંતિ જંતવઃ
સુક્ષ્મા ભ્રમર માનસ્તે, નૈવ માતિ ત્રિવિષ્ટયે.

કરોળીયાના મુખમાંથી નીકળેલા તંતુઓથી ગળેલા જળના બિંદુઓમાં જે જંતુઓ છે, તે એટલા બધા સૂક્ષ્મ છે કે, જો તે દરેકને ભ્રમર જેવડી કાયાવાળા કરીયે, તો ત્રણુ જગતમાં સમાય નહિ.

સાંખ્ય મતમાં પણ જણાવ્યું છે કેઃ—

પટ ત્રિશદંગુલાયામં, વિંશત્યંગુલ વિસ્તૃતં
દૃઢંગલનકં કાર્યં, ભૂયો જીવાનવિશોધયત્.

છત્રીસ આંગળ લાંબુ અને વિશ આંગળ પહોળું એવું ગરણું રાખવું અને તે વડે વારંવાર જીવોને શોધવા અર્થાત્ પાણી ગળવું.

લિંગ પુરાણમાં જણાવ્યું છે કેઃ—

ત્રિશદંગુલ માનંતુ, વિશત્યંગુલ માયતં
તદ્વસ્ત્રં દ્વિગુણી કૃત્યં, ગાલયિત્વોદકં પિબેત.
તસ્મિન્ વસ્ત્રે સ્થિતાન જંતુન્ સ્થાપયેજ્જલમધ્યતઃ
એવં કૃત્વા પિબેત્તોયં, સયાતિ પરમાં ગતિમ

ત્રીસ આંગળ લાંબુ અને વીસ આંગળ પહોળું વસ્ત્ર બેવડું કરીને તે વડે જળને ગળીને પછી પીવું. તે વસ્ત્રને લાગેલા જીવોને પાછા જળની મધ્યમાં નાખવા. એમ કરીને જે જળ પીવે છે તે સદ્દગતિ પામે છે.

પુરાણમાં પણ કહ્યું છે કેઃ—

સંવત્સરેણ યત્પાપં, કૈવર્તસ્યેહ જાયતે
એકા હેન તદાપ્નોતિ, અપૂત જલ સંગ્રહી.

મચ્છીમારને એક વર્ષમાં જેટલું પાપ લાગે છે તેટલું પાપ ગળ્યા વગરના જળને સંગ્રહી રાખનારને એક દિવસમાં લાગે છે.

દેવાણુપ્રિયા ! જૈન તેમજ જૈનેતર શાસ્ત્રો પાણીના ટીપામાં ઘણા જીવો છે તેમ પ્રમાણિકપણે ઠરાવે છે, અને દરેક ધર્મો પાણીના એ જીવને બચાવવાનો ઉપદેશ આપે છે. અર્થાત્ અહિંસાનો ઉપદેશ એજ સત્ય ઉપદેશ છે. દરેક પ્રાણીને સુખ વ્હાલું છે, અને દુઃખ અપ્રિય છે, છતાં પણ પ્રભુના નામ ઉપર જીવાત્માઓને દુઃખ આપવું અને હિંસા કરવી એ તો ઘોરાતિઘોર પાપ છે. અહિંસાના ઉપદેશ કરનારા ભગવાન મહાવીર દેવ હિંસાના કૃત્યથી કદાપિ પ્રસન્ન ન જ થાય.

'સિદ્ધ પદાર્થ વિજ્ઞાન' નામનું એક પુસ્તક, જે અલ્હાબાદ ગવર્નમેંટ પ્રેસમાં છપાયું છે તેમાં લખ્યું છે કે-પાણીના એકજ ટીપાંના ચિત્રમાં કેપ્ટન સ્કોર્સબી સાહેબે પોતે દુર્બીનથી ૩૬૪૫૦ ત્રસ (હાલતાં ચાલતાં) જીવો દીઠા.

તીર્થંકર ભગવાન દેવે પોતાના જ્ઞાનમાં જે જોયેલું તે આધુનિક યુગમાં કેટલાક વિદ્વાનોને અસત્ય લાગતું હતું, પરંતુ પશ્ચિમ દેશના વિદ્વાનોએ જ્યારે સિદ્ધ હકીકતો બહાર પાડી ત્યારે ભગવાન તીર્થંકર દેવના અગાધ જ્ઞાનની આધુનિક વિદ્વાનોને યત્કિંચિત્ ખબર પડી.

દેવાણુપ્રિયા! જિનેશ્વર ભગવાને દયા મૂળ ધર્મ કહ્યો છે. સુયગડાંગ સૂત્ર. શ્રુતસ્કંધ ૨. અધ્યાય ૧ માં ભગવંત તીર્થંકર દેવે સ્પષ્ટ ફરમાવ્યું છે કે-પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ વનસ્પતિ અને ત્રસ એ છ કાય જીવની હિંસાથી કર્મબંધ થાય છે, અને દૃષ્ટાંત આપ્યું છે કે-જેમ કોઈ મને (તીર્થંકર ભગવાનને) પત્થર મારે, કાંકરો મારે, મુષ્ટિ પ્રહાર કરે, દંડ પ્રહાર કરે, દુઃખ આપે, ઉદ્વેગ ઉપજાવે, શરીરના વાળ ખેંચે-ઉખેડે, કાયા જીવ રહિત કરે, તો જેવું દુઃખ તથા ડર મને થાય, તેવું જ સર્વ જીવને થાય છે, એમ હે જગતવાસીઓ! તમે જાણો. અને એમ જાણી સર્વ પ્રાણ-ભૂત-જીવ-સત્વને મારો નહિ, કિલામના ઉપજાવો નહિ, દુઃખ આપો નહિ. જે જે તીર્થંકરો ભૂતકાળમાં થઈ ગયા, વિદ્યમાન વર્તતા હોય અને ભવિષ્યે થાય તેઓ આ ઉપદેશ આપે છે. આવો દયામય ધર્મ નિશ્ચય છે-નિત્ય છે-શાશ્વત છે-સનાતન છે.

વળી સારાં સારાં સૂત્રો પાસે હોય, સમજવાને જ્ઞાન હોય; પોતાનામાં શક્તિ હોય, છતાં પણ અજ્ઞાનને સેવનાર સમુહ, જ્ઞાનવંત એવા સાધુ મહારાજોના ચારિત્રને પણ કલંક બેસાડે છે, અને આવી આવી વાતો આપણે ખૂબ સાંભળીયે છીએ. પરંતુ એક પણ સમયનો પ્રમાદ નહિ કરવાનો પ્રભુ મહાવીરે શ્રી ગૌતમને

ઉપદેશ આપ્યો છે. કેટલાક અજ્ઞાની સાધુઓ આત્મજ્ઞાનનું નાકું ઝાલી ક્રિયાને નિષેધે છે. 'ક્રિયા એ તો વ્યવહાર છે, અને વ્યવહાર છાંડવા યોગ્ય છે, એમ જણાવી અજ્ઞાની જીવોને પોતાની જાળમાં ફસાવે છે. પરંતુ "ક્રિયાહીનં ગુરૂસ્ત્યજેત્" ક્રિયા વગરના ગુરૂને અગર તો જે મંડળના સભાસદો ક્રિયાને ઉડાડવા માગતા હોય તે મંડળના સભાસદોને તાત્કાલિક છોડી દેવા એજ સૂત્રનો ન્યાય છે.

જઈ જિણમયં પવજ્જહ, તામા વવહાર નિચ્છએ મુયહ
વવહાર ન ઓચ્છએ, તિથ્થુચ્છેઓ જઓ હોઇ.

જો તમે જિનેશ્વર ભગવાનના મતને અંગીકાર કરતા હો તો વ્યવહાર અને નિશ્ચય એ બંનેને ન છોડો. કારણ કે વ્યવહાર નયનો ઉચ્છેદ થવાથી, તીર્થોનો ઉચ્છેદ થાય છે. શાસ્ત્રકાર નિશ્ચય અંગીકાર નહિ કરવાથી, શાસનનો નાશ થશે એમ કહેતા નથી. વ્યવહારથી જે સિદ્ધિ ગતિ પ્રાપ્ત થવાનાં કારણો હોય તે અતિ આદર પૂર્વક પ્રાપ્ત કરવા, તેમ કરવામાં જરા પણ પ્રમાદ કરવો ઇષ્ટ નથી, પરંતુ આથી કરીને એવો નિર્ણય નથી આવતો કે વ્યવહારિક કાર્યોનો અગર તેના સેવનારાઓનો અનાદર કરવો કે તેઓના ઉપર અરુચિ કરવી કે વ્યવહારથી તેઓને છોડાવી દેવા.

સમઇ પવિત્તિ સવ્વા, આણાવજ્જત્તિ ભવફલા ચેવ
નિશ્ચયરૂદે સંબુવિ; ન તત્તઓ સાત દુવેસા

તીર્થંકરે બતાવેલી છે જ નહિ અને તેથી સંસાર પરિભ્રમણ રૂપી ફળને તે આપે તેમાં કાંઈ નવાઈ જેવું નથી.

મુગ્ધશ્ચ લોકોઽપિ હિ યત્રમાર્ગે ।
નિવેશિત સ્તત્ર રતિંકરોતિ ॥
ધૂર્તસ્ય વાક્યૈઃ પરિમોહિતાનાં ।
કેષાં નિશ્ચિતં ભ્રમતીહલોકે ॥

દેવાણુપ્રિયા ! આ જગતમાં લોકો પ્રાયે મુગ્ધ હોય છે, તેથી તેને જે માર્ગે ચલાવીએ, તે માર્ગે ચાલે છે. તેમાં જ સર્વસ્વ માને છે. ધૂર્ત લોકોના વાકયથી મોહ પામીને કોનું ચિત્ત ભ્રમિત થતું નથી ! બલ્કે આવા ધૂર્તોના વાકયોમાં લોકો જલદીથી ફસાઈ જાય છે.

जरा जाव न पीडेइ वाही जाव न वढ्ढइ ।
जाविंदिया न हायंति, तावधम्मं समायरे ॥

જ્યાં સુધી આ શરીર સ્વસ્થ-નિરોગી છે, વૃદ્ધાવસ્થા આવી નથી. ઇંદ્રિયોની શક્તિ હણાઈ નથી અને આયુષ્યનો ક્ષય થયો નથી. ત્યાં સુધીમાં તીર્થંકર ભગવાનનો ઉપદેશેલો ધર્મ આચરવામાં જરા પણ વિલંબ ન કરો, કારણ કે જ્યારે આગ લાગે ત્યારે કુવો ખોદાવવાનો ઉદ્યમ નિરર્થક છે. તેવી જ રીતે જ્યાં સુધી કાળરૂપી સિંહે હલ્લો નથી કર્યો તે દરમિયાન સાવધાન થઈ ધર્મનું શરણું લ્યો.

ઘડીયાળમાં નવના ટકોરા થાય છે.

"આવો કેવળી પરૂપ્યો ઉત્તમ ધર્મ પામી શુદ્ધ શ્રદ્ધા રાખી, ધર્મ આરાધતાં આ લોક પરલોકમાં અનંતા સુખને પમાય છે."

વ્યાખ્યાન પુરૂં થાય છે, એટલે શ્રોતાજનો ઉભા થતાં ગુરૂ મહારાજ સહુના ભાવો પ્રમાણે પચ્ચખાણ આપે છે. અને શ્રાવક શ્રાવિકાઓ સામાયક વ્રત પાળે છે. એ વખતે હીરાલાલ ભાઈએ જીવણભાઈને જણાવ્યું કે મારે આજે બપોરના ત્રણ વાગે લાલ-

વાડીમાં આત્મજ્ઞાન એ વિષય ઉપર ભાષણ આપવું છે, માટે આ હકીકત તમે જાહેર કરો. એટલે શીવજીભાઈ ઉભા થયા અને જણાવ્યું કે :—

સહધર્મી ભાઈઓ અને બ્હેનો !

આજરોજ બપોરના ૩ ને સમયે લાલવાડીમાં 'આત્મજ્ઞાન' એ વિષય ઉપર શ્રી. હિરાલાલ ઘોઘાવાળા ભાષણ આપશે. તો સર્વેને પધારવા વિનંતિ છે.

સામાયક વ્રત પારી શ્રાવક–શ્રાવિકાઓ પોતપોતાને ઘેર જાય છે. સુખલાલ શેઠ, હિરાલાલ, શિવજીભાઈ પણ સાથે સાથે ચાલ્યા જાય છે, ત્યાં રસ્તામાં નાગસીભાઈ મળ્યા, એટલે એક બીજાએ સપ્રેમ નમસ્કાર કર્યા.

નાગસી : કેમ હિરાભાઈ ? કયાં જઈ આવ્યા !

હિરાલાલ : ઉપાશ્રયે ગયો હતો. ગુરૂદેવનું વ્યાખ્યાન સાંભળ્યું.

નાગસી : કાંઈ નવિન સાંભળ્યું કે ?

હિરાલાલ : આપને કયાં અસર થાય તેમ છે ! આપ નથી જાણતા ? ગઈ કાલે મીટીંગમાં મારૂં અપમાન થયું, છતાં તમે હિંમતપૂર્વક કાંઈ બોલી શકયા નહિ ?

નાગસી : મને ઘણું જ લાગી આવ્યું હતું. મારી આંખો એ વખતે અશ્રુ સારી રહી હતી. હું પણ તમારી જેમ Walkout કરવા (ચાલ્યો જવા) તૈયાર થયો હતો. પરંતુ તેમનું આગળનું કામકાજ, થતાં ઠરાવો વગેરે સાંભળ્યા બાદ મારે એ આત્મજ્ઞાની મંડળમાંથી નીકળી જવું એવો વિચાર રાખ્યો હતો.

હિરાલાલ : હવે આપે શું વિચાર રાખ્યો છે ?

નાગસી : આપનો જેવો વિચાર. આપના દરેક કાર્યમાં મારી સહાનુભૂતિ છે. મારા અને તમારામાં આપ જરા પણ ભેદ ભાવ ન રાખશો.

હિરાલાલ : તમોએ મંડળમાંથી છુટા થવાની ખબર આપી!

નાગસી : ના, મિત્ર ! આજરોજ હું તેમને ખબર આપીશ. ઉપર મુજબ વાતચીત થયા બાદ સર્વે સુખલાલ શેઠના ઘેર ગયા. ગઈ કાલની મીટીંગની હકીકત અને તેમાં થયેલા કામકાજની હકીકતથી નાગસીભાઈએ સુખલાલ શેઠને વાકેફ કર્યો. વિદ્યાર્થીના થયેલ અપમાનથી સુખલાલ શેઠનું મન પણ દુઃખાયું. અને ત્યાં આગળ એક કાગળ લઈ નાગસી શેઠે આત્મજ્ઞાની મંડળમાંથી નીકળી જવાનું નીચે પ્રમાણે રાજીનામું લખ્યું:—

આત્મજ્ઞાની મંડળના પ્રમુખ સાહેબ,

જત, આપને વિનંતિ સાથ જણાવવાનું કે આત્મજ્ઞાની મંડળમાં થયેલા કેટલાક ઠરાવો મને બીલકુલ માન્ય નથી, અને તે સામે મારો સખ્ત વિરોધ છે. તેમજ સ્વમાન ભંગ થાય તેના કરતાં આ મંડળમાંથી જલ્દી છુટકારો મેળવવો એ યોગ્ય દેખાતાં આ રાજીનામું મોકલ્યું છે. તો આપના મંડળમાંથી હું છુટો થાઉં છું. તેની નોંધ લેશો.

લી. વિતરાગી,
નાગસીના નમસ્તે.

ઉપર મુજબની ચીઠી લખી કવરમાં પેક કરી, શેઠના નોકર જીવણાને બોલાવી, શ્રીમાન શેઠ લાલજીભાઈનું સીરનામું લખી આપી ચોપાવાડીમાં પહોંચાડવા નોકરને મોકલ્યો. એટલામાં નીચેથી દૂધ આવ્યું તે સર્વે મિત્રોએ લીધું, ત્યાર બાદ મુખવાસ લીધા પછી સર્વે મિત્રો પોતપોતાના ઘેર જવા જુદા પડયા.

પ્રકરણ ૧૪ મું
લાલવાડીમાં હિરાલાલનું ભાષણ.

ગ્રીષ્મ ઋતુનો સમય છે. સૂર્યના પ્રચંડ કીરણો તપી રહ્યા છે. હિરાલાલ ઘોઘાવાળાનું આજે ભાષણ છે. એટલે શહેરમાં વિવિધ વાતો ચર્ચાઈ રહી છે. આત્મજ્ઞાની મંડળના શહેરમાં રહેતા કેટલાક સભાસદો આમ તેમ દોડા દોડી કરી રહ્યા છે. ઉજળા દૂધ જેવા સ્વચ્છ વસ્ત્રો પહેરી ઠાઠમાઠ અને ભપકાથી નવયુવાનો લાલવાડી તરફ જઈ રહ્યા છે. વૃદ્ધો પણ ધીરે ધીરે જતાં જોવામાં આવે છે. રંગબેરંગી સાડીઓમાં સજ્જ થયેલી સ્ત્રીઓ પણ ભાષણ સાંભળવા લાલવાડી તરફ જઈ રહી છે. યુવક મંડળના સ્વયંસેવકો પણ સાયકલ ઉપર આંટા ફેરા મારી રહ્યા છે.

બરાબર ત્રણનો સમય થતાં લાલવાડી શ્રોતાજનોથી ચીકાર ભરાઈ ગઈ નગરશેઠ સુખલાલભાઈ, શીવજીભાઈ, હિરાભાઈ, નાગસીભાઈ વગેરે તે સ્થળે આવી પહોંચ્યા. સર્વત્ર શાંતિ પ્રસરી રહી. હીરાલાલ શેઠ ભાષણ કરવા ઉભા થયા.

આત્માર્થી બંધુઓ અને બ્હેનો !

હું તો એક પરદેશી માણસ છું. પરદેશી એટલા પુરતો કે આપ મને ઓળખતા નથી તેથી. વળી આપ મને ન ઓળખતા હો તે સ્વાભાવિક છે. મેં આત્મજ્ઞાન મેળવવા ઘણા ગ્રંથો વાંચ્યા છે. આ મારા હાથમાં જે પુસ્તક છે તે 'શ્રીમદ્ રાજચન્દ્ર'નું પુસ્તક પણ વાંચ્યુ છે. પરંતુ પુસ્તક વાંચીને આત્મજ્ઞાન થયું માનનારા ઘણાએ બહિરાત્માને આપણે જોઈએ છીએ.

આત્મજ્ઞાન એટલે આત્માનું જ્ઞાન. દેહ અને આત્મા જુદા છે; એમ માનવામાં આવે. અર્થાત્ જડ ચેતનની વહેંચણી

કરતાં આવડે અને તે જાણવાનું જે જ્ઞાન થાય તેને જ આત્મજ્ઞાન કહેવાય. આ આત્મજ્ઞાન તે શુષ્ક આત્મજ્ઞાન છે. કારણ કે દેહ અને આત્મા જુદો છે. એમ તો એક નાનામાં નાનો અજ્ઞાન મનુષ્ય પણ માને છે. એક સાધારણ ભણેલો ગણેલો પણ આપણને જણાવે છે કે દેહ અને આત્મા ભિન્ન છે.

પાષાણેષુ યથા હેમ, દુગ્ધે મધ્યે યથા ઘૃતં;
તિલ મધ્યે યથા તૈલ, દેહ મધ્યે યથા શિવં,
કાષ્ટ મધ્યે યથા વન્હિ, શક્તિ રૂપેણ તિષ્ટતિ;
અયમાત્મા શરીરેષુ, જો જાનાતિ સઃ પન્ડિતઃ ॥

જેમ કાષ્ટમાં અગ્નિ, તલમાં તેલ, એવી જ રીતે દેહમાં આત્મા છે. બોલો, અમારામાં પણ આત્મજ્ઞાન છે ને? આ આત્મજ્ઞાન તે ફક્ત બોલવા પુરતું અને તેવા ફક્ત ડોળઘાલુ આત્મજ્ઞાનીઓનો આ જમાનામાં રાફડો ફાટયો છે. આજે એવા કેટલાક દંભી મનુષ્યો આત્મજ્ઞાની શબ્દ કંઠસ્થ રાખે છે, અને સમય આવ્યે આત્મા એટલે ઈષ્ટદેવ, પરમજ્યોતિ, પરમેશ્વર, શિવ, નિરંજન, નિષ્કલંક, અક્ષય, અવ્યય, શુદ્ધ, બુદ્ધ, અવિનાશી, અનુપમ, અચ્છેદ્ય, અભેદ્ય, પરમ પુરૂષ, નિરાબાધ, સિદ્ધ, સત્યાત્મા, ચિદાનંદ, સર્વજ્ઞ, અર્હત્, જિન, આપ્ત, ભગવાન, ઈત્યાદિ ઈત્યાદિ શબ્દો બોલી કેટલાય ભોળા આત્માઓને ફસાવે છે. અને આવી રીતે પોતાની વાક્ય ચાતુરીમાં આંજી નાખી પોતાના ઉપર વિશ્વાસ બેસે એવી અજ્ઞાનીઓના હૃદયમાં છાપ પાડે છે. અને પછી પોતાની ઈચ્છા મુજબ શક્તિ વાપરી આવા અજ્ઞાનીઓને નચાવે છે. અને પોતાના પંથમાં ભેળવે છે. એટલે દષ્ટિ રાગી અજ્ઞાનીઓ હાય તમાક, હાય તમાક સામે ફરે છે.

આત્મજ્ઞાની થવું એટલે જડથી છૂટવું અને ચેતનના સંગમાં રહેવું. ત્યાગ વગર આત્મજ્ઞાન ન ઉદ્ભવે. આત્મજ્ઞાની થવું એટલે

ચેતનના ઉપાસક બનવું. આજે કેટલાક આત્મજ્ઞાનીઓ ચેતનના ઉપાસક નહિ બનતાં જડ પૂજન કરી, જડના ઉપાસક બને છે. સાંભળો:—

છપ્પઇ.

પરવત સે પાષાણ, સિલાવટ ખોદ કે લાયા,
રચી ગાય અરૂ સિંહ, ઠાકુર તીજા નિરમાયા,
ગાય જો દેવે દુધ ઓ, સિંહ ઉઠ કર સંહારે;
હોવે જો યહ સત્ય તો, ઠાકુર નિશ્ચય નિસ્તારે;
કારણ દોનુ સારખે; પીર કારણ તું જોય;
રામચરણ યુગ અસત હૈ, પીર એક સત્ય કીમ હોય.

એક શીલ્પી—કારીગર પર્વતમાંથી પત્થર ખોદી લાવ્યો અને તેની ગાય સિંહ તથા દેવ એમ ત્રણ મૂર્તિઓ કરી. ગાય જો દુધ દે, અને સિંહ ઉઠીને ગાયને મારે, અને તે વાત સત્ય બને તોજ એ પત્થરના પ્રભુજી તારે. આત્મજ્ઞાનની બલીહારી છે! એ પત્થરની ગાય સામે બેસી ગમે તેટલી ભાવના ભાવ્યા કરો તો દુધ દે નહિ, એ પત્થરના [illegible] સામે બેસી ગમે તેવી ભાવના કરો, તો પણ [illegible] પત્થરના દેવ પાસે ગમે તેવી

અખા ભગત કહે છે કે, ધાતુ કે પત્થર પૂજતાં કોણ કલ્યાણ કરવાનું છે ? પત્થર પૂજનારાઓનો જન્મ અફળ છે. આમ કડક ભાષામાં પણ ઉપદેશ દેવાનો એક જ હેતુ છે કે ચૈતન્યના ઉપાસક બનો અને જડ વૃત્તિનો ત્યાગ કરો.

ગોરખનાથનું ભજન પણ આત્મજ્ઞાનથી ભરપુર છે.

"મનસા માલણજીરે ગોરખ જાગતા નર સેવીયે,
જાગતા નર સેવીયે, તુને મળે નિરંજન દેવ.
પત્થર પૂજે હરી મીલે તો, મેં પૂજું ગીરીરાય,
ઓ પહાડ કી ચકી બનત હે, પીસ પીસ જગ ખાય. મ૦

ભાઇઓ, સાંભળો. આ ભજન કહે છે કે જો પત્થર પૂજે ભગવાનનું સ્વરૂપ પ્રાપ્ત થતું હોય તો તો હું મોટો પહાડ પૂજું. અર્થાત્ આ પત્થર પૂજવાના ઢોંગ બધા અજ્ઞાનના છે.

"માલણ ફુલડ, એનો કળીએ કળીએ જીવ,
એહી ફુલ દેવનકું ચડતે, દેવજ પોતે શીવ-મનસા૦

આ ફુલની કળીમાં જીવ છે. અને કલ્યાણકારી મંગળકારી જે દેવ તેને આ જીવહિંસા કરી ફુલડાં ચડાવાય કે ?

"માલણ લાવી ફુલડાં તે ધર્યા દેવની વાસ.
ઓ દેવ મેં સાચ હોય તો, કેમ ન આવે પાસ-મનસા૦

આ ફુલડાં દેવને ધર્યાં, જો એ પત્થરના દેવમાં સાચ હોય તો ફુલ એની મેળેજ કેમ ન આવે. એટલે પત્થરના પ્રભુજી કરવા, ફુલ ચડાવી જીવ હિંસા કરવી, એ બધું પાખંડ છે. એમ બતાવે છે.

ટંકણ દઇ પત્થર ઘડયો, ધર્યો છાતી પર પાય,
એ દેવમાં જો સાચ હોય તો, ઘડનારાને ખાય

કારીગર લોકોએ પત્થર ઉપર પગ રાખી ટાંકણા મારી મારીને પ્રભુ બનાવ્યા. હવે જો આ પ્રભુમાં સાચ હોય તો તેની છાતીપર પગ મુકનારને કેમ ન ખાય?

પથરના દેવને દીજે જળમાં ડાલ,
આપ બુડે તો કોને તારે, કોણ કરે સંભાળ—મનસા૦
પૂજારીના ઓશીયાળા, ઠાકર ઠામે ઠામ,
બદીવાન મંદિરના ઠાકર, કેવાના ભગવાન—મનસા૦
મેવ સુવાળી ને રાંધી ને ધરી દેવની પાસ,
જમનારો તો જમી રહ્યો ને દેવને ન આવી વાસ—મનસા૦
એક ભડ્યો દુજો ભડ્યો, ભૂડ્યો સબ સંસાર,
એક ન મડ્યો જોગી ગોરખો, કરી ભજન આધાર—મનસા૦

[illegible] ભાષામાં પણ ઉપદેશ કરીને જગતના અજ્ઞાનીઓને ચૈતન્ય ઉપાસક બનાવવાના આ પ્રયાસો છે.

છપ્પય.

મનહર છંદ

લકડા કી અસી લેઈ, શૂરો સેના માંહી જાય.
કહો એ તો શૂરો, સેના કેટલી સંહારશે!
ચિતારે ચીતરી સરસ પુતલીઓ સદનમાં,
કહો એતે સુંદરી અથ કશો સારશે!
કંદોઈની કારીગીરી, ખાંડની બનાવી ગાડી,
કહો એતે બેજ પંથ, કેટલો વિહારશે!
તેમ કરી પાષાણુની, પ્રતિમાને પૂજે જન,
અમરચંદ કહે એ કેમ કરી તારશે!

આમ જડ પ્રતિમા પૂજનનો દરેક આત્મજ્ઞાની ધર્મ નિષેધ કરી રહેલ છે. છતાં પણ જડ પૂજનની હિમાયત કરનાર વ્યક્તિને સુવર્ણ પાત્ર કહેવામાં આવે તે પણ અજ્ઞાનતા નહિ તો બીજું શું? શ્રીમદ્ રાજચન્દ્રના પુસ્તકને આત્મજ્ઞાનના પુસ્તક તરીકે માને અને તેમાંથી બોધ મળે કે:-જડ પૂજનના હિમાયતી બનો, અમારા પંથમાં આવો, અહિંજ મોક્ષ છે, કેવળજ્ઞાન આ કાળમાં ન મળે તેવી વાતો કરનારા પુરૂષાર્થહીન છે! તીર્થંકર દેવના જ્ઞાનને ખોટું કહેનાર, વિદ્વાન આચાર્યોને જુઠા કહેનાર વ્યકિતને સુવર્ણ પાત્ર કહી શકાય કે? સુધારા માર્ગે નવો પંથ કાઢનારા બીજાના આત્માનું અહિત કરનારા સુવર્ણપાત્ર થવાને લાયક જ નથી. જૈન દર્શન જડ પૂજનને અંગે શું કહે છે, તે સાંભળવા તમે ઈન્તેજાર હો એમ હું કલ્પના કરૂં છું. જરૂર હું તમને સંભળાવીશ. જૈન આચાર્યના બનાવેલા માગધી-પ્રાકૃત ઉપરથી રચેલા આ દોહરા છે.

દેવ નથી દેવાલયે, નથી તીર્થમાં દેવ,
શ્રુત કેવ[illegible]મ ભાખતાં, સત્ય વચન છે જેહ.

દેવાલય તે દેહ છે, આતમરાજ તે દેવ,
જૈન દર્શન પોકારતું, દેહ દેવળમાં દેવ.
દેહ રૂપી મંદિર વિષે, ચૈતન્ય મૂર્તિ જિન,
પત્થર મંદિરો વિષે, જડ મૂર્તિ નહિ જિન.
મૂર્તિ ચિત્ર જે દેવના, મંદિરમાં દેખાય,
તેને દેવ જે માનતા, અજ્ઞાની કહેવાય,
સાચા દેવ બીરાજતાં, દેહ મંદિરની માંહી,
તેને દેવ જે માનતા, બુદ્ધ પુરૂષ કહેવાય.
પ્રતિમા પત્થર કાષ્ટની, સ્થાપન મંદિર થાય,
મુઢ પુરૂષ એમ બોલતા, તે જિન દેવ ગણાય.
મોટા પહાડ ને મંદિરે, નથી જિનના દેવ,
તન મંદિર માંહે વસ્યા, નિશ્ચય જિનના દેવ.
દેવ રહ્યો નીજ પાસમાં, જાણે હોય જો જ્ઞાન,
જડ પાસે જઈ માગતો, કહો કેવું અજ્ઞાન!
આતમ રાજા જાણીયે, ત્રિલોકનો છે નાથ,
જડની પાસે માગતો, મહા ખેદની વાત.
નૃપતિ હોય જે રાજ્યનો, રિદ્ધિ સંપન્ન પાસ,
ભિક્ષા તે નહિ માગતો, થઈ નિર્જીવનો વાસ.
સમ્યક્ દર્શન જ્ઞાનને, ચારિત્ર ત્રીજું જાણ,
રત્નત્રય આરાધનાં, મોક્ષ માર્ગ કલ્યાણ.
રત્નત્રય આરાધકો, ઉત્તમ તીર્થ તું જાણ,
અવર તીર્થ ન શાસ્ત્રમાં, શાસ્ત્ર વચન તું માન
સાધુ ને વળી સાધ્વી, શ્રાવક શ્રાવિકા જાણ,
રત્નત્રય આરાધકો, ચાર તીર્થ પ્રમાણ.

પર્વત પંચમ તીર્થનો, જો ઉપદેશ કરાય,
જૈન દર્શન ઉત્થાપીયું, નિશ્ચયથી કહેવાય.
પંચમ તીર્થ છે પર્વતો, ને મોટા મંદિર,
સૂત્ર વિશે નહિ ભાખતાં, તીર્થંકર મહાવીર.
તીર્થ તેજ ગણાય જે, માર્ગ બતાવે મોક્ષ,
જડને તીરથ માનતા, કહો ને કેવો દોષ.
નાવિક ઉત્તમ આત્મા ઉત્તમ વહાણુ છે દેહ,
મહાસાગર સંસારનો, પાર પામતો તેહ.
ભ્રષ્ટ સાધુ થઈ જાય તે, દેવ મૂર્તિ ઉપદેશ,
સુરા ખંધુઓ જાણજો, ઝેર તણો ઉપદેશ.
શ્રદ્ધા રાખો વીરના, અમૃત વાકયો જેહ,
ગુણ પૂજા પ્રભુની કરો, ભવ દુઃખ કાપે તેહ.

ભાઇઓ, આત્મજ્ઞાન કોઈ ધર્મશાળામાં મંદિરમાં કે મસીદમાં, ઉપાશ્રયમાં કે દેરાસરમાં, પહાડ કે પર્વતમાં, નદીમાં કે સમુદ્રમાં, ખાબોચીયામાં કે મોટા સરોવરમાં ભરાઇ નથી બેઠું, તે તો તમારી પાસે જ છે. તમારા દેહ મંદિરમાં બીરાજેલા દેવને ઓળખો.

શ્રીમાન સુંદરદાસે કહ્યું છે કે—

કોઉક જાવત પ્રયાગ બનારસિ, કોઉ ગયા જગનાથહિ ધાવૈ !
કો મથુરા બદરી હરિદ્વારસું, કોઉ ગંગા કુરૂક્ષેત્ર નહાવૈ.
કોઉ પુષ્કર વ્હૈ પંચ તીરથ, દોરિહિ દોરિજું દ્વારિકા આવૈ,
સુંદર વિતગડયો ઘર માંહિસું, બાહિર ઢુંઢત કયું કરી પાવૈ.

કોઈ બનારસ કે પ્રયાગ જાય કે જગનાથ જાય તેમાં કલ્યાણ નથી. કોઈ મથુરા, બદરી, હરીદ્વાર કે ગંગામાં ન્હાય, તેમાં કલ્યાણ નથી. કોઇ દોડી દોડીને દ્વારિકા આવે તો તેમાં પણ કલ્યાણ નથી. પરંતુ કલ્યાણનો રસ્તો તો તમારા ઘરમાં જ છે. અર્થાત્ આ

દેહમાં જ આત્મદેવ બીરાજી રહેલ છે; છતાં બહાર ઢુંઢવા પ્રબલ થાય છે. એ બધું અજ્ઞાન છે. ભાગવતમાં સ્પષ્ટ જણાવ્યું છે કે નદી, નાળાં, પર્વત અને મકાનમાં તીર્થનો સમાવેશ કરનારા પશુ જેવા છે.

> જંગમં સ્થાવરં ચૈવ, દ્વિવિધિ તીર્થ મુચ્યતે,
> જંગમ રૃષય સ્તીર્થં, સ્થાવરં તં નિષેવતે.

તીર્થ બે પ્રકારના, એક જંગમ અને બીજું સ્થાવર. જંગમ તીર્થ એ ઋષિઓ પોતેજ છે. જ્ઞાનદર્શન ચારિત્રયુક્ત ઋષિમુનિઓ એ દ્રવ્ય તીર્થ છે. અને ઋષિમુનિઓ જેનું નિરંતર સેવન કરે છે તે સ્થાવર તીર્થ છે.

> અહિંસા સત્યમસ્તેયં, બ્રહ્મચર્યં સુસંયમઃ
> ભિક્ષાવૃત્તિ સ્તાયે ચ, તં તીર્થ જંગમં સ્મૃતં.

અહિંસા, સત્ય, અદત્તવ્રત, બ્રહ્મચર્ય, ઉત્તમ પ્રકારનો સંયમ અને ભિક્ષાવૃત્તિથી જીવનનિર્વાહ કરવાના ગુણવાળાઓ જંગમ તીર્થ કહેવાય છે.

ચાલવા માંડે તો જેમ અંતર વધતું જાય, તેમ જડના પૂજારીઓ જડની વિશેષ પૂજા કરતાં આત્મજ્ઞાન તેઓનાથી દૂર જતું જાય, એ સ્વાભાવિક સમજી શકાય તેવી બાબત છે. નિર્ગ્રંથ ધર્મના જાણુ શ્રાવકો ચૈતન્ય ઉપાસક નહિ બનતાં જડપૂજાના રાજી બને, તે શ્રાવકો નિર્ગ્રંથ ધર્મના જાણુ કેમ કહી શકાય ? જડના સંસર્ગથી છૂટવાનો વિચાર જ્યાં સુધી નથી આવ્યો ત્યાં સુધી સમકિતનું સ્વરૂપ સમજાયું જ નથી, એમ નક્કી માનો.

ભાઈઓ! જડપૂજન સંબંધી હું તમને થોડાક વધુ ભજનો સંભળાવું છું:—

મનહર છંદ.

અટ હી પ્રવિન નર, પટકે બનાયે કીર,
તાહ કીર દેખ કર, બીલી હુન મારે હૈ.
કાગજ કે કોર કોર, ઠોર નાના રંગ તાહ,
ફુલ દેખ મધુકર, દુર હિતે છારે હૈ.
ચિત્રામણુકા ચીતા દેખ, સ્વાન તાસીં ડરે નાહ,
બનાવટકા અંડા તાહ, પક્ષી હુ ન પરિ હૈ;
અસલ હુ નક્કલ કો, જાને પશુ પક્ષી રામ,
મૂઢ નર જાને નાહ, નક્કલ કૈસે તરિ હૈ. ૧

છપ્પો.

નથી પત્થરમાં પ્રભુ, નથી પિતલમાં પેઠો,
કનકની મૂર્તિ કરે, નથી ઈશ્વર મહિ બેઠો.
નથી ઘોરોમાં પીર, નથી જૈનોને દેરે,
અસલ જોવે નહિ કોય, સઉ નક્લોને હેરે,
છે રામ નામ અક્ષર અસલ, બીજું નકલ કહેવાર
કહે નરભેરામ ગુરૂ થકી, પ્રેમે પ્રગટજ થાય છે.

કાફી.

દુનિઆ તો દીવાની રે, બ્રહ્માંડ પાખંડ પૂજે,
કર્તા વસે પાસે રે, મૂરખને ન સૂઝે. (ટેક) ૧

જીવ નહિ તેને શિવ કરી માને, પૂજે કાષ્ટ પાષાણ,
ચેતન પુરૂષને પૂંઠે મૂકે, એવી દુનિયા અંધી જાણ;
અર્કને અજવાલે રે, પારસમણિ નવ સુઝે. દુનિયા ૨

પત્થરનું નાવ નિરમાં મૂકી, સો વાર પટકો શિશ;
કોટિ ઉપાયે તરે નહિ એ, બુડાડે વિશ્વાવિશ,
વેલુમાં તેલ કયાંથી રે, ધાતુની ધેનુ કેમ દુઝે. દુનિયા ૩

અંતર મેલ ભર્યો અતિ પૂરણ, નિત્ય નિર્મલ જલે નહાય,
સાપ ડસીને દરમાં પેઠો, પછી રાફડો કુટયે શું થાય,
ઘાયલ ગતિ ઘાયલ રે, જાણે કોઈ જ્ઞાની રૂદે. દુનિયા ૪

દૂર નથી નાથ છે નજીક, નિરંજન પંડમાં તું પેખ,
દિલ દેદાર સુધારી લે તારો, તારા અંતરમાં તું દેખ;
ધુરંધર ધણી ધીરાનો રે, જગતમાં જાહેર સુઝે. દુનિયા ૫

ભાઈઓ, જ્યારે તમારા હૃદયમાંથી જડ વસ્તુ તરફનો મોહ છૂટે ત્યારે જ તમને આત્મજ્ઞાન થઈ શકે. જડ પૂજનના હિમાયતી બનતાં આત્મજ્ઞાન કદાપિ થાય જ નહિ. કોઈ આત્મજ્ઞાનને પામેલા પુરૂષો જડ પૂજન કરવાનો બોધ આપતાજ નથી.

આત્મજ્ઞાનના વિષય ઉપર મેં આપને થોડું ઘણું સંભળાવ્યું છે. અને પ્રસંગ આવ્યે વિશેષ સંભળાવીશ કારણ કે સમય ઉપરાંત હું બોલ્યો છું. મારા બોલવામાં કાંઈ ભુલચૂક થઈ હોય તો આપની માફી માગી, હું આપની રજા લઉ છું.

તાળીઓના ગડગડાટ.

હીરાલાલભાઈનું ભાષણ સમાપ્ત થતાં માણસો વિખરાવા લાગ્યા. સુખલાલ શે., નાનમીભાઈ, ગોવરૂભાઈ વગેરે પોત પોતાને ઘેર પહોંચ્યા. હિરાલાલે સુખલાલ શેઠની રજા લીધી અને પી.પા ર્માર ન્યુ રોડન તરફ રવાના થયા

પ્રકરણ ૧૫ મું

પ્રેમનગરમાં મુનિ-પરિવર્તન

આજરોજ આત્મજ્ઞાનીઓની મીટીંગ હોવાથી, પ્રેમજી શેઠ સવારમાં ઉઠતાંજ કૃષ્ણનિવાસને શણગારવામાં મશગુલ બની ગયા છે. નોકર પાસે કચરો કઢાવી રહ્યા છે, તથા કમ્પાઉન્ડમાં પાણી છંટકાવી રહ્યા છે. પ્રેમનગરના નાગરિકો આ દૃશ્ય તીરછી નજરે જોતાં જાય છે.

મુખ્ય પ્રવેશ દરવાજે ધ્વજા ફરકી રહી છે. હારગજરાથી સજ્જિત-કુળના થાંભલાના દરવાજા શોભી રહ્યા છે. કૃષ્ણનિવાસના ઓરડામાં ટેબલ, ખુરસી, કાગળ, પેન્સીલ, શાહી, હોલ્ડરો બરાબર ગોઠવી દીધેલ છે. રાજ્યના મુખ્ય ઓફીસરોને મળી, સ્પ્રીંગવાળી ખુરસીઓ બેઠકને વાસ્તે મંગાવી છે. ગાડલાં, જાજમ વગેરે ઓતં-ણાયે બીછાવી દીધેલ છે. એ રીતે આત્મજ્ઞાની મિત્રોની તમામ પ્રકારની સગવડતા સાચવનારા સાધનો પ્રેમજી શેઠે તે સ્થળે એકત્ર કરી દીધા છે.

લગભગ દસ વાગ્યાનો સમય થતાં તે સ્થળે મુનિશ્રી ક્ષેત્ર-પાલજી આવી પહોંચ્યા અને તેમને કૃષ્ણનિવાસના એક ઓરડામાં ઉતારો આપ્યો.

અગીઆર થયા ત્યાં તો ચાર ઘોડાગાડીઓમાં શ્રીમાન્ શેઠ લાલજીભાઈ, કપુરચંદભાઈ, ખીમચંદભાઈ, રાયસીભાઈ, પ્રેમજીભાઈ વગેરે આવી પહોંચ્યા. પ્રેમજી શેઠે સર્વે સહધર્મી ભાઈઓની સાથે આત્મજ્ઞાન પૂર્વકના નમસ્કાર કર્યાં અને શણગારેલા ઓરડામાં સર્વે આત્મજ્ઞાની ભાઈઓને લઈ ગયા. ત્યાં બિરાજેલા મુનિશ્રી ક્ષેત્રપાલજીને સૌએ વંદન નમસ્કાર કર્યો.

આશરે દસેક મીનીટ તેઓ ઓરડામાં બેઠા હશે, એટલામાં તો રસોઇઆએ આવીને કહ્યું કે—જમવા પધારો. એટલે પ્રથમ મુનિશ્રીને આહાર પાણી વહોરવાની પ્રકટ ભાવના ભાવી, મુનિશ્રીને આહાર પાણી વહોરાવ્યા અને પછી આત્મજ્ઞાની મિત્રો રસોડામાં ભોજન લેવા બેઠા.

પ્રેમજી શેઠે સુરતી રસોયા રાખી, ઉત્તમ પ્રકારની રસોઈ તૈયાર કરાવી હતી. ઉંચી જાતના પકવાન વગેરે જમ્યાબાદ મુખવાસ લઇ સર્વે મિત્રો બીછાવેલ ગાદલામાં આરામ લેવા આડા પડખે થયા અને બરાબર ત્રણ વાગ્યે મીટીંગનું કામકાજ હાથ લેવાનું નક્કી કર્યું.

પોણા ત્રણનો સમય થયો ત્યાં પ્રેમજી શેઠ ગરમાગરમ ચા તૈયાર કરી લાવ્યા અને સહધર્મી ભાઈઓને જગાડયા. તેઓએ આંખોએ ઠંડુ પાણી છાંટી કોગળાં કરી મુખ સાફ કર્યું અને ગરમાગરમ ચાને ન્યાય આપ્યો. ત્યારબાદ પાન સોપારી આદિ મુખવાસ લઈ સૌ સ્વસ્થ થયા.

ત્રણનો સમય થયો એટલે લાલજીભાઈએ જણાવ્યું કે મુનિશ્રીને બોલાવો. આથી ખીમચંદભાઈ મુનિશ્રીને બોલાવી લાવ્યા. મુનિશ્રી નીચે બેઠા એટલે લાલજીભાઈએ ઉભા થઈ જણાવ્યું કે મિત્રો, આજે આપણે જે કામ કરવાનું છે તે એજ કે આપણામાંના બે સભ્યો જાહેર કાર્યો કરવા માટે જવાના છે, તે માટે આપણે એક જાહેર નિવેદન પડવાનું છે તો આપ સર્વે વિદ્વતાભરી ભાષામાં એક નિવેદન તૈયાર કરો અગર તો આપ સર્વેની ઈચ્છા હોય તો મે એક નિવેદન રાત્રિના સમયમાં ઘડી રાખ્યું છે તે આપ સર્વેની સમક્ષ [illegible].

ફુલચંદ [illegible] આપ નિવેદન લાવ્યા છો તેજ વાંચો.

[illegible] એક પછી એક નિવેદન વાંચવાનું કહેતાં, [illegible] નું નિવેદન [illegible] સમજાવે છે.—

જાહેર વિજ્ઞપ્તિ

૧. જૈન સમાજમાં અત્યારે અત્યંત કોલાહલ મચી રહ્યો છે. જેમાં મુખ્યત્વે ત્રણ મોટા સંપ્રદાયો છે. (૧) સાધુમાર્ગી શ્વેતામ્બરી જૈન સંપ્રદાય. (૨) મૂર્તિપૂજક જૈન સંપ્રદાય. (૩) દિગમ્બર જૈન સંપ્રદાય. આ ત્રણ સંપ્રદાયોમાં પણ ઘણા ફાંટા છે જેને પરિણામે ઘણા ગચ્છ અને વાડાઓ આ કાળમાં અસ્તિત્વ ધરાવે છે.

૨. સમેત શીખર અને શેત્રુંજય આ બે પહાડના ઝઘડામાં લાખો રૂપિયાની બરબાદી મૂર્તિપૂજક જૈન સંપ્રદાયોએ કરી છે અને પક્ષ ખડા કર્યા છે. તેમજ લાખો રૂપિયાની રકમ પેઢીના નામે જમા પડી રહે છે. જેને પરિણામે નવયુવકો આજે પરિવર્તનનો પોકાર કરી રહ્યા છે.

૩. કેટલાક અસાધારણ કારણો અમે ધ્યાનમાં લીધા છે અને આ ક્લેશમય વાતાવરણ અટકાવવા એક નવો સંપ્રદાય ઉભો કરવા અમે નિર્ણય કર્યો છે. આ સંપ્રદાયનું નામ અમે વિતરાગી સંપ્રદાય રાખ્યું છે અને તે સંપ્રદાયના સભાસદો તથા તેનું મંડળ જાહેરમાં આત્મજ્ઞાની મંડળ તરીકે ઓળખાશે.

૪. જૈન સમાજમાં દીક્ષાના નામે હજારો રૂપિયાની બરબાદી થાય છે. તે અત્યારના સંજોગોમાં બીલકુલ અનિચ્છનીય છે તેથી અમારા સંપ્રદાયમાં મોટા મોટા વરઘોડા કાઢયા સિવાય, અને મોટા ખરચા કર્યા સિવાય કોઈ પણ શખ્સ દીક્ષા લઈ શકશે અને આ દીક્ષા લેનાર વિતરાગી સંપ્રદાયમાં તથા આત્મજ્ઞાની મંડળમાં બ્રહ્મચારી તરીકે ઓળખાશે.

૫. વિતરાગી સંપ્રદાયના સાધુ–બ્રહ્મચારી, શ્રીમદ્ રાજચંદ્રના ગ્રંથના પત્રો વાંચી વ્યાખ્યાન કરશે તથા દિગંબર સંપ્રદાયના ગ્રંથો વાંચી વ્યાખ્યાન કરશે. તેમજ શ્વેતામ્બરી જૈન સૂત્રો પણ લક્ષમાં લેશે તથા બીજા આત્મજ્ઞાનીઓના પુસ્તક વાંચશે.

૬. વિતરાગી સંપ્રદાયના સભાસદોનો કોઈ પણ એ
નથી. તેઓ દિગમ્બર સંપ્રદાયની મૂર્તિની પૂજા કરશે, મૂર્તિ
શ્વે. જૈન સંપ્રદાયની મૂર્તિની પૂજા કરશે અને આપણને સત
બતાવનાર ગુરૂદેવ શ્રીમદ્ રાજચન્દ્રની મૂર્તિની પણ પૂજા કરે

૭. વિતરાગી સંપ્રદાયના બ્રહ્મચારી મોરપીછાનો
રાખશે. મુહપતી રાખવાની જવાબદારીમાંથી મુક્ત છે, પરંતુ
સંબંધમાં ખાસ આચાર વિચાર રાખવાનો આત્મજ્ઞાની મંડળ
વિશેષ કરે છે.

૮. કોઇ પણ સ્ત્રીને આ સંપ્રદાયમાં દીક્ષા લેવી હશે તો
શકાશે અને બ્રહ્મચારિણી તરીકે તે ઓળખાશે.

૯. વિતરાગી સંપ્રદાયના બ્રહ્મચારી-બ્રહ્મચારિણીઓ
કરવાની ફરજમાંથી મુક્ત છે. તેઓ અસ્ત્ર શસ્ત્રથી વાળ કાઢી

૧૦. વિતરાગી સંપ્રદાયના બ્રહ્મચારીઓને વિહાર કરવાની
નથી. જરૂર જણાતાં તેઓ રેલ્વે ટ્રેનમાં બેસી મુસાફરી કરી

૧૧. વિતરાગી સંપ્રદાયના બ્રહ્મચારીઓ આશ્રમમાં સ્થિર
રહેશે અને બ્રહ્મચારિણીઓ આશ્રમમાં તેમના અલગ નિવાસમાં

૧૨. વિતરાગી સંપ્રદાયના સભાસદો પોતાના સંપ્રદાય
સંગઠ્ઠન વાસ્તે જૈન ફીરકાના કોઇ પણ પક્ષ સાથે ખાસ મંડળ
જ્ઞાન વાદ વિવાદ કે ચર્ચા કરવા તૈયાર રહેશે.

ઉપર મુજબના નિયમો તથા બીજા ઘણા સુધારા
વિતરાગી સંપ્રદાયમાં છે, પરંતુ આ સંપ્રદાય તાત્કાલિક
ખાસ કરીને આશ્રમ બંધાવવાની તથા જરૂર પડે રહેઠાણ
કરવાની ખાસ આવશ્યકતા છે, જે જૈન જૈનેતર સમાજે આ
વિશેષ આનંદ. એવું બની શકે તેટલી રકમ આવા ધર્મકાર્ય

આપી પુન્યનો રસ્તો અંગીકાર કરવાની ખાસ જરૂર છે, તો ફુલ નહિ તો છેવટ ફુલની પાંખડી સહર્ષ આપી વિતરાગી સંપ્રદાયના સિદ્ધાંતોને અપનાવી મદદ કરશો.

પ્રેમનગર } લી. આત્મજ્ઞાની મંડળના પ્રમુખ
વિતરાગી લાલજીભાઈ.

કપુરચંદ : આપે ઘણુંજ સારૂ નિવેદન ઘડયું છે.

ખીમચંદ : હવે આ નિવેદનમાં કાંઈ સુધારો વધારો કરવાની જરૂર નથી.

પુનમચંદ : નાગસીભાઈ કેમ આવ્યા નહિ હોય ? તેમના કાંઈ સમાચાર છે કે ?

લાલજી : મિત્રો, હું કહેતા ભૂલી ગયો. નાગસીભાઇએ મને પત્ર લખ્યો છે અને તેઓ આત્મજ્ઞાની મંડળમાંથી દૂર થવા માગે છે.

રાયસી : તેમને છુટા કરી દો.

ખીમચંદ : આપણા મંડળમાંથી હીરાઓ ચાલ્યા જાય છે.

પ્રેમજી : અફસોસ કરવાનું કાંઈ કારણ નથી.

મુનિ ક્ષેત્રપાલજી : 'યદ્‌ભાવી ન તદ્‌ભાવી' જે થાય છે તે સારા માટે. તમારે સૌને બહાદુર બનવાનું છે. 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને'

લાલજી : મિત્રો ! આપ સર્વેની હકીકત સાંભળી હું નાગસીભાઈને આપણા મંડળમાંથી મુક્ત કરું છું.

ઠરાવઃ—આત્મજ્ઞાની મંડળ સર્વાનુમતે નાગસીભાઈને આ મંડળમાંથી મુક્ત કરે છે. નાગસીભાઈ સાથે આત્મજ્ઞાની મંડળે કોઈ જાતનો સમાગમ કરવો નહિ કે આત્મજ્ઞાની મંડળના કોઈ પણ ઠરાવોથી તેને વાકેફ કરવા નહિ. આ ઠરાવ લાગતે વળગતે ખાતે જાણ સારૂ મોકલી આપવો.

ઘડીયાળમાં ચારના ટકોરા થતાં લાલજીભાઈએ જણાવ્યું કે, હવે મુનિશ્રી ક્ષેત્રપાલજીને આત્મજ્ઞાની દીક્ષા સ્વીકારવાની છે વળી શુભ મુહુર્ત તથા શુભ ચોઘડીયું બેસી ગયું છે. નક્ષત્ર પણ ઘણું જ ઉંચું છે. તો આપણે સર્વે કંપાઉન્ડમાં જઈએ અને ત્યાં આગળ સર્વ ક્રિયા કરીએ. આથી સર્વે મિત્રો કંપાઉન્ડમાં ગયા.

૪–૧૫ મીનીટે મુનિશ્રી ઉભા થયા અને બોલ્યાઃ—

હું પરમાત્માની સાક્ષીએ, આ આત્માની સાક્ષીએ, અને આત્મજ્ઞાની મિત્રોની સાક્ષીએ સર્વ સિદ્ધોને નમસ્કાર કરું છું.

મેં મુહપતી તથા રજોહરણ રાખવાવાળા સંપ્રદાયમાં દીક્ષા લીધેલી; પરંતુ હવે તે સંપ્રદાયનો મને મોહ રહ્યો નથી. હે મહાન પુરૂષોત્તમ પુરૂષો! તમારા ગ્રંથો વાંચવાથી મારી મૂળ શ્રદ્ધા ફરી ગઈ છે. તેથી તમોને પણ મારા નમસ્કાર છે.

હે આત્મજ્ઞાનને પામેલા આત્મજ્ઞાનીઓ! તમારો ઉપદેશ કેવળ સત્ય છે. હે ધીરા ભગત, ભોળા ભગત! તમોએ સત્ય જ કહ્યું છે. તેથી તમોને પણ હું નમસ્કાર કરું છું. હું પક્ષપાતી રહેવા માગતો નથી.

હે કુંદકુંદાચાર્ય! હું જાણું છું કે નગ્ન થયા સિવાય મોક્ષ નહિ મળે. વળી તીર્થંકર પણ નગ્ન થાય તો જ તેમો મોક્ષ મેળવી શકે; પરંતુ અત્યારના મનુષ્યો બીભત્સ અનુરાગ નહિ તેથી હું વસ્ત્ર રાખું છું.

મેં મારા ગુરૂ પાસે દીક્ષા લીધેલી અને અત્યાર સુધી તે અજ્ઞાનને હું આજ તિલાંજલી આપું છું. અને ગુરૂનો પણ ત્યાગ કરું છું. હે મહાવીર! તમો આજથી મારા ગુરૂ છો અને હું તમારો શિષ્ય છું. આજથી હું આત્મજ્ઞાની, દિગંબરી મહાવીર થાઉં છું.

એમ કહેતાંની સાથે તેમણે મુહપતી નીચે મૂકી દીધી તથા રજોહરણ પણ નીચે મૂકી દીધો; એટલે લાલજીભાઈએ ઉભા થઈ, તે બંને ઉપકરણો હાથમાં લઈ લીધા અને પોતે મોરપીછાનો સાવરણો જે લાવ્યા હતા તે આપ્યો. અને સર્વે મિત્રોએ આત્મજ્ઞાની મંડળની જે બોલાવી. લાલજીભાઈએ કેમેરાથી આ દૃશ્યના ફોટા ખેંચ્યા.

ખીમચંદ : ધન્ય છે મુનિને! આત્માર્થ સાધ્યો!

કપુરચંદ : હવે તો બ્રહ્મચારી થયા, મુનિ ન કહેવાય.

પુનમચંદ : મિત્રો, આપણા મંડળમાં હરિજનોને દાખલ કરવા કે કેમ?

ખીમચંદ : આપણા મંડળમાં હરિજનો દાખલ ન થઈ શકે.

પુનમચંદ : વિતરાગી સંપ્રદાયમાં આભડછેટ કે અસ્પૃશ્યતા ને તિલાંજલી આપવી જોઈએ.

લાલજી : મિત્રો, એ મહાત્મા ગાંધીજીનું કામ આપણે લેવું રહેવા દો. તેમને એકલાને જ કરવા દો.

પ્રેમજી : આપની વાત સત્ય છે. એવો ઢેઢવાડો આપણા આત્મજ્ઞાની મંડળમાં નથી દાખલ કરવો.

પુનમચંદ : મિત્રો! અહિંસા ધર્મના પૂજારી ભગવાન મહાવીર દેવે અહિંસાનું વ્યાપક સ્વરૂપ ક્યાં નથી સમજાવ્યું! કોઈ પ્રાણીના હૃદયને દુભવવું એ પણ હિંસા છે, હરિજનોનો તિરસ્કાર કરી તેને હડધુત કરી આપણા મંડળમાં ન આવવા દઈએ તો આપણો સંપ્રદાય વિતરાગી કેમ કહી શકાય? આપણે આત્મજ્ઞાનનું બીરૂદ કેમ મેળવી શકીયે? જગતમાં મનુષ્ય પ્રાણી ઉત્તમ છે. એ ઉત્તમ અને સંસ્કાર પામેલા મનુષ્યો મનુષ્યને તરછોડે એવો કોઈ ધર્મ જગત ઉપર હોઈ શકે નહિ. એવા ધર્મનું અસ્તિત્વ સમાજને નુકશાનકારક છે.

જૈન ધર્મના તત્વજ્ઞાનીઓ મનુષ્ય ભવે જ મોક્ષ મળી શકે તેમ સ્પષ્ટ જણાવી રહ્યા છે. એવા ધર્મમાં મનુષ્યને ન અડી શકાય, આભડછેટ લાગી જાય એવી એવી કપોળ કલ્પિત વાતો કરવી તે મહાવીરના ઉત્તમ આદર્શને લાંછન લગાડવા જેવું છે. કર્મ વાદને પ્રધાનપદ આપનારા જૈન ધર્મના મહાન મહાત્મા હરિકેશી મુનિ જાતના ચંડાલ હતા. ઉત્તરાધ્યયન સૂત્રના બારમા અધ્યયનમાં તેમનો સ્પષ્ટ અધિકાર છે.

મેતારજ મુનિ પણ ચાંડાલ જાતિના હતા.

જૈન ધર્મમાં આવા ઉચ્ચ તપસ્વી મહાત્માઓ થઈ ગયા છે. જૈનધર્મમાં જાતિનાતિનો ભેદ નથી. જે હરિજનોના કૃત્યો ચંડાલ સરખા ન હોય તેને ફક્ત જાતિના જ ભેદથી આત્મહાની મંડળમાં દાખલ ન કરવા તે બિલ્કુલ ઇચ્છનીય નથી. મનુષ્ય કર્મથી ચંડાલ; કર્મથી બ્રાહ્મણ તથા કર્મથી વૈશ્ય થઈ શકે છે. માટે આપ વિચાર કરો.

ખીમચંદ : બીલ્કુલ નહિ. હરિજનો દાખલ ન થઈ શકે.

લાલજી : પુનમચંદભાઈનું કહેવું અમને યોગ્ય લાગતું નથી.

આ વિષય પર દરેક મિત્રોના મત લેવાતાં પુનમચંદભાઈનો ઠરાવ ઉડી ગયા.

ઠરાવ:—આ મંડળ સર્વાનુમતે ઠરાવે છે કે, આત્મહાની મંડળમાં હરિજનોને દાખલ કરવામાં આવશે નહિ.

પુનમચંદ : મિત્રો, હું આપના મંડળમાંથી છૂટો થવા માગું છું.

લાલજી : જેવી આપની ઇચ્છા.

ખીમચંદ : તમને છૂટા કરી દો.

ઠરાવ—પુનમચંદભાઈ રાજીનામાથી આત્મહાની મંડળમાંથી છૂટા થવા માગે છે [illegible] આત્મહાની મંડળમાંથી તેમને છૂટા [illegible] આવે છે. આત્મહાની મંડળ સાથે તેમનો કોઈ સંબંધ

હવેથી સંબંધ નથી. આ ઠરાવના ખબર લાગતે વળગતે જાણુ સારૂં મોકલવા.

ઉપરનો ઠરાવ થયા બાદ પુનમચંદભાઈ મીટીંગ છોડી ગયા.

લાલજી : મિત્રો ! આપ ઉઘરાણુ કરવા ક્યારે જશો ?

ખીમચંદ : અમે આવતી કાલેજ અત્રેથી બંને જણા ઉપડશું.

આ પ્રમાણે નક્કી થતાં, મીટીંગનું કામકાજ ખલાસ થયું.

લાલજી : મિત્રો, આપણા મંડળનું કામકાજ ખતમ થાય છે. તાળીયોના ગડગડાટ.

આપણે આજે ઘણું જ સારૂં કામ કર્યું છે. મુનિશ્રી ક્ષેત્રપાલજીને આપણા સિદ્ધાંતાનુસાર આત્મજ્ઞાની બ્રહ્મચારી બનાવ્યા છે. આ કામ કાંઈ સહેલું ન હતું, ઘણું જ વિકટ હતું; પરંતુ આપણા મંડળને ગુપ્ત દૈવી મદદ છે. એમ સ્પષ્ટ જણાય છે. નાગસીભાઈ તથા પુનમચંદભાઇ છૂટા થયા છે. પરંતુ તેથી આપણા મંડળને કાંઈ નુકસાન થયું નથી, અને હવે તો આ બ્રહ્મચારીજી સ્થળે સ્થળે જઈ આપણા મંડળના સિદ્ધાંતોનો ખૂબ ખૂબ પ્રચાર કરશે. અને કેટલાય સરળ સ્વભાવી ભોળા આત્માઓને બ્રહ્મચારીજી આપણા મંડળની દીક્ષા અપાવશે, એટલે અલ્પ સમયમાં આપણો પંથ સારો જામી જશે.

ખીમચંદભાઈ તથા કપુરચંદભાઈ ઉઘરાણુ કરવા જાય છે, તેમાં સારી રકમ થશે એવા ચિન્હો જણાય છે કારણ કે આપણું દરેક કાર્ય સફળ થાય છે તે જોતાં જ એ કાર્ય પણ સફળ થશે અને પછી આપણે આશ્રમો બંધાવીશું.

અંતમાં પરમાત્મા આપણા મંડળને મદદ કરે એવી પ્રાર્થના કરૂં છું. (એમ કહી લાલજીભાઈ બેસી જાય છે.)

તાળીયોના ગડગડાટ.

ઉપર પ્રમાણેનું કામકાજ ખતમ થતાં સર્વે મિત્રો આનંદપૂર્વક પોતપોતાને ઘેર જવા વિદાય થયા.

પ્રકરણ ૧૬ મું.

આત્મજ્ઞાનીઓ ઉઘરાણાના પંથે !

આત્મજ્ઞાની મંડળના ઠરાવ મુજબ કપુરચંદભાઈ તથા ખીમચંદભાઈ રાત્રીના દસ વાગ્યાની ફાસ્ટમાં વિશ્વાસપુર જવા રવાના થયા. બંને મિત્રોએ વિતરાગી સંપ્રદાયમાં સારી રકમ એકઠી કરવા દીર્ઘદષ્ટિ વાપરી વિચાર કર્યો કે આપણે ત્યાં જઈને એક જાહેર ભાષણ કરવું. જેથી આપણું મીશન પાયાદાર બને, એટલું જ નહિ પણ જાહેર ભાષણની પત્રિકાઓ છપાવીને વહેંચાવી દેવી. આ ઉપરાંત આપણે સવારમાં ત્રણ ચાર જગ્યાએ જઈ ફાળો કરી આવશું, અને બાકીનો ફાળો તો સભામાં જ થઈ જશે. આ રીતે આપણું કામ નિર્વિઘ્ને પાર ઉતરશે અને આપણે સારી રકમ એકઠી કરી શકીશું.

સવારના સાત થયા ત્યાં તો સ્ટેશન આવી પહોંચ્યું. બંને મિત્રોએ બહાર નીકળી મોટર કરી, ગ્રાન્ડ હોટેલમાં પોતાનો ઉતારો કર્યો. તે પછી તેઓ ત્યાંથી તરત જ મહાવીર વિજય પ્રીન્ટીંગ પ્રેસમાં ગયા અને પ્રેસના માલીકને મળી, સેંકડો પત્રિકાઓ છપાવવા આપી. અને તે તૈયાર થયે તેનું બંડલ પણ આપી દીધું. જાહેર ખબરમાં નીચે પ્રમાણે લખાણ હતું:—

જાહેર ખબર.

આજરોજ સાંજના પાંચ વાગ્યે નગરના મેદાનમાં આત્મજ્ઞાની મંડળ પોતાના વિતરાગી સંપ્રદાયના સિદ્ધાંતો ઉપર વ્યાખ્યાન કરશે તો જૈન-જૈનેતર આત્મજ્ઞાનીઓ તથા ધર્મપ્રેમીઓને પધારવા નમ્ર વિનંતિ છે.

લિ. આત્મજ્ઞાની મંડળના મિત્રો

ઉપરની જાહેર ખબર વહેંચવા માટે સાત આઠ ફેરીયાઓને રાખ્યા, જેઓએ શહેરના તમામ જાહેર રસ્તાઓ પર ફરીને સર્વત્ર પત્રિકાઓ વહેંચી દીધી. બીજી તરફ પ્રસ્તુત બંને મિત્રો મોટર કરીને અનસુયા બહેનનાં મકાને ગયા. ત્યાં અનુસુયા બ્હેન ચા તૈયાર કરી રહ્યા હતાં. ખીમચંદભાઈ તથા કપુરચંદભાઈને દેખી તેઓ ખૂબ હર્ષ પામ્યા અને તેમનું સ્વાગત કર્યું. બંને મિત્રોએ દંતમંજનથી મુખ સાફ કર્યું. એટલામાં રતીલાલ શેઠ પણ જાગ્યા. તેઓએ પણ દંતમંજન કરી મુખ સાફ કર્યું. એટલે તરત જ ચ્હા આવી. ચ્હા પીતાં પીતાં રતીલાલ શેઠે કહ્યું:—કેમ. શેઠ, ક્યાંથી આવો છો?

ખીમચંદ : વસંતપુરથી.

રતીલાલ : નાગસી શેઠના શું સમાચાર છે?

ખીમચંદ : તેઓ આનંદમાં છે, અને તમોને ખાસ યાદ કરીને મદદ કરવા જણાવ્યું છે, એમ કહી જાહેર નિવેદન આપે છે.

તે વાંચી રતીલાલ શેઠ મોટો નિસાસો મૂકે છે.

ખીમચંદ : કેમ શેઠ, નિસાસો મુક્યો?

રતીલાલ : ધર્મનું સત્યાનાશ કાઢવા ઉભા થયા છે, પંચમ કાળમાં શું થશે તેની કાંઇ ખબર પડતી નથી.

અનુસુયા : તમો ધર્મમાં કાંઇ સમજતા જ નથી. આમાં શું ખોટું થાય છે?

ખીમચંદ : બેન, સાચું કહો છો.

રતીલાલ : તમે જ ધર્મમાં સમજો છો. સાધુઓને ચારિત્રથી ભ્રષ્ટ કરનારા સિદ્ધાંતો! હવે તો હદ આવી ગઈ!

અનસુયા : તમે એમ બોલો મા. એ બધા કાંઈ મૂર્ખાઓ નથી કે એવું કરે! તમારે જે આપવું હોય તે આપોને!

રતીલાલ : આમાં હું એક પાઇ પણ આપવા માગતો નથી.

ખીમચંદ : શેઠ, તમે વિચાર કરો, સંપ્રદાયનો મોહ છોડો.

રતીલાલ : મેં વિચાર કર્યો છે. આવા પાખંડમાં મારી અનુમોદના પણ ન હોય.

અનસુયા : આપણે ઘેર આવેલાને ખાલી હાથે ન જવા દેવાય.

રતીલાલ : તેમાં તમે ન સમજો. મને ખબર નહોતી કે તમે પણ આવા પાખંડને ઉત્તેજન આપો છો!

અનસુયા : હું તો એજ ધર્મ પાળીશ.

રતીલાલ : મારા ઘરમાં એ નહિ ચાલે. સ્ત્રી એ પુરૂષની ધર્મપત્ની અને અર્ધાંગના કહેવાય છે. મારો ધર્મ એ તમારો ધર્મ. જો ધર્મ હારવામાં આવે તો આ મનુષ્ય ભવ નકામો જ છે.

અનસુયા : હું તો સત્ય ધર્મ અંગીકાર કરીશ. તમે તમારો ધર્મ પાળો. હું મારો ધર્મ પાળું.

રતીલાલ : એક મ્યાનમાં બે તરવાર ન સમાય. માટે સમજો.

ખીમચંદ : શેઠ, તમે જરા સમજો. અને આત્મજ્ઞાનનો વિચાર કરો.

રતીલાલ : તમને એક પાઇ પણ નહિ મળે, તમારે જવું હોય તો ખુશીથી જાવ.

આમ રતીલાલ શેઠ કહેતા [illegible] ત્યાંથી બહાર નીકળ્યા અને નીચે જઈ એક મોટર ભાડે કરી, [illegible] સીધા [illegible] ગયા. તે વખતે [illegible]



કપુરચંદ : અત્યારે તો પ્રેમનગરથી આવું છું.

રાયચંદ : પ્રેમજી શેઠ શું કરે છે?

કપુરચંદ : ખુશીમાં છે. અને તમને ખૂબ યાદ કર્યા છે.

લીલા : ચા પીશો કે?

કપુરચંદ : ચા તો નથી પીવી. હમણાં જ પીધી છે. આટલું બધું મોડું કેમ!

લીલા : ગઈ કાલે સીનેમા જોવા ગયા હતાં. દેવદાસની ફિલ્મ હતી; એટલે જરા મોડું ઉઠાયું છે.

રાયચંદ : મને શા વાસ્તે યાદ કર્યા હતા?

ખીમચંદ : આ એક નિવેદન છે, તેમાં આપની સલાહ લેવી હતી. લ્યો, વાંચો, એમ કહી ખીમચંદભાઇ રાયચંદ શેઠના હાથમાં પત્રિકા મૂકે છે.

રાયચંદ શેઠ નિવેદન વાંચી મૌન રહે છે.

ખીમચંદ : આમાં આપને જે મદદ કરવી હોય તે કરો.

રાયચંદ : ધર્મનું અપમાન કરનારા આવા મંડળને કાંઇ પણ મદદ ન આપવી જોઇએ!

લીલા : જ્યારે હોય ત્યારે તમે આમ જ કહો છો. તમારા હાથે ક્યાં એક પાઈ પણ છુટે છે? મરી ગયા પછી આ બધું સાથે લઈ જજો.

રાયચંદ : તમે સાથે લઈ જજો. આવા પાખંડ ધર્મને મદદ કરવી એ પાસત્થાનું કામ છે.

લીલા : ત્યારે હું પણ પાસત્થી?

રાયચંદ : શું તમે એ ધર્મ પાળો છો?

લીલા : હા, આત્મજ્ઞાન સિવાય બધું નકામું છે.

રાયચંદ : અરે, પ્રભુ! આ તો મારા ઘરમાંજ પોલ!

ખીમચંદ : શેઠ ! એ પોલ નથી પણ સત્ય ધર્મ છે. અને લીલા બેન તો સત્ય ધર્મના આરાધક છે.

રાયચંદ : શેઠ ગમે તેમ હોય, પરંતુ મારા તરફથી કાંઈ આશા રાખશો નહિ.

લીલા : જો તમે નહિ આપો તો હું સત્યાગ્રહ કરીશ.

રાયચંદ : હે પ્રભુ ! આ ગાંધીએ તો હવે હદ કરી. નજીવી નજીવી વાતમાં સત્યાગ્રહ ! આ તે સત્યાગ્રહ કે હઠાગ્રહ ! શું સમજવું !

લીલા : તમારે જેમ સમજવું હોય તેમ સમજો. હું તો અત્યારથી સત્યાગ્રહ કરું છું.

રાયચંદ : અરે કર્મ ! આજ સવારમાંથી અપશુકન થયા. હજી તો ઘરની બહાર નીકળ્યો નથી. પરંતુ આ તમારા બેના મોઢા જોવાથી મારા ઘરમાં સત્યાગ્રહનો કજીયો પેઠો ! હવે તો તોબા તોબા. મહેરબાની કરીને કહું છું કે મારા ઘરમાંથી જાવ.

રાયચંદ શેઠે આમ કહેવાથી બંને મિત્રો ત્યાંથી ચાલતા થયા અને એક મોટર ભાડે કરી, તેઓ રાધા બહેનને ત્યાં ગયા. એ વખતે રાધા બેન હારમોનિયમ વગાડી રહ્યા હતા. બાજુમાં મોહન ચંપક વગેરે નાના નાના બાળકો આનંદ કરી રહ્યા હતા. આ બંનેને આવેલા જોઈને રાધાબેને હારમોનિયમ બંધ કરીને પૂછ્યું—કયારે આવ્યા છો !

ખીમચંદ : આજ સવારના જ. અમારે ઉપરાવું કરવા જરૂર પડયું છે, તો તમે કાંઈક રકમ આપો.

રાધા : પણ આ સંપના બાપા પેર નથી; બહાર ગામ ગયા છે. તેઓ આવે ત્યારે અપાય. આજે જવાનું નહિ રાખજો.

ખીમચંદ : ના. ના. જવાનું તો નહિ. અમે [illegible]

ફેરીયાઓએ જાહેર ખબરનો પ્રચાર શહેરમાં કરી દીધો હતો. દરેક પ્રસિદ્ધ પ્રસિદ્ધ સ્થળોએ પત્રિકાઓ વહેંચાઈ ગઈ હતી. એથી જૈન જૈનેતર વાંચનાર વર્ગમાં અવનવા વિચારો થવા લાગ્યા હતા. કૉલેજના નવ યુવાનો તથા અભ્યાસ કરતી કુમારિકાઓ આ નવા સિદ્ધાન્તો સાંભળવા આતુર બની ગયા હતા. ક્યારે સાંજ પડે અને ભાષણ સાંભળાયે એ જાણવા તેઓ અધીરા બની રહ્યા હતા.

બપોરના ચાર વાગ્યાનો સમય થયો એટલે બંને મિત્રો ઉઠયા. અને ચા પાણી લઈ તરત જ તેઓ તળાવના મેદાન ઉપર ગયા. ત્યાં આગળ જઈ એક ફરનીચર વાળાની દુકાન પાસેથી ભાષણ કરવા વાસ્તે એક ચોરસ ટેબલ અને બે ખુરસીઓ ભાડે લીધી અને મેદાનમાં આવી ટેબલ તથા ખુરસીઓ મૂકી દીધી.

સાડા ચારનો સમય થયો ત્યાં તો મેદાનમાં માણસો આવવા લાગ્યા. વ્હેલાં જશું તો સારી જગ્યા મળશે, અને સારી રીતે સાંભળી શકાશે એવા વિચારથી ઘણા સ્ત્રી પુરૂષો જોત જોતામાં ત્યાં એકઠાં થઇ ગયાં. લગભગ પાંચ વાગ્યાનો સમય થતાં તો કૉલેજીયનો, નવયુવાનો, મારવાડીઓ, શ્રીમંતો વગેરે મળી આશરે પાંચ હજાર માણસો ભેગા થઈ ગયા અને બરાબર પાંચના ટકોરે ખીમચંદભાઈ ટેબલ ઉપર રુલ મૂકી ભાષણ કરવા ઉભા થયા. સભામાં સર્વત્ર શાંતિ ફેલાઇ રહી.

ભાઇઓ અને બ્હેનો,

આજની સભા જોઈ હું ઘણોજ ખુશી થાઉં છું. મેં સ્વપ્ને પણ ખ્યાલ નહોતો રાખ્યો કે અમારું ભાષણ સાંભળવા આટલી વિશાળ મેદની જામશે.

ભાઈઓ, હું આપની સમક્ષ એ વાત કરવા ઇચ્છું છું કે, અત્યારે હિંદુસ્તાનમાં ઘણા ધર્મો અસ્તિત્વ ધરાવે છે. તેઓ એક

બીજાનુ ખંડન મંડન કરવાની મહેનતમાં પડી જાય છે. અને જૈન ધર્મમા તો ત્રણ મોટા ફીરકા પડયા છે. જે મહાન ધાંધલ મચાવી રહ્યા છે તેનાથી જૈન વર્ગ કાંઈ અજ્ઞાત નથી.

જૈન ધર્મમા આવા કલેશમય વાતાવરણમાં અમોએ એક નવો સંપ્રદાય ઉભો કર્યો છે. જેનુ અમોએ વિતરાગી સંપ્રદાય એવું નામ આપ્યુ છે.

સભામાંથી અવાજ—શેઈમ શેઈમ.

કુશલચંદ સાહેબ, ત્રણ ફીરકાના કલેશને અટકાવવાને કરો, પરંતુ ચોથો ફીરકો ઉભો કરવાની શી જરૂર છે?

ભાઈઓ, અમોએ ત્રણ ફીરકાને એકત્ર કરવા ઘણી મહેનત કરી. ત્રણ ફીરકાને એકત્ર કરવા અમો નાસીપાસ થયા, પરંતુ તે કાર્ય અશક્ય છે અને તે ત્રણ ફીરકા ભેગા થાય તેમ છેજ નહિ.

કુશલચંદઃ તો પછી આ ચોથો ફીરકો કેમ ઉભો થઈ શકે!

ભાઈઓ, આ ચોથો ફીરકો તદ્દન જુદોજ રહેશે અને તેથેજ અમારા ચોથા ફીરકાનું નામ વિતરાગી સંપ્રદાય રાખીએ છીએ ને અમોએ આત્મજ્ઞાની મનુષ્યો તરીકે ઓળખાવવા નક્કી કર્યું છે.

અમારા સંપ્રદાયમાં અમોએ ઘણીજ ઉત્તમ મર્યાદાઓ રાખી છે. અમારા સંપ્રદાયમાં કોઈ સાધુ દીક્ષા લે તેને કઠોર કેશ લુંચન કરવાની જવાબદારીમાંથી મુક્ત રાખે છે; કારણ કે કેશલુંચન કષ્ટને અંગે ઘણા સાધુઓ દીક્ષા લેતા નથી, તેથી જેમ સાધુઓ ઈચ્છે તેવું વર્તન અમોએ અખત્યાર કર્યું છે, અને સ્ત્રીઓને માટે મોજશોખની કુદરતી જ ઈચ્છાવાળી મર્યાદા રાખવાની છૂટ આપી છે.

સભામાંથી અવાજ—શેઈમ! શેઈમ!

આ વખતે રતનચંદ અમરચંદ ઉભા થઈ જાહેર કરે છે કે—અમે જૈન છીએ!

ભાષણકર્તા : જી હા; હું જૈન છું.

સભામાંથી અવાજ : બેસી જાવ, બેસી જાવ.

રતનચંદ અગરવાલ : ભાઈઓ, જરા શાંતિ રાખો.

કપુરચંદ : ભાઈઓ, ભાષણ અટકાવો મા, ભાષણકર્તાને ભાષણ
કરવા દો.

ભાઈઓ, અમારા નવા સંપ્રદાયમાં દીક્ષા લેનાર સાધુને અમો
બ્રહ્મચારી તરીકે ઓળખીયે છીએ અને કોઈપણ સ્ત્રી જો દીક્ષા લે,
તો તેને બ્રહ્મચારિણી તરીકે ઓળખીયે છીએ. આ બ્રહ્મચારી તથા
બ્રહ્મચારિણીને રહેવાના સ્થાનો જુદા જુદા નહિ કરવાના અમો
વિચાર ઉપર છીએ; કારણકે જુદા જુદા આશ્રમ બંધાવવા પડે
તો ઘણો ખરચ થાય, તેથી એક આશ્રમમાંજ જુદા નિવાસ કરી એક
બીજા અલગ અલગ રહે તેમ નકી કર્યું છે. અને આત્મજ્ઞાનનો
ઉંચો આદર્શ અમે જનતા સમક્ષ રજુ કરીયે છીએ. ભાઈઓ, આ
બ્રહ્મચારીઓને વાસ્તે એક સુંદર યોજના ઘડી છે. અને તે એ કે
તેઓએ જ્ઞાન પ્રચાર અને આત્મવિકાસ અર્થે શ્રીમદ્‌ના પત્રો વાંચવા.

પેસ્તનજી : Stop. Stop, was he the Lord of Jain ?

ભાષણકર્તા : સાહેબ, હું ઇંગ્રેજી જાણતો નથી.

પેસ્તનજી : શું શ્રીમદ્ જૈનના તીર્થંકર હતા ?

Parsi Gentlemen ! Sit down Sit down.

લાલા હરકીસનદાસ : મહેરબાની કર કે ભાષણમેં ડખલગીરી
નહી કીજીએ.

ભાઈઓ, શ્રીમદ્ જૈનના તીર્થંકર હતા કે કેમ એ બાબતમાં
અમે કાંઈપણ બોલીએ, તે કરતાં શ્રીમદ્‌ના પુસ્તકો વાંચી લેવા.
શ્રીમદે તીર્થંકરનો અંતર આશય જાણેલો. શ્રીમદ્‌માં જે જ્ઞાન હતું
તે મહાવીરને વિશે પણ હતું. તીર્થંકરનું હૃદય શ્રીમદે જાણેલું. અને
તેથીજ શ્રીમદે પોતાના કહેલા શબ્દો 'જિન આગમ છે' એમ

જણાવેલ છે. આત્માર્થી મુમુક્ષુઓએ કાંઈપણ સંદેહ ન કરતાં આત્મ જ્ઞાન પ્રાપ્ત કરવાના ઉપાય કરવા એ કર્તવ્ય છે. અને તેથીજ અમોએ શ્રીમદ્ રાજચંદ્રની મૂર્તિ સ્થાપી, તેમને વંદન પૂજા કરવાનું નકી કર્યું છે. દિગમ્બર મૂર્તિપૂજક તથા શ્વેતામ્બર મૂર્તિપૂજાની મૂર્તિઓનું પણ પૂજન કરવાનુ અમે ઠરાવ્યુ છે.

સભામાંથી અવાજ ' કેવુ વિચિત્ર '

અને મૂર્તિપૂજા એ હિંદુધર્મ અનુસાર તથા જૈનધર્મ અનુસાર [illegible] છે એમ અમારા મંડળે ઠરાવ્યુ છે.

[illegible] અત્યારે જૈનધર્મમાં કેટલીક ઝીણી ઝીણી બાબતોને [illegible] કરી કોલાહલ કરવામાં આવે છે. અમુક સંપ્રદાયના [illegible] ત્યાગ કર્યો એટલે એ સંબંધી પુન [illegible] આવ્યા. એ મહારાજે સંપ્રદાયને [illegible] તેમનો બહિષ્કાર કર્યો. આવી ઝીણી [illegible] ઉપજ્યા છે એમ કહેવા માગું છું કે [illegible] કારણ થાય છે તે દારો તથા મુહપતી [illegible]

કુશળચંદ : મુહપતી, મૂર્તિ, જૈન સાધુના ચિન્હ વગેરે વગેરે બાબતો ઉપર.

ખીમચંદ : ઘણીજ ખુશીથી, પરંતુ એ ચર્ચા શાંતિના સ્થળમાં પાંચ પંડિતોની સમક્ષ બીલ્કુલ કોલાહલ કે કજીયો ન થાય તેવી શરતે કરવાની છે. બોલો કબુલ છે?

કુશળચંદ : હા. ઘણીજ ખુશીથી! ચર્ચા કયે સ્થળે કરવી છે?

ખીમચંદ : વસંતપુર ગામમાં. મકાન ભોજનાદિની સગવડ અમે કરશું.

કુશળચંદ : પંડિતો કયાંથી બોલાવશું? તેમનું ખર્ચ કોણ ભોગવે?

ખીમચંદ : ચર્ચામાં જે હારે તે, પંડિતોનું ખર્ચ આપે.

કુશળચંદ : કબુલ છે. આપ આપના તરફથી ચર્ચા કરનારને તૈયાર રાખજો. અમે પણ ચર્ચા કરનારને તૈયાર રાખશું. કઇ તીથી મુકરર કરશું?

ખીમચંદ : ચૈત્ર શુદ ૧ ના રોજ અને આપ અમને ગ્રાંડ હોટેલમાં મળવા આવજો.

કુશલચંદ : રાત્રીના આઠ વાગ્યે હું આવીશ. પત્રિકાઓ છપાવી તૈયાર લાવીશ, લ્યો જયજીનેન્દ્ર.

આ વાર્તાલાપ પછી ખીમચંદ તથા કપુરચંદ મુંઝવણમાં પડી ગયા. તેમનાં ધારેલાં સ્વપ્નાઓ અફળ ગયા. સભામાં ધમાલ મચી ગઈ. ફરનીચરવાળાને ફરનીચર તથા ભાડાની રકમ આપી, બંને મિત્રો ચિંતાતુર વદને મોટરમાં બેસી, ગ્રાન્ડ હોટલમાં ચાલ્યા ગયા.

રાત્રીના આઠનો સમય થયો ત્યારે કુશળચંદ ગ્રાન્ડ હોટલમાં આવ્યા. અને સાથે છપાવીને લાવેલ પત્રિકાઓ બતાવી, જેમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

જણાવેલ છે. આત્માર્થી મુમુક્ષુઓએ કાંઈપણ સંદેહ ન કરતાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાના ઉપાય કરવા એ કર્તવ્ય છે. અને તેથીજ અમોએ શ્રીમદ્ રાજચંદ્રની મૂર્તિ સ્થાપી, તેમને વંદન પૂજા કરવાનું નકી કર્યું છે. દિગંબર મૂર્તિપૂજક તથા શ્વેતામ્બર મૂર્તિપૂજકની મૂર્તિઓનું પણ પૂજન કરવાનું અમે ઠરાવ્યું છે.

સભામાંથી અવાજ : કેવું વિચિત્ર !

અને મૂર્તિપૂજા એ હિંદુધર્મ અનુસાર તથા જૈનધર્મ અનુસાર શાસ્ત્રોક્ત છે એમ અમારા મંડળે ઠરાવ્યું છે.

ભાઈઓ, અત્યારે જૈનધર્મમાં કેટલીક ઝીણી ઝીણી બાબતોને પકડી ખેંચતાણ કરી કોલાહલ કરવામા આવે છે. અમુક સંપ્રદાયના અમુક મહારાજે મુહપતીનો ત્યાગ કર્યો એટલે એ સંબંધી ખૂબ ઉહાપોહ થયો. છાપાઓમા લખાણ આવ્યા. એ મહારાજે સંપ્રદાયનો ત્યાગ કર્યો હોય, સંપ્રદાયે તેમનો બહિષ્કાર કર્યો. આવી ઝીણી ઝીણી બાબતોની તકરાર ઉપરથી હું એમ કહેવા માગું છું કે જે દોરો તથા મુહપતી તકરારનું કારણ થાય છે તે દોરો તથા મુહપતીની બીલકુલ જરૂર નથી. અને તેથીજ આત્મજ્ઞાની મંડળી આ નવો પ્રચાર કરવા તનતોડ મહેનત ઉઠાવે છે.

આ વખતે સભામા મોટો [illegible] અને એક પછી એક માણસો સભાસ્થાન છોડી ચાલતા થાય [illegible]

કુશળચંદ : (આવભુકતાં પ્રત્ય) [illegible] વો છો!

ખીમચંદ : વસંતપુરથી.

કુશળચંદ : આત્મજ્ઞાનના આ [illegible]

ખીમચંદ : આપ ચર્ચા કરવા માગ[illegible]

કુશળચંદ : જી હા, હું ચર્ચા કરવા [illegible]

ખીમચંદ : કયા વિષય ઉપર આપને ચર્ચા [illegible]

કુશળચંદ : મુહપતી, મૂર્તિ, જૈન સાધુના ચિન્હ વગેરે વગેરે બાબતો ઉપર.

ખીમચંદ : ઘણીજ ખુશીથી, પરંતુ એ ચર્ચા શાંતિના સ્થળમાં પાંચ પંડિતોની સમક્ષ બીલ્કુલ કોલાહલ કે કજીયો ન થાય તેવી શરતે કરવાની છે. બોલો કબુલ છે?

કુશળચંદ : હા. ઘણીજ ખુશીથી! ચર્ચા કયે સ્થળે કરવી છે?

ખીમચંદ : વસંતપુર ગામમાં. મકાન ભોજનાદિની સગવડ અમે કરશું.

કુશળચંદ : પંડિતો ક્યાંથી બોલાવશું? તેમનું ખર્ચ કોણ ભોગવે?

ખીમચંદ : ચર્ચામાં જે હારે તે, પંડિતોનું ખર્ચ આપે.

કુશળચંદ : કબુલ છે. આપ આપના તરફથી ચર્ચા કરનારને તૈયાર રાખજો. અમે પણ ચર્ચા કરનારને તૈયાર રાખશું. કઇ તીથી મુકરર કરશું?

ખીમચંદ : ચૈત્ર શુદ ૧ ના રોજ અને આપ અમને ગ્રાંડ હોટેલમાં મળવા આવજો.

કુશલચંદ : રાત્રીના આઠ વાગ્યે હું આવીશ. પત્રિકાઓ છપાવી તૈયાર લાવીશ, લ્યો જયજીનેન્દ્ર.

આ વાર્તાલાપ પછી ખીમચંદ તથા કપુરચંદ મુંઝવણમાં પડી ગયા. તેમનાં ધારેલાં સ્વપ્નાઓ અફળ ગયા. સભામાં ધમાલ મચી ગઈ. ફરનીચરવાળાને ફરનીચર તથા ભાડાની રકમ આપી, બંને મિત્રો ચિંતાતુર વદને મોટરમાં બેસી, ગ્રાન્ડ હોટલમાં ચાલ્યા ગયા.

રાત્રીના આઠનો સમય થયો ત્યારે કુશળચંદ ગ્રાન્ડ હોટલમાં આવ્યા. અને સાથે છપાવીને લાવેલ પત્રિકાઓ બતાવી, જેમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

જાહેર ખબર

"વસંતપુર" ગામ મધ્યે ચૈત્ર શુદિ ૧ ના રોજ આત્મજ્ઞાની મંડળ સાથે સમર્થ પંડિતોની હાજરીમાં 'મુહપતી, મૂર્તિ અને જૈન ધર્મના મુખ્ય ચિન્હ' એ વિષયો ઉપર શાસ્ત્રાર્થ થવાનો છે. તો જૈન ભાઈઓએ વિદ્વતાપૂર્વકનો આ શાસ્ત્રાર્થ સાંભળવા પધારવાની અમૂલ્ય તક નહિ ગુમાવવા ખાસ વિનંતિ છે.

લી. આત્માર્થી ખીમચંદ
લી. કુશળચંદ જૈન.

ઉપરની પત્રિકાનું લખાણ જોઈ ખીમચંદ શેઠ તથા કપુરચંદભાઈ ખુશી થઈ ગયા અને આ લખાણની પત્રિકાઓ દરેક સ્થળે મોકલવાનું નકી કર્યું. તે સાથે રાજગૃહીના પંડિતો ઉપર ચૈત્ર શુદ ૧ ના રોજ વસંતપુર આવવાના વિનંતિ પત્રો લખ્યા. અને પત્રિકાઓ ગામે ગામ પોસ્ટમાં રવાના પણ કરી દીધી. ત્યારબાદ કુશળચંદભાઈ નમસ્તે કરી પોતાને ઘેર ગયા.

રાત્રીના દસ વાગ્યાની ટ્રેનમાં બન્ને મિત્રો વસંતપુર જવા ઉપડી ગયા. સવારના આઠ વાગતાં તેઓ વસંતપુર ઉતર્યા અને ઘોડાગાડી કરીને સીધા લાલજી શેઠને ત્યાં ગયા. ત્યાં જઈ તેમણે વિલાસપુરમાં બનેલી સઘળી ઘટના લાલજી શેઠને કહી સંભળાવી. આથી લાલજી શેઠના હૃદયને પારાવાર દુઃખ થયું. બીજો કાંઈ ઉપાય ન હોવાથી લાલજી શેઠે સર્વ આત્મજ્ઞાની ભાઈઓને ચૈત્ર શુદિ ૧ ના રોજ હાજર રહેવાના ખબર લખ્યા અને એક ખાસ માણસ મોકલી માર્ગ[illegible] શાસ્ત્રાર્થ કરવા માટે તૈયાર થઈ આવવા જણાવ્યું. [illegible] પણ હાજર રહેવાના સમાચાર જણાવ્યા.

[illegible] પ્રમાણે વ્યવસ્થા થઈ જવાથી ખીમચંદભાઈ તથા [illegible] પોતપોતાના ઘર જવા વિદાય થયા.

પ્રકરણ ૧૭ મું

વસંતપુરમાં શાસ્ત્રાર્થ.

આજરોજ વસંતપુરમાં ૧૧ વાગ્યે આત્મજ્ઞાની મંડળ સાથે જૈનધર્મના સિદ્ધાંતો ઉપર શાસ્ત્રાર્થ થવાનો છે. તેથી સવારના આઠ વાગ્યાથી જ શ્વેતાંબરી અમૂર્તિપૂજક સંપ્રદાયના ભાઈઓ આમ તેમ શહેરમાં દોડા દોડી કરી રહ્યા છે. આત્મજ્ઞાની ભાઈઓ પણ સાઈકલો ઉપર ફેરા મારી રહ્યા છે. અને આગેવાનો કૃષ્ણ વીલાને શણગારી રહ્યા છે. સ્ટેશન તરફ પણ કેટલાક યુવકો ભપકાબંધ કપડાં પહેરી જતા હોય તેમ દેખાઈ રહ્યા છે. મોટરની આવ જાવ પણ પુષ્કળ છે. કૃષ્ણવીલા પાસે માણસોનો સમુહ પણ ભેગો થઈ રહ્યો છે. ફરકતી ધ્વજાઓ અને અદ્ભુત શણગારકામ જનસમૂહનું ધ્યાન ખેંચી રહ્યું છે.

બરાબર દસ વાગતાં એક્સપ્રેસ ટ્રેઈન આવી પહોંચી, કે તરતજ મેઈલ ટ્રેન આવી, જેમાં બેસીને સમર્થ પંડિતો પણ આવી પહોંચ્યા. મકનદાસ ભારથી, પ્રેમજીભાઈ, રતનચંદભાઈ, કપુરચંદભાઈ વગેરે વગેરે આત્મજ્ઞાનીઓ પણ તેમને અપાયેલા ખબર મુજબ આવી પહોંચ્યા. હિરાલાલ ઘોઘાવાળા પણ આ પ્રસંગે આવી પહોંચ્યા. નાગસીભાઈ, શીવજીભાઈ તથા રાયસીભાઇએ તેમનું સ્વાગત કર્યું. ત્યાં બાલચંદ જૈનને જોયા, એટલે તેમને હર્ષ અને પ્રેમપૂર્વક મળ્યા. ઘણા લાંબા સમયે કોઈ દેશનો મહારાજા તેના પાટનગરમાં પ્રવેશ કરતો હોય અને તેને માનપત્ર અપાતું હોય તેવો અદ્ભુત દેખાવ સ્ટેશન ઉપર દેખાઈ રહ્યો.

બરાબર સાડા દસનો ટાઈમ થયો. ત્યાં તો પંડિત મહાશયો આત્મજ્ઞાની ભાઇઓ, અમૂર્તિપૂજક જૈન ભાઇઓ વગેરે કૃષ્ણવીલામાં

આવી ગયા. તેમને વાસ્તે ભોજનની સગવડતા અગાઉથી જ કરી રાખેલી હતી. પંડિત મહાશયો ભોજનશાળામાં ગયા અને ભોજન લીધા બાદ મુખવાસ લઈ બહાર આવ્યા. તરત જ તેઓએ પોતાના વાસ્તે ગોઠવાયેલી જુદી બેઠકો ઉપર બેઠક લીધી. એક પક્ષમાં આત્મજ્ઞાની ભાઈઓનું માંડલું જુદું દેખાઈ રહ્યું હતું. અને મોખરે બ્રહ્મચારીજી આગવાની લઈ રહ્યા હતા. બીજી બાજુ અમૂર્તિપૂજક જૈન શ્વેતાંબરીઓનું માંડલું જુદું દેખાઈ રહ્યું હતું. તથા ગામના માણસો પણ ઘણી સંખ્યામાં આ ચર્ચા સાંભળવા આવી પહોંચ્યા હતા. ઘડીયાળમાં ૧૧ ના ટકોરા થાય છે.

પંડિતરાજ : મહાશય ! આપ ફરમાવો. અમારે શું કામ કરવાનું છે ?

આત્મજ્ઞાની સભાસદમાંના પ્રેમજીભાઈ બોલ્યાઃ—

પંડિતરાજ ! અમારા મંડળને આ સાધુમાર્ગી અમૂર્તિપૂજક જૈન શ્વેતાંબર સંપ્રદાય સાથે સિદ્ધાન્તો બાબતમાં શાસ્ત્રાર્થ કરવાનો છે. તો અમારા આત્મજ્ઞાની મંડળના સિદ્ધાંતો સત્ય છે કે સાધુમાર્ગી જૈન શ્વે. સંપ્રદાયવાળાના સિદ્ધાંતો સત્ય છે તેનો નિર્ણય આપે નિષ્પક્ષપાતપણે કરવાનો છે.

સુખલાલ : પંડિતરાજ, આપશ્રીએજ તેનો નિર્ણય કરવાનો છે અને વિના પક્ષપાતે સત્ય ઇન્સાફ આપવાનો છે.

એક પછી એક પંડિતો ઉભા થાય છે. અને સોગન લે છેઃ—

અમે સત્ય પ્રતિજ્ઞા ઉપર જણાવીએ છીએ કે અમારી રજુ થયેલી દલીલો તથા રજુ થયેલા સૂત્ર પાઠો ઉપર બરોબર ધ્યાન આપી, અમે વિના પક્ષપાતે સત્ય ઇન્સાફ આપશું.

તાર્કિકોના સહમતઃ

પંડિતરાજ : આત્મજ્ઞાની મંડળ તરફથી કોણ ચર્ચા કરશે ?

પ્રેમજી : (ઉભા થઇને) મહાશય ! અમારા સંઘ નાયક સંઘ શિરોમણિ " શ્રીમાન મકનભારથી ".

પંડિતરાજ : શ્વેતામ્બરી અમૂર્તિપૂજક તરફથી કોણ ચર્ચા કરશે ?

સુખલાલ : અમારા તરફથી " શ્રીમાન બાલચંદ્ર જૈન " ચર્ચા કરશે.

પંડિતરાજ : (આત્મજ્ઞાની મંડળ તરફ આંગળી કરીને) આપ ચર્ચા શરૂ કરો.

મકનભારથી : પંડિત મહાશય ! જૈન ધર્મના મુનિઓ ઇચ્છા મુજબ વેષ રાખી શકે કે કેમ ? એ પ્રશ્ન ઉપર હું મારી દલીલ શરૂ કરૂં છું. અમારૂં આત્મજ્ઞાની મંડળ એક જૈન મંડળ છે અને અમોએ એવો ઠરાવ કર્યો છે કે જૈન ધર્મમાં વેષથી કાંઈ કલ્યાણ કે મોક્ષ મળતો નથી. એટલે જૈન ધર્મમાં દીક્ષા લઈ, સાધુ થનારે પહેરવામાં અમુક જ વેષ રાખવો એવો હઠાગ્રહ ન હોવો જોઇએ. એટલે સાધુ–બ્રહ્મચારી ઇચ્છા મુજબ પોતાના કપડાંનો વેષ રાખી શકે અને એવા સાધુ બ્રહ્મચારીનો જૈન સમાજે બીલકુલ તિરસ્કાર કરવો જોઇએ નહિ.

સમયસાર ગાથા ૪૧૦.

પાખંડીલિંગ તથા ગૃહસ્થીલિંગ એ મોક્ષમાર્ગ નથી. દર્શન, જ્ઞાન, ચારિત્ર એ મોક્ષમાર્ગ છે.

તત્ત્વાર્થ સૂત્રઃ સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગ છે.

પંડિતરાજ : જૈનના સાધુ ધોતી, ફેટા, ખમીસ, વગેરે પહેરી શકે એમ આપ કહેવા માગો છો ?

મકનભારથી : મહાશય ! વેષથી કાંઈ મોક્ષ નથી એટલે ઇચ્છા મુજબ કપડાંનો વેષ જૈન મુનિ રાખી શકે.

પંડિતરાજ : (બાલચંદ્ર જૈન તરફ જોઇને) આપ શું કહેવા માગો છો ?

બાલચંદ્ર જૈન : મહાશય ! આત્મજ્ઞાની મંડળ જૈન મુનિના વેષ સંબંધમાં જે કાંઈ નિર્ણય કરાવવા માગે છે, તે બીલકુલ યોગ્ય નથી. હિંદુસ્તાનમાં ઘણાં ઘણાં ધર્મ પ્રવર્તી રહ્યા છે. તે ધર્મના સાધુ–સંત–બ્રહ્મચારીઓ તેમના પહેરેલા વેષ ઉપરથી જ ઓળખાય છે. સ્વામીનારાયણ સંપ્રદાયના સંન્યાસીયો, મુસ્લીમ ધર્મના ફકીરો, અતીત નાગા બાવાઓ વગેરે વગેરે ઘણા ધર્મના સંતો તેમના વેષ ઉપરથી જ ઓળખાય છે. જૈન સાધુઓ વેષમાં પરિવર્તન કરે ને ફેંટો, ધોતી, ખમીસ, વગેરે ગૃહસ્થીની માફક પહેરે, તો પછી જૈન સાધુ ઓળખાશે કેવી રીતે ? સંસારી ગૃહસ્થી અને ગૃહત્યાગી એવા બ્રહ્મચારી સાધુના વેષમાં ફેર રહેવો જ જોઇએ. વેષ જોઇને પણ કેટલાંક અયોગ્ય કૃત્ય કરતાં અટકી જાય છે. સંસાર છોડેલો છે, એટલે પણ સંસારીના જેવો વેષ સાધુ બ્રહ્મચારીએ ન રાખવો જોઇએ. તથા ગૃહસ્થીના જેવો વેષ ન દેખતાં સંસારીઓ પણ જાણી શકે કે એ પુરૂષ કોઈ સંત મહાત્મા છે

૨. રાજ્યના પોલીસો, ઈન્સ્પેકટરો, કચેરીના પટાવાળાઓ, રેલ્વેના નોકરાચાકરો, વગેરે દરેક પોતપોતાનો ખાસ વેષ રાખે છે. જેથી બહારના માણસોને વિશ્વાસ ઉત્પન્ન થાય. વેષ એ બહારના માણસોને વિશ્વાસ ઉત્પન્ન કરાવવા માટે છે. તેવી જ રીતે જૈન મુનિઓ પણ પોતાનો વેષ તે કારણે રાખે છે.

૩. વેષથી મોક્ષ નથી. એમ અમે પણ કબુલ કરીએ છીએ અને જાણીએ છીએ કે સાધુ ઈચ્છા મુજબ કપડાં પહેરી શકે જ નહિ. ઈચ્છાનો નાશ સાધુએ કરવો જ જોઇએ. જ્યાં સુધી ઈચ્છા[illegible]ઓ. ત્યાં સુધી સાધુપણું નથી.

૪. જૈન ધર્મના સાધુઓ જે કાંઈ વસ્ત્ર પાત્ર રાખે છે. તે પોતાના સંયમને સારૂં. અને તે પણ એવી ઈચ્છાથી કે, આ વસ્ત્ર પાત્રનો હું કયારે ત્યાગ કરૂં! વળી તેઓ વસ્રો પણ જરૂર જોગાં જ રાખે છે. આચારાંગ સૂત્ર આ બાબતમાં ખૂબ માહીતિ પૂરી પાડે છે.

૫. જૈન સાધુઓ તદ્દન દિગંબર અવસ્થામાં પણ રહી શકે છે. પરંતુ સ્વલિંગ તરીકે દયાના ઉપકરણો—મુહપતી અને રજોહરણ રાખે એ હકીકત પ્રશ્ન વ્યાકરણ સૂત્રની ટીકામાં સ્પષ્ટ જણાવેલ છે. જૈન સાધુઓ અમુક વસ્ત્ર ને અમુક પાત્ર રાખે છે. પરંતુ મુહપતી અને રજોહરણ તો અવસ્ય તેમણે રાખવા જ જોઈએ. વળી સિદ્ધાંતમાં, ભગવાન મહાવીરના અનુયાયીઓ (સાધુઓ)ને શ્વેત વસ્ત્ર રાખવાની આજ્ઞા છે. એટલે રંગેલાં કપડાં જૈનના સાધુઓ પહેરી શકે નહિ.

૬. ટુંકમાં આપ મહાશયને ખાત્રી થશે કે જૈનના સાધુઓ ઈચ્છા મુજબ કપડાં પહેરી શકે નહિ, પરંતુ સ્વલિંગમાં રહી, ભગવાન મહાવીરની આજ્ઞા મુજબ વસ્ત્ર પાત્ર જરૂર જોઈતાં જ રાખી શકે.

પંડિતરાજ: (મકન ભારથી તરફ જોઇને) આપ બીજા પ્રશ્નની શરૂઆત કરો.

મકનભારથી: મહાશય! જૈન ધર્મમાં પ્રતિમા પૂજન શાસ્ત્રોક્ત છે કે કેમ? એ પ્રશ્ન ઉપર હું દલીલ કરવા માગું છું. શ્વેતામ્બર સંપ્રદાય માન્ય સૂત્રોમાંથીજ હું મૂર્તિપૂજા સાબીત કરૂં છું. જ્ઞાતાસૂત્ર અધ્યયન ૧૬ માં દ્રૌપદીના અધિકારમાં દ્રૌપદીએ મૂર્તિ પૂજ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. તેણે પ્રતિમા પાસે નમોત્થુણં પણ દીધું છે અને સૂર્યાભદેવની માફક પૂજા પણ કરેલ છે. જેથી જિન પ્રતિમા

પૂજન સિદ્ધ થાય છે. આ ઉપરાંત આણુંદ અને કામદેવ શ્રાવકે પણ મૂર્તિપૂજા કરી છે. તે બાબતનો ઉલ્લેખ ઉપાસક દશાંગ સૂત્રમાં છે તેથી પણ મૂર્તિપૂજા સિદ્ધ થાય છે.

પંડિતરાજ : બીજા કોઇ આધાર આપ આપવા માગો છો?

મકનભારથી : સૂત્રોમાં 'ચેઇય' શબ્દ આવે છે. એ હકીકત જૈન તીર્થંકરની મૂર્તિપૂજા સાબિત કરે છે. શ્રાવકોએ સ્નાન કર્યા પછી 'બલિકમ્મા' કહેલ છે એ હકીકત પણ તીર્થંકરની પ્રતિમાનું પૂજન સાબિત કરે છે. (આ પ્રસંગે બ્રહ્મચારીજી પુસ્તકોનું એક મોટું પોટલું મકનભારથીને આપે છે.) અને આ પુસ્તકો હું આધારમાં રજુ કરૂં છું. અષ્ટ પાહુડા, મોક્ષ પાહુડા, સમયસાર ઇત્યાદિ ગ્રંથોથી મૂર્તિપૂજા સાબીત છે.

પંડિતરાજ: (બાલચંદ જૈન તરફ જોઇને) આપ શું કહેવા માગો છો?

બાલચંદ જૈન : મહાશય! દ્રોપદીનો પાઠ જે રજુ કરવામાં આવ્યો છે તે પાઠ પ્રક્ષેપ થયો છે. સૂર્યાભદેવની માફક તથા નમોત્થુણં–પ્રતિમા પાસે દીધુ એ નમોત્થુણંનો પાઠ પાછળથી પ્રક્ષેપ થયેલ છે. એમ જુના સૂત્રો ઉપરથી સાબીત થાય છે. તેમજ દ્રોપદી મિથ્યાત્વી હતી, તે જૈન–શ્રાવિકા હતીજ નહિ. વળી ઉપાસક દશાંગ સૂત્રમાં પણ મૂર્તિપૂજા સાબીત કરવા સંબંધીનો પાઠ પ્રક્ષેપ થયેલ છે. એમ વિદ્વાન ભાષાંતર કર્તા જણાવી રહ્યા છે.

'જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ' નામક પુસ્તક તથા પંડિત લાખનકૃત 'સ્વાનુભવ દર્પણ' સિદ્ધ કરે છે કે જૈનોમાં મૂર્તિપૂજા મૂળ ન હતી.

પરમાત્મ પ્રકાશ, અષ્ટ પાહુડ, ગંધપદક આદિ ગ્રંથો અને દેવેન્દ્ર દેવ, વગેરે આચાર્યો પણ મૂર્તિપૂજાનો નિષેધ કરે છે

દેવો જે પૂજન કરે છે તે જીત વ્યવહાર છે અને તે પ્રસંગો ઉપસ્થિત થતાંજ આવો વ્યવહાર કરે છે, પરંતુ દેવો અવ્રતી છે. ધર્મ નિમિત્તે એ કાર્ય દેવતાઓ કરે છે એવું સૂત્રકારો જણાવતા નથી.

પ્રશ્ન વ્યાકરણ, મહાનીસીથ આદિ સૂત્રો મૂર્તિપૂજાનો સદંતર નિષેધ કરે છે.

એટલે મૂર્તિપૂજા જૈનોમાં શાસ્ત્રોક્ત નથી, એ સિદ્ધ વાત છે.

પંડિતરાજ : (મકનભારથી તરફ જોઇને) આપ ત્રીજા પ્રશ્નની શરૂઆત કરો.

મકનભારથી : મહાશય ! શ્વેતાંબરી જૈન સાધુઓએ રજોહરણનો ત્યાગ કરી મોરપીછાનો સાવરણો રાખવો જરૂરી છે કે કેમ ? એ પ્રશ્ન ઉપર હું દલીલ કરવા માગું છું.

દ્રૌપદીએ જે જિન-પ્રતિમા પૂજી છે તેના ઉપર મોરપીછાની સાવરણીથી પ્રમાર્જન કરેલ છે. ઉપરાંત નાગદેવ, વેસમણ દેવ, હરિણ ગમેષી દેવ વગેરે વગેરે દેવોના પ્રતિમા પૂજનના જે અધિકાર જૈન સૂત્રોમાં આવે છે તે તમામે પ્રતિમાઓ ઉપર મોરપીછાની સાવરણીથી પ્રમાર્જન કરેલ છે ઉપરાંત દેવતાઓ દેવલોકમાં પણ આ મોરપીછાની સાવરણી રાખે છે અને પ્રતિમા ઉપર પ્રમાર્જન કરે છે તેથી તે દેવને પણ વલ્લભકારી છે. એટલે સાધુઓએ પણ આ મોરપીછાનો સાવરણો રાખવો જોઇએ.

પંડિતરાજ (બાલચંદ જૈન તરફ જોઈને) આપ શું કહેવા માગો છો !

બાલચંદ જૈન : મહાશય ! જૈન સૂત્રોમાં નિર્ગ્રંથ મુનિઓએ મોર પીછાનો સાવરણો રાખવો, તેવો કોઈ જગ્યાએ ઉપદેશ થયો નથી. તેમજ તેવી આજ્ઞા પ્રભુ મહાવીર દેવની નથી. પરંતુ પાંચ પ્રકારના રજોહરણ રખાય છે. (સૂત્ર સ્થાનાંગ)

કોઈ શ્રાવકે કે શ્રાવિકાએ મોર પીછાનો સાવરણો રાખ્યો તેવી હકીકત પણ સૂત્રમાંથી નીકળતી નથી.

દ્રૌપદીનો પ્રતિમા-પૂજનનો પાઠ પાઠાંતર થયેલ છે.

પીછા નિમિત્તે પશુઓની હિંસા થાય તેથી તેમજ અન્ય દર્શનીઓ પણ મોર પીછા રાખે છે તેથી મહાવીરના સૂત્રોમાં જૈન સાધુઓ વાસ્તે મોર પીછાનો સાવરણો રાખવાનો ઉપદેશ છેજ નહિ.

પંડિતરાજ : (મકન ભારથી તરફ જોઈને) આપ ચોથા પ્રશ્નની શરૂઆત કરો.

મકનભારથી : મહાશય ! મુહપતી બંધન કે ત્યાગ એ એમાંથી શાસ્ત્રાનુસાર શું સિદ્ધ થાય છે ! એ પ્રશ્ન ઉપર હું દલીલ કરવા માગું છું. જૈન સાધુઓ મુહપતી બાંધે છે. તેથી મોઢું બેડોળ દેખાય છે. અને ઘણા માણસો હાસી કરે છે. તેમજ મુખ બંધન કરવાથી જીવો બચે છે તે વાત માની શકાય તેમ નથી. કારણ કે આ હિંદુસ્તાનમાં ઘણા ધર્મના સાધુઓ ફરે છે, પરંતુ કોઈ મુખબંધન કરતા નથી.

પંડિતરાજ : શાસ્ત્રનો કોઈ દાખલો છે કે મુખબંધન એ શાસ્ત્ર વિરૂદ્ધ છે ?

મકન ભારથી : શાસ્ત્રમાં ન હોય તો પણ સમય અનુસાર દેશકાળ જોઈને વર્તન કરવું જોઈએ. પરંતુ કોઈ શાસ્ત્ર મુખબંધન કરવાને ફરમાવતુંજ નથી.

પંડિતરાજ : ([illegible] જૈન તરફ જોઈને) આપને શું કહેવું છે !

[illegible] જૈન : મહાશય ! શાસ્ત્રમાં 'મુખવસ્ત્રિકા' (મુહપતી) નો [illegible] સ્થળે ઉલ્લેખ છે. અને મુહપતી બાંધવા ફરમાવ્યું છે.

ઉત્તરાધ્યયન સૂત્ર, [illegible] સૂત્ર, મુહપતી ચર્ચા [illegible], [illegible] નિશ્ચય, [illegible], મુનિ આત્મારામજીએ [illegible] [illegible], ભગવતી સૂત્ર, [illegible], મહાનિશીથ સૂત્ર, [illegible]

સારોદ્ધાર, ઓઘનિર્યુક્તિ, શ્રીમાલ પુરાણ, પ્રકરણ રત્નાકર, વગેરે વગેરે ગ્રંથો તપાસશો તો આપ મહાશયને ખાત્રી થશે કે જૈન સાધુઓએ મુહપતી બંધન કરવું એજ સ્વલિંગ છે.

અમુક મુનિએ મુહપતીનો ત્યાગ કર્યો હતો, એવો કોઈ પણ દાખલો મારા આત્મજ્ઞાની બંધુ જૈન સૂત્રોમાંથી બતાવી શકયા નથી, તેથી પણ મુહપતી બંધન સિદ્ધ થાય છે.

પંડિતરાજ : (મકનભારથી તરફ જોઈને) આપ આપના પ્રશ્નની કરો શરૂઆત.

ઉપર મુજબ પંડિતરાજે કહેતાં બ્રહ્મચારી શ્રી ક્ષેત્રપાલજીએ મકનદાસ ભારથીને ચર્ચા કરવાની ના પાડી અને લાલજી ભાઈએ પણ તે મુજબ કહ્યું એટલે મકનભારથીએ જણાવ્યું કે–

પંડિત મહાશય! હવે અમારે ચર્ચા કરવાની નથી.

પંડિતરાજ (બાલચંદ્ર જૈન તરફ જોઇને) આપ શરૂઆત કરો.

બાલચંદ જૈન : મહાશય! અમારે કાંઈ ચર્ચા કરવી નથી.

પંડિતરાજ : આવતી કાલે સાંજના પાંચ વાગ્યે શાસ્ત્રાર્થનો ઠરાવ આપવામાં આવશે.

આ પ્રમાણે પંડિતરાજે કહેવાથી, જે માણસો ચર્ચા સાંભળવા આવ્યા હતા, તેઓ પોતપોતાને ઘેર ગયા. આત્મજ્ઞાની ભાઈઓ તથા અમૂર્તિપૂજક જૈન ભાઇઓ પણ પોતપોતાને સ્થાનકે ગયા.



પ્રકરણ ૧૮ મું
શાસ્ત્રાર્થનો ઠરાવ

સાંજના લગભગ સાડા ચારનો સમય થવા આવ્યો ત્યાં તો 'કૃષ્ણ વીલા' પાસે માણસોના ટોળે ટોળાં ઉભરાયાં છે. આત્મજ્ઞાની સભાસદો રાયસીભાઈ, પ્રેમજીભાઈ, લાલજીભાઈ, મકનભારથી બ્રહ્મચારી ક્ષેત્રપાલજી વગેરે આવી પહોંચ્યા છે. અમૂર્તિપૂજક જૈન પક્ષના કુશલચંદભાઈ, બાલચંદ્ર જૈન, શીવજીભાઈ, સુખલાલ શેઠ વગેરે પણ હાજર છે.

બરાબર પાંચનો સમય થતાં પંડિતરાજે નીચે પ્રમાણે શાસ્ત્રાર્થનો ઠરાવ વાંચી સંભળાવ્યો.

ઠરાવ

આત્મજ્ઞાની મંડળ તરફથી મકનભારથી

અમૂર્તિપૂજક જૈન શ્વેતાંબર તરફથી બાલચંદ્ર જૈન.

આજરોજ અમારી રૂબરૂ આત્મજ્ઞાની મંડળ અને સાધુમાર્ગી અમૂર્તિપૂજક શ્વેતામ્બરી જૈન વચ્ચે શાસ્ત્રાર્થની દલીલો થઈ છે. તેમાં નીચે મુજબ પ્રશ્નો ચર્ચાયા છે.

૧. જૈન ધર્મના મુનિઓ ઇચ્છાનુસાર વેષ રાખી શકે કે કેમ?

૨. જૈન ધર્મમાં પ્રતિમા પૂજન શાસ્ત્રોક્ત છે કે કેમ?

૩. શ્વેતામ્બરી સાધુઓએ રજોહરણનો ત્યાગ કરી, મોરપીંછાનો આગ્રહ રાખવો કે કેમ?

૪. મુહપત્તી બંધન કે ત્યાગ એ બેમાંથી જૈન શાસ્ત્રાનુસાર શું સિદ્ધ થાય છે?

ઉપરના પ્રશ્નો ઉપર અમારો નિર્ણય નીચે મુજબ છે

૧ જૈનધર્મના મુનિઓ ફક્ત શ્વેત વસ્ત્ર ધારણ કરી શકે. રંગીન વેષ જિન આજ્ઞા વિરુદ્ધ છે. વેષની બાબત [illegible] ઇચ્છા મુજબ રાખી શકાય નહિ.

૨ પ્રતિમા પૂજન એ જૈન શાસ્ત્રાનુસાર શાસ્ત્રોક્ત નથી.

૩ શ્વેતામ્બરી સાધુઓ મોરપીછાનો સાવરણો રાખી શકે નહી પરંતુ રજોહરણ જ રાખી શકે.

૪ જૈન સાધુઓએ મુહપતી બંધન કરવુંજ જોઈએ. મુહપતી બંધન એ સ્વલિંગ છે.

પ્રશ્ન પહેલાના ઠરાવના કારણોઃ—

આત્મજ્ઞાની મંડળના વિદ્વાન ચર્ચા કરનાર મકન ભારથીએ ઘણીજ વિદ્વતા પૂર્વક દલીલ કરી છે કે, જૈનધર્મમાં વેષ માત્રથી કલ્યાણ નથી. એટલે જૈન ધર્મના મુનિ હરકોઇ પ્રકારનો વેષ રાખી શકે. સમયસાર ગ્રંથના કર્તા કુંદકુંદાચાર્ય પણ જણાવે છે કે જ્ઞાન દર્શન ચારિત્ર એ રત્નત્રયથીજ મોક્ષ છે. તત્ત્વાર્થ સૂત્રમાં પણ તે મુજબ જણાવેલ છે.

અમૂર્તિપૂજક જૈન શ્વેતામ્બરી પક્ષે પણ કબુલ કર્યું છે કે વેષ માત્રથી કલ્યાણ નથી. અને તેઓ પણ જ્ઞાન-દર્શન અને ચારિત્ર એ રત્નત્રયીનો સ્પષ્ટ સ્વીકાર કરે છે. અને ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન-૨૩ ગાથા-૩૩ ઉપર આધાર રાખે છે.

અહ ભવે પઈન્નાઉ મોક્ખસ્સ બ્ભૂય સાહણા,
નાણં ચ દંસણં ચરિત્તં ચેવ નિચ્છએ.
(ગૌતમ કેશીસંવાદ)

ભાવાર્થઃ—વળી ગૌતમ કહેતા હતા કે હે કેશીકુમાર! સાધુનો વેષ તો અણાચાર સેવતાં અટકાવવા રૂપ વ્યવહારનયે મોક્ષનું સાધન છે પણ નિશ્ચય નયમાં તો જ્ઞાન દર્શન ને ચારિત્ર એ ત્રણ મોક્ષના સત્યરૂપ સાધન છે, એટલે અમો પણ ત્રિરત્નને સ્વીકારીયે છીએ. અને વેષ રાખવા માટે એજ અધ્યયનમાં ગાથા ૩૨મી સ્પષ્ટ છે.

પચ્ચયત્થં ચ લોગસ્સ નાણાવિહ વિગપ્પણં,
જત્તત્થં ગહણત્થં ચ લોગે લિઙ્ગપ્પઓયણં. ૩૨

ધમ્મં રક્ખઈ વેસો સંકઈ વેસેણ દિખિઓ અહં
ઉમ્મગો પડંતો રક્ખઈ રાય જણ વઉ વ.

વેષથી ધર્મ રહે છે. વેષ દેખી મનુષ્ય ડર પામે, અર્થાત્ વેષની ખાસ જરૂર છે.

જૈન શાસ્ત્રોમાં કેવળ વેષ વંદનિક નથી. સાધુઓ જૈન વેષ ધારી હોય, પરંતુ પાસત્થા–શીથીલાચારી થઈ ગયા હોય તો તેમને વંદન કરવામાં પણ દોષ છે, મિથ્યાત્વ છે એવા દાખલા જૈન સૂત્રો મધ્યે છે. તેથી માત્ર બાહ્યવેષ વંદનિક નથી. પરંતુ તેથી કરીને ઈચ્છા મુજબ વેષ રાખી શકાય તેમ ઠરાવવાને કોઈ જાતના સબળ કારણો ઉપસ્થિત થતાં નથી. પરંતુ જૈન શાસ્ત્રાનુસાર સાધુઓ શ્વેત વસ્ત્રજ ધારણ કરી શકે. શ્વેત વસ્ત્ર સિવાયના રાતાં, પીળાં કે લાલ રંગથી રંગેલાં કપડાં ધારણ કરનાર જૈન ધર્મની આજ્ઞાનુસારના સાધુઓ નથી. તેમજ ઈચ્છા મુજબ જૈન સાધુઓ પોતાનો વેષ ન રાખી શકે, પરંતુ જિનકલ્પીના ૪ ચાર ભેદ જે બતાવેલા છે. તેવી રીતે જૈન સાધુઓ વેષ રાખી શકે.

પ્રશ્ન બીજાના [illegible] કારણો:—

આ પ્રશ્ન ઉપર આત્મારામજી મંડળે શ્વેતામ્બરી જૈન માન્ય સૂત્રપાઠની સાક્ષીઓ આપી છે [illegible] (૧) દ્રૌપદીએ જિન પ્રતિમાની પૂજા કરી તે અને (૨) સૂર્યાભ [illegible] જિન પ્રતિમાની પૂજા કરી છે તે: એવા બે સૂત્રપાઠો [illegible] છે. દ્રૌપદીએ સૂર્યાભ દેવની માફક જિન પ્રતિમાનું પૂજન કર્યું [illegible] અનુમતિપૂર્વક [illegible] ધર્મ કરનારે મધ્યસ્થ વિવેક [illegible] દલીલ કરી છે કે (૧) દ્રૌપદી [illegible] જૈન [illegible] કારણો છે. (૨) [illegible]

કરતાં તેમણે સૂત્રપાઠ આપેલ છે. તેમજ વાંધાભર્યો પાઠ સૂત્રમાં પાઠાંતર થયેલ છે, તેના સબળ પુરાવા માટે તેઓએ જુની પ્રતો રજુ કરેલ છે.

વિઉલં અસણં પાણં ખાઇમં સાઈમં સુરં ચ મજ્જં ચ મહુયં ચ મંસં ચ.........સાહરંતિ.

અર્થાત્ દ્રૌપદીના પિતાને ત્યાં દ્રૌપદીના લગ્ન સમયે ઘણા પ્રકારના મેવા, પાણી, મુખવાસ, દારૂ, માંસ તૈયાર કરવામાં આવ્યા છેઃ હવે જો દ્રૌપદીના માતા પિતા જૈન હોય અને અહિંસા પરમોધર્મ એ જિનેશ્વરનો પ્રરૂપેલો ધર્મ પાળતા હોય તો તેમના ઘેર જીવ હિંસાના કાર્યો ન હોય. માંસ મદિરાની રેલમ છેલમ ન ઉડે, એટલે દ્રૌપદીના માતા પિતા અહિંસા ધર્મના અનુયાયીઓ હતા, અને જૈન શ્રાવક હતા તેમ માનવાને ઘણા શંકાવાળા કારણો છે. અને આવા સંજોગોમાં દ્રૌપદીને જૈન ધર્મની શ્રાવિકા (સમ્યદ્રષ્ટિ) માનવી એ પણ એટલુંજ શંકાવાળું છે.

તએણં સા દોવઈ રાયવર કન્ના જેણે વ મજ્જણ ઘરે તેણેવ ઉવાગચ્છઇ (૨) ત્તા ણ્હાયા કયબલી કમ્મા કય કોઉ ય મંગલ પાયચ્છિત્તા સુદ્ધ પાવે સાઈ મંગલાઈ વત્થાઇં પવર પરિહિયા મજ્જણ ઘરાઉઓ પડિ નિકખમઈ (૨) ત્તા જેણે વ જિણઘરે તેણે વ ઉવા ગચ્છઇ (૨) ત્તા......

[આ પાઠ પાઠાંતર થયેલ છે એમ અમૂર્તિપૂજક પક્ષના ચર્ચા કરનારાએ વાંધો લીધેલ છે.]

"દ્રોપદી રાજકન્યા જ્યાં સ્નાનગૃહ છે ત્યાં આવી, આવીને સ્નાન કરી બલીકર્મ કરી કૌતુક મંગલ પાણીની અંજલીથી કોગળા કરી, આભુષણ પહેરી શુદ્ધ નિર્મળ ઉત્તમ મંગળીક વસ્ત્રો પહેરી સ્નાન ગૃહથી બહાર નીકળી, જ્યાં જિનઘર છે ત્યાં આવે"......

ભાવાર્થ:—વળી યતિનો વેષ હોય તો લોકને પ્રતિત ઉપજે. તેને અર્થે ઘણા પ્રકારના વસ્ત્રાદિક ઉપકરણનો વિચાર કર્યો અને કદાચિત સંયમથી ચિત્ત વિપરીત પ્રવર્તે. ને જો યતિનો વેષ હોય તો આવા યતિને વેશે મારે અનાચાર ન કરવો એમ જ્ઞાન ઉપજાવાને તેમજ સંયમ નિર્વાહને અર્થે લોકને વિશે યતિનો વેષ ધારણ કરવાનું પ્રયોજન છે.

યતિ (સાધુ)ના વેષ સંબંધમાં સૂત્રો તપાસ્યાં. આચારાંગ તેમજ પ્રશ્ન વ્યાકરણ સૂત્ર તથા તે ઉપર થયેલી ટીકામાં જિનકલ્પીના ચાર ભેદ જણાવ્યા છે.

૧. નગ્ન (દિગંબર) પાત્ર રહીત.	મુહપતી અને રજોહરણ અવશ્ય.
૨. નગ્ન પાત્ર સહીત.	મુહપતી રજોહરણ અને પાત્રની ઉપધી
૩. વસ્ત્રધારી પાત્ર રહીત	મુહપતી રજોહરણ કટીબંધ.
૪. વસ્ત્રધારી પાત્ર સહીત	મુહપતી રજોહરણ પાત્ર તથા વસ્ત્રની ઉપધી
૧. પ્રત્યેક બુદ્ધ	જઘન્ય મુહપતી તથા રજોહરણ ઉત્કૃષ્ટ ૯
૨. સ્વયં બુદ્ધ	મુહપતી તથા રજોહરણ ૧૨ ઉપધી.

ઉપર મુજબ થતાં ઉત્તરના અનુક્રમે યતિનો વેષ જૈન લિંગરૂપ હોવો જોઈએ. અને મુહપતી તથા રજોહરણ એ સ્વલિંગ અનાચાર તેમજ ધર્મના હેતુ યતિએ ગણવા જોઈએ જ. અને જે સાધુઓ વસ્ત્ર પાત્ર રાખે છે, તેઓએ કરેમિભંતે માંની [illegible] [illegible] [illegible] [illegible] અને વસ્ત્ર પાત્ર રાખવાના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અનુયાયી સાધુનો [illegible] [illegible]

રાખી શકે. રંગેલાં કપડાં ન રાખી શકે. રંગેલાં કપડાં રાખવાની પ્રભુ આજ્ઞા નથી. મહાવીરના સાધુઓનો માનોપેત શ્વેત હોવો જોઇએ.

અચેલ ગો ય જો ધમ્મો જો ઇમો સન્ત રૂત્તરો
દેસિઓ વદ્ધમાણેણ પાસેણ ય મહામુણી. ૨૯
(ઉતરાધ્યયન સૂત્ર. અ. ૨૩)

ભાવાર્થ : હવે લિંગ (વેષ) આશ્રી કેશી મુનિ ગૌતમ સ્વામીને પૂછે છે કે હે ગૌતમ! માનોપેત ને ધોળા વસ્ત્રરૂપ અચેલ ધર્મ શ્રી વર્ધમાન ભગવંતે કહ્યો. તેની સંઘાતે માનોપેત રહીત ને બહુ મુલ્યવાળાં વસ્ત્રરૂપ ધર્મ પાર્શ્વનાથ પ્રભુએ કહ્યો તેમાં કેમ અંતર જણાય છે?

આ ઉપરથી સ્પષ્ટ સાબીત થાય છે કે જૈન યતિઓ શ્વેત વસ્ત્રજ ધારણ કરી શકે.

"ણો ધોએજ્જા, ણો રએજ્જા,
ણો ધોયરત્તાઇં વત્થાઇં ધારેજ્જા"—આચારાંગ.

સાધુએ વસ્ત્ર ધોવા નહિ. રંગ્યા ધોયા વસ્ત્ર પહેરવા નહી.

આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરિએ 'ચતુર્થ સ્તુતિ નિર્ણય શંકોદ્ધાર'માં જણાવ્યું છે કે પીતાંબરમત–પીળાં રંગેલાં કપડાં પહેરવા તે પૂર્વાચાર્યોના મત વિરૂદ્ધ છે. અને મહાવીર સ્વામીના યતિનો શ્વેત માનોપેત છે તેજ સ્વલિંગ છે.

આ ઉપરથી સ્પષ્ટ સાબીત થાય છે કે જૈન ધર્મના યતિ–સાધુઓ રંગેલાં કપડાં રાખી શકે નહી.

સાધુ અને સંસારી ગૃહસ્થીના વેષમાં ફેર ન હોય તો સાધુ કોણ અને ગૃહસ્થી કોણ એનો નિર્ણય કોઈ પણ શખ્સથી થઈ શકે નહિ: અને હિંદુઓના બીજા ધર્મવાળાઓ પણ ખાસ વેશ રાખે છે. એટલુંજ નહિ પરંતુ સંસારમાં રહેલા મનુષ્યો પણ પોત પોતાનો ખાસ વેશ રાખે છે. આથી અમૂર્તિપૂજક જૈન પક્ષની દલીલ વ્યાજબી છે.

બલિકમ્મા શબ્દે તીર્થંકરનું પૂજન દ્રૌપદીએ સ્નાનગૃહમાં કર્યું એમ ઠરાવવા આત્મજ્ઞાની પક્ષના ચર્ચા કરનારે ભારપૂર્વક દલીલ મુકી છે. પરંતુ સ્નાનગૃહ કે જ્યાં આગળ શરીર ઉપરનો મેલ ઉતરે અને જ્યાં આગળ શરીરના અવયવો છૂટથી સાફ કરવામાં આવે તેવા પાણી ઢોળવા રૂપ હિંસામય સ્થાનમાં તીર્થંકરની મૂર્તિની પૂજા થાય તે હકીકત સંભવી શકતી નથી. વળી કયબલી કમ્મા કહી કપડાં પહેર્યાં છે તો તે પહેલાં બીનાં કપડાંએ પૂજા કરી એમ પણ માની શકાય તેમ નથી. તેમજ ત્યાં આગળ તીર્થંકરની પૂજા કરી હોત તો પૂજાપાની સામગ્રી-પુષ્પ ચંદન વગેરે હોત; પરંતુ દેહ શુચિ કરવા રૂપી સ્નાનઘરમાં તીર્થંકરની પૂજા કરી એ વાત માનવાને સબળ કારણો મળતાં નથી. વળી ત્યાંથી શુદ્ધ કપડાં પહેરીનેજ જિનઘરમાં આવ્યાનો ઉલ્લેખ છે એટલે તે અવસ્થા પહેલાં-કપડાં પહેર્યા પહેલાની અવસ્થાએ તીર્થંકરની પ્રતિમાનું પૂજન કર્યું એમ કયબલી કમ્મા શબ્દે ઠરાવી શકાય તેમ નથી.

જ્ઞાતાસૂત્ર અધ્યયન ૨ મા ધન્ના સાર્થવાહની સ્ત્રી ભદ્રા પુત્રપ્રાપ્તિની ઇચ્છાએ નાગ ભદ્રાદ નાગ, ભૂત, યક્ષની પૂજા કરવા જાય છે તેનો ઉલ્લેખ છે.

જેણેવ પોક્ખરણી તેણેવ ઉવાગચ્છઇ (૨). ...ણ્હાયા કય બલિકમ્મા......જેણેવ નાગઘરે જાવ વેસમણ ઘરે તેણેવ ઉવાગચ્છઇ (૨) ત્તા......

"[illegible]

પુષ્કરણી વાવમાં બલિકર્મ કર્યું. એટલે વાવમાં તીર્થંકરની પ્રતિમા હતી અને તેનું પૂજન કર્યું તે વાત માની શકાય તેમ નથી. સ્નાન કરીને કપડાં પહેર્યાં પહેલાની અવસ્થાએ બલીકર્મ થાય છે. એટલે તે અવસ્થામાં પ્રતિમા પુજન કર્યું હોય તો ધૂપ, પુષ્પ, માલા અલંકાર જરૂર ચડાવ્યા હોત. પરંતુ તેવી રીતે પૂજન વિધિ થયેલ નથી. અને કપડાં પહેરી, માલા, અલંકાર, ધૂપ, પુષ્પ જે લાવેલ તે ગ્રહણ કરીને નાગ, ભુત, યક્ષની પૂજા કરવા ગયેલ છે એમ સૂત્રપાઠ છે. એટલે બલિકર્મ એ શબ્દે પ્રતિમાપૂજન સિદ્ધ થતું જ નથી.

બલિ શબ્દનો અર્થ નિવેદ પણ થાય છે. બલિદાન કોઈ દેવને ભોગ ધરવો તે કૃત્ય, એમ પણ અર્થ થાય છે. કોઈ કોઈ પંડિતોએ બલિકર્મ એટલે સ્વગૃહ દેવતા પૂજન, કુળ દેવીનું પૂજન એવો અર્થ કરવા પ્રયત્નો કરેલા છે. **કૃતં બલિકર્મ યેન સઃ કૃત બલિકર્મા (તથા ચ બલિનઃ કર્મ બલિકર્મ બલવતઃ)** અર્થાત્ કર્યું છે બળવર્ધક કર્મ જેણે, એવો અર્થ પણ શબ્દની વ્યુત્પત્તિ કરીને કરેલ છે.

જૈનાચાર્ય પૂજ્ય શ્રી ઘાસીલાલજી મહારાજ પોતાના ઉપાસક દશાંગસૂત્ર પા. ૪૯૯ માં કયબલીકમ્મા શબ્દનો અર્થ નીચે મુજબ જણાવે છે.

મિથીલા તથા બંગાળ આદિ પ્રાન્તોમાં નિષ્ઠાવાન બ્રાહ્મણ ક્ષત્રિય, વૈશ્ય પ્રતિદિન સ્નાન કરીને "દેવા મનુષ્યાઃ પશવો વયાંસિ" ઈત્યાદિ વાક્ય બોલી દેવ, મનુષ્ય પશુ પક્ષી આદિને માટે કાચા ચોખાનું દાન કરતા હજુ પણ જોવામાં આવે છે. તેને એ પ્રાન્તોમાં 'બલિકર્મ' જ કહેવામાં આવે છે. એમ હોવા છતાં પણ બલિકર્મનો અર્થ "ગૃહ દેવતાની પૂજા કરવી" એમ કહેવો એ કેટલું નિસ્સાર છે એ વિષે નિષ્પક્ષ વિદ્વાન જ સાક્ષી છે. "બલિ: પુંસિ કરો બલિ:" ઈત્યાદિ કોષ આદિથી બલિનો અર્થ

'ભાગ' સિદ્ધ થાય છે. શબ્દકોષ જોતાં બલિ શબ્દના ઘણા અર્થ થાય છે પરંતુ જ્યાં જેવો અધિકાર ચાલતો હોય ત્યાં તેવો અર્થ ઘટી શકે. એક શબ્દના ઘણા અર્થ થાય તેવા ઘણા શબ્દો છે. તે સાહિત્ય રસીકો જાણી શકે છે. પરંતુ તેથી કરીને અર્થનો અનર્થ ન થવો જોઇએ.

તે સમય તે કાલમાં (ભગવાન મહાવીરના સમયમાં) ધનાઢ્ય શ્રાવકો તથા રાજવીઓના વર્ણનમાં તેમના શયનગૃહ, સ્નાનગૃહ વગેરે વગેરે કાર્ય કરવાના અલાયદા સ્થાનો હતાં. તેમ સૂત્રથી સિદ્ધ થાય છે. અને આવા ધનાઢ્ય શ્રાવકો કે રાજવીઓ તીર્થંકરની પ્રતિમાનું પૂજન સ્નાનગૃહમાં કરતાં એવી દલીલ કરવી એ તો મુર્ખતા એ પણ એક મૂર્ખાઈ છે.

'જંબુદ્વીપ પન્નત્તિ' સૂત્રમા ભરતેશ્વરના સ્નાનનો અધિકાર આવે છે. આ અધિકાર સંપૂર્ણ વિસ્તાર સહીત છે. ઉવવાઈ સૂત્રમાં ભગવંતના પરમ ભક્ત કોણીકનો અધિકાર આવે છે. ભગવાનના પરમ ભક્ત કોણીક જેને રગેરગ નિર્ગ્રંથ ધર્મનો રંગ લાગ્યો હતો, તે ભગવાનના દર્શન કરવા જાય છે. તેનો સ્નાન અધિકાર સંપૂર્ણ વિસ્તાર સહીત છે. 'કયબલીકમ્મા' શબ્દ છે જ નહિ. તીર્થંકરની પ્રતિમાનું પૂજન કરતા પરમ ભક્ત ભુલી જાય એવા તર્ક કરવા એ પણ એક પાખંડ છે.

ભગવતી, રાયપસેણી વગેરે વગેરે સૂત્રોમાં જ્યાં જ્યાં સ્નાનનો અધિકાર આવે છે અને જ્યાં સ્નાનનો પાઠ સંક્ષેપ છે અથવા સ્નાનનું વર્ણન સંક્ષેપથી થયું છે ત્યાં ત્યાં 'કયબલિકમ્મા' શબ્દ સૂત્ર પાઠમાં આવે છે, પરંતુ જ્યાં જ્યાં સૂત્ર પાઠમાં સ્નાનનો અધિકાર વિસ્તાર સહીત-સંપૂર્ણ છે અને જ્યાં ચક્રવર્તિ સ્નાન કરે સંપૂર્ણ પાઠ આવે છે ત્યાં ત્યાં સૂત્ર પાઠમાં 'કયબલિકમ્મા' શબ્દ આવતો જ નહીં. અર્થાત્ 'કયબલિકમ્મા' શબ્દ તીર્થંકરની

માનું પૂજન સિદ્ધ થતું નથી એમ નિર્વિવાદ સિદ્ધ થાય છે. સ્નાનના પાઠ સાથે કયબલીકમ્મા શબ્દનો અર્થ સ્નાનનું, સ્નાન અંગેનું બળવર્ધક કાર્ય એજ ઇષ્ટ અર્થ છે. જેવી રીતે કોઈ દેવને ઉદ્દેશી બલીકમ્મા શબ્દ આવે તો દેવને ભોગ ધર્યો તેજ ઇષ્ટ છે. તેવી રીતે સ્નાનના પાઠ સાથે કયબલીકમ્મા શબ્દનો અર્થ સ્નાનનું, સ્નાનના અંગેનું બળવર્ધક કાર્ય એજ પ્રમાણ યુકત અર્થ છે.

જિનઘર એ શબ્દ ઉપર અમૂર્તિપૂજક શ્વેતામ્બરી જૈન ચર્ચાવાદીએ સખ્ત વિરોધ કર્યો છે અને જણાવ્યું છે કે જૈનના તીર્થંકરો સર્વ સમૃદ્ધિ, રાજપાટ, વૈભવ વિલાસ, મોટા મોટા મહેલ, સુખ સામગ્રી છોડી સર્વ સાવદ્ય કર્મના પચ્ચખાણ કરીને અણગાર થયા, અર્થાત્ જેને ઘર નથી એવા થયા. એવા તીર્થંકર પ્રભુને ઘર આપવું અગર તો એવા તીર્થંકર પ્રભુને ઘરવાસી કરી દેવા એ જૈન શાસ્ત્ર અનુસાર બંધ બેસતું જ નથી. જૈન સાધુઓ પણ ઘરબાર, પુત્ર પરિવાર છોડી અણગાર થાય છે અને ઘર રાખતા નથી. જૈન સાધુઓને ઉદ્દેશીને કરેલો ઉપાશ્રય પણ તેમને કલ્પતો નથી. તો પછી તેઓના શાસન નાયક તીર્થંકર ભગવાનને ઘરવાસી કેમ બનાવાય?

હવે જિન શબ્દના નીચે પ્રમાણે અર્થ થાય છે.

વિતરાગો જિન શ્ચૈવ જિન । સામાન્ય કેવલી,
કંદર્પો હિ જિન શ્ચસ્યાત્ જિનો નારાયણો હરિઃ

અર્થ : અરિહંતજિન, કેવળીજિન, કંદર્પ–કામદેવજિન, નારાયણ હરિ જિન.

દ્રોપદીના યુવાવસ્થામાં લગ્ન થાય છે. યૌવનાવસ્થામાં પ્રવેશ કરતી રાજકન્યા દ્રોપદીએ પૂર્વભવમાં પાંચ પુરૂષોને કામભોગની ક્રીડા કરતાં દેખીને નિયાણુ કરેલ અને લગ્ન સમયમાં ભોગ કૃત નિયાણા વાસ્તે ચારિત્ર મોહનીયનો તીવ્ર ઉદય હતો. કાતીભોગ કૃત નિયાણાના ઉદય સમયમાં કામદેવનું સખ્ત જોર હોય, એ

હોવાનું કહેલ છે તે તીર્થંકરદેવને સ્નાન હોઈ શકે જ નહિ અને અત્યારે પણ તીર્થંકરના માર્ગના સાધુ સાધ્વીઓ અસ્નાન વ્રત અંગીકાર કરી રહ્યા છે. તીર્થંકરદેવે દીક્ષા ગ્રહણ કર્યા પછી પોતાની જીવંત અવસ્થામાં પોતાના શરીરની શોભા કે શણગાર કર્યો નથી કે સુગંધી પદાર્થોનો ભોગ ભોગવ્યો નથી. જ્યારે દ્રૌપદીએ જે પ્રતિમાનું પૂજન કર્યાનું કહેવામાં આવે છે તે પ્રતિમાને સુગંધી પાણીથી સ્નાન કરાવ્યું છે; ધૂપ કરેલ છે, ચંદન ચોપડેલ છે, એટલે એ પ્રતિમા કોઈ જૈન તીર્થંકરની હોઈ શકે જ નહિ. અદ્ભુત ત્યાગી પરમ પુરૂષોત્તમ તીર્થંકરદેવને સ્નાન કરાવવું, વસ્ત્ર પહેરાવવા; સુગંધી પદાર્થો ચોપડવા એવી મિથ્યાત્વની અજ્ઞાન પ્રવૃત્તિ જૈનદર્શને હોવાનો સંભવ જ નથી.

દ્રૌપદીએ એ પ્રતિમાને વસ્ત્ર પહેરાવ્યાં તો આજે દ્રૌપદીનો દાખલો અનુસરનારા પણ પ્રતિમાને વસ્ત્ર પહેરાવતાં નથી, તેમજ તીર્થંકરદેવને વસ્ત્રધારી બનાવવામાં આવે છે તે પણ સૂત્ર અનુસાર નથી. વળી દ્રૌપદીએ જે પ્રતિમાની પૂજા કરેલ છે તે જૈન-તીર્થંકરની હતી જ નહિ. કારણ કે સ્ત્રીનો સ્પર્શ તીર્થંકરદેવને કરાવવો એ પણ મહાન મિથ્યાત્વ છે. જૈન સાધુઓ કે બ્રહ્મચારી પુરૂષો સ્ત્રીનો સ્પર્શ કરતા જ નથી, તો પછી ભાવથી તીર્થંકરદેવને સ્ત્રી નવરાવે, ધોવરાવે, સ્પર્શ કરી વસ્ત્ર પહેરાવે, ધુપ દે, એ જ સિદ્ધ કરી બતાવે છે કે દ્રૌપદીએ પૂજેલી પ્રતિમા જૈન-તીર્થંકરની માનવાને સબળ કારણો નથી.

દ્રૌપદીએ જિન પ્રતિમા પાસે નમોત્થુણં દીધું. જિન પ્રતિમા એટલે સાક્ષાત જિન સ્વરૂપ (જિન સરખી) એમ માનવામાં આવે. તેના પાસે બોલતાં પહેલાં ઉત્તરાસન પણ કરવું જોઈએ, કારણ કે ભગવંત પાસે ઉઘાડે મોઢે બોલી શકાય નહિ અને નમોત્થુણંનો પાઠ બોલતી વખતે દરોમાં પણ ઉત્તરાસન કરવાની પ્રથા હોય

એમ સૂત્રમાં કથન છે, અને દ્રૌપદીએ ઉત્તરાસન કર્યાનો બીલકુલ ઉલ્લેખ નથી. તેથી દ્રૌપદીએ પૂજેલી પ્રતિમા જૈન-તીર્થંકરની હતી જ નહિ તેમજ કયા તીર્થંકરદેવની એ પ્રતિમા હતી એ પણ સૂત્રમાં બીલકુલ કથન નથી. અને દ્રૌપદી ઉત્તરાસન કરતાં ભૂલી જાય એ વાત પણ માની શકાય તેમ નથી.

એ નિર્યુક્તિની ટીકા [illegible] ગણધરની આચાર્ય જણાવે છે કે.—

× × તત પ્રમાર્જનેન જિનસ્ય સ્પર્શો જાત: જિનસ્ય જિજન સ્પર્શાત્ અશાતના સ્યાત્ અશાતના. સમ્યક્ત્વાભાવાત્ એતેન દ્રૌપદી ન સમ્યક્ત્વ ધારિણી × × પુન: ગંધ હસ્તાચાર્યે [illegible] દ્રૌપદ્યા નપ પ્રુત્રિકા નિદાન કર્તૃભિ [illegible] પ્રાપ્તે નાતિ નિદાન કૃત્ં ભુક્ત્વા તત્પશ્ચાદેક [illegible] માત સાધુ સકાશાત્ કથ્ય સમ્યક્ત્વ માત પ્રાનુવતિ।

ઉપરોક્ત આચાર્ય પણ [illegible] નો સ્પર્શ ન હોય. [illegible] દ્રૌપદી સમકીતી ન હતી. એમ [illegible] વિદેહમાં જણાવેલ છે કે દ્રૌપદી [illegible] નિયાણું મુજબ પાંચ ભરતોના [illegible] ભોગવવા પછી એક પુત્ર પ્રાપ્ત થયે [illegible]

દ્રૌપદીએ જે પ્રતિમાનું પૂજન કરેલ છે [illegible] એમ નહિ કહીને માની શકાય છે [illegible] થય. અને જૈન ધર્મની અનુસાર [illegible] નહિ પરંતુ દ્રૌપદીને એક પુત્ર થયા પછી [illegible] [illegible] પછી જ સમકિત પ્રાપ્ત થયેલ જ [illegible]

દ્રાપદી મિથ્યાત્વી હતી. અને મિથ્યાત્-અવસ્થામાં કરેલું કૃત્ય સમકિતી શ્રાવકોને બંધનકારક નથી. અને દ્રૌપદીનું આ દષ્ટાંત ચરિતાનુવાદ હોઈ આ પાઠ વિધિમાર્ગ પ્રકાશવાને બીલ્કુલ ઉપયોગી નથી. તેમજ અધ્યયનના ઉપસંહારમાં દ્રાપદીની માફક પૂજા કરવાનો સિદ્ધાંત ગણુધરદેવોએ બીલ્કુલ પરૂપ્યો નથી. ગણધરોને એ મિથ્યાત્ ઈષ્ટ હતું જ નહિ. અને તેથી નિયાણું નહિ કરવાનું સ્પષ્ટ ઉપદેશ્યું છે.

વળી દ્રૌપદીએ **સૂર્યાભદેવની માફક** કે **નમોત્થુણુંનો પાઠ** કર્યો એ હકીકત જુની પ્રતમાં બીલ્કુલ નથી. અને અભયદેવ-સૂરિએ પણુ સૂર્યાભદેવની માફક અને નમોત્થુણુંનો પાઠ એ બાબતની ટીકા કરતાં **વાચનાન્તર** એમ લખેલ છે. એથી પણુ સ્પષ્ટ સાબીત થાય છે કે મૂળ સૂત્રોમાં વિદ્યમાન પ્રચલીત પાઠ છે જ નહિ અને સૂર્યાભદેવની માફક તથા બલીકમ્મા તથા નમો-ત્થુણુંનો પાઠ પાછળથી પ્રક્ષેપ થયો છે. બાવીસમા તીર્થંકર ભગવાન નેમનાથના સમયમાં કૃષ્ણુ, પાંડવ, દ્રૌપદી, થઈ ગયાં. ભગવાન નેમનાથે દીક્ષા અંગીકાર કરી તે અગાઉ ઘોરાતિઘોર હિંસા અને પાપાચાર જગત ઉપર વધી રહ્યા હતાં. અને રાજેમતી સાથે લગ્ન કરવા ભગવાન નેમીનાથ જાય છે ત્યાં આગળ અનાથ, મુંગા, પશુઓ પાંજરામાં પૂરાઈ રહ્યાં હતાં અને જે પશુઓની આ લગ્ન ઉત્સવમાં કત્લેઆમ થવાની હતી, તેમના હૃદયનો આર્તનાદ ત્રણુ જ્ઞાનના ધણી ભગવાને સાંભળ્યો. અને ભગવાન નેમનાથ તોરણેથી લગ્ન કર્યાં વગર પાછા ફર્યા. આ ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે કે કૃષ્ણુ, પાંડવ, અને દ્રૌપદી જે સમયમાં થયા તે સમયમાં હિંસા ધર્મ ચોતરફ વ્યાપી ગયો હતો અને એ હિંસા ધર્મનો ઉદ્ધાર ભગવાન તીર્થંકર નેમીનાથ પ્રભુએ કર્યો. આ સમયમાં દ્રૌપદી જૈન શ્રાવિકા ન હતી તેમજ તેના માબાપ પણુ જૈન ન હતા. તે

વાત નિઃસંશય સિદ્ધ થાય છે. અને આ સૂત્રમાં દ્રૌપદીના પાઠમાં પાઠાંતર થયેલ છે. જો દ્રૌપદીને અને તેના માતાપિતાને જૈન ઠરાવવામાં આવે તો અગાઉના સમયમાં જૈનો માંસાહારી હતાં, સુરાપાન કરતાં એમ માનવાનો પ્રસંગ આવે છે. પરંતુ અફસોસની વાત છે કે પાઠાંતર કરનારને ઉપરની કલ્પનાનો ખ્યાલ આવ્યો જ નથી. અને અસલ ઉત્સૂત્ર પાઠ આમ ઉઘાડો થાય છે.

જૈન સૂત્રમાં ઘુસેલી મૂર્તિ

શ્રી ઉપાસકદશા સૂત્રમાં મૂર્તિ શબ્દ કેવી રીતે દાખલ થયો તે સંબંધમાં એક સમર્થ યુરોપી વિદ્વાન શું કહે છે!

શ્રી ઉપાસક દશા સૂત્ર એ એક જૈન સૂત્ર છે, કે જેને મૂર્તિપૂજક અને ચેતનપૂજક બન્ને પક્ષના જૈનો માને છે અને સ્વીકારે છે. એ સૂત્રની ઘણી જુની પ્રતો ઘણી ઘણી જગ્યાએથી મેળવીને અંગ્રેજીમાં ભાષાંતર છપાવનાર Dr. A. F. Rudole Hoernle નામના સાહેબ કે જે ડાક્ટર ઓફ ફીલોસોફી જેવો મોટો વિદ્વત્તાસૂચક ખિતાબ ધરાવતા ઉપરાંત કલકત્તા યુનીવરસીટીના ફેલો અને બંગાળાની એશીયાટીક સોસાઈટીના philological સેક્રેટરી હતા. તેમણે પણ જુની પ્રતો મેળવ્યા પછી એ સૂત્રમાંનો નીચે મુજબ પાઠ મંજુર કર્યો છે. અને એમ મંજુર કરવાનું કારણ પણ જણાવ્યું છે.

સૂત્રનો મૂળ પાઠ

[illegible]

उत्थिय परिग्गहियाणि] वा[१०] वन्दित्तए वा नमंसित्तए वा पुव्विं अणालत्तेणं आलवित्तए वा संलवित्तए वा × × × ×

અંગ્રેજી ભાષાંતર.

" Then the house holder Ananda, in the presence of the Samana, the blessed Mahavir, took on him self the twelve fold law of a house holder, consisting of the five lesses vows and the seven disciplinary vows; and having done so, he praised and worshipped the Samana, the blessed Mahavir, and then spoke to him thus: Truly Reverend Sir, it does not befit me, from this day forward, to praise and worship any man of a hetrodox community, or any of the Devas of a hetrodox community; or any of the objects of reverence of a hetrodox Community or without being first addressed by them, to address them or converse with them; or to give them or supply them with food or drink + +

ગુજરાતી ભાષાંતર

પછી તે આનંદ ગાથાપતિએ, શ્રમણ ભગવાન મહાવીર સમક્ષ પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત એમ બાર વ્રત સહીત શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. અંગીકાર કરીને પછી ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરીને બોલતા હવા: " હે સ્વામિન્! ખરેખર, આજથી હવે મને આટઆટલું કરવું કલ્પે નહી. (એટલાં કામ

---

૧૦. A. B. D. Interpolate चेइयाइं, C. E. अरिहंत चेइयाइं

[ ] કાંઉન્સમાં લખેલા શબ્દો સંબંધમાં ગોટાળો થયો છે.

કરવાં મને ઉચિત લાગશે નહી.) ૧ અન્ય ધર્મના કોઈ સખસને, કે અન્ય-ધર્મના કોઈ પણ દેવને, કે અન્ય ધર્મના સત્કારના પદાર્થો પૈકી કોઇને વખાણીશ નહી, કે વાંદીશ નહી (૨) તેઓ મને પહેલાં બોલાવે નહિ તો તેમની સાથે હું આલાપ સંલાપ કરીશ નહી (૩) અસણં, પાણં, ખાઇમં, સાઇમં વગેરે આપીશ નહી વગેરે × × × ×

વિદ્વાન અનુવાદક અને ભાષાન્તર કર્તા अन्नउत्थिय परिग्गहियाणि એ શબ્દ ઉપર જે ટીકા લખે છે તે ટીકા.

96. The words चेइयाइं or अरिहंतचेइयाइं which the M. S. S. here have, *appear to be an explanatory* interpolation, taken over from the commentary which says the objects for reverence may be either Arhats (or great saints) or cheiyas. If they had been an original portion of the text, there can be little doubt but that they would have been cheyani चेइयाणि. The difference in termination परिग्गहियाणि चेइयं, is very suspicious. The same peculiarity occurs also in [illegible], but an interpolation, once admitted into a standing passage would naturally tend to be repeated [illegible] that passage recurred.

[illegible]

પદાર્થો કાં તો અર્હંતો (મહાન ઋષિઓ) હોય અથવા ચૈત્ય હોય. જો આ શબ્દો સૂત્રના મૂળ પાઠમાં જ હોત તો નિઃશંક રીતે **ચેइयाणि** એમ લખ્યું હોત. **परिग्गहियाणि** એવા રૂપવાળા શબ્દ સાથે **चेइयाइं** એવું રૂપ વપરાય તે ઘણો ભારે વ્હેમ છે. આવી જ રીતે બીજી એક જગ્યાએ પણ બન્યું છે, પણ એક વખત મૂળ પાઠમાં ઘુસાડેલો શબ્દ હર વખત ઘુસાડવામાં આવે એ સ્વાભાવિક છે.

